જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

સત્યનો મહિમા જેઓ સમજે છે
તેને સત્ય પાળવું કઠણ જણાતું જ નથી

ન હોયે પરાજિત



'સત્યમેવ જયતે', 'સદા સત્યનો જ વિજય થાય છે.' ભારતીય સંસ્કૃતિનો આ પ્રાચીન મંત્ર હજારો વર્ષોથી આ ધરતી પર ગુંજે છે. આ મંત્ર ભારતીય સંસ્કૃતિની એક આગવી ઓળખ છે, પરંતુ વર્તમાન પરિસ્થિતિની વિષમતા ક્યારેક ચિંતા જન્માવે છે. અનૈતિકતાનો એવો વાયરો ફૂંકાયો છે કે જાણે સર્વત્ર 'અસત્યમેવ જયતે'નો ઘાટ ઘડાયેલો દેખાય છે. 'સત્ય ફાંસી પર ચડે અને અસત્યનો ધ્વજ ફરફરે'ની પરિસ્થિતિ સર્વત્ર જણાય છે. માણસ ડગલે ને પગલે જાણે અસત્યની જ ઉપાસના કરતો હોય એવું પ્રતીત થાય છે.

લાલચ કે સ્વાર્થને તાબે થયા વિના અને ભયથી ભયભીત થયા વિના નિર્ભીકપણે સત્યનો જયજયકાર કરવાની તાકાત યુવાન બતાવી શકે છે. ખરેખર, સત્યનું પાલન કરવું એ અઘરું તપ છે, કારણ કે સત્યનો માર્ગ મુશ્કેલીઓ, સમસ્યાઓ અને વિઘ્નોથી ભરપૂર હોય છે. જોકે આ કડવા માર્ગનાં પરિણામો ખૂબ મીઠાં અને સુખદ નીવડે છે. ભલે સત્યની યાત્રા કષ્ટ ભરેલી લાગે, અંતે વિજય સત્યનિષ્ઠને જ પ્રાપ્ત થાય છે. પ્રચલિત કહેવત છે, 'No Pain, No Gain.' કષ્ટ વગર કોઈ જ પ્રાપ્તિ થતી નથી. આટલી સ્પષ્ટતા સાથે યુવાન સત્યને અનુસરશે તો તે અવશ્ય સિદ્ધિના એવરેસ્ટ પર જઈ પહોંચશે.

યાદ કરીએ, યુવાન સત્યનિષ્ઠ રાજવી હરિશ્ચંદ્રને. રાજા હરિશ્ચંદ્રની સત્યનિષ્ઠા એવી હતી કે મેરુ પર્વત ડગે, મહાસાગરો તેનું સ્થાન છોડે, પણ રાજા હરિશ્ચંદ્ર તેનું સત્ય ન છોડે. સત્યને ખાતર તેમને વેચાવું પડ્યું, છતાં તેઓ અસત્યના પલ્લે બેઠા નહીં.

યાદ કરીએ, સત્ય માટે પિતા સાથે સંઘર્ષમાં ઊતરનાર બાળ નચિકેતાને. ખોટું થતું દેખીને આત્મવિશ્વાસથી પડકાર કરનારા નચિકેતાને જરા યાદ કરીએ. વસૂકી ગયેલી ગાયોનું દાન કરતા પિતા ઉદ્દાલકના ક્રોધ સામે અડીખમ રહી ટક્કર ઝીલનાર નચિકેતા પણ હજારો વર્ષોથી સત્યની એક મિસાલ બની રહ્યો છે.

યાદ કરીએ, મહાન ઋષિ અષ્ટાવક્રને, સમ્રાટ જનકને. ભરી સભામાં સત્યનું ભાન કરાવનાર અષ્ટાવક્ર પણ એક નીડર યુવાન હતા. હા, સામે રાજા હોય કે મહારાજ સત્યનિષ્ઠ વ્યક્તિ ક્યારેય ડરતો નથી.

સત્યનો મહિમા જેઓ સમજે છે, તેને સત્ય પાળવું કઠણ જણાતું જ નથી. અંગ્રેજીમાં કહેવત છે કે, 'Truth never hurts the teller.' અર્થાત્ સત્ય ક્યારેય સત્યવક્તાને દુઃખ નથી પહોંચાડતું. ગાંધીજી લખે છે, 'સત્યનો આ માર્ગ જોકે ખાંડાની ધારે ચાલવા જેવો છે છતાં મને સહેલામાં સહેલો લાગ્યો છે.'

અસત્ય બોલનારને પોતાનાં બધાં જ જૂઠાણાં યાદ રાખવાં પડે છે, એ જૂઠાણાંઓનો ભાર લઈને ફરવું પડે છે, સતત ભયમાં જીવવું પડે છે. જ્યારે સત્ય બોલનાર આવા બોજાથી મુક્ત રહી સદૈવ હળવાફૂલ રહે છે.


સત્ય સોના જેવું છે. વિશ્વના કોઈ પણ દેશમાં સોનું તે સોનું જ રહે છે. તે હંમેશાં મૂલ્યવાન જ રહે છે. સુવર્ણની જેમ સત્ય આખરે પ્રતિષ્ઠિત થઈને જ રહે છે. બીજા વિશ્વયુદ્ધ વખતે હિટલરના સૈન્યે કેટલાક યુદ્ધકેદીઓને પકડ્યા. જેમાં કેટલાક યહૂદી, કેટલાક રશિયન અને કેટલાક બ્રિટિશ હતા. હિટલરને યહૂદીઓ સાથે શત્રુતા હતી. તેઓને વિશેષ યાતના આપવાના હેતુથી આ કેદીઓને હિટલર-સૈન્યના મેજરે તેમની રાષ્ટ્રીયતા વિશે પૂછ્યું. ઘણા યહૂદીઓએ મોતની બીકે પોતાને રશિયન કે બ્રિટિશ ગણાવ્યા, પરંતુ પાંચ યુવાન સૈનિકોએ નિર્ભયતાથી સત્યનો જ પક્ષ રાખ્યો અને ગર્વથી કહ્યું, 'અમે યહૂદીઓ છીએ.' મેજરે પૂછ્યું, 'તમને મોતનો ડર નથી?' ત્યારે સૈનિકોએ કહ્યું, 'મોતના ડરથી અસત્ય બોલવું એવું અમારા ધર્મમાં નથી શિખવાડ્યું!' આ પાંચની સત્યનિષ્ઠાએ ક્રૂર નાઝી મેજરના હૃદયમાં કંઈક જુદાં આંદોલનો પ્રગટાવ્યાં. એ સત્યનિષ્ઠ પાંચ સૈનિકોને જુદા તારવવામાં આવ્યા. બીજા સૌને જ્યાં કેદીઓને રિબાવીને મારવામાં આવતા તે કોન્સન્ટ્રેશન કેમ્પમાં મોકલી આપ્યા. પેલા પાંચ સૈનિકોને તેમના દેશ પરત મોકલવામાં આવ્યા. તેના બદલામાં પાંચ નાઝી સૈનિકોને મુક્ત કરાયા. આમ, સત્યનો પક્ષ રાખવાથી આ સૈનિકોનો જીવ બચ્યો. જ્યારે અસત્ય બોલનાર સૈનિકો મોતને ભેટ્યા.

પ્રમુખસ્વામી મહારાજે એક વાર સુરતમાં યુવાનોની સભાને સંબોધતાં કહ્યું હતું, 'આપણે નાનાં છીએ તેમ ન માનવું. ભલે નાનાં હોઈએ પણ સાચા છીએ. તમે જો સાચા હો તો ગમે તેવો મોટો માણસ તમારી સામે હશે તોય તમારી વાતની તેના પર અસર થશે જ.'

વડોદરામાં તા. 16-8-2006ના રોજ દર્શને આવેલા બિહારના તત્કાલીન આઈ.જી.પી. રાકેશ અસ્થાનાને તેમણે કહ્યું હતું, 'જે સાચું બોલે છે એના પર ભગવાન રાજી જ છે. આપણે ક્યાં કોઈનું અહિત થાય એ માટે કહેવું છે? અંતરમાં કોઈ માટે રાગ કે દ્વેષ નથી, પણ સાચું હોય ત્યાં કહેવું પડે. એમાં તકલીફ ભલે આવે, પણ એમાં ભગવાન રાજી છે. સહન કરવું પડે પણ અંતે સત્યનો જ વિજય થાય છે.'

સત્યમેવ જયતે. હજારો વર્ષ પહેલાંનો આ ઉપનિષદ-મંત્ર યુવાનો સિદ્ધ કરશે તો ભારતના રાષ્ટ્રીય ચિહ્ન પર કે ભારતીય ચલણી નાણાંની નોટ પર રહેવાને બદલે ભારતના કણકણમાં અને હવાની પ્રત્યેક લહેરમાં ગુંજી ઊઠશે. ચાલો યુવાનો, સત્યનો શંખનાદ કરવા આપણા રોમરોમમાં સત્યનો શ્વાસ ભરી લઈએ અને સંસ્કૃતિના ગાને ગગન ભરી દઈએ.

jivanmangalam@gmail.com



ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

જો કૃતજ્ઞભાવે તેમને પ્રણામ ન કર્યા
તો આપણે કૃતઘ્ની થયા ગણાઈએ

પ્રાર્થના એટલે પરમેશ્વર પ્રત્યે આભાર વ્યક્ત કરવો



પ્રાર્થના એટલે ભગવાનનો આભાર માનવો. જીવનમાં પ્રત્યેક કાર્યમાં તમે સૌનો આભાર માનવાનો સ્વભાવ બનાવી લેશો તો ફરિયાદ જ નહીં રહે. માનવમાત્ર અને ભગવાન પ્રત્યે તમારું હૃદય કૃતજ્ઞતાથી ભરાયેલું રહેશે.

એક સંત હતા. તેમને તરસ લાગે અને કોઈ પાણી લાવે તો એ પાણીનો ગ્લાસ હાથમાં પકડે તો તેની આંખમાં પાણી આવે કે, 'વાહ! પ્રભુ શું તારી કૃપા છે! તમે જો આ પાણી ન બનાવ્યું હોત તો કેમ જીવત?' હવાની લહેરખી આવે તો રડી પડે.

'કેવો શીતળ પવન વાય છે! મારું કેટલું ધ્યાન રાખે છે ભગવાન!' ધરતી પર કોઈક છોડને ફૂલ આવે તો તેની આંખ ભીંજાઈ જાય, એટલા ભાવુક હતા. ભગવાન તમે અમારા માટે જગત કેવું સુંદર અને અદ્‌ભુત બનાવ્યું છે. ભગવાન એકલા બધું કર્યા કરે છે, પરંતુ ભગવાનને ક્યારેય આપણા આભારની અપેક્ષા સહેજ પણ નથી.

આપણે જો કૃતજ્ઞભાવે તેમને પ્રણામ ન કર્યા તો આપણે કૃતઘ્ની થયા ગણાઈએ. ભગવાન તો ઉદાર છે, એ કોઈ પણ અપેક્ષા વગર સૌ માટે કરે છે અને કરતાં રહેશે. એ જ રીતે યજ્ઞ એ તો કૃતજ્ઞતાજ્ઞાપનનો જ એક પ્રકાર છે, તેના દ્વારા ભગવાનનો આપણે આભાર પ્રગટ કરીએ છીએ. આહુતિ આપીને આપણે એમ પણ કહીએ છીએ કે, 'હે ભગવાન! જે કંઈ પણ મળ્યું છે, તે આપે જ આપ્યું છે અને તેમાંથી થોડું સમર્પિત કરી અમે તમને આભાર કહીએ છીએ અને આ તો થોડું સમર્પણ છે અને યજ્ઞાવશિષ્ટ દ્વારા અમે અમારા જીવનનું યાપન કરીશું એટલે કે જીવન જીવીશું.'

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં પણ ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કે યજ્ઞમાંથી જે અવશિષ્ટ એટલે કે જે બચે છે, તેના દ્વારા જે પોતાનું જીવન ચલાવે છે, તેને સંત કહી શકાય. પછી ભલે તે ગૃહસ્થ આશ્રમમાં હોય.

ઈશ્વર એટલે પરમ સત્તા. આ સંસારના નિયંતા. સૃષ્ટિનું સર્જન, પાલન અને લય કરવાવાળી શક્તિ. આ સૃષ્ટિના અભિન્ન નિમિત્તોપાદાન કારણ વેદાંત દર્શન અનુસાર પ્રત્યેક કર્મનું કોઈ ને કોઈ કારણ હોય છે. કારણ વિના કોઈ પરિણામ નથી હોતું. સંસાર કાર્ય છે. તે આપણી આંખ સામે ઉપસ્થિત છે. ભગવાનને આપણે પરમ શક્તિ માનીએ છીએ. તેને મુખ્ય ત્રણ રૂપથી માંડીને અનેક સ્વરૂપ સુધી માન્યા છે. જેમાં મુખ્ય સર્જન કરનાર, બીજું પાલન કરનાર અને ત્રીજું રૂપ સંહારરૂપ માન્યું છે. સર્જન કરનારું જે રૂપ છે, તેને બ્રહ્મા કહીએ છીએ, પાલન કરનારને વિષ્ણુ કહીએ છીએ અને સંહાર કરનાર રૂપને શિવ કહીએ છીએ. ભજન કરવું, પ્રાર્થના કરવી, યજ્ઞ કરવો – આ બધાં જ કૃતજ્ઞતાજ્ઞાપનના પદાર્થો છે. આપણે ભગવાનનો આભાર તો માનવો જ જોઈએ, કેમ કે આપણે ભણેલા-ગણેલા માણસ હોઈએ તો આપણે અવિનયી ન હોવા જોઈએ.

અન્ન જેની કૃપાથી આપણી થાળીમાં આવ્યું. એક અદૃશ્ય દાતા છે, જેની કૃપાથી જ થાળીમાં અન્ન આવ્યું હોય, તેનો તો આભાર માનો. આવો આભાર માનવાનો સ્વભાવ વ્યક્તિને વિનયી બનાવે છે અને આ વિનયનો ગુણ વ્યક્તિને પ્રગતિ પથ તરફ અગ્રેસર બનાવે છે.

ભરતચક્રીની ભાવના

કથાબિંદુ

મુનિ રાજપુણ્ય વિજય

ભરત ચક્રવર્તી. ઋષભદેવ પ્રભુના પુત્ર. એક દિવસ સ્નાન કરી શરીર ઉપર ચંદનનું વિલેપન કરી, સુંદર વસ્ત્રો અને દિવ્ય રત્નના આભૂષણો ધારણ કરી અરીસાભુવનમાં ગયા. દર્પણમાં પોતાના રૂપને જોઈ ખુશ ખુશ થતા હતા, ત્યાં આંગળીમાંથી સરર કરતી એક મુદ્રિકા નીચે પડી. દર્પણમાં જોયું તો જે આંગળી મુદ્રિકા વિનાની હતી તે કાન્તિરહિત જણાતી હતી.



સહજ વિચારવા લાગ્યા : આ આંગળી મુદ્રિકા વિનાની છે, એટલે કાન્તિરહિત જણાય છે, અર્થાત્ આ કાન્તિ આભૂષણોની છે, મારી નથી. જોઉં તો ખરા, બીજા આભૂષણો ના હોય તો મારી શોભા કેવી છે? અને એક એક આભૂષણો ઉતારવા લાગ્યા. બધાં આભૂષણો ઊતરી ગયા, ત્યારે કાયાની કોઈ જ કમનીયતા ન રહી. પર્ણ વિનાનું વૃક્ષ કેવું ઠુંઠું લાગે તેવું શરીર જણાયું. વૈરાગ્યભાવમાં અભિવૃદ્ધિ થઈ. શરીર મળ-મૂત્રથી ભરેલું છે. ચંદનના સુગંધી વિલેપનને પણ તે દુર્ગંધી બનાવે છે. ચામડી એ તો ગટર ઉપરનું ઢાંકણ છે. ઢાંકણ બંધ છે, ત્યાં સુધી ઠીક, જેવું ઢાંકણ હટે ને બીભત્સતા અનુભવાય... બસ, આ જ વિચારધારા વૈરાગ્યધારામાં પરિવર્તિત થઈ અને ક્ષણવારમાં કૈવલ્યની પ્રાપ્તિ થઈ.



જીવન માંગલ્ય | માણસ ગમે તેવો સમર્થ થાય, પણ એણે ઊર્ધ્વગામી બનવું અતિ આવશ્યક છે

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

ઉત્તરાયણ પર્વે પતંગમાંથી કંઈક શીખીએ



કોરોનાના કહેરની વચ્ચે આ ઉત્તરાયણે પતંગ અને દોરીનો સંગાથ મળશે કે કેમ એ ખબર નથી. આબાલવૃદ્ધ સૌ અગાશીમાં ચઢી આનંદની કિલકારીઓ ગુંજવશે કે કેમ એ નિશ્ચિત નથી, પરંતુ આજે ઉત્તરાયણ પર્વે આસમાન સર કરતા પતંગોમાંથી કંઈક શીખવા પ્રયત્ન કરીએ.

પતંગમાંથી પ્રાપ્ત થતો પ્રથમ સંદેશ છે, ઊર્ધ્વગતિ. જેમ પતંગ નિરંતર ઊંચી ઉડાન ભરવા માટે તત્પર હોય છે, તેમ આપણે પણ હંમેશાં ઊર્ધ્વગતિ માટે, આગળ વધવા માટે સજ્જ રહેવું. બાળકને સ્કૂલમાં ભણવા મૂકીએ અને 3-4 વર્ષ પ્રગતિ વગર KGમાં જ કાઢે તો? કોઈ નોકરિયાત માણસ પોતાની નોકરીના પહેલા જ દિવસે જેવું કામ કરતો હોય, તેવું ને તેવું જ બે વર્ષના અનુભવ પછી પણ કરે તો? ઊર્ધ્વગતિના અભાવે માણસની પ્રગતિ રુંધાય છે. માટે જીવનમાં નિષ્ફળતાઓ તો આવશે જ, પણ આગળ વધવાનું ક્યારેય ન છોડો.

પાયલટ બનવામાં નિષ્ફળ ગયેલા ડો. કલામ હારીને બેસી ન રહ્યા. આગળ વધવાનું ચાલુ જ રાખ્યું. સંઘર્ષને જીવનના એક ભાગ તરીકે સ્વીકારી તેઓ મુશ્કેલીઓ સામે લડતા રહ્યા, તો એક દિવસ 'મિસાઈલમેન ઓફ ઇન્ડિયા' તરીકે પ્રસિદ્ધ થયા અને અંતે ભારતના સૌથી લોકપ્રિય રાષ્ટ્રપતિ બન્યા. એક સમયે સાવ તારાજ થયેલા નાનકડા દેશ જાપાને નાસીપાસ થયા વગર આગળ વધવાનું ચાલુ રાખ્યું, તો આજે દુનિયાની એક અગત્યની ઇકોનોમી તરીકે જાપાને નામ કાઢ્યું.

પતંગમાંથી પ્રાપ્ત થતો બીજો સંદેશ છે, ઊંચું નિશાન. પતંગ આપણને સતત ઊંચી દૃષ્ટિ રાખવાનું શીખવે છે. કહેવાય છે ને કે, 'નિશાનચૂક માફ નહીં માફ નીચું નિશાન.' ટેકરા ચડવાના નિશાન રાખનાર એવરેસ્ટ ક્યારેય સર નહીં કરે. હોલિવૂડના પ્રખ્યાત એક્ટર બ્રૂસ લીએ સાધેલું નિશાન સૌ કોઈ જાણે છે. જ્યારે તેણે ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં પ્રથમ પગ મૂક્યો, ત્યારે પોતે પોતાને જ એક પત્ર લખેલો. તેણે લખેલું, 'હું બ્રૂસ લી, અમેરિકાનો સૌથી મોંઘો પૂર્વીય સુપરસ્ટાર બનીશ. બદલામાં હું મારી પૂર્ણ ક્ષમતાનો ઉપયોગ કરી ઉચ્ચ ગુણવત્તાના જોશીલા પરફોર્મન્સ આપીશ. 1970થી શરૂઆત કરી હું પ્રથમ દુનિયામાં કીર્તિ પ્રાપ્ત કરીશ અને 1980 સુધીમાં હું દસ લાખ ડોલરનો અધિપતિ બનીશ. મને આંતરિક શાંતિ મળે એ રીતે હું જીવીશ.' આ નિશાન સાથે બ્રૂસ લીએ મહેનત આરંભી, તો આજે ફિલ્મી દુનિયામાં તે અમર થઈ ગયો. આમ, પતંગ આપણને હંમેશાં ઊંચું લક્ષ્ય રાખવાનું કહે છે. વળી, દિનભર મોબાઈલ કે ટેબલેટમાં રમમાણ રહેતી આધુનિક પેઢીને પતંગ ઊંચે જોવાનું પણ કહી જાય છે.

પતંગમાંથી મળતો ત્રીજો સંદેશ છે – સંતુલન. પતંગની બંને બાજુની કમાનોમાં સંતુલન હોય તો જ પતંગ સ્થિર રહે છે. નહીં તો ગોળ-ગોળ ફર્યા કરે અને ન તો ઉડાડનારને મજા આવે, ન તો જોનારને. એ જ રીતે જીવનમાં પણ સંતુલન ખૂબ જ જરૂરી છે. સમૃદ્ધિ, સંબંધ અને સત્સંગ આ ત્રણેય વચ્ચેનું સંતુલન. સમૃદ્ધિની ભરમાર હોય પણ સ્વજનો સાથેના સંબંધોમાં કડવાશ હોય તો આખું જીવન કડવું બની જાય છે. સમૃદ્ધિ હોય, સ્વજનો સાથે સારા સંબંધો પણ હોય, પરંતુ સત્સંગની સમજણ ન હોય, આધ્યાત્મિકતા ન હોય તો અંતે પરિપૂર્ણતાનો અનુભવ ન થાય. માટે સમૃદ્ધિ, સંબંધ અને સત્સંગ વચ્ચેનું સંતુલન ખૂબ જરૂરી છે.

પતંગમાંથી મળતો ચતુર્થ સંદેશ આધ્યાત્મિક છે. પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ ઘણી વાર કહેતા કે, 'પતંગ હંમેશાં દોરી વડે ઉડાડનારના હાથમાં રહે છે. જો દોરી તૂટી જાય તો પતંગનું અધઃપતન નિશ્ચિત થઈ જાય.' તેમ આપણા જીવનની દોરી પણ એવા સાચા આધ્યાત્મિક ગુરુના હાથમાં આપી હોય, તો આપણી ઉડાન અડગ રહે. અધ્યાત્મ-માર્ગે ગુરુની શી મહત્તા છે એનું વર્ણન કરતાં શાસ્ત્રો છલકાય છે. શંકરાચાર્યજી કહે છે, 'ગુરુરંઘ્રિપદ્મે મનશ્ચેન્ન લગ્નં તતઃ કિમ્?' જો ગુરુના ચરણકમલમાં મન નથી લગાડ્યું તો શું કર્યું? માટે જીવનમાં એક સાચા ગુરુ શોધી તેના હાથમાં જીવનની દોરી સમર્પિત કરી દેવામાં સૌથી મોટું શાણપણ રહેલું છે. અર્જુને પોતાના રથની દોરી શ્રીકૃષ્ણને સોંપી હતી, તો શ્રીકૃષ્ણે પળે પળે અર્જુનની રક્ષા કરી. તેમ શું આપણા જીવનમાં એવું કોઈ છે જે આપણને જીવનના દરેક પગલે સાચું માર્ગદર્શન આપે? એ કાર્ય સાચા ગુરુનું છે. એવા સાચા સંત મળી જાય તો જીવન ધન્ય બની જાય. હા, એવા સંતને ઓળખવામાં ભૂલ ન થઈ જાય એ ખાસ જોવું પડે. સાધારણ રીતે લોકો કોઈની પ્રભાવક વાતો સાંભળીને તેને ગુરુ બનાવી લેતાં હોય છે. જ્યાંથી પ્રેરણા પ્રાપ્ત થાય, જ્યાંથી કંઈક નવું શીખવા મળે એમાં કંઈ વાંધો નથી, પરંતુ આધ્યાત્મિક માર્ગે જીવનની દોરી એવા ગુરુને સોંપવાની હોય છે જેમાં અહંશૂન્યતા, પરાભક્તિ, ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય વગેરે શાસ્ત્રોક્ત ગુણો હોય. જેમની વાણીમાં નહીં, પરંતુ જીવનમાં આધ્યાત્મિકતા છલકતી હોય. તો આવો, ઉત્તરાયણ પર્વે આપણે પણ ઉત્તર અયન કરીએ, જીવનને ઊર્ધ્વગામી બનાવીએ.

jivanmangalam@gmail.com



ભાગવત ચિંતન | ભગવાનની કૃપાયુક્ત જીવન પ્રસાદીરૂપ જીવન બની જશે

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

ઉત્તરાયણના પવિત્ર સમયમાં દેહત્યાગ કરતાં પહેલાં

ભીષ્મ પિતામહે કોને મનની વાત કરી?

નિઃશ્રેયસ, કલ્યાણ અને મુક્તિ તમને પ્રાપ્ત થાય તે ધર્મ. એ જ મનુષ્યનો શ્રેષ્ઠ ધર્મ છે. જેનું આચરણ કરવાથી ભગવદ્ ભક્તિ થાય છે. માણસ પ્રેમથી દીક્ષિત થઈ જાય. નફરતનું વિષ માનવીના જીવનમાંથી નીકળી જાય.



મહાભારતનો પ્રસંગ છે. ઉત્તરાયણનો સમય છે. પિતામહ ભીષ્મને એક જ પ્રતીક્ષા છે કે શ્રીકૃષ્ણ એક વાર અહીં આવે. મારી આંખો સામે પ્રગટ થાય. જીવનની સંધ્યામાં જેમની પ્રતીક્ષા હતી તે સામે આવીને ઊભા રહી ગયા અને પિતામહ ભીષ્મના મુખમાંથી વચન નીકળે છે કે, 'હે દેવોના દેવ! જ્યાં સુધી હું આ શરીરનો ત્યાગ ન કરું ત્યાં સુધી તમે આ સ્થાન છોડીને ક્યાંય જશો નહીં. પ્રતીક્ષા કરો મારા માલિક! અહીં હું આપની પ્રતીક્ષા કરી રહ્યો હતો. તમે પધાર્યા હવે મારી પ્રતીક્ષા પૂર્ણ થઈ અને હવે પ્રતીક્ષા કરવાનો વખત તમારો આવ્યો છે. હે દેવાધિદેવ! પ્રતીક્ષા કરો, પ્રતીક્ષા કરો.' વહેતી હવામાં પોતાના લહેરાતા ઉત્તરીય સાથે મંદ-મંદ મુસ્કાન કરતાં, આંખોથી પ્રેમસુધા વરસાવતા ભગવાન શ્રીકૃષ્ણ પિતામહ ભીષ્મની સામે ઊભા છે. કલ્પી શકો છો કે એ ક્ષણ કેવી હશે? કે જેની પ્રતીક્ષા હતી એ સામે આવીને દૃષ્ટિગોચર થાય! બધી ઇચ્છાઓ જાણે કે પૂર્ણ થઈ ગઈ હોય તેવી સ્થિતિમાં પછી પિતામહ ભીષ્મ યુધિષ્ઠિરને ધર્મોપદેશ કરવા તત્પર બન્યા. તે ઉપરાંત, વિશુદ્ધ ધારણાથી પોતાના મનને ભગવાનમાં રમમાણ કરી ઉત્તરાયણના પવિત્ર સમયમાં દેહત્યાગ કરતાં પહેલાં પોતાના મનની વાત શ્રીકૃષ્ણને કહી રહ્યાં છે, તેનું નામ ભીષ્મ સ્તુતિ છે.

એક જ્ઞાનીને કોઈએ પ્રશ્ન કર્યો કે, 'મહારાજ! તમે કેટલા જ્ઞાની છો?' તો તેમણે જવાબ આપ્યો કે, 'હું એટલું જાણું છું કે હું કંઈ જાણતો નથી.' વાસ્તવમાં જાણવાની પ્રથમ શરત એ ખબર હોવી જોઈએ કે આપણે કંઈ જાણતા નથી. આપણે જ્યારે કોઈ સાધુ, સંત કે સદ્ગુરુ પાસે જઈએ છીએ, ત્યારે મનમાં એક પ્રકારનો અહંકાર લઈને જતાં હોઈએ છીએ કે હું કંઈક છું, હું બધું જ જાણું છું.

જાણવાની પ્રથમ શરત એ હોવી જોઈએ કે આપણે કંઈ જાણતા નથી. સાધુ-સંત પાસે જઈએ, ત્યારે મનમાં અહંકાર ન હોવો જોઈએ

ભાઈ! ભરેલા પાત્રમાં કોઈ વસ્તુ નાખશો તો એ તેમાં સમાવાની નથી. માટે જ સાધુ-સંતોની પાસે જતી વખતે મનનું પાત્ર ખાલી જ હોય, તે ખૂબ જરૂરી છે. પાત્રનો અર્થ વાસણ પણ થાય છે. પાત્રનો અર્થ યોગ્યતા પણ થાય છે. આ પાત્ર છે એટલે કે જે યોગ્ય છે, અધિકારી છે, તેને તેવું મળે છે.

ગુરુ જ્યારે જુએ છે કે આ પાત્ર છે ત્યારે તો આપે છે. એટલા માટે જાણવાની પૂર્વશરત એ છે કે સૌપ્રથમ આપણે જાણી લઈએ કે આપણે કંઈ જ જાણતાં નથી. પાત્ર જો ગંદુ હશે તો એમાં કોઈ ખાવાની વસ્તુ નાખશે અથવા આપણે નાખીશું તો પણ પાત્ર ગંદુ હોવાને કારણે તે ગમે તેટલી કિંમતી હશે તો પણ ગંદી જ થઈ જશે. માટે સૌપ્રથમ પાત્રને સાફ રાખી પછી એમાં ખાદ્યસામગ્રી રાખવી જોઈએ. આપણી ખોપરીનું પાત્ર સાફ અને ખાલી હશે, તો જ જ્ઞાન તેમાં નિર્મળ રહેશે. માટે હંમેશાં ભગવાનની સ્મૃતિ રાખો. ભગવાનની કૃપાયુક્ત જીવન પ્રસાદીરૂપ જીવન બની જશે. જે નિત્ય આનંદમય બની રહેશે.

કથાબિંદુ

મુનિ રાજપુણ્ય વિજય

આભુ સંઘવીની ભક્તિ



થિરપુરના આભુ સંઘવી. જિનવચન દ્વારા સાધર્મિક ભક્તિનું માહાત્મ્ય સમજીને તેમણે પ્રતિજ્ઞા કરી હતી કે ગૃહાંગણે પધારેલ કોઈ પણ અતિથિને ભોજન કરાવ્યા વિના ન જવા દેવો. એમની પ્રતિજ્ઞાના પુષ્પની પરિમલ ચોમેર ફેલાઈ. આ બાજુ માંડવગઢના મહામંત્રી પેથડશાના પુત્ર ઝાંઝણશાને આભુ સંઘવીની પરીક્ષા કરવાનું મન થયું. તેમણે તપાસ કરાવી તો ખ્યાલ આવ્યો કે આભુ સંઘવી ચતુર્દશીના પર્વદિવસે ઉપાશ્રયમાં સાધુ ભગવંતોના સાંનિધ્યમાં રહી પૌષધવ્રતની નિત્ય આરાધના કરે છે. ઝાંઝણશા એકસાથે છત્રીસ હજાર (ફરી વાંચો-છત્રીસ હજાર) આરાધકો સાથે ચતુર્દશીના દિવસે જ વહેલી સવારે આભુ સંઘવીના ઘરે પધાર્યા. શેઠ તો ઉપાશ્રયમાં હતા, પણ નાના ભાઈ જિનદાસ ઘરે હતા. મોટાભાઈની પ્રતિજ્ઞા એળે તો કઈ રીતે જવા દેવાય? 'સરસ ભક્તિ કરજો.' એવા વડીલબંધુના સમાચાર પણ આવ્યા. જિનદાસે થોડો સમય માંગ્યો. સૌ ધાન્યના ભંડારો તો ભરેલા હતા જ. વિશાળ સંખ્યામાં રસોઈયાઓને કામે લગાવ્યા. પરિવારના સૌ સભ્યો પણ સ્વયં જોડાયા અને અલ્પ સમયમાં જ સૌ અતિથિઓની શ્રેષ્ઠ સાધર્મિક ભક્તિ કરી. આભુ સંઘવી અને જિનદાસનો અનુપમ અતિથિસત્કાર જોઈ ઝાંઝણશા નતમસ્તક થઈ ગયા!



જીવન માંગલ્ય
સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

આદર્શ વાલી બનવા સ્નેહનો હાથ અંદર રાખજો, સાવધાનીનો ટપલો બહાર રાખજો

માતાપિતાનું વધુ વહાલ કરે બાળકને બેહાલ

મહાભારતના યુદ્ધ બાદ ધૃતરાષ્ટ્ર દૂત સંજયને પ્રશ્ન કરે છે કે મારા લાડકવાયા સો સંતાનોમાંથી કેમ એક પણ દીકરો બચ્યો નહીં? પાંચ પાંડવોનો જયજયકાર થયો ને મારા સો કૌરવો કેમ અધોગતિને પામ્યા? બોલ સંજય! મારી સાથે કુદરતે કેમ આવો અન્યાય કર્યો? મારી કઈ ભૂલની આ સજા મને મળી છે?

કેવળ ચર્મચક્ષુથી નહીં, પણ જ્ઞાનચક્ષુથી પણ અંધ એવા ધૃતરાષ્ટ્રની આંખો પર લાગેલ મમત્વનો મોતિયો દૂર કરતા સંજયે કહ્યું : રાજન! બાળપણમાં દુર્યોધન અને કૌરવો પાંડવોને અન્યાય કરતાં હતાં તે સમયે તમે તેમને રોક્યા નહીં, તે તમારી પહેલી ભૂલ, અભ્યાસ કે રમતગમતમાં પાંડવોની અદેખાઈ કરતા તેમને વાર્યા નહીં તે બીજી ભૂલ, જુગારમાં મામા શકુની સાથે ભળી કપટ કરી પાંડવોને હરાવી વનવાસ આપ્યો ત્યારે તમે ચૂપ રહ્યા, તે ત્રીજી ભૂલ, પોતાના ભાઈઓને જીવતા સળગાવી દેવા માટે લાક્ષાગૃહનો કારસો રચ્યો છતાં તમે ઠપકાનો એક શબ્દ બોલ્યા નહીં, તે ચોથી ભૂલ, ભરસભામાં વડીલોની હાજરીમાં પુત્રવધૂ દ્રૌપદીનું વસ્ત્રાહરણ કરી રહેલા સંતાનોને તમે શિખામણનો એક અક્ષર પણ કહ્યો નહીં, તે પાંચમી ભૂલ, અરે! ભગવાન કૃષ્ણની આજીજી છતાં યુદ્ધ અટકાવવાને બદલી કૃષ્ણને કેદ કરવા જનાર તમારા વહાલસોયા સામે કરડી નજર પણ કરી નહીં, તે છઠ્ઠી ભૂલ. આ સાંભળી બાવળ ઉછેરી કેસર કેરીની આશા રાખનાર ધૃતરાષ્ટ્ર ધ્રુજી ગયા ને પોકારી ઊઠ્યા, બસ સંજય..! બસ કર હવે. પણ કેળવણીની કેડી ચૂકીને કાંટાળે રસ્તે ચડી ગયેલા રાજપિતાને રાજપથનું ભાન કરાવતાં સંજય કહે છે : મહારાજા! તમે તમારા સંતાનોને સગવડો અને સાનુકૂળતાનું સામ્રાજ્ય આપ્યું, પણ સાવધાનીનું શિક્ષણ જ ન આપ્યું. આ જ તમારી મોટી ભૂલ છે.



આજે પાંચ હજાર વર્ષ પછી પણ દુર્યોધનની આધુનિક ઓલાદો અવતરતી રહે છે અને વિવેક ચૂકી સંતાનો પર કેવળ વહાલ વરસાવનાર મોહાંધ મા-બાપો ધૃતરાષ્ટ્ર અને ગાંધારીની જેમ પોક મૂકીને રડતાં રહે છે.

મુંબઈના હીરાના મોટા વેપારી પોતાની દર્દભરી દાસ્તાન જણાવતાં કહે છે, મારી એકની એક દીકરીને મેં રાજકુંવરીની જેમ ઉછેરી, અતિ ભવ્ય સ્કૂલ અને આધુનિક કોલેજમાં એડમિશન અપાવ્યું, ઇમ્પોર્ટેડ મોબાઈલ અને લેપટોપ લાવી દીધા, પર્સનલ રૂમ કે અનલિમિટેડ ઈન્ટરનેટ આપવામાં ક્યારેય પાછી પાની કરી નથી, મિત્રો સાથે આલિશાન હોટલોમાં ખાવા-પીવાની કે નાચવા-કૂદવાની ક્યારેય ના પાડી નથી, દુનિયાના એકવીસથી વધુ દેશોમાં તેને ફેરવી હતી, પરંતુ અમારી જાણબહાર તેનાથી પંદર વર્ષ મોટા એક પરિણીત શિક્ષક સાથે તેણે લગ્ન કરી લીધાં અને હવે અમારી સામું જોવા પણ તૈયાર નથી. આમ, વેપારીએ દીકરીને સગવડો અને સાનુકૂળતાનું સામ્રાજ્ય આપ્યું, પણ સાવધાનીનું શિક્ષણ ન આપ્યું, તેનું આ વળતર મળ્યું. જન્મદાતા જ્યારે સંસ્કારપ્રદાતા ન બને ત્યારે સમાજ જ બોલતો રહે છે : વધુ વહાલ-કરે બાળકને બેહાલ. છોડને કેવળ ખેડ અને ખાતર, પાણી અને છાંયડો આપવાથી જ વિકાસ નથી થતો, પણ સમયે-સમયે તેને તડકો પણ આપવો પડે છે. જે તડકો ખામી શકે છે, તે જ છાંયડો આપી શકે છે.

જે તકલીફ કે દુ:ખો અમને પડ્યાં છે તેવું અમારા સંતાનોને સહન કરવું ન પડે તેવી ભાવના દરેક વાલીને રહે છે. જે મોજમજા કે સવલતો અમને ભલે ન મળી, પણ અમારાં સંતાનોને જરૂર આપવી છે આ ઝંખના પ્રત્યેક વાલીને રહે છે. પણ આવું વહાલનું વાવેતર કરનાર વાલીઓના પસ્તાવા અને પોકારોના પ્રત્યક્ષ સાક્ષી બન્યા પછી સૌને કહેવું છે કે, તમારાં સંતાનોને સગવડો આપજો, પણ અગવડોમાં અકળાય નહીં તેવી તાલીમ જરૂર આપજો, એને નહાવા માટે ગરમ પાણી આપજો, પણ ક્યારેક ઠંડાં પાણીએ નાહી શકે તેવી તૈયારી આપજો, એને સારો-મોંઘો મોબાઈલ આપજો પણ શું ન જોવાય તેની લક્ષ્મણરેખા અચૂક દોરી આપજો, એ માંગે તેટલા પૈસા આપજો પણ પાઈ-પાઈનો હિસાબ રાખવાની કેળવણી આપજો, એને સારા-સ્વાદિષ્ટ ભોજન આપજો. પણ ક્યારેક ખારું કે ખાટું થાય તો હસતે મુખે ખાવાની ક્ષમતા આપજો, એની ગમે તેવી ભૂલ થાય તો ઉદાર દિલે માફ કરજો, પણ ફરી ભૂલ ન કરે તેવી તકેદારી જરૂર આપજો.

પણ વિશાળ વિચારધારા ધરાવનાર વાલીઓ કહે છે : અમારા ઘરમાં કોઈ રોક કે ટોક નહીં. જેને જે ખાવું હોય તે ખાય, જ્યાં જવું હોય ત્યાં જાય, જ્યારે નહાવું હોય ત્યારે ન્હાય, જે ગાવું હોય તે ગાય. Total Freedom. અરે ભાઈ! આ ટોટલ ફ્રીડમને લીધે જ કેટલાય ઘરોમાં બોટલ ફ્રીડમ આવી ગયું ને વિશાળ Kingdom ખોવાનો વારો આવ્યો છે. બાળક નાનું હોય ત્યારે તેના હાથ-પગ પકડીને પણ ન ભાવે તેવી દવા રોવડાવીને પણ પીવડાવે એ જ ખરા વાલી છે. સંતાનને ગમે તે જ ખવડાવે તે વાલી નહીં પણ જે જરૂરી છે તે ખવડાવે તે વાલી છે.

દેશ-વિદેશનાં લાખો બાળકોને સંસ્કાર અને સદાચારથી શોભતાં દેવદૂત બનાવનાર બાળ કેળવણીકાર પ્રમુખસ્વામી મહારાજ કહેતા : કુંભાર જેમ માટલાં ઘડે ત્યારે એક હાથ અંદર રાખી બહારથી ટપલાં મારી માટીને આકાર આપે છે, માટલું ઘડાય પણ ખરું ને ફસકી પડતું પણ નથી. તેમ આપ પણ જો આદર્શ વાલી બનવા માગતાં હો, તો સ્નેહનો એક હાથ અંદર રાખજો, પણ સાવધાનીનો ટપલો બહાર રાખજો. જેમ વધારે પડતું ગળપણ નુકસાન કરે છે તેમ વધારે પડતા લાડ પણ જરૂર નુકસાન કરે છે.

જો આ સાવધાની ચુકાશે તો આપે પણ આંસુ સારતા એકાંતમાં બોલવું પડશે વધુ વહાલ કરે બાળકને બેહાલ.

jivanmangalam@gmail.com



ભાગવત ચિંતન
ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

આજે બધા માણસો ક્યાંક ખોવાઈ ગયા છે એ જ સમસ્યાનું મૂળ છે

ભારતની આગવી વિશેષતા સાંસ્કૃતિક સમૃદ્ધિ ધરાવનારો દેશ

આજે પણ કહી શકાય કે આપણે સાંસ્કૃતિક રીતે સમૃદ્ધ છીએ. સાંસ્કૃતિક સમૃદ્ધિ ધરાવનારો દેશ એ ભારતની આગવી વિશેષતા છે

આપણે ત્યાં કહેવાય છે કે 'જેવું વાવશો, એવું લણશો'. એટલે જ માણસ હોય એમણે પ્રથમ ખૂંપી જવું પડશે અને ખપી જવું પડશે. જો બીજ ક્ષેત્રમાં ખપી જાય અને ખૂંપી જાય તો જ બીજ અંકુરિત થાય છે. બીજ જ્યાં સુધી અંકુરિત ન થાય ત્યાં સુધી તે વૃક્ષ ન બને. એને ફળ કેમ આવે? એટલે વાવણીનું ટાણું નજીક આવે એ પહેલાં ખેતર ખેડી તો રાખ્યું જ હોય. તેમ આપણે પણ માણસ ઉગાડવાનું ખેતર બનાવવાનું છે અને તેને માટે જરૂરી છે કે માણસ ઉગાડવા માટે માણસ વાવવો પડશે અને એ માણસરૂપી બી ગોતવા માટે જ આ પ્રકારની કથાઓ સમાજની વચ્ચે ઠેર-ઠેર થતી રહે છે.

આજે બધા માણસો ક્યાંક ખોવાઈ ગયા છે. યુનિવર્સિટીમાંથી બહાર નીકળતા વિદ્યાર્થીઓમાં તબીબો અનેક જોવા મળે છે. એન્જિનિયરો, વકીલો સેંકડો જોવા મળે છે, પરંતુ આ તજજ્ઞોમાં રહેલો માણસ ક્યાંક ખોવાઈ ગયો છે અને માણસ ખોવાઈ ગયો છે એ જ સમસ્યાનું મૂળ છે.

બદલવાની વાતો આવે છે પણ એના માટે માણસને બદલવો જરૂરી છે. માણસને બદલવા માટે માણસના વિચારો બદલવાની જરૂર છે અને માણસ ક્યારે બદલાય? જ્યારે તેના વિચારો બદલાય. વિચારો બદલવાનું એ વિચારોમાં સંસ્કૃતિના વિચારોનું સંક્રમણ કરવાનું જે માધ્યમ છે, તે શિક્ષણ છે. તમને ખબર જ હશે કે શસ્ત્ર છે કે મસ્તક કાપવાની વાતો કરે છે. જ્યારે શાસ્ત્ર મસ્તક બદલવાની વાત કરે છે અને આવા વિચારોનું સંક્રમણ થઈ શકે અને આવા માધ્યમો નિર્માણ કરવાની જરૂર છે. ભાગવત કથા પણ આવા માધ્યમોમાંનું જ એક માધ્યમ છે. એ માધ્યમથી વિચારો ઝીલવા માટે સમાજ તત્પર પણ ઘણો જ છે. જે રીતે કથામાં શ્રોતાઓની સંખ્યા વધતી જાય છે એ જ બતાવે છે કે આ માધ્યમ સશક્ત છે.



માણસની અંદર એક વૃત્તિ છે કે બીજા કરતાં હું મોટો ગણાવો જોઈએ. એ જે વૃત્તિ છે એ કોઈ રીતે પોષણ પામશે? મારા પાડોશી પાસે ટીવી છે તો મારી પાસે પણ ટીવી છે. મારા સગાંઓ પાસે મોટરકાર છે તો મારે પાસે પણ મોટરકાર છે. મારા પરિચિતો પાસે સારું મકાન છે. જો આવું જ બધા વિચારશે તો પછી કયો સમાજ, કયો દેશ આગળ વધશે?

આવનારા દિવસોમાં પરિસ્થિતિ એવી આવશે કે જેની પાસે વધારે સાધનો હશે અથવા તો પૂર્ણ વિકાસ થયો હશે તેઓ આગળ નહીં કહેવાય, પરંતુ પરિસ્થિતિ એવી આવવાની છે કે એ રાષ્ટ્ર સૌથી વધુ સમૃદ્ધ ગણાશે કે જેની સંસ્કૃતિ સમૃદ્ધ હશે. આજે પણ કહી શકાય કે આપણે સાંસ્કૃતિક રીતે સમૃદ્ધ છીએ. આવી સાંસ્કૃતિક સમૃદ્ધિ ધરાવનારો દેશ એ ભારતની આગવી વિશેષતા છે. એટલા માટે જ આપણે આપણી સંસ્કૃતિને જાળવવાની, ટકાવવાની અને તેનું સંરક્ષણ કરવાની છે અને સંવર્ધન કરવાની તત્પરતા દાખવવી પડશે.

કથાબિંદુ
મુનિ રાજપુણ્ય વિજય

પેથડશાની પ્રભુભક્તિ

મૃત્યુ સમયે પિતા દેદાશાએ સુવિનીત પુત્ર પેથડશાને પોતાની પાસે બોલાવીને કહ્યું : 'બેટા, મારા જીવનના અંતિમ સમયે મારી પાસે જે છે તે તને જણાવું છું. એક બાજુ લાખોની સંપત્તિ છે, અને બીજી બાજુ એક કાગળ પર સુવર્ણસિદ્ધિનો રસ બનાવવાની વિધિ છે. તને જે ગમે તે તું જણાવ. જો તું સુવર્ણસિદ્ધિની વિધિનો કાગળ લે, તો હું સંપૂર્ણ સંપત્તિ મારા હાથે જ સારાં ક્ષેત્રોમાં સુકૃત કરી શકું. બોલ, તારી શું ભાવના છે?'

પેથડશાએ કાગળ લેવાની સંમતિ દર્શાવી. આ બાજુ સર્વસ્વનું દાન કરી દેદાશા દિવંગત થયા.

કાગળમાં લખેલી બધી જ વિધિ બરાબર કરી, પણ સુવર્ણસિદ્ધિનો રસ નિષ્પન્ન ન થયો. ઘણાં પ્રયાસો કર્યા પણ કંઈક રહી જતી વિધિના કારણે સર્વ પ્રયાસો નિષ્ફળ ગયા. આ બાજુ સઘળી સંપત્તિ પણ ખાલી થઈ ગઈ.

પેથડશા દરિદ્ર થઈ ગયા. આવી હાલત થઈ હોવા છતાં તેમને પિતા કે પરમપિતા પ્રત્યે દુર્ભાવ ન થયો. સમભાવે ધર્મ-આરાધના કરવા લાગ્યા. અલ્પ દિવસો પછી કોઈ જ્ઞાની મહાત્માજી ગૃહાંગણે પધાર્યા. પોતાની વિકટ પરિસ્થિતિ હોવા છતાં તેઓની અનુપમ ભક્તિ કરી. મહાત્માજી ખુશ થયા. તેમણે વિધિમાં થતી ભૂલ બતાવી અને સુવર્ણરસમાં શીઘ્ર સફળતા મળી.

આબુના પહાડોમાં કરોડોનું સુવર્ણ તૈયાર થયું, પણ પ્રભુના દર્શન થતાં પેથડશાને વિચાર આવ્યો : મારા પ્યારા પ્રભુએ તો સર્વસ્વનો ત્યાગ કર્યો છે અને હું કરોડોનું સોનુ ભેગું કરું છું! બસ ત્યાં જ પરિગ્રહપરિમાણવ્રત સ્વીકારી સંપૂર્ણ સુવર્ણ પ્રભુભક્તિમાં વાપર્યું. કેવી અનુપમ પ્રભુભક્તિ...!!

જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

પ્રમુખસ્વામી મહારાજે સતત વિચરણ દ્વારા મુમુક્ષુઓના જીવનમાં ખરી વસંત ખીલવી છે

વસંત અને સંત વચ્ચે છે અનેરી સામ્યતા

ભારતીય ઉત્સવ પરંપરામાં 'વસંત પંચમી'નું સ્થાન અનેરું છે. ભારતીય ખગોળ વિજ્ઞાન અનુસાર સૂર્ય મીન રાશિમાં પ્રવેશ કરે ત્યાંથી લઈને વૃષભ રાશિમાં પ્રવેશ કરે ત્યાં સુધીનો સમય વસંતનો સમય ગણાય છે. વસંત ઋતુને છએ ઋતુમાં 'ઋતુરાજ'ની ઉપમા આપવામાં આવી છે. આ ઋતુમાં જે આહ્લાદકતા અનુભવાય છે તેવી અન્ય ઋતુઓમાં નથી હોતી. તેથી કવિઓની કવિતાઓ પણ વાસંતી વાયરે મહોરી ઊઠેલી જણાય છે. સ્વામિનારાયણીય સંત કવિ પ્રેમાનંદ વસંતના આગમનને વધાવતાં કહે છે, 'વન તરુ લતા વેલી પ્રેમાતુર, નવ પલ્લવ થઈ સારી; કુંજ કુંજ પ્રતિ કોકિલા સુંદર, બોલત વસંત ખુમારી, આજ વસંત પ્રથમ દિન આવ્યો, સહુ જન સુખકારી.'

વસંત ઋતુનું આગમન ધરતીના કણકણમાં નવચેતન ધબકાવે છે. વસંતને વધાવવા વૃક્ષો પીળાં પર્ણોનો જીર્ણ વાઘા ઉતારીને હરિયાળાં કૂણાં પર્ણોના શણગાર સજે છે. કોયલનો પંચમ સ્વરીય ટહુકાર વસંતની છડી પોકારી છે અને મહોરી ઊઠેલા વાસંતી પુષ્પો વાસંતી મહેકને ચોમેર લહેરાવે છે.



વસંત શબ્દમાં એક ખૂબ મહત્ત્વપૂર્ણ શબ્દ સમાયેલો છે. એ છે સંત. ભારતીય શાસ્ત્રોએ વસંત અને સંતો બંનેનો અનેરો મહિમા ગાયેલો છે. અલબત્ત, વસંત અને સંત વચ્ચે એક વિશિષ્ટ સામ્ય પણ રહેલું છે.

ભગવાન શ્રીકૃષ્ણ શ્રીમદ્ ભગવદ્ ગીતામાં કહે છે. 'ऋतूनां कुसुमाकर' અર્થાત્ ઋતુઓમાં હું વસંત છું. તો શ્રીમદ્ ભાગવતમાં તેઓ સંત માટે કહે છે કે साधवो हृदयं मह्यं – સંત મારું હૃદય છે. છે ને અદ્ભુત સામ્ય વસંત અને સંતનું!

વસંતનો વાયરો બાહ્ય સૃષ્ટિમાં પરિવર્તન લાવે છે. જ્યારે સંતનો વાયરો વ્યક્તિની આંતરિક સૃષ્ટિમાં, વ્યક્તિના માનસમાં પરિવર્તન લાવે છે. અંગુલિમાલ કુખ્યાત અને નિર્દયી લૂંટારો હતો. જંગલના માર્ગે પસાર થતાં પ્રત્યેક વ્યક્તિને લૂંટતો અને નિર્દયતાપૂર્વક તેમની પહેલી આંગળી કાપીને ગળામાં તેની માળા પહેરતો. એક સમયે મહાત્મા બુદ્ધ સાથે તેનો મેળાપ થયો અને ફૂંકાયો વાસંતી વાયરો. તેના જીવનમાં પરિવર્તન સર્જાયું અને તે મહાન ભક્ત બન્યો. જેમ વસંત આવતાંની સાથે જ પ્રકૃતિ જૂના વસ્ત્રો ત્યાગ કરી નવું સૌંદર્ય ધારણ છે. તેમ સંતના આગમનથી દુર્જનોના દુર્ગુણો ખરી પડે છે અને સદ્ગુણોનાં પુષ્પો ખીલી ઊઠે છે.

આફ્રિકાના દારેસલામ નગરના સુભાષભાઈનું પૂર્વજીવન વિષય, વ્યસન અને દુર્ગુણોથી ભરપૂર હતું. એમનું વ્યક્તિત્વ એવું ખૂંખાર કે ત્યાંની મૂળ પ્રજા પણ તેમનાથી ડરે. એવું કોઈ વ્યસન નહીં હોય જે એમણે નહીં કર્યું હોય, પરંતુ ગુણાતીત સંત પ્રમુખસ્વામીજીના વાસંતી વાયરાથી તેમના દુર્ગુણો ખરી પડ્યા અને સદ્ગુણ રૂપી પુષ્પોનો બાગ ખીલી ઊઠ્યો. ત્યાર પછી તેમણે જે જનસેવાની ભાગીરથી વહાવી તેના પર પુસ્તકોના પુસ્તકો લખાય તેમ છે. ખરેખર, જેમ વસંતનું આગમન થતાં પ્રકૃતિ સોળે કળાએ ખીલી ઊઠે છે. માણસના માનસને પ્રફુલ્લિત કરે છે. તેમ સંતનું આગમન થતાં વ્યક્તિનું જીવન ગુણોથી ઉન્નત અને પરોપકારી બને છે. જેમ વસંત પ્રત્યેક પુષ્પ, વૃક્ષ અને વેલી માટે હિતકારી છે. તેમ સંત પણ વ્યક્તિ, સમાજ, રાષ્ટ્ર માટે હિતકારી છે.

સંત નિઃસ્વાર્થ ભાવે સમાજ ઉત્કર્ષ માટે કાર્ય કરે છે. પ્રમુખસ્વામી મહારાજે સતત અને સખત વિચરણ દ્વારા મુમુક્ષુઓના જીવનમાં ખરી વસંત ખીલવી છે. કોઈ પ્રકારના ભેદભાવ વગર, પોતાના દેહની પરવા કર્યા વિના, સખત દૈહિક ભીડો સહન કરીને પણ લોકોના સંકલ્પો પૂર્ણ કર્યા છે અને પરમ શ્રેય કર્યું છે. બીજાના ભલા માટે પ્રમુખસ્વામી મહારાજે પોતાનું સમગ્ર જીવન સમર્પિત કરી દીધું હતું. તેમની એ કરુણાગંગામાં અનેક પરિવારો ભીંજાયા છે. અમરેલીના ખડાધાર ગામના રવજીભાઈ નારીગરા અતિશય ગરીબ. એમાંય રવજીભાઈ અને તેમની ધર્મપત્નીને ક્ષયની બીમારી લાગુ પડી. મેડિકલ સારવાર માટે અસમર્થ રવજીભાઈએ મદદ માટે પ્રમુખસ્વામી મહારાજને પત્ર લખ્યો. પ્રમુખસ્વામી મહારાજે પતિ-પત્નીને આણંદની હોસ્પિટલમાં સારવારની વ્યવસ્થા કરાવી દીધી. થોડા સમય બાદ રવજીભાઈ તેમના મિત્રને ત્યાં સુરત રહેવા ગયા. એક દિવસ અચાનક જ રવજીભાઈના મિત્રે સૌને બહાર કાઢી મૂક્યા. રાતનો સમય, વરસતો વરસાદ, શું કરવું, શું ન કરવું? આવા સમયે કોના દરવાજે ટકોરો મારવો તેની સૂઝ નહીં. સામાન કે પૈસા પણ પાસે ન હોય તે વ્યક્તિ પરિવાર સાથે ક્યાં જાય? રામચરિત માનસમાં સંતકવિ તુલસીદાસ કહે છે કે, 'संत हृदय नवनीत समाना, परदुःख द्रवै सो संत पुनीता।

મુંબઈ બિરાજતા પ્રમુખસ્વામી મહારાજને આ પરિવારની પરિસ્થિતિની જાણ થઈ. સ્વામીશ્રીએ તુરંત પરિવાર માટે મદદ મોકલાવી દીધી. તેમાંથી રવજીભાઈએ નાનો ધંધો શરૂ કર્યો. એટલું જ નહીં, થોડા જ દિવસો બાદ પ્રમુખસ્વામી મહારાજ સ્વયં રવજીભાઈની નાનકડી લારી પર પણ પધાર્યા. સ્વામીશ્રીએ 'હવે મોટો ધંધો ચાલુ કરો.' કહીને વિશેષ આર્થિક મદદ પણ કરાવી. પ્રમુખસ્વામી મહારાજની હૂંફ અને સહાયથી તેમણે દુકાન શરૂ કરી. ધીમે ધીમે વ્યવસાય જામ્યો અને આજે 92 વર્ષની ઉંમરે રવજીભાઈ સ્વસ્થ જીવન જીવીને પ્રમુખસ્વામી મહારાજ પ્રત્યે કૃતજ્ઞતા અભિવ્યક્ત કરતાં ગદ્ગદ્ થઈ જાય છે.

ખરેખર, સંત અને વસંત, માનવના જીવનમાં આનંદ અને ઉત્સવની રંગોળી પૂરે છે. આ વસંતનો વાયરો આપણા જીવનમાં પણ ફૂંકાય તે જ અભ્યર્થના.

jivanmangalam@gmail.com



ભાગવત ચિંતન


ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

જે વ્યક્તિ સંવેદનશીલ હોય તે જ ભક્તિમાર્ગ ઉપર ચાલી શકે

ભગવાન પર ભરોસો હશે તો જીવન આનંદનો મહાસાગર બને

જ્યાં ભક્તિનું પ્રાધાન્ય હોય છે ત્યારે આપણે તેને ભક્તિમાર્ગ કહીએ છીએ. જ્યાં કર્મનું પ્રાધાન્ય હોય છે, તેને આપણે કર્મયોગ પ્રાધાન્ય કહીએ છીએ. એ જ રીતે જેમાં વિચારનું પ્રાધાન્ય હોય છે, વિવેકનું પ્રાધાન્ય હોય છે, ત્યાં આપણે જ્ઞાનમાર્ગ કહીએ છીએ.

સંત એકનાથના જીવનનો એક પ્રસંગ છે. એનાથી જાણી શકાશે કે કોઈના ઉપર ઉપકાર કર્યા છતાં મનમાં ઉપકારનો ભાવ ન લાવવો. આ તો સંતોનો સહજ સ્વભાવ છે. એક વાર એકનાથજી ગંગાજળની કાવડ લઈને રામેશ્વરમ્ અભિષેક કરવા જઈ રહ્યા હતા. એમણે જોયું કે એક ગર્દભ ત્યાં તરસ્યો હોવાથી તરફડતો હતો. સંત એકનાથે પળવારનોય વિલંબ કર્યા વગર પોતાની પાસે જે હતું, તે ગંગાજળ ગર્દભને પીવડાવી દીધું. આ દૃશ્યને જોઈને કેટલાક ટીખળખોર લોકો હતા, તેમણે મશ્કરી શરૂ કરી અને કહ્યું કે, 'જુઓ, આ શું કરે છે? કેવો મૂર્ખ માણસ છે? રામેશ્વર પર જળ ચડાવવાને બદલે આ ગર્દભને જળ પીવડાવી રહ્યો છે.'



સંત એકનાથ હસીને બોલ્યા કે, 'જુઓ ભાઈ, મારા રામેશ્વર પોતે અહીં આવી ગયા.' એવું કહેવાય છે કે સંત એકનાથની આ કરુણતા જોઈને દેવાધિદેવ, સાક્ષાત્ ભગવાન ભોળાનાથ પ્રસન્ન થઈ ગયા અને તેમને વરદાન માગવા માટે કહ્યું, ત્યારે સંત એકનાથજીએ જણાવ્યું કે, 'હે પ્રભુ તમે મારા પર શા કારણે પ્રસન્ન થયા છો?' એવું પૂછ્યું ત્યારે ભગવાન શિવજીએ સંત એકનાથને કહ્યું કે, 'તેં આજે પરોપકારનું કાર્ય કર્યું છે એટલે.' સંત એકનાથજીએ પુનઃ વિનમ્રતાપૂર્વક પૂછ્યું કે, 'મેં કયો પરોપકાર કર્યો છે?' ત્યારે શિવજીએ કહ્યું કે, 'તેં મરતા ગર્દભને ગંગાજળ પીવડાવ્યું માટે.' સંતે પુનઃ જણાવ્યું કે, 'હે ભગવાન! મેં કોઈ જ પરોપકાર કર્યો નથી. તરસથી વ્યાકુળ આ ગર્દભને જોઈને મને દુઃખ થયું અને મારી પાસે ગંગાજળરૂપ પાણી હતું અને એ બધું જ જળ મેં આ ગર્દભને પીવડાવી દીધું. જોકે, મારી કોઈ જ ઉપકારની ભાવના એ સમયે નહોતી. છતાં આપ મારા ઉપર શા માટે પ્રસન્ન થયા છો? સેવાના કાર્યને ઉપકાર કહેવામાં નથી આવતો.'

કહેવાનું તાત્પર્ય એ જ છે કે જે વ્યક્તિ સંવેદનશીલ હોય તે જ ભક્તિમાર્ગ ઉપર ચાલી શકે. જ્યાં સંવેદના હોય છે, ત્યાં સેવાની ધારા સહજતાથી વહેવા લાગે છે. માણસો નિરાશ થઈને મરવાની વાતો કરતાં હોય છે, પરંતુ આવા સંવેદનશીલ, કરુણામય અને પરોપકારી

જેને ભગવાન ઉપર ભરોસો હશે એને ચિંતાનું કારણ નથી. તેઓનું જીવન આનંદનો મહાસાગર છે

વ્યક્તિઓના જીવનમાં આનંદનું સાહજિક પ્રાગટ્ય થયેલું હશે, તેઓને ક્યારેય નિરાશા નહીં આવે કે મરવાની વાતનો વિચાર સુધ્ધાં નહીં આવે. નકામી ચિંતા શા માટે કરવાની?

જેને ભગવાન ઉપર ભરોસો હશે એને માટે ચિંતાનું કોઈ જ કારણ નથી. તેઓનું જીવન તો પૂર્ણ આનંદનો મહાસાગર છે અને જીવનમાં મસ્તી આવી જાય છે.

કથાબિંદુ

મુનિ રાજપુણ્ય વિજય

સંપત્તિ જ સર્વસ્વ નથી

સંપત્તિમાં અત્યંત આસક્ત થયેલા મગધપતિ સમ્રાટ શ્રેણિકને ખ્યાલ આવ્યો કે આ ભવમાંથી પોતે સીધા નરકમાં જશે! નરકના દુઃખની કલ્પનામાત્રથી તેઓ ડરી ગયા. નરકનિવારણ માટે એક ઉપાય આ મળ્યો કે જો પુણીઆ શ્રાવકનું એક સામાયિકનું પુણ્ય તેમને મળે તો નરકમાં જતા અટકી શકે! તરત તેઓ પુણીઆ શ્રાવક પાસે ગયા. દીન બનીને એક સામાયિકનું પુણ્ય ખરીદવાની વાત કરી. એની સામે કરોડો સુવર્ણમુદ્રા આપવાની તૈયારી પણ બતાવી.

પુણીઆ શ્રાવકે મસ્ત વાત કહી : 'રાજન! આપ શ્રીમંત છો, એ વાતથી હું અજાણ નથી, પણ આપ એ વાતથી નિશ્ચિતપણે અજાણ છો કે મારા સામાયિકને ખરીદી શકો તેટલા પણ આપ શ્રીમંત તો નથી જ!' મગધપતિને ખ્યાલ આવી ગયો કે સંપત્તિથી બધું જ ખરીદી શકાતું નથી. અર્થાત્ સંપત્તિ જ સર્વસ્વ નથી. તેઓને સમજાઈ ગયું કે શ્રીમંત બની જવું ખૂબ સહેલું છે, પણ સદા સાદા બની રહેવું ખૂબ કઠિન છે. It is simple to become rich, but it is so difficult to become simple. કોટ્યાધિપતિ હોવા છતાં મગધપતિ ભિક્ષુક છે અને બે આનાના માલિક હોવા છતાં પુણીઆ શ્રાવક સમ્રાટ છે. દીન મગધપતિ થવું સરળ છે, પણ મસ્ત પુણીઆ શ્રાવક બનવું ખૂબ મુશ્કેલ છે!



જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

ભવ્ય ભારતીય સંસ્કૃતિના ધારક, વાહક અને પોષક હોવાનું ગૌરવ ભારતીયોને મળ્યું છે

હું દેશને શું આપી શકું?



સનાતન ભારતીય સંસ્કૃતિના પડછંદા ઝીલનારા ભવ્ય ભારત દેશે ભારતીય પ્રજાને વિશ્વમાં આગવું ગૌરવ પ્રદાન કર્યું છે. સૌથી પ્રાચીન અને જીવંત, પવિત્ર અને દિવ્ય, વૈજ્ઞાનિક અને આધ્યાત્મિક એવી સાંસ્કૃતિક વિરાસતોની વણઝાર ભારતે રેલાવી છે. આવી ભવ્ય ભારતીય સંસ્કૃતિના ધારક, વાહક અને પોષક હોવાનું ગૌરવ ભારતીયોને જન્મજાત મળ્યું છે. ભારતે ભારતીય પ્રજાને આપેલું આવું દુર્લભ જન્મજાત ગૌરવ જ ખરા અર્થમાં અણમૂલ મૂડી છે.

'If there is exitance of god, I pray that my next birth should be in India.' વિખ્યાત જર્મન ચિંતક શોપન હોવરના આ શબ્દોના જ ભાવાંતરરૂપે પ્રસિદ્ધ થયેલી. એ પંક્તિ પ્રત્યેક ભારતીયના હૈયે એક મહાન સંસ્કૃતિનાં સંતાન હોવાની ગૌરવગાથા ગુંજવી રહી છે. આવો ગરવો ગુંજારવ આપવા બદલ પ્રત્યેક ભારતીયનું હૈયું ભારતના ઋણી હોવાનું આગવું ગૌરવ અનુભવે છે.

આજે ભારતમાં સ્વતંત્રતાનો અમૃત મહોત્સવ ઊજવાઈ રહ્યો છે, ત્યારે મીઠી મૂંઝવણ થાય છે કે, 'હું ભારતને એવું તે શું આપી શકું કે જેથી ભારતનું ગૌરવ વધે?' આ મીઠી મૂંઝવણ ઉકેલવા માટે આપણે એવા સમર્પિત દેશભક્તોના અભિપ્રાયોને અનુસરવું જોઈએ કે જેમણે ભારતને ઘણું આપ્યું છે. છતાં હજુ ઘણું આપવા માટે વિચારી-આચરી રહ્યા છે, કારણ કે 'महाजनो येन गतः स पन्थाः' આવા મહાન સમર્પિત દેશભક્તો જે માર્ગને અનુસર્યા એ જ આપણા માટે સર્વશ્રેષ્ઠ માર્ગ છે. એવા 'મહાજન' ડૉ. એ.પી.જે. કલામ અને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ વચ્ચે થયેલો સંવાદ વર્તમાન અને ભાવિ ભારતીયો માટે ભવ્ય ભારતના વજ્રકમાડ ઉઘાડનારો છે. આ સંવાદ છે 30 જૂન, 2001ની સાંજનો. જ્યારે કલામ સાહેબ પ.પૂ. પ્રમુખસ્વામી મહારાજના સર્વપ્રથમ સંપર્કમાં આવ્યા. સાંભળીએ એ સ્વર્ણિમ સંવાદને, સ્વયં કલામની કલમે...

'પ્રમુખસ્વામીજીની પ્રભાવશાળી ને દિવ્યતાસભર ઉપસ્થિતિમાં અમે એક ટૂંકા સંવાદની શરૂઆત કરી. મેં પ્રમુખસ્વામીજી સમક્ષ મારા વિઝન-2020ના વિચારો પ્રસ્તુત કરતાં કહ્યું કે, 'સ્વામીજી! આધુનિક સમયમાં ભારતે બે મોટાં સ્વપ્નો સેવ્યાં હતાં, તેમાં એક હતું : 1857માં સ્વતંત્રતાનું સ્વપ્ન અને આઝાદી મેળવવામાં 90 વર્ષ વીતી ગયાં. આઝાદી કાજે સમગ્ર દેશ સંગઠિત થયો. ત્યાર બાદ 1950માં પ્રજાસત્તાક બનવાનું સ્વપ્ન સેવ્યું, જેથી ભારત એક રાષ્ટ્ર તરીકે પ્રસ્થાપિત થાય. સ્વામીજી! ભારત એક વિકાસશીલ દેશ રહ્યો છે. એનો અર્થ કે તે આર્થિક રીતે સશક્ત નથી, સામાજિક રીતે સ્થિર નથી અને સુરક્ષા બાબતે અપૂરતો છે. આ જ કારણોસર, ભારત આજે વિકાસશીલ દેશ કહેવાય છે. મારા જેવા અનેક લોકોના મનમાં પ્રશ્ન છે કે, 'ભારતનું હવે પછીનું સ્વપ્ન કયું હોવું જોઈએ? ભારતને આવનારાં 30 વર્ષમાં વિકાસશીલ દેશમાંથી વિકસિત દેશમાં કઈ રીતે પરિવર્તિત કરી શકાય?' ભારતમાં પરિવર્તન લાવવાના હેતુથી અમે પાંચ મહત્વપૂર્ણ ક્ષેત્રો તારવ્યાં છે : 1. શિક્ષણ અને આરોગ્ય, 2. કૃષિ, 3. માહિતી અને પ્રત્યાયન, 4. માળખાગત સુવિધાઓ અને 5. મહત્ત્વપૂર્ણ ટેક્નોલોજી. સ્વામીજી! અમારી સમસ્યા એ છે કે અમે સરકાર સમક્ષ રજૂઆત તો કરીએ છીએ, પરંતુ આ સ્વપ્નને સાકાર કરવા માટે મૂલ્યનિષ્ઠ પ્રજાજનોનું સર્જન કેવી રીતે કરીએ? સ્વામીજી! આપ તજજ્ઞ છો. આપની સલાહની જરૂર છે.'


પ્રમુખસ્વામીજીના પ્રથમ શબ્દો હતા : 'ભારતને પરિવર્તિત કરવાનાં આપે જે પાંચ ક્ષેત્રો તારવ્યાં છે, તેમાં છઠ્ઠું ક્ષેત્ર ઉમેરો, 'ભગવાનમાં શ્રદ્ધા તથા આધ્યાત્મિકતા થકી લોકોનો વિકાસ.' આ બાબત ખૂબ મહત્ત્વપૂર્ણ છે.' પ્રમુખસ્વામીજીના આ વિધાનની સ્પષ્ટતા, ચોકસાઈ અને દૃઢતાથી હું આશ્ચર્યચકિત થઈ ગયો.

તેમણે કહ્યું, 'પહેલાં આપણે નૈતિક અને આધ્યાત્મિક માહોલ ઊભો કરવાની જરૂર છે. આજની પ્રવર્તમાન પરિસ્થિતિ ગૂંગળામણજનક છે. શુદ્ધ વિચારો અને ઉમદા કાર્ય માટે અપરાધિક અને ભ્રષ્ટાચારવાળું વાતાવરણ હાનિકારક છે. આ પરિસ્થિતિ બદલવી જ પડે. આપણે લોકોને એવી રીતે ઘડવા પડે કે તેઓ શાસ્ત્રનિયમાનુસાર જીવે અને ભગવાનમાં શ્રદ્ધા રાખે. આ માટે શાસ્ત્રો અને ભગવાન પ્રત્યેની શ્રદ્ધા પુનઃપ્રજ્વલિત કરવી પડે. અન્યથા કોઈ પરિવર્તન શક્ય નથી, કોઈ સમસ્યાનું નિરાકરણ પણ શક્ય નથી. નૈતિક અને આધ્યાત્મિક માહોલ વિના સ્વપ્ન સાકાર થઈ શકે નહીં.'

હું શાંત ચિત્તે આતુરતાથી પ્રમુખસ્વામીજીનું મુખારવિંદ જોઈ રહ્યો. પ્રમુખસ્વામીજીએ કહ્યું : 'આપણી સંસ્કૃતિ આપણને પરા (આધ્યાત્મિક) અને અપરા (ભૌતિક) બંને વિદ્યા કે જ્ઞાન પ્રાપ્ત કરવાનું શીખવે છે. તેથી અપરાની સાથે સાથે આપણે પરાવિદ્યા પણ પ્રાપ્ત કરવી જોઈએ. આ શીખી લેવાથી અપરા એટલે કે ભૌતિક જ્ઞાનના પાયામાં આધ્યાત્મિકતા રહેશે. સૃષ્ટિના સર્જન પાછળનું ભગવાનનું ધ્યેય એ જ છે કે પ્રત્યેક વ્યક્તિને, આત્માને મોક્ષપ્રાપ્તિ થાય. તેથી જ ભગવાને પોતે સર્જેલી સૃષ્ટિના જ્ઞાન સાથે પોતાના વિશે પણ જ્ઞાન આપ્યું છે. તેથી જ આ દુન્યવી જ્ઞાનની સાથે ભગવાન દ્વારા અપાયેલું જ્ઞાન-આધ્યાત્મિકતા પણ એટલી જ આવશ્યક છે.'

ઉજ્જવળ ભારતનું સ્વપ્ન સેવતા પ્રત્યેક ભારતીયને આ સંવાદ એ સ્વપ્ન સાકાર કરવાનો માર્ગ અને મુસાફરીનું પાથેય પૂરું પાડે છે. માટે જ આ આધ્યાત્મિકતાના છઠ્ઠા ક્ષેત્રમાં ખેડાણ કરવું એ ભારતીયનું નૈતિક, સામાજિક અને વ્યક્તિગત લક્ષ્ય બની રહે છે. તેથી જ ભારતની ઉન્નતિ માટે કલામસાહેબને આ છઠ્ઠું ક્ષેત્ર એટલું અનિવાર્ય લાગ્યું કે તેમના પુસ્તક Transcendenceમાં આ સંવાદ મૂક્યો! ઉજ્જવળ ભારતના નિર્માણનો પ્રારંભ આધ્યાત્મિકતાની દૃઢતા સાથે કરવાની પ્રેરણા આપતો આ સંવાદ ભારતીયનાં હૈયે ગુંજતો થાય, તો વિકસિત ભારત દૂર નથી!

jivanmangalam@gmail.com



ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

આજે માનવ બગડી રહ્યો છે, તે સૌથી મોટું નુકસાન થઈ રહ્યું છે

ફળ, શાકભાજીની જેમ માનવ ન બગડે તે માટે શું વ્યવસ્થા છે?


જીવવા માટે પ્રાણવાયુ જેટલો જરૂરી છે, એટલું જ જરૂરી જીવનમાં ભગવદ્કથા અને સત્સંગ છે. સત્સંગ ન હોય તો જીવન બગડી જાય

સત્સંગ માટે તો કહેવાયું છે કે ભોજન જેવી રીતે અનિવાર્ય છે, પાણી અનિવાર્ય છે, તેમ સત્સંગ પણ જીવન માટે અનિવાર્ય છે. સત્સંગ વગર જીવી ન શકાય. વિજ્ઞાન અને ટેક્નોલોજીનો વિકાસ થયો. હું કહું છું કે આપણે દૂધ બગડી ન જાય તે માટે ફ્રીજનો આવિષ્કાર કર્યો. આપણે શાકભાજી, ફળ-ફળાદિ વગેરે બગડતું અટકે અને લાંબા સમય સુધી ટકે તે માટે તેને ફ્રીજમાં મૂકીએ છીએ, પરંતુ વિચારો કે માણસ બગડી જાય તો તેને ક્યાં મૂકશો? દૂધ બગડે તો વધુ નુકસાન ન થાય, અરે ફળ, દવા વગેરે પણ બગડે તો એટલું નુકસાન ન થાય, પરંતુ આજે માનવ બગડી રહ્યો છે, તે સૌથી મોટું નુકસાન થઈ રહ્યું છે. તેને માટે વિજ્ઞાને શું કર્યું? માનવ ન બગડે તેની શોધ આપણા ઋષિમુનિઓએ કરી છે અને તેને નામ આપ્યું છે – નિત્ય સત્સંગ.

વ્યક્તિ જ્યારે પ્રવચન સાંભળે ત્યારે તેનામાં એક જાગૃતિ આવે, વિચાર આવે કે આ ખોટું થઈ રહ્યું છે. સત્સંગમાં એક પ્રકારનો આ વિવેક હોય છે કે શું સારું અને શું ખોટું? ખોટાને ખોટી રીતે જ જોવાનું જોઈએ. દોષને દોષ જ માનવા જોઈએ. જો આટલું થઈ જાય તે પણ સત્સંગનો એક મોટો લાભ કહી શકાય. લોકો હોબીની, શોખની વાત કરે છે. કથા હોબી નથી, સત્સંગ શોખ નથી. શું તમને કથા સાંભળવાનો શોખ છે? હું કહું છું કે તે શોખ નહીં, અનિવાર્ય છે. જે રીતે જીવવા માટે ભોજન અનિવાર્ય છે, જળ અનિવાર્ય છે. ચાલો, એ જવા દો પરંતુ જીવન જીવવા માટે પ્રાણવાયુ જેટલો જરૂરી છે, એટલું જ જરૂરી જીવનમાં ભગવદ્કથા અને સત્સંગ છે. પુનરોચ્ચાર કરીને કહેવું છે કે સત્સંગ જરૂરી જ નહીં, અનિવાર્ય છે. સત્સંગ ન હોય તો જીવન બગડી જાય.

તમારે બે કામ કરવાનાં હોય અને સમય ઓછો હોય તો જે વધારે મહત્ત્વનું કામ હોય તે પહેલા કરશો, એમ જીવન બહુ થોડું છે એમાં વધારે મહત્ત્વની વાત છે આત્મ-સાક્ષાત્કાર. હવે જિંદગી થોડી છે, મહત્ત્વનું કામ આપણે કરતાં નથી અને નકામી વાતોમાં મૂલ્યવાન જીવન વેડફાઈ જાય છે. આવી મૂર્ખતા માનવ કરે છે, છતાં પોતાની જાતને બુદ્ધિશાળી માને છે.

મૂર્ખતાને ચતુરાઈ સમજવી એ જ મોટી મૂર્ખતા છે. તમને અનિત્યતાનું ભાન ન થાય, તો દોષ તો દેખાય છે ને? શરીરમાં શું છે? હાડકાં છે, માંસ છે અને ઉપર ચામડી મઢેલી છે. શરીર અસ્થિ, માંસ, ચામડીથી બનેલું છે. ચામડી ઊતરજ્યા પછી ફોટા પાડજો અને મઢાવીને રાખજો. ફોટા મઢાવીને રાખે છે લોકો ઘરમાં, પણ કોઈએ પોતાના એક્સ-રેને મઢાવીને રાખ્યા? એક્સ-રે અંદરનું બતાવે છે, શું છે શરીર?



ઘણી વખત શરીરના અને સંસારના દોષ પ્રગટ કરવામાં આવ્યા છે. એ દોષ દ્વારા શરીરની કે સંસારની નિંદા કરવાનો આશય નથી પણ આપણી આસક્તિ જન્માવવાનો આશય છે. મહત્ત્વની વાત છે કે, જીવનમાં સત્સંગ આવશે તો વિવેક જાગૃત થશે. વિવેક જાગૃત થતાં વ્યક્તિને સત્ય સમજાશે અને જીવન પ્રગતિમય બનશે.

કથાબિંદુ

મુનિ રાજપુણ્ય વિજય

હઠીસિંહ શેઠની ઉદારતા

હઠીસિંહ શેઠ... અમદાવાદની અનુપમ શાન સમાન હઠીસિંહની વાડીના સંસ્થાપક! વર્ષો સુધી હૃદયની અત્યંત ઉદારતાથી વારંવાર સુવર્ણનું દાન કરીને ગરીબોની ખૂબ સેવા કરી. એવી અદ્ભુત સેવા કરી કે લોકોમાં તેઓની ખ્યાતિ 'પારસમણિ' તરીકેની થઈ. કેટલાક લોકો તો તેમને કલિકાળના સાક્ષાત્ પારસમણિ જ કહેતા.

એક દિવસ ગામડામાં કોઈ અભણ બહેનને આ સમાચાર મળ્યા તો તેમને વિચાર આવ્યો કે જો શેઠ ખરેખર પારસમણિ જ હોય તો ઘરેથી લોખંડનો ટુકડો લઈને જાઉં અને શેઠને અડાડી જોઉં, લોખંડ ખરેખર સોનું થઈ જાય તો મારી જીવનભરની દરિદ્રતા દૂર થઈ જાય!

તે બહેન બીજા જ દિવસે શેઠના ઘરે પહોંચી ગયાં. સંજોગોવશાત્ એ દિવસો શેઠની પડતીના દિવસો હતા. જીવનમાં 'ભરતી-ઓટ' તો સૌને આવ્યાં કરે. સતત પડતીના દિવસો કોઈને ન હોય! બહેન શેઠાણીને મળ્યાં. બહેનની બધી વાત શેઠાણીએ ધ્યાનપૂર્વક સાંભળી, પછી અંદરના ખંડમાં બેઠેલા શેઠને જણાવી. ખુદની આર્થિક સ્થિતિ ખૂબ જ વિકટ છે, છતાં બહેનને ના પાડવાની શેઠની હિંમત ન થઈ. શેઠાણીએ પોતાના જે દાગીના હતા, તે આપવાની વાત કરી.

સ્ત્રીથી સોનું જલદી ન છૂટે, પણ શેઠાણી પણ આખરે શેઠનાં ધર્મપત્ની હતાં. સહર્ષ સંમતિ દર્શાવી. શેઠાણીએ પોતાનાં બધાં જ દાગીના તે બહેનને આપી દીધાં. આટલાં બધાં આભૂષણો જોઈ બહેન ખુશ થઈને પાછાં ગયાં. આજે માત્ર શેઠ જ નહીં, શેઠાણી પણ પારસમણિ પુરવાર થયાં! તડકામાં રહેલું વૃક્ષ બીજાને છાંયો આપી શકે છે, તેમ દુઃખી માનવ પણ બીજાને સુખી કરી જ શકે છે!

જીવન માંગલ્ય


સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

દાસના દાસ થવું તે લાચારી નહીં પણ ખુમારી છે. નમવાથી કામ થઈ જાય છે

નમી જાય તે નભી જાય

ના હતા ત્યારે એક સુંદર પાઠ ભણવામાં આવતો. બે ગામ વચ્ચે એક નદી પૂરપાટ વહેતી હતી. ગામલોકોએ નદી પસાર કરવા એક કામચલાઉ લક્કડિયો પુલ બાંધ્યો હતો, પણ પુલ એવો સાંકડો કે બે વ્યક્તિ એકસાથે પુલ પસાર ન કરી શકે, એક વ્યક્તિ આવી જાય પછી જ બીજી પસાર થઈ શકે.

એક વાર એક કૂતરો આ પુલ પર આવી ચડ્યો. ત્યાં તો સામેથી બીજો કૂતરો આવી ગયો. બંનેને સામસામે ગામ જવું હતું, પણ બંને બળિયા. કોણ નમતું જોખે? પોતાને રસ્તો આપી દેવા માટે પહેલા ઘુરકિયા કર્યાં, જોરથી ભસ્યા અને છેવટે લડ્યા ને પુલ પરથી નદીના ધસમસતા પ્રવાહમાં પડી ગયા. બરાબર થોડી વાર પછી એક બકરી આ પુલ પર આવી. સામે છેડેથી બીજી બકરી પણ પુલ પર આવી ચડી. કોણ પહેલું અને કોણ સાચું તેની ચર્ચામાં પડ્યા વિના બંનેએ ઉપાય વિચાર્યો કે બાંયો ચડાવવાથી બાજી બગડી જશે માટે શક્તિપ્રદર્શન કરવા જેવું નથી. સમજાવવામાં સમય બગાડવા કરતાં સમજી જવામાં શાણપણ છે. એક બકરી નમી ગઈ, તો બીજી બકરી તેના પરથી પસાર થઈ ગઈ. ન ઈજા, ન સજા, બસ બંનેએ માણી લીધી નમી જવાની મજા.



બાળવયે ભણેલ આ પાઠ ખરેખર હવે કામ લાગે છે. જ્યાં બુદ્ધિ કે શક્તિના બળે જીદ કરી ઝઘડવાનું મન થાય, જ્યાં સત્તા કે સમૃદ્ધિના જોરે સામેવાળાને નેસ્તનાબૂદ કરવાનું મન થાય ત્યારે નમીને નભી ગયેલી બકરીઓ યાદ આવે છે. વળી અંદરથી અવાજ આવે છે : who is right પર નહીં, પરંતુ what is right પર જજો. કોઈને લાગશે કે આજના સ્પર્ધાના યુગમાં જ્યાં ઠેર ઠેર છાતી કાઢવાની અને માથું ઊંચકવાની વાતો થાય છે, ત્યાં નમવાની વાત કેટલે અંશે વ્યાજબી છે? અરે! અંદર છુપાયેલો આપણો જ અહંકાર ત્રાડ પાડીને કહે છે : સર કટા સકતે હૈ લેકિન સર ઝૂકા સકતે નહીં. જ્યારે થોડું પણ નમવાની વાત આવે ત્યાં જ હું શું કરવા નમું? હું શા માટે સોરી કહું? દર વખતે મારે જ નમવાનું? આવો અંતરાગ્નિ ભભૂકી ઊઠે છે. નમવામાં આપણને લાભ નહીં પણ ખોટ જતી હોય તેમ અનુભવાય છે. ઝૂકવામાં મોટપ નહીં, પણ નાનપની બીક લાગે છે. જોકે ખરેખર નમવામાં બાળપણ નહીં, શાણપણનું જ દર્શન થતું હોય છે.


એક પરણવાલાયક કહ્યાગરા યુવાને તેના પિતાને કહ્યું : 'પપ્પા! મારા લગ્ન માટે આપે કાંઈ વિચાર્યું હોય તો કહેજો. આપને જે યોગ્ય લાગશે તે મને જરૂર ગમશે.' આદર્શ પુત્રની વાત સાંભળી ન સાંભળી ને પિતા તાડૂકીને બોલ્યા : એ બધી વાત પછી, પહેલા મેં તને લાઈટનું બિલ ભરવાનું કામ સોંપ્યું હતું તે કેમ કર્યું નહીં?' 'પણ પપ્પા! તમે મને આવી વાત કરી જ નથી.' 'સામે ન બોલીશ, પેલા દિવસે દવા લાવવાનું કીધું હતું તે પણ કેમ ન લાવ્યો?' 'પણ પપ્પા! આપે મને એવું કીધું જ નથી.' નિર્દોષ દીકરાની એક પણ વાત સાંભળ્યા વગર પિતા કહે : 'બસ, સામું બોલતાં જ શીખ્યા છો. સોરી કહેતાં આવડે છે ખરું?' કોઈ જ પ્રકારની ભૂલ કે વાંક ન હોવા છતાં પિતાને રાજી રાખવા દીકરાએ પગે લાગી, સોરી કહી માફી માગી. આટલું સાંભળતાં જ પિતા રાજી થઈ ગયા ને કહે : 'બોલ બેટા! તારા લગ્નનું ક્યાં અને ક્યારે કરવું છે?' 'પણ પપ્પા, આ બધું શું છે?' 'બેટા, તું પરીક્ષામાં પાસ થઈ ગયો. વાંક વગર પણ જેને સોરી બોલતાં આવડે તે યુવાન લગ્ન માટે લાયક થઈ ગયો કહેવાય.' સંસારમાં તો જે નમી જાય છે તેનું જ નભી જાય છે.

અક્ષરધામ જેવાં 1300 મંદિરોના સર્જક, 1100 જેટલા સુશિક્ષિત સંતો અને લાખો ભક્તોના પથદર્શક હોવા છતાં પ.પૂ. પ્રમુખસ્વામી મહારાજ નાનામાં નાના વ્યક્તિને નમી શકતા. જેમનાં ચરણે મોટા પ્રધાનો અને માંધાતાઓ માથાં ઝુકાવતાં છતાં તેઓ સામાન્ય વ્યક્તિ પાસે પણ નમતું જોખી દેતા અને કહેતા : 'નમવામાં આપણે ઓછા નાનાં થઈ જવાના?' આજે પરિવાર, ગામ, સમાજ, સંસ્થા કે પક્ષમાં જે નમી શકતા નથી તે ટકી શકતા નથી. બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ કહેતા : 'નાને સે હો નાને રહીએ, જૈસી નાની દૂબ, ઘાસ ફૂસ સબ ઊડ ગયે, દૂબ ખૂબ કી ખૂબ.' જ્યારે પાણીની મોટી રેલ આવે ત્યારે ઊંડા ઊંડા મૂળવાળા પણ અક્કડ રહેનારા છોડ-ઝાડ બધું તણાઈ જાય છે, પણ જે પાણીના પ્રવાહ સામે નમી જાય છે તેવી દૂબ બચી જાય છે.

આપણને થાય કે જેનામાં સામે પડવાની ત્રેવડ ન હોય તે નમે, પણ બીએપીએસ સંસ્થાના વડા પ.પૂ. મહંતસ્વામી મહારાજ કહે છે : 'દાસના દાસ થવું તે લાચારી નહીં પણ ખુમારી છે. જો બાપના બાપ થવા ગયા તો મર્યા જ સમજજો.' ખુલ્લા હાથના બળથી, હજારોથી જે કાર્ય ન થાય તે મહંતસ્વામી મહારાજ જોડેલા બે હાથથી એકલા કરી રહ્યા છે. એ સૌને નમે છે એટલે સૌને ગમે છે.

ચાલો, એક વાર પ્રયત્ન કરો. જેની સાથે અણબનાવ કે અબોલા થયા હોય, રિસાયા હોય કે જીદે ચડ્યા હોય તેવા વ્યક્તિને યાદ કરો. સાચા દિલથી ભગવાનને પ્રાર્થના કરી તેને નમી જોજો. ચોક્કસ સારું પરિણામ મળશે. કદાચ થોડી વાર લાગશે, પણ નમવાનું ચાલુ રાખજો. સામેવાળામાં ફેરફારની પ્રક્રિયા ધીમી થશે પણ તમારાં અંતરમાં શાંતિનું સુનામી તરત છવાઈ જશે અને તમારું હૈયું જ કબૂલ કરશે કે કરે નમન, તો થાય પ્રશ્નોનું શમન.

jivanmangalam@gmail.com




ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

આ શરીર આપણને જેના દ્વારા મળ્યું છે, આપણે તેમનાં ઋણી છીએ

જ્યાં ધર્મ છે ત્યાં પ્રેમ છે; જ્યાં પ્રેમ છે ત્યાં નૈતિકતા સ્વાભાવિકપણે આવે છે

હિન્દુ ધર્મની ઉદારતા અને સહિષ્ણુતાને સર્વોપરી ગણવામાં આવે છે. આ ધર્મ કૂપમંડૂક નહી, પરંતુ માનવને મહાસાગરના મત્સ્ય બનાવતાં શીખવે છે



જ્યાં આપણે ત્યાં કહેવાયું છે કે ધર્મ કરવા માટે શરીર એક સાધન છે. આને બીજી રીતે કહીએ તો, આ શરીર પણ એક સાધન છે. તેના દ્વારા ધર્મ કરવાનો છે. આ શરીરરૂપી યંત્ર ભગવાને માનવને આપ્યું છે. શાસ્ત્રોમાં કહેવાયું છે કે, શરીર ધર્મ માટેનું સાધન છે. આ શરીર આપણને જેના દ્વારા મળ્યું છે, આપણે તેમનાં ઋણી છીએ. માતા-પિતા પ્રત્યેનું ઋણ, પિતૃઓ પ્રત્યેનું ઋણ શ્રાદ્ધ-તર્પણ કરવાની કરવાનું છે. પિતૃઓને તૃપ્ત કરવાના છે. જ્યારે માતા-પિતા હોય તો તેમની આજ્ઞામાં રહી અને તેમની સેવા કરવી જોઈએ તો પણ તૃપ્તિ થાય.

હિન્દુ ધર્મ મૂળ માનવતાવાદી છે. અહીં માનવનું મહત્ત્વ છે, નહીં કે વસ્તુનું. કોઈ પણ વ્યવસ્થાના કેન્દ્રમાં માણસ છે. માણસ ભૂલાવો ન જોઈએ. કોઈક જગ્યાએ વાંચ્યું હતું કે, 'જે સમાજમાં વ્યક્તિ કેન્દ્રમાં છે અને વસ્તુ પરિઘમાં છે, તે સમાજ સ્વસ્થ સમાજ છે અને ત્યાં વસ્તુ કેન્દ્રમાં છે અને વ્યક્તિ પરિઘમાં મૂકાઈ જાય, તે સમાજ ભૌતિકતા તરફ ઘસડાતો જાય છે. માટે હવે જે સમય આવી રહ્યો છે. તેમાં પ્રેમ, સમર્પણ, બંધુત્વ, માનવતાની વાતોને મહત્ત્વ આપવું પડશે. તેને આચરણમાં ઉતારવા પડશે. હિન્દુ ધર્મની ઉદારતા અને સહિષ્ણુતાને સર્વોપરી ગણવામાં આવે છે. હિન્દુ ધર્મની મહાનતાને દુનિયા સમક્ષ પ્રગટ કરવી પડશે. આ ધર્મ કૂપમંડૂક નહી, પરંતુ માનવને મહાસાગરના મત્સ્ય બનાવતાં શીખવે છે. આગામી સમય માનવતાવાદી ધર્મનો હશે ત્યાં માત્ર ધાર્મિક સાંપ્રદાયિક કે શંકાને કોઈ સ્થાન નહીં હોય. લોકો પૂજાવિધિ કરતાં યોગધ્યાન અને ચિત્તની શુદ્ધિ અને શાંતિને વધુ મહત્ત્વ આપશે. માટે જ્ઞાન, ધ્યાન, યોગ, વગેરેને વધુ મહત્ત્વ મળતું જોવા મળશે.

આપણે ત્યાં કહેવાયું છે કે, ધર્મ વિનાનો માનવ પશુ સમાન છે. જ્યાં ધર્મ છે ત્યાં પ્રેમ છે. જ્યાં પ્રેમ છે ત્યાં નૈતિકતા સ્વાભાવિકપણે આવે છે. આ નૈતિક મૂલ્યોની અગત્યતાને માનવ નહીં સમજે અને સ્વચ્છંદી બનશે તો તેનાં માઠાં પરિણામ માનવીએ ભોગવવા પડશે. ભારતથી હજારો માઈલ દૂર પશ્ચિમની ધરતી ઉપર ઘણાં વર્ષોથી રહેવા છતાં હજુ ભારતીય મૂળનાં લોકોમાં ભારતીય સંસ્કૃતિ અને સંસ્કાર પ્રત્યે લગાવ રહ્યો છે. દુનિયાની પાસે જે નથી એવો સમૃદ્ધ સાંસ્કૃતિક અને આધ્યાત્મિક વારસો આપણી પરંપરામાં જોવા મળે છે. કૌટુંબિક મૂલ્યો, સામાજિક મૂલ્યોની જ્યારે વિશ્વને મહત્તા, અગત્યતા, અનિવાર્યતા સમજાશે ત્યારે તેઓને ખ્યાલ આવશે કે આ ભારતીય પરંપરા કેટલી વિશાળ છે ઉદાત્ત છે. આમ, આપણે જીવનમાં તન-મનનું તાદાત્મ્ય સાધીને સમગ્ર વિશ્વમાં પ્રેમ, કરુણા, માનવતારૂપી ધર્મને પ્રસરાવવાનો છે અને જ ભારતીય પરંપરાની સાચું ગૌરવ બની રહેશે.

કથાબિંદુ

મુનિ રાજપુણ્ય વિજય

શેઠની કેવી કરુણા!

કોટ્યાધિપતિ શેઠે પોતાના બંગલાના વિશાળ પ્રાંગણમાં શિખરબદ્ધ જિનાલય બનાવ્યું. અનેક પ્રતિમાજી સાથે સોનાની પણ એક પ્રતિમાજી ભરાવી. સવાર-સાંજ શેઠ જિનાલયમાં પ્રભુભક્તિ કરે. એક દિવસ એ જ નગરનો એક યુવાન જુગારમાં લાખ રૂપિયા હારી ગયો. તત્કાળ રૂપિયાની વ્યવસ્થા થાય તેમ ન હતી તેથી તેને આ સોનાની પ્રતિમા ચોરવાનો વિચાર આવ્યો. હાથમાં થેલી લઈને તે આવ્યો. શેઠ ત્યારે પૂજા કરીને બહાર નીકળવાની તૈયારીમાં હતા. કોઈ જોતું નથી એમ સમજીને તેણે સોનાની પ્રતિમા થેલીમાં મૂકી દીધી. શેઠને ખ્યાલ આવી ગયો, પણ તેઓ એક અક્ષર ન બોલ્યા. જિનાલયની બહાર ઊભા રહ્યા. જેવો તે યુવાન જિનાલયની બહાર આવ્યો એટલે તેને ઘરે આવવા કહ્યું. તેણે ના કહી પણ બહુ આગ્રહ કરીને શેઠ ઘરે લઈ ગયા. ચાંદીની થાળીમાં મીઠાઈ-પકવાનનું ભોજન ભક્તિથી કરાવ્યું. તે શરમાઈ ગયો. જતી વખતે ખૂબ જ પ્રેમથી તેને સમજાવ્યો કે, 'તેં આ ગલત કાર્ય કર્યું છે.' યુવાન વધુ શરમાયો. તેણે સાચું કારણ જણાવ્યું તો શેઠે વધુ પ્રેમથી કહ્યું : 'તેં પહેલાં જ મને કહ્યું હોત તો હું તને ચૂકવવાના બધા રૂપિયા આપી દેત. તારે પ્રતિમાજીની ચોરી કરવી જ ન પડત!' શેઠની કરુણા જોઈ ચોર સ્તબ્ધ થઈ ગયો. શેઠે ત્યાં જ લાખ રૂપિયા આપ્યા. તેના હાથે પ્રતિમાજી પાછી જિનાલયમાં પધરાવી. ગીતાર્થ ગુરુભગવંત પાસે પ્રાયશ્ચિત લેવાનું કહ્યું. યુવાને રડીને ક્યારેય જુગાર ન રમવાનો અને ચોરી ન કરવાનો દૃઢ નિર્ણય કર્યો.






જીવન માંગલ્ય | સાદાઈને અપનાવીને પણ વ્યક્તિ મહાન બની શકે છે

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

શું જીવનને શણગારવું છે?

શું તમારે જીવનને શણગારવું છે? તો આજે તેના અનેક ઉપાયોમાંના એકની વાત જાણીએ. 1997માં દિલ્હીમાં તાજ હોટલમાં વિશ્વસ્તરની એક કોન્ફરન્સ યોજાઇ હતી. તેમાં વિશ્વના ખ્યાતનામ IT ઇજનેરો તેમ જ અગ્રણી નેતાઓ હાજર હતા. જેની પ્રવેશ-ફી હતી 8000 રૂપિયા. તે સમયે સભામાં પ્રવક્તાએ કોન્ફરન્સના ચેરમેન તરીકે ટી. વિશ્વનાથનને મંચ પર પધારવા આમંત્રણ આપ્યું. દરેકના મનમાં કોટ-પાટલૂન અને ચમકતા બૂટમાં સજ્જ કોઈ વ્યક્તિનું ચિત્ર હતું, પરંતુ વિશ્વનાથન ઊભા થયા ત્યારે બધાની આંખો પહોળી થઈ ગઈ. સાદો ઝભ્ભો, ધોતિયું, પગમાં ચાખડી, વધી ગયેલી દાઢી. આવા વેશ સાથે તેમણે મંચ પર આવી લગાતાર ત્રણ કલાક સુધી મલ્ટિમીડિયા વિષયક વક્તવ્ય આપ્યું. ઉપસ્થિત સર્વે વ્યક્તિઓ દિગ્મૂઢ થઈ ગયાં. તેમના આ સાદા પહેરવેશ વિશે કોઈએ પૂછ્યું ત્યારે તેમણે કહેલું, 'મેં નક્કી કર્યું છે કે મારો પહેરવેશ આ જ રાખવો છે.' તેનું કારણ પૂછતાં તેઓ કહે, 'મારે દુનિયાની ટોચ પર પહોંચવું છે, તો પછી કપડાં પાછળ શું કામ સમય બગાડું? એક વખત એવો આવશે કે લોકો મારાં કપડાં સામે નહીં, પણ મારા જ્ઞાન સામે જોશે. દુનિયામાં ચહેરો નથી પૂજાતો, પણ જ્ઞાન પૂજાય છે.' આશ્ચર્ય એ વાતનું છે કે તેમણે એક પણ ફિલ્મ જોઈ નથી. એમના શરીર પર કોઈ વિશેષ ઘરેણાં કે ચમકદાર કપડાં નહોતાં, છતાં તેઓ શોભતા હતા, સાદાઈના શણગારોથી. ખરેખર, સાદાઈને અપનાવીને પણ વ્યક્તિ મહાન બની શકે છે.



અમેરિકન તત્ત્વચિંતક અને કવિ 'રાલ્ફ વૉલ્ડો ઇમર્સન' કહે છે, 'To be simple is to be great' અર્થાત્ સાદું બનવું તે મહાનતા છે.

આજના ભૌતિક યુગમાં ઊછરેલા યુવકોમાં સાદગી નામનો ગુણ જાણે અમાસનો ચંદ્ર બની ગયો છે. મોંઘાં અને ઊંચી બ્રાન્ડનાં કપડાં, શૂઝ, મોબાઈલ, હેરસ્ટાઇલ, વાહનો અને એવી જાતજાતની મોંઘી વસ્તુઓનો શોખ આજની યુવાનીનો જાણે પર્યાય બની ગયો છે, પરંતુ આ નબીરાઓને એ ખ્યાલ નથી કે સાદગી માણસને ખુમારી અને તાકાત આપે છે.

અખંડ ભારતના ઘડવૈયા સરદાર વલ્લભભાઈ પટેલ ભારતના પ્રથમ ગૃહપ્રધાન અને ઉપવડાપ્રધાન હોવા છતાં, તેઓના અંતિમ સમયે તેમનું બેન્ક બેલેન્સ કેવળ રૂા. 236/- હતું અને એમની પાસે માત્ર ચાર જોડી કપડાં હતાં. છતાં તેમનો પ્રભાવ સ્વતંત્ર ભારત પર આજે દાયકાઓ પછી પણ એવો ને એવો જ છે.


આજના આધુનિક યુવાન મિત્રો કહે છે : 'Less is bore.' જવાબમાં મહાપુરુષો કહે છે : 'Less is more.' એટલે કે ઓછામાં ઘણું! ઘણી વાર કહે છે : 'રંગરાગ વિનાનું જીવન જટિલ છે.' ત્યારે મહાપુરુષો કહે છે : 'Life is not complex. We make it complex, life is simple, and simple thing is the right thing.'

બી.એ.પી.એસ. યુવાપ્રવૃત્તિના સ્થાપક યોગીજી મહારાજ યુવાનોને સાદાઈનો ગુણ કેળવવા ખૂબ તાલીમ આપતા. તેઓ કહેતા, 'જ્યાં-ત્યાં, જેમ-તેમ, જેવું-તેવું ચલાવી લેતાં શીખવું.' અર્થાત્ ઓછી સુવિધાઓ કે અગવડો આપણને અકળાવી ન શકે, આપણા પ્રગતિમાર્ગમાં આપણને રોકી ન શકે અને આપણા અંતરઆનંદને છીનવી ન શકે એવી રીતે પોતાની જાતને ઘડવી જોઈએ. ક્યારેક યુવાનો ઓછી સુવિધાઓને કારણે ન ભણી શક્યાનો રંજ કરે છે, પરંતુ એ ન ભૂલીએ કે આધુનિક કોઈ પણ પ્રકારની સુવિધાઓ વિના ઘણા મહાપુરુષોએ વિશ્વનો નકશો બદલી નાખ્યો છે.

પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ પ્રારંભિક સંત-જીવન દરમિયાન જ્યારે ભાદરણ અને ખંભાતમાં રહી સંસ્કૃત ભાષાનું અધ્યયન કરી રહ્યા હતા, ત્યારે સુવિધાઓના અભાવ વચ્ચે સાદગીથી પણ શ્રેષ્ઠ ભણી શક્યા. એ ગુણને કારણે પ્રમુખસ્વામી મહારાજ કોઈ અપેક્ષાઓ વિના અનેક અગવડો અને અસુવિધાઓ વચ્ચે હસતે મુખે ગામડે-ગામડે વિચરણ કરી શક્યા, એ પણ ફરિયાદ, કંટાળો, હતાશા કે નિરાશા વિના! જીવનના ઉત્તરાર્ધમાં જ્યારે બી.એ.પી.એસ. સંસ્થામાં હરિભક્તોની સંખ્યા તેમ જ સમૃદ્ધિ વધી, ત્યારે પણ તેઓ માત્ર બે જોડી કપડાં જ રાખતા. ભવ્ય મહાલય જેવાં અનેક મંદિરોનું નિર્માણ તેમણે કર્યું, પરંતુ તેઓ તો સદા ગામડાંઓમાં વિચરતા રહ્યા. તેમાં પણ તેઓનું પોતાનું કંઈ જ નહીં. વ્યવસ્થાપકો જે વ્યવસ્થા કરે તેમાં તેઓ અનુકૂળ. આથી જ તેઓ કાદવ ખૂંદતાં પગપાળા પણ વિચર્યા અને બળદગાડાં તથા રિક્ષાથી માંડી આધુનિક કારમાં પણ વિચર્યા. છતાં આ તમામથી નિર્લેપ રહ્યા. 'સાદું જીવન અને ઊંચો વિચાર' એ એમની યુવાનીના સમયથી આગવી વિશેષતા રહી હતી.

એક યુવાન તરીકે સંતોષ અને સાદાઈનો ગુણ કેળવવાનું કોઈ ઉચ્ચ ડિગ્રી મેળવવા કરતાં પણ વધુ મહત્ત્વનું છે, કારણ કે ડિગ્રીમાં પણ સંતોષ અને સાદગી નહીં હોય તો કરેલી પ્રગતિ પણ આપણને સુખ નહીં આપી શકે અને જીવનમાં સંતોષ, સાદગી હશે તો જીવનમાં પ્રગતિ થશે, સુખ પણ મળશે. કહે છે કે સંતોષી વ્યક્તિ દરેક જગ્યાએ સન્માનને પાત્ર બને છે, ખુદ ભગવાનના દરબારમાં પણ! એટલે જ સાદાઈરૂપી અલંકારથી પરિપૂર્ણ યુવાનને દુ:ખ ક્યાંથી હોય? આપણે પણ સાદગીનાં ઘરેણાં પહેરીને જીવનને સુશોભિત કરીએ.

jivanmangalam@gmail.com



ભાગવત ચિંતન | 'મહાશિવરાત્રિ'નું પર્વ એ પરમાર્થ સાથેનાં કાર્ય કરવાનો દિવસ છે

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

મહાદેવની ઉપાસના પરમાર્થ માટે...

હિન્દુ ધર્મની ઉદારતા અને સહિષ્ણુતાને સર્વોપરી ગણવામાં આવે છે. આ ધર્મ કૂપમંડૂક નહીં, પરંતુ માનવને મહાસાગરનાં મત્સ્ય બનાવતાં શીખવે છે

આપણે ત્યાં પ્રત્યેક ધાર્મિક પર્વ વિશિષ્ટ ઉપાસનાનો સંદેશો આપે છે. મહાશિવરાત્રિની ચર્ચા પૂર્વે ધર્મની વ્યાખ્યા સમજીએ. ધર્મની ખૂબ સરસ વ્યાખ્યા સૂતજીએ કરી છે - જે મુજબ - એ જ પરમ ધર્મ છે, જેનું આચરણ કરતાં કરતાં ભગવાનને માટે નિર્મળ પ્રેમ દર્શન થાય. દુનિયાનો કોઈ પણ ધર્મ હોય સૌને આ લાગુ પડે છે. એ ભગવાનને માટે થયેલા પ્રેમનું નામ છે, ભક્તિ. દાન, જપ, તપ, પૂજા, યાત્રા - આ બધા ધર્મનાં અંગો છે. આ બધાં તો સાધન છે, પરંતુ સાધ્ય શું છે? સાધ્ય છે, ભક્તિ. એ ભગવાનને માટે પ્રેમ અને ભક્તિ પણ કેવી? સાવ નિ:સ્વાર્થ. હેતુ વગરની. સામાન્ય રીતે માણસ ભગવાનને ભજે તો લોભને કારણે અથવા ભયને કારણે. કંઈક જોઈતું હોય એટલે લોભને કારણે અથવા કોઈ મુશ્કેલી આવી પડી હોય ત્યારે ભયને કારણે ભજતો હોય છે. યાદ રાખો! જીવનમાં ક્યારેય લોભ અથવા ભયને કારણે ભક્તિ કરવાની નથી. ભક્તિ તો નિષ્કામ હોય એ જ અંતિમ શ્વાસ સુધી ટકી શકે છે. લોભને કારણે ભગવાનનું ભજન કરે તો એને જે જોઈતું હોય એ મળી જાય એટલે ભજન કરવાનું બંધ થઈ જાય અને એ જ રીતે ડરને કારણે ભક્તિ થઈ હોય તો ડરનું કારણ સમાપ્ત થઈ જાય પછી પણ ભજન બંધ થઈ જતાં હોય છે. માટે જીવનના અંતિમ શ્વાસ સુધી ભક્તિ ત્યારે જ ટકી શકે છે, જ્યારે ભક્તિ નિષ્કામ બની હોય.



આવી ભક્તિ માટે પણ વિવિધ દિવસ-રાત્રિનું ખાસ મહત્ત્વ છે. તેમાંય ભારતીય પરંપરામાં અનેક રાત્રિઓનું ખૂબ જ મહત્ત્વ છે - પછી તે 'નવરાત્રિ' હોય કે 'મહાશિવરાત્રિ'. સામાન્ય રીતે જોવા જઈએ તો શક્તિ ઉપાસના અને શિવ ઉપાસનામાં 'રાત્રિ'નું ખૂબ જ મહત્ત્વ છે. આ કાળનો એવો પ્રહર હોય છે કે સમગ્ર અસ્તિત્વ ખૂબ જ શાંત સ્થિતિમાં હોય છે. કદાચ 'રાત્રિ' સમયગાળામાં નાભિમાંથી નીકળતો નાદ કે સૂક્ષ્મ મંત્રજાપ પરમ ચેતનાને જોડી આપનારો બનતો હોવો જોઈએ.

સાધના માર્ગમાં એવું કહેવાય છે કે - અડગ શ્રદ્ધા અને અખંડ વિશ્વાસ હોય તેવા ભક્તને કદી વિઘ્નો લક્ષ્યથી વિચલિત કરી શકતા નથી. તે દુ:ખમાં પણ પ્રસન્ન રહી શકે છે, તેના જીવનમાં ક્યારેય ઉદાસી આવતી નથી. સદાય તે ઈષ્ટની ઉપાસનામાં જ મસ્ત રહી શકે છે. આ 'મહાશિવરાત્રિ'નું પર્વ એ પરમ કલ્યાણ માટેનું પર્વ છે. આમાં કોઈ સ્વાર્થપરક માગણી નહીં, પરંતુ પરમાર્થ સાથેનાં કાર્ય કરવાનો દિવસ છે. જીવનમાં તપ પણ કરો અને 'ઓમ્ નમ: શિવાય'નો મંત્રજાપ પણ કરો અથવા 'મહામૃત્યુંજય' મંત્રનો જાપ કરો. શક્ય હોય તો આપણા રાષ્ટ્રના જવાનો કે જેઓ સરહદ પર ખડેપગે રાષ્ટ્રરક્ષાનું કાર્ય કરી રહ્યા છે, ત્યારે એક માળા તેઓને માટે પણ કરો. આ જ કલ્યાણકારી મહાદેવજીની ઉપાસના પરમાર્થ માટેની બની રહેશે.

'ઓમ્ નમ: શિવાય'.

ઈતિહાસબિંદુ

મુનિ રાજહર્ષવિજય

જૈન રામાયણ અનુસાર

સીતાજી રાવણનાં પુત્રી હતાં

'જૈનોં કા ઈતિહાસ' નામના એક હિન્દી પુસ્તકમાં જૈન રામાયણના સંદર્ભમાં શ્રી સંઘદાસકૃત વાસુદેવહિંડી અને શ્રી ગુણભદ્રાચાર્ય કૃત ઉત્તરપુરાણ આ બે ગ્રંથોને જૈન રામાયણ માટે સૌથી પ્રાચીન ગ્રંથ તરીકે માનેલ છે. અત્યંત અલ્પ પ્રસિદ્ધ આ ઉભય ગ્રંથોમાં સીતાજીના વિષયમાં આપણે કલ્પના પણ ન કરી શકીએ એવી વાતનો ઉલ્લેખ છે કે સીતાજી જનકના નહીં, પણ રાવણની પુત્રી હતાં. રાવણની પત્ની મંદોદરીએ સીતાજીને જન્મ આપ્યો હતો. પુત્રીનાં જન્મ સમયે એક વિદ્વાન જ્યોતિષીએ ભવિષ્યવાણી કરતાં રાવણને કહ્યું હતું કે આ પુત્રીનાં જ કારણે તમારું મૃત્યુ થશે. તેથી રાવણે સીતાજીને જન્મ પછી તરત જ એક અનુચર દ્વારા ખૂબ દૂર જઈને મિથિલાના પરિસરમાં જમીનમાં દટાવી દીધાં, પરંતુ વિધાતા જેની સાથે હોય તેનો વાળ પણ કોણ વાંકો કરી શકે?

એ ખેતરનું ખેડાણ થતાં તાજી જન્મેલી પુત્રી જનકને મળી. જનકે તેને પાળી-પોષીને મોટી કરી. સીતા જ્યારે નવયૌવના બને છે, ત્યારે પાલક પિતા જનક યજ્ઞનું આયોજન કરે છે. રામ-લક્ષ્મણ ત્યાં આવે છે. રામનાં વ્યક્તિત્વથી પ્રભાવિત થઈ સીતા રામને વરે છે. ધનુષ્ય-બાણની કોઈ ચર્ચા અહીં કરવામાં આવી નથી. આ બાજુ જનકના યજ્ઞમાં રાવણ પોતે પણ આવે છે. સીતાનાં રૂપથી આકર્ષિત થઈ સીતાને પોતાની રાણી બનાવવાનું મન થાય છે, પણ સીતા તો રામને વરી ચૂક્યાં છે, એટલે તે સીતાનું અપહરણ કરવાનો નિર્ણય કરે છે. કેટલાક દિવસો પછી વારાણસી સમીપ આવેલા ચિત્રકૂટથી રાવણ સીતાનું



જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

મન સાધના અને સમજણથી શાંત થયું હોય, તે ગમે તે સ્થિતિમાં સ્થિર રહે છે

શાંતિનું ચિત્ર

Peace Painting - થોડાં વર્ષો પૂર્વે એક આર્ટ ગેલેરી દ્વારા વિશિષ્ટ ચિત્ર સ્પર્ધાનું આયોજન થયું. સ્પર્ધાનો વિષય હતો : Peace Painting - શાંતિનું ચિત્ર. દરેક સ્પર્ધકોએ અશાંતિની આગમાં હોમાતા વિશ્વને પોતાના ચિત્ર દ્વારા શાંતિનો સંદેશ આપવાનો હતો. જેમ લેખક કલમથી, વક્તા શબ્દોથી શાંતિનો સંદેશ પ્રસરાવે છે તેમ ચિત્રકારોએ કાગળ અને કલરથી શાંતિનો સંદેશ પ્રસ્તુત કરવાનો હતો. આમાં પ્રથમ ક્રમાંકે વિજેતા થનાર ચિત્રકારને એક લાખ રૂપિયાનું બહુ મોટું ઈનામ પણ હતું. આ વાત જાહેર થતા જ પૈસા અને પ્રતિષ્ઠાની અણમોલ ભેટ મેળવવા માટે અનેક ચિત્રકારોએ રંગ રેલાવવા માટે આ સ્પર્ધામાં ઝંપલાવ્યું.



દસે દિશામાંથી નાના-મોટા ચિત્રકારોના દસ હજાર ચિત્રો આર્ટ ગેલેરી પર પહોંચી ગયા. પ્રથમ તબક્કામાં નિર્ણાયકોની કમિટીએ ગેલેરી પર આવેલા 10,000 ચિત્રોમાંથી આગવી અભિવ્યક્તિવાળા 100 ચિત્રોને પસંદ કર્યા. ખૂબ મહેનત અને વિમર્શને અંતે તે સો ચિત્રોમાંથી પાંચ ચિત્રો ઈનામ માટે હોડમાં ઊભા રહ્યા, પણ હવે કસોટી હતી ઉત્કૃષ્ટ એક જ ચિત્રને પસંદ કરવાની. ચિત્રકારો, મીડિયાના પ્રતિનિધિઓ અને સામાન્ય પ્રજામાં પણ ભારે જિજ્ઞાસા હતી કે કયું ચિત્ર શાંતિના સિંહાસન પર બિરાજિત થશે? કયા હતા તે પસંદ થયેલા શાંતિ રેલાવતાં ચિત્રો? એક ચિત્ર હતું : સૂર્યાસ્ત સમયે પશુ, પક્ષી કે માનવરહિત બનેલા એક નદીના નીરવ શાંત તટનું. બીજું ચિત્ર હતું : રાત્રિ સમયના ગાઢ અંધકારમાં સુનકારને ઓઢીને સૂતેલા એક ગામનું. ત્રીજું ચિત્ર હતું : કરફ્યૂમાં બંધ રહેલી દુકાનો અને સૂમસામ બનેલા શહેરના એક રાજમાર્ગનું. ચોથું ચિત્ર હતું : શ્રદ્ધાંજલિ સભામાં ચહલપહલ વિના મૌન બેઠેલા સેંકડો સંબંધીજનોનું. પાંચમું ચિત્ર હતું : વરસાદ, વાવાઝોડાં અને વીજળીના ગડગડાટ વચ્ચે પાણી નીતરતી ઝૂંપડીમાં શાંત બેઠેલા એક વૃદ્ધનું.

અધીરા બનેલા લોકો અનુમાન કરવા લાગ્યા કે પાંચમાં ચિત્રમાં તો શાંતિનો છાંટોય દેખાતો નથી માટે ચારમાંથી જ એક ચિત્ર મેદાન મારશે, પણ સૌના આશ્ચર્ય અને આઘાત વચ્ચે નિર્ણાયકોએ આ ચાર ચિત્રોને છોડીને પાંચમા ચિત્રને સર્વશ્રેષ્ઠ ચિત્ર તરીકે ઘોષિત કર્યું. આ જોઈ પરિણામ સાંભળવા આવેલા સ્પર્ધકોમાં કોલાહલ છવાઈ ગયો અને આ નિર્ણય અયોગ્ય છે તેવી બૂમો સંભળાવા લાગી. ત્યારે આર્ટ ગેલેરીના માલિકે વિજેતા પદને વરેલું પાંચમું ચિત્ર તે સૌને બતાવ્યું અને સ્પર્ધકોની શંકાનું સમાધાન આપતાં કહ્યું : જરા એકાગ્ર થઈને વિજયી ચિત્રને જુવો. લોકોએ જોયું તો તે ચિત્રમાં તૂટેલી સામાન્ય ઝૂંપડીમાં વરસાદના પાણીથી બેટ બનેલા ખાટલા પર એક વૃદ્ધ વ્યક્તિ પ્રફુલ્લિત વદને કુદરતના આ પ્રકોપને જોતી શાંત બેઠી છે. આ જોઈ કેટલાકે પૂછ્યું : બીજા ચિત્રો તો સ્પષ્ટપણે કેવળ શાંતિનો જ માહોલ દર્શાવે છે તો અશાંત વાતાવરણને વ્યક્ત કરતાં આ ચિત્રમાં તમને વળી શાની શાંતિ દેખાય છે? ત્યારે અનુભવી અને ચિત્રના મર્મી માલિકે કહ્યું : નદીના તટમાં જે શાંતિ દેખાય છે તે સુંદરતાની શાંતિ છે. સૂતેલા ગામમાં જે શાંતિ દેખાય છે તે સુષુપ્તિની શાંતિ છે. કર્ફ્યૂમાં રાજમાર્ગ પર દેખાતી શાંતિ શસ્ત્રને લીધે શાંતિ છે અને બેસણામાં અનુભવાતી શાંતિ તે શોકની શાંતિ છે. અને આ બધી જ શાંતિ શાશ્વત નહીં, પણ પ્રાસંગિક છે. વાતાવરણ, વેળા કે વ્યવસ્થા બદલાય એટલે આ શાંતિ અદૃશ્ય થઈ જાય છે. જ્યારે વરસાદ, વીજળી અને વાવાઝોડાના ભયાનક માહોલમાં પણ વૃદ્ધ વ્યક્તિના મુખ પર દેખાતી શાંતિ સમજણ અને સ્થિરતાની શાંતિ છે. મનપસંદ પરિસ્થિતિની નહીં, પણ મજબૂત મનોસ્થિતિની શાંતિ છે. કેવળ આ ચિત્ર નહીં, પણ ચિત્રમાં દેખાતું ચરિત્ર શાંતિનો સંદેશ આપે છે.


જેનું મન વસ્તુ, વ્યક્તિ, વાતાવરણ કે વ્યવસ્થાના સંગે જ શાંત થતું હોય તો સમજવું કે તેને અશાંત થતાં વાર નહીં લાગે. જે મન વૈચારિક સાધના અને સમજણથી શાંત બન્યું હોય, તે ગમે તેવી વિપરિતતામાં પણ સુસ્થિર રહે છે.

વાત કરવી છે વિશ્વપ્રસિદ્ધ દિલ્હીના સ્વામિનારાયણ અક્ષરધામના નિર્માણ સમયની. સન 2005માં તેની પ્રતિષ્ઠાને માંડ થોડા મહિના જ બાકી હતા. તે સમયે એક વ્યવસ્થાપકે પ્રમુખસ્વામી મહારાજને પૂછ્યું : હું હમણાં જ મંદિર પરિસરમાં જઈને આવ્યો. એક ખૂણો બાકી નથી જ્યાં મંદિરનું કામ ચાલુ ન હોય. ચોતરફ પથ્થરોના ઢગલા પડ્યા છે. બાકી રહેલા કામથી ઉતાવળે કામ કરતાં સેંકડો કારીગરો દેખાય છે. થોડી વાર માટે તો હું હલી ગયો કે આટલું બધું કામ બાકી છે તો પ્રતિષ્ઠા પહેલાં કેવી રીતે પૂરું થશે? મને તો લગાવવાના બાકી બચેલા મોટા પથ્થરો જોઈ ગભરામણ થાય છે. આ સાંભળી સ્થિતપ્રજ્ઞ પ્રમુખસ્વામી મહારાજ બોલ્યા : બહાર ભલે હજારો ટનના પથરા પડ્યા હોય, પણ મારી છાતી પર એક કાંકરી જેટલોય મને ભાર લાગતો નથી. વિચલિત કરે તેવા સંજોગોમાં પણ અચલ રહેવું તે પ્રમુખસ્વામી મહારાજની આગવી લાક્ષણિકતા હતી.

ગંગા સતીએ પણ કહ્યું છે : 'મેરુ તો ડગે પણ જેનાં મન નવ ડગે, મરને ભાંગી પડે ભરમાંડ રે.. વિપદ પડે પણ વણસે નહીં, ઈ તો હરિજનના પરમાણ રે...' અને સ્વામી રામતીર્થે પણ કહ્યું છે : 'If you want to examine your strength, see how many times a day you are disturbed.' તમારી શક્તિનું માપ કાઢવું હોય તો તમે દિવસમાં કેટલી વાર ડિસ્ટર્બ થયા તેની તપાસ કરવી.

તો ચાલો, સુંદરતા, સુષુપ્તિ, શાસન અને શોકથી વ્યાપ્ત શાંતિને ભૂલીને સમજણથી સ્થપાનારી શાંતિના ચિત્રો દોરીએ. વ્યવસ્થાથી નહીં પરંતુ વ્યક્તિત્વથી શાંત બનતાં શીખીએ.

jivanmangalam@gmail.com



ભાગવત ચિંતન


ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

હરિકથાના શ્રવણનો અલ્પસમય માટે પણ લાભ મળે તો પણ સંપૂર્ણ ફળ મળે છે

અમૃતનું અલ્પ બિંદુ જીવનને અમર બનાવે તેમ સત્સંગ જીવનને ઊર્જાયુક્ત બનાવે

કલિકાળમાં સત્સંગ માટે રામચરિત માનસમાં કહેવામાં આવ્યું છે કે, 'એક ઘડી આધી ઘડી, આધી મેં પુનિ આધ, તુલસી સંગત સંત કી કરે કોટિ અપરાધ'. અત્યારે બધાને સમયની ખેંચ હોય છે. આથી અલ્પ હોય તો પણ અમૃતનું બુંદ જીવનને સાર્થક-અમર બનાવી દે છે. આપણે જીવવા માટે જમવાનું હોય છે. ખાવા માટે જીવતા નથી. માટે જ્યારે પણ સમય મળે ત્યારે સત્સંગનો લાભ લેવાનું છોડવા જેવું નથી. જ્યારે પણ ભાગવત કથા હોય કે રામકથા તેનું શ્રવણ કરવાનો લાભ મળે તે છોડવા જેવો નથી.

શ્રોતા તરીકે ભાગવત કથાનું શ્રવણ મેં કર્યું છે. નર્મદા તટે માલસર ધામમાં પૂજ્ય ડોંગરેજી મહારાજના શ્રીમુખે ભાગવત કથા સાંભળવાનો લાભ મળ્યો એ મારું પરમ સૌભાગ્ય છે. પૂજ્ય ડોંગરેજી મહારાજનું જીવન એટલું ઊર્જાયુક્ત હતું કે હજારો શ્રોતાઓ સ્વયં ઉપસ્થિત રહી કથાશ્રવણ કરતા હતા. એ સમયે કથામાં સંગીતનાં વાજિંત્રો નહોતાં, પરંતુ તેમની વાણીનો એવો પ્રભાવ હતો. આવા દિવ્ય મહાપુરુષોની વાણીનો પ્રભાવ હતો. ભગવાનની કથા આવા ભગવદીય સત્પુરુષો પાસેથી મળે છે, તે પણ સોનામાં સુગંધ ભળે તેમ છે.



જીવનની સાર્થકતા પરમતત્ત્વને પામવામાં છે. રામકથા અને ભાગવત કથા સાંભળવાથી ભગવાન શ્રીરામ અને શ્રીકૃષ્ણની લીલાઓ દ્વારા આપણા જીવનને નવું બળ મળે છે. પ્રાચીન સમયમાં કથા દસ દિવસ સુધી ચાલતી હતી અને સૂર્યોદય થાય અને તેની સાથોસાથ કથા પ્રારંભ થાય અને બપોરે બે ઘટીના વિશ્રામ બાદ પુનઃ કથાનો ક્રમ આગળ ચાલે અને સૂર્યાસ્ત થાય ત્યારે કથાનો વિરામ થાય. આમ, દરરોજ દસ કલાક જેટલો ઉપક્રમ ચાલતો. મૂળ કથાનું રસાસ્વાદન કરાવવામાં આવતું હતું. આવી દિવ્ય કથાના શ્રવણથી સમ્રાટ પરીક્ષિત મૃત્યુલોકના બંધન અને મૃત્યુના ભયથી મુક્ત બની પરમતત્ત્વને પામ્યા હતા.

શ્રીમદ્ ભાગવતના સાતમા સ્કંધમાં સૂર્યવંશ અને ચંદ્રવંશની કથા આવે છે. સૂર્યવંશમાં ભગવાન રામચંદ્ર અને કૃષ્ણવંશમાં ભગવાન શ્રીકૃષ્ણનો જન્મ થયો છે. સૃષ્ટિનું સંચાલન સૌરઊર્જા વડે થાય છે અને સૃષ્ટિનું પોષણ સોમ એટલે કે ચંદ્ર દ્વારા થાય છે. સૃષ્ટિના સર્વજીવોનું પોષણ થાય છે. શ્રીમદ્ ભાગવત કથા અમૃત સમાન છે અને સ્વર્ગના સુખ સહિત વિવિધ સુખો ભોગવતા દેવોને પણ દુર્લભ છે. બધા સુખોને ત્રાજવાના એક પલડામાં મૂકવામાં આવે અને બીજા પલડામાં સત્સંગનુ સુખ મૂકવામાં આવે તો સત્સંગનું પલડું નમી જાય છે. હરિકથાના શ્રવણનો અલ્પસમય માટે પણ લાભ મળે તો પણ સંપૂર્ણ ફળ મળે છે.

કથામૃતના સાગરમાં સ્નાન કરવાથી લાભ મળે તેવી જ રીતે એક આચમન જેટલું પણ કથામૃતનું પાન કરવામાં આવે તો પણ કથાના મનોરથીને એટલું જ પુણ્ય મળે છે.

ઈતિહાસબિંદુ

મુનિ રાજપુણ્ય વિજય

સનત્યક્રીની સહિષ્ણુતા

સ્વયં દેવેન્દ્રએ સનત્યક્રીનાં રૂપની દેવસભામાં પ્રશંસા કરી. બે દેવો માનવનું રૂપ ધારણ કરી મહામાનવનું રૂપ જોવા આવ્યા, ત્યારે તેઓ સ્નાન કરવા ખુલ્લા શરીરે બેઠા હતા. આ અવસ્થામાં પણ તેઓનું રૂપ જોઈ બંને સ્તબ્ધ થઈ ગયા. રૂપની પ્રશંસા સાંભળી સનત્કુમારે કહ્યું : 'તમારે મારું રૂપ જ જોવું હોય તો અહીં નહીં, પણ હું જ્યારે શણગાર સજી રાજસિંહાસન પર બેસું ત્યારે આવજો.' રૂપનું અભિમાન તેઓના શબ્દે-શબ્દમાં ધ્વનિત થતું હતું.

સૂચિત સમયે બંને દેવો આવ્યા. પ્રથમ તો વિસ્મયભાવ જણાતો હતો, પણ ક્ષણાર્ધમાં ઊંડો નિસાસો નાખ્યો. કારણ પૂછ્યું તો કહ્યું : 'હવે આપનાં શરીરમાં થનારી ભયંકર મહાવ્યાધિનાં અમને દર્શન થાય છે.' સમયાંતરે સંપૂર્ણ શરીર વ્યાધિગ્રસ્ત થયું. સંસારની વિનશ્વરતા જાણી સનત્યક્રીએ દીક્ષા લીધી. સાતસો વર્ષ સુધી ભયંકર વ્યાધિ સમભાવે સહન કરી ભીષ્મ તપ કર્યું. તપના પ્રભાવે તેમના થૂંક અને શ્લેષ્મ પણ ઔષધરૂપ બન્યા, તો પણ તેમણે પોતાનો રોગ દૂર ન કર્યો.

ફરી એ જ બંને દેવો વૈદ્યનું રૂપ લઈને આવ્યા : 'આપ આજ્ઞા આપો તો આપના રોગોને અમે આપની સામે જ દૂર કરીએ.' રાજર્ષિએ સરસ વાત કરી : 'જો રોગ જ દૂર કરવા હોય તો કાયાના નહીં, કર્મના રોગને દૂર કરો. કાયાના રોગને તો હું સ્વયં ક્ષણાર્ધમાં દૂર કરી દઈશ.' કહી પોતાનું જ થૂંક પોતાની કાયાને લગાવ્યું.

ત્યાં કાયાનો એટલો ભાગ સુવર્ણવર્ણો બની ગયો. પોતાની સંપૂર્ણ કાયાને સુવર્ણવર્ણી બનાવવા સ્વયં સક્ષમ હોવા છતા રાજર્ષિની ઉચ્ચકક્ષાની સહિષ્ણુતાથી બંને દેવો નતમસ્તક થઈ ગયા!



જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

એક વ્યક્તિની બેદરકારી અનેક લોકોને તકલીફમાં મૂકી શકે છે

સ્વફરજ સાથેની સાવધાની

સન 1912માં દુનિયાની સૌથી મોટી અને મોંઘી 882 ફીટ લાંબી અને 104 ફીટ ઊંચી સ્ટીમર ટાઇટેનિકની પ્રથમ યાત્રામાં કુલ 2,229 યાત્રિકો અને નાવિકો હતા. ટાઇટેનિક તો Unsinkable અને Unbreakable છે તેવો બધાને વિશ્વાસ હોવાથી લાઇફ બોટ કેવળ 16 જ રાખેલ હતી. દરિયામાં દૂર રહેલી બીજી બે સ્ટીમરે સિગ્નલ આપી ટાઇટેનિકના કેપ્ટનને ધ્યાન રાખવાનું કીધેલું છતાં બેદરકારી રાખી કે આને કંઈ ન થાય અને બેદરકારીને કારણે તે હિમશીલા સાથે અથડાઈ. ક્યારેય તૂટે નહીં તેવી હોવા છતાં તેના બે ટુકડા થઈ ગયા. પ્રથમ યાત્રામાં જ 1513 મુસાફરો સાથે વિશ્વપ્રસિદ્ધ સ્ટીમર દરિયામાં ડૂબી ગઈ. દુનિયાની મોટી દુર્ઘટના બની ગઈ. કારણ શું? સાવધાની હટી-દુર્ઘટના ઘટી.

કોરોનામાં પણ ક્યાંક આવી દુર્ઘટનાઓ બની છે. પોતાને સુપરમેન સમજી એક પણ નિયમનું પાલન ન કર્યું અને વધુ પડતી છૂટછાટ લીધી. તેને લીધે કોરોનામાં ઘણા ટાઇટેનિક જેવા મોટા પણ ડૂબ્યા છે, સાવધાનીરૂપી લાઇફ બોટના અભાવે. તમારી પાસે અતિ આધુનિક મર્સીડીઝ હોય, બી.એમ. ડબલ્યુ હોય કે ઓડી કાર હોય એટલે શું અકસ્માત ન થાય? ધ્યાન ન રાખે તો હેલિકોપ્ટર, પ્લેન કે એમ્બ્યુલન્સને પણ અકસ્માત થાય.



બોઝવર્થના મેદાનમાં થયેલા યુદ્ધનું એક દૃશ્ય

એક નાની બેદરકારી કેવું પરિણામ લાવી શકે છે? સન 1485ના વર્ષમાં બોઝવર્થના મેદાનમાં યુદ્ધ શરૂ થવાનું હતું. ફ્રાન્સનો રાજા કિંગ રિચર્ડ ત્રીજો પણ યુદ્ધમાં જોડાવા સજ્જ બની નીકળી રહ્યો હતો. તે સમયે ઉતાવળમાં રાજાના ઘોડાના એક પગની નાળમાં એક ખીલી જરાક ઢીલી રહી ગઈ. અશ્વપાલે તે ખીલી સરખી કરવાનું કહ્યું, ત્યારે રાજાએ જણાવ્યું : 'બીજી ત્રણ તો છે ને એક નહીં હોય તો ચાલશે.' એ એક ખીલીના અભાવે જ ઘોડાનો પગ ઝૂક્યો, તેથી રાજા પણ ઝૂક્યો. આ જોઈ વિના કારણે આખી સેના ઝૂકી એટલે શત્રુ સેના ફાવી ગઈ. એક ભૂલથી શસ્ત્ર, સેના અને સાહસ બધું હોવા છતાં ફ્રાન્સની હાર થઈ. For the want of a nail, the shoe was lost. For the want of a nail, the Kingdom was lost. દુઃખનું કારણ એક ખીલી તેમ આજે દુઃખનું કારણ પણ ક્યાંક એક ખામી જ હોય છે.


એક વ્યક્તિની બેદરકારી કે ભૂલ પરિવાર, સમાજ, કંપની કે ક્યારેક દેશને પણ તકલીફમાં મૂકી શકે છે. સામે પક્ષે એકની જાગૃતિ અનેકને લાભદાયક પણ બની શકે છે. સમ્રાટ નેપોલિયન એક વાર યુદ્ધ છાવણીમાં રાતે ફરતો હતો. તેની છાવણીમાં રાતે નિયત સમય બાદ તંબુની મીણબત્તી બુઝાવી દેવાનો નિયમ હતો. એક તંબુમાં પ્રકાશ જોયો એટલે નેપોલિયન અંદર ગયો. જોયું તો એક સૈનિક કંઈક લખતો હતો. આટલી રાત્રે મીણબત્તી ચાલુ રાખી શું લખે છે? ગભરાતા સ્વરે સૈનિકે કહ્યું : 'મારી પ્રેમિકાને સમાચાર લખું છું.' આ સાંભળી નેપોલિયન બોલ્યો : 'પત્રમાં છેલ્લે ઉમેરી દે કે પત્ર પૂરો થયા પછી મને મોતની શિક્ષા કરવામાં આવશે કેમ કે મેં લશ્કરી શિસ્તનો ભંગ કર્યો છે.' સૈનિકે જેવું આ ઉમેર્યું કે ત્યાં જ તેને ગોળીથી ઠાર માર્યો. વિશ્વયુદ્ધ ચાલુ હોય ત્યારે રાત્રે લાઇટ બંધ રાખવાનો આદેશ હોય ત્યારે નાની લાઇટ પણ ચાલુ ન રખાય. એક નાની જ્યોત આખા ગામ કે પ્રદેશને જલાવી શકે. તેમ જરૂર લાગે કે ન લાગે પણ કેટલાક નિયમ માનવજાતના ભલા માટે પાળવા જ પડે.

સાવધાની કે નિયમ આપણા હિત માટે જ છે. સીટ બેલ્ટ, હેલ્મેટ, સ્પીડ લિમિટ કે સ્પીડ બ્રેકર ભલે બંધનરૂપ લાગે પણ તે અનેકના હિત માટે જરૂરી છે. બહાદુરી નિયમ તોડવામાં નહીં, પાળવામાં બતાવવી જોઈએ! કેટલાક રોંગ સાઇડ ચલાવે ને પાછા બોલે કે : રોડ તમારી માલિકીનો છે? જ્યાં-ત્યાં બાઇક કે ગાડી પાર્ક કરી, અડધો રોડ રોકી મિત્રોના પૈસે અડધી ચા પીએ, ચાના ખાલી કપ રોડ પર જ્યાં-ત્યાં નાંખે, પાનની કે માવાની પિચકારી મારી રોડ બગાડે ને પાછા ડહાપણ કરે કે બોસ ભારતમાંથી બેકારી આમ ન જાય! પણ જ્યાં સુધી તારા જેવા ખાલી ફડાકા મારનારા છે ત્યાં સુધી ક્યાંથી જાય! બે-પાંચ સભ્યોનું એક ઘર તો ચલાવી શકતા ન હોય ને પોતે જાણે દેશ ચલાવતા હોય તેવી હોશિયારી કરે.

સાવધાની હવે પરિવાર-મિત્રો સાથેના સંબંધોમાં પણ રાખવાની છે. આપત્તિમાં એ જ કામ લાગે છે. આપણને ખબર કે ભાન નહોતું ત્યારે દોડીને તેમણે આપણને ઓક્સિજન આપ્યો, ઇન્જેક્શન માટે મહેનત કરી, કરગરીને હોસ્પિટલમાં જગ્યા અપાવી. એટલે મારે કોઈની ગરજ નથી, પડી નથી, જરૂર નથી એવા વાક્યો ન બોલતાં, બધા સાથે સંબંધો સારા રાખવા. દુઃખમાં એ જ કામ લાગશે.

છેલ્લે એટલું જ કહેવાનું કે કાર લઈ જતાં હોઈએ અને રસ્તો ખરાબ આવે એટલે ફરિયાદો કરવાની ન હોય પણ ધીરે ચલાવવાનું હોય જેથી હડદોલા ઓછા લાગે, ખાડાઓમાં સંભાળીને ચલાવવી જેથી ગાડીને ઓછું નુકસાન થાય. સમય ખરાબ આવે ત્યારે નાસીપાસ થવાનું ન હોય, પણ વધારે ધ્યાન રાખવાનું હોય.

jivanmangalam@gmail.com



ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

જેઓ પોતાની દરેક પળ ભગવદ્ કાર્યમાં વ્યતીત કરે છે, તેઓ લાંબુ જીવે છે

બુદ્ધિને સત્સંગનો અને મનને સત્કર્મનો ખોરાક મળવો જોઈએ

એક અભ્યાસ એવું પણ કહે છે કે જે પોતાના મનને સદા વ્યસ્ત રાખે છે તેવા લોકો પ્રસન્નતાપૂર્વક જીવે છે તથા દીર્ઘાયુ હોય છે. તેઓ બીમાર પણ ઓછા પડે છે. તેમનું જીવન સ્વસ્થ હોય છે. જો તમારી સામે એક સારું ધ્યેય હોય, કરવા માટે કંઈક સારું કાર્ય હોય, જીવનનું આવું એક લક્ષ્ય હોય અને તમે પરમાર્થિક કાર્યોમાં પૂરા હૃદયથી રચ્યા-પચ્યા રહેતા હો અને કંઈક સારું કામ કરવા માટે એટલા વ્યસ્ત હોય કે બીમારી માટે કોઈ સમય જ રહેશે નહીં અને મન પણ પ્રસન્ન રહેશે. તેઓને જો તાવ આવે તો પણ તેઓ કહેશે કે માફ કરશો, હું અત્યારે વ્યસ્ત છું. પછી તાવ પણ પૂછે કે આવું? તો તેઓ કહે કે ના. પછી તાવ પણ વિચારવા લાગે કે અહીં તો મારો કોઈ ભાવ પણ પૂછતું નથી, ચાલો ભાગો અહીંથી. બીમાર પડવા માટે આવા લોકો પાસે સમય જ નથી. જેઓ પોતાની દરેક પળ ભગવદ્ કાર્યમાં વ્યતીત કરે છે, તેઓ લાંબુ જીવે છે.

મનને સત્કર્મનો ખોરાક આપવો જોઈએ. શાસ્ત્ર વિહિત કર્મોનો ખોરાક મનને મળતો રહેવો જોઈએ. આપણે જ્યાં સુધી જીવીએ ત્યાં સુધી કર્મ કરતાં-કરતાં 100 વર્ષ સુધી જીવવાની કામના કરીએ. તો સત્કર્મનો ખોરાક મનને મળતો રહેશે તો મન પણ વિશુદ્ધ થશે અને વિશુદ્ધ મન એ વસુદેવ છે અને બુદ્ધિને સત્સંગનો ખોરાક મળશે તો બુદ્ધિ દેવમયી બનશે અને દેવમયી બુદ્ધિ એ દેવકી છે.



પિતામહ ભીષ્મે જે રીતે પાળી-પોષીને તેમની મતિરૂપી કન્યાને મોટી કરી છે, સંસ્કારિત કરી છે, સંસ્કારિત કન્યા માટે જેવી રીતે પિતા યોગ્ય વર શોધી તેમની સાથે તેનો વિવાહ કરે છે, તેમ ભીષ્મે પણ પોતાની બુદ્ધિને એવી બનાવી. બધી કામનાઓથી રહિત તથા અનેક પ્રકારનાં સાધનોના અનુષ્ઠાનથી શુદ્ધ થયેલી પોતાની મતિરૂપી કુંવારી કન્યા ભગવાન શ્રીકૃષ્ણને સોંપી રહ્યા છે. તેઓ કહે છે કે હે યદુવર! મારી મતિરૂપી કન્યા માટે યોગ્ય વર હોય તો તે તમે છો, મારી પુત્રીનું કન્યાદાન કરું છું. તેનો વિવાહ આપની સાથે કરું છું, તમે તેનો સ્વીકાર કરો. હવે જ્યારે વિવાહ કર્યો તો પત્ની, પતિની આજ્ઞામાં રહે છે. પત્નીને પ્રેરિત કરનાર પતિ જ હોય છે.

જેવી રીતે ગાયત્રી મંત્રમાં આવે છે કે બુદ્ધિને પ્રેરિત કરનારા પરમાત્મા છે, પરંતુ પરમાત્માથી પ્રેરિત એ જ બુદ્ધિ હશે જે વિવેકવાળી હોય, શુદ્ધ હોય. આવી મારી મતિને હું તમને સમર્પિત કરું છું. જે સદા પોતાના આનંદમય સ્વરૂપમાં સ્થિત રહે છે. છતાં પણ લીલા કરવાની ઇચ્છાથી જેમણે પ્રકૃતિનો સ્વીકાર કર્યો છે.

બુદ્ધિને સત્સંગનો અને મનને સત્કર્મનો ખોરાક મળતો રહેવો જોઈએ. તો જ તે સારા માર્ગે આગળ વધશે અને સારા કાર્યો થતાં રહેશે.

કથાબિંદુ

મુનિ રાજપુણ્ય વિજય

કરિયાવરમાં આપ્યું જિનાલય!

પિતા દિવંગત થયા હોવાથી નાની બહેન ઊજમનાં લગ્નની સંપૂર્ણ જવાબદારી મોટા ભાઈએ લઈ લીધી. મોટા ભાઈએ એવા ઉત્સાહથી અને ઉદારતાથી લગ્નનો પ્રસંગ કર્યો કે 'પિતા નથી' એવું નાની બહેનને ન લાગે. વિદાય સમયે સોનું-ચાંદી-હીરા-મોતી સાથે નવ ગાડાં ભરીને અન્ય સામગ્રી ભાઈએ બહેનને કરિયાવરમાં આપી અને સહજ પૂછ્યું : 'બહેન! તને સંતોષ છે ને! પિતાજી નથી, એવું તો નહીં લાગે ને?' જોકે બહેને કંઈ જવાબ ન આપ્યો, પણ મુખ ઉપર નિરાશા સ્પષ્ટ દેખાતી હતી. ભાઈએ કહ્યું : 'ઓછું લાગતું હોય તો બોલ બહેન, હજી ઉમેરી દઉં.' બહેને ભાઈની ગેરસમજ દૂર કરતાં કહ્યું : 'નવ ગાડાં ભરીને તમે જે સામગ્રી આપી છે, એનાથી તો સંસાર વધશે. મારે ભોગસામગ્રી નહીં, યોગસામગ્રી જોઈએ છે.' 'બોલ, તારી ખુશી માટે તું જે કહે તે કરવા તૈયાર છું.' બહેને કહ્યું : 'વીરા! જો તું મારી ખુશી જ ઇચ્છતો હોય તો શાશ્વત ગિરિરાજ શત્રુંજય ઉપર વિશાળ ભૂમિ સંપાદન કરી જિનાલયનું નિર્માણ કરાવ. આ જ મારો કરિયાવર! એ જ મારી યોગસામગ્રી! અને મારી ખુશી!' તરત ભાઈએ દસમું ગાડું મગાવ્યું અને એમાં મોટા અક્ષરે એક ચિઠ્ઠી મૂકી : 'ઊજમ બહેનનું દેરાસર!' ભાઈએ પોતાનું વચન પાળ્યું. આજે પણ શત્રુંજય ઉપરની 'ઊજમફઈની ટૂંક' ભાઈ-બહેનનાં સ્નેહની યશોગાથાનું ગાન કરે છે!





જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

જીવન સાર્થક કરવાનો એક જ ઉપાય છે- જરૂરિયાતમંદ માણસની મદદ કરો

યાદગાર મદદગાર

એક જગ્યાએ હજારો માણસોનો મેળો ભરાયો હતો. લોકો આનંદથી મેળાના આકર્ષણોને નિહાળી રહ્યા હતા. એ આનંદ વચ્ચે એક અંધ વ્યક્તિ હાથમાં દિલરુબા લઈને નિરાશ વદને બેઠી હતી. તેની આગળથી લોકો પસાર થતા હતા. પરંતુ કોઈએ તેની મુશ્કેલી જાણવાનો પ્રયત્ન કર્યો નહીં.

એવામાં એક માણસ તેની પાસે આવ્યો. તેણે ઉદાસીનતાનું કારણ પૂછ્યું. ત્યારે તે અંધે કહ્યું, 'હું દિલરુબા વગાડી બે-પાંચ પૈસા ભેગા કરીને પેટ ભરું છું. પણ ગિરદીમાં મારી હથેળી ચગદાઈ ગઈ. એટલે હું દિલરુબા વગાડી શકું તેમ નથી. માટે આજે શું ખાઈશ ? તેની ચિંતાથી નિરાશ છું.'

પેલા માણસે કહ્યું, 'હું વગાડું?'

તેણે પૂછ્યું, 'તમને આવડે છે?'

પેલા માણસે કહ્યું, 'થોડું-ઘણું આવડે છે.' એમ કહી તેણે સંગીત વગાડવાનું ચાલુ કર્યું. ધીમે ધીમે ભીડ જામવા લાગી અને પૈસાનો વરસાદ થયો. છેલ્લે બધા પૈસા ભેગા કરી તે માણસે પેલા અંધને આપી દીધા અને પોતાની ઓળખ આપ્યા વિના ત્યાંથી ચાલ્યા ગયા. એ માણસ હતા મહાન સંગીતજ્ઞ ઓમકારનાથ. સામાન્ય માણસો અને મહાન પુરુષોમાં આ જ ફેર રહી જાય છે. લોકો પોતાના આનંદમાં એટલા ડૂબેલા હોય છે, કે બીજાનો ઉદાસ ચહેરો જોવા છતાં તેને મદદ કરવાની તો દૂર, પણ ન દેખ્યા જેવું વર્તન કરીને ત્યાંથી નીકળી જાય છે.



હું શું કામ મદદ કરું? તે ક્યાં મારો સગો થાય છે? હું તેને નથી ઓળખતો! મને શું ફાયદો? વગેરે વિચારોની બેડી માણસને એવી જકડી રાખે છે, કે તેને તોડી, માનવીને ક્યારેય બીજાના માટે જીવવાનો વિચાર સુધ્ધાં નથી આવતો. હિતોપદેશમાં કહ્યું છે, 'જેના જીવવાથી બધાં જીવે છે તેમનું જીવન સાર્થક છે. કારણ કે, માત્ર પોતાને માટે તો કોણ નથી જીવતું ?' માટે જો આવી બેડી તોડીને જીવન સાર્થક કરવું હોય, તો એક જ ઉપાય છે - 'જરૂરિયાતમંદ માણસની પરિસ્થિતિ સમજી, હૃદયમાં તેને મદદ કરવાની ભાવના જગાડવી.'

એક વાર એક મોટા પ્રોજેક્ટ પર 70 વૈજ્ઞાનિકો કામ કરી રહ્યા હતા. એક દિવસ એક વૈજ્ઞાનિકે પ્રોજેક્ટના હેડ અબ્દુલ કલામ પાસે જઈને કહ્યું, 'મેં મારાં બાળકોને આપણા શહેરમાં આવેલું પ્રદર્શન દેખાડવાનું વચન આપ્યું છે. માટે હું સાડા પાંચ વાગે જઈ શકું?' કલામસાહેબે હા પાડી. વૈજ્ઞાનિક પાછા કામે લાગ્યા, પણ કામ એટલું જટિલ હતું કે સમય વીતી ગયો. જ્યારે તેમને બાળકો યાદ આવ્યાં ત્યારે 8.30 વાગી ગયા હતા. આથી તેઓ ઉતાવળે ઘરે પહોંચ્યા અને પત્નીને પહેલો જ પ્રશ્ન પૂછ્યો, 'બાળકો ક્યાં છે?'

ત્યારે પત્નીએ કહ્યું, 'કલામસાહેબ તેમને 5.30 વાગ્યાથી પ્રદર્શન જોવા લઈ ગયાં છે.'

મદદ કરવાની ભાવના તેને જ જાગે જે બીજાની પરિસ્થિતિ સમજી શકે. મહાન પુરુષો દરેક વ્યક્તિની પરિસ્થિતિ સમજી શકે છે. એટલા માટે જ તેમની પાસે મદદ માગવી નથી પડતી, તેઓ સામેથી જ મદદ કરવા પહોંચી જાય છે.


1962માં અમદાવાદમાં BAPS સ્વામિનારાયણ મંદિરનો પ્રતિષ્ઠા-મહોત્સવ હતો. ઉત્સવના સમાપનની રાત્રિએ રસોડા વિભાગમાં સ્વચ્છતાની સેવા બજાવી રહેલો એક યુવાન, એંઠવાડથી ભરેલી લારીને ઢાળ ચઢાવવાનો પ્રયત્ન કરી રહેલો. પરંતુ ભાર ખૂબ જ હતો અને ઢાળ પણ ઊંચો, એટલે તેના બધા જ પ્રયત્નો નિષ્ફળ જતા હતા.

એટલામાં તેણે પ્રમુખસ્વામી મહારાજને થોડે દૂરથી પસાર થતા જોયા. પણ તેમને કાંઈ એંઠવાડની લારી ખેંચવા બોલાવાતા હશે ? સંસ્થાના પ્રમુખ, મહોત્સવના મોવડી અને હજારોના આદરણીય એવા પ્રમુખસ્વામી મહારાજ પાસે કાંઈ આવું કામ કરાવાતું હશે?

યુવાન આ વિચારોની ગડમથલમાં હતો. એવામાં પ્રમુખસ્વામી મહારાજની નજર આ યુવાન પર પડી અને તેને જોતાંવેંત તેની બધી જ પરિસ્થિતિ પામી ગયા. એ યુવાન હજુ મદદનો સાદ પાડે, એ પહેલાં તો પ્રમુખસ્વામી મહારાજ તેની મદદે પહોંચી ગયા અને એંઠવાડની લારીને ધક્કો મારવા લાગ્યા. થોડી વારમાં લારી ઢાળ તો ચઢી ગઈ, પરંતુ પ્રમુખસ્વામી મહારાજ ત્યાંથી અટક્યા નહીં. એ લારીને જ્યાં ખાલી કરવાની હતી ત્યાં સુધી લારીને ખેંચી જવામાં પણ તેઓ એ યુવાનની સાથે રહ્યા. અરે! લારીને ખાલી કરાવવામાં પણ સાથે રહ્યા.

જરૂરિયાતમંદને કેવળ મદદ કરવી એટલું જ નહીં, પણ પૂરેપૂરી મદદ કરવી એવો એમનો સિદ્ધાંત હતો. પર-સેવા માટે પરસેવો પાડનારા આ મહાપુરુષે 45 જેટલી પ્રાકૃતિક દુર્ઘટનાઓમાં રાહતકાર્ય, 2 લાખથી વધુ પીડિતોની સહાય, 25 જેટલાં આખાં ગામ દત્તક લઈને પુનઃનિર્માણ, 21 હજાર જેટલાં દુષ્કાળપીડિત પશુઓની માવજત અને 29 લાખ પછાત વિસ્તારના દર્દીઓની વિનામૂલ્ય સારવાર કરીને સમાજસેવાનો અમિટ અધ્યાય લખ્યો છે.

એટલે જ ભારતીય દલિત સમાજના ધાર્મિક વડા પૂ. શંભુ મહારાજ બોલી ઊઠ્યા, 'પ્રમુખસ્વામી મહારાજની કરુણાગંગા સમાજના છેવટના માનવી સુધી પહોંચી છે.' આપણે કદાચ આવા મહાપુરુષોની જેમ સૂર્ય બની સમગ્ર સમાજને પ્રકાશ ન આપી શકીએ, પણ તેઓમાંથી પ્રેરણા લઈને દીપક બની આપણી આસપાસના વ્યક્તિઓને જરૂર પ્રકાશ આપી શકીએ. સવારે ઊઠીએ ત્યારથી રાત્રે સૂઈએ ત્યાં સુધી આપણને એવી કેટલીય વ્યક્તિઓનો ભેટો થતો હશે, જેને કંઈક મદદની જરૂર હોય. તો આવો, તેમના મદદગાર થઈએ અને યાદગાર બનીએ. jivanmangalam@gmail.com



ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

આંખમાં પ્રકાશ ન હોય તો અંધારું ન દેખાય. અંધારાને જોવા માટે આંખમાં પ્રકાશ જરૂરી છે



હોળી-ધુળેટીનો અવસર છે તે બધાં પ્રત્યેના રાગ દ્વેષને મિટાવી મનમાં કોઈ પૂર્વગ્રહ બંધાઈ ગયો હોય તે બધાંને ભૂલીને સૌને અપનાવવાનો, સ્વીકારવાનો અને પ્રેમના રંગથી રંગવાનો અવસર છે. હોળી રંગોનું પર્વ છે. નવા નવા ઉમંગો સાથે શ્રીકૃષ્ણ સાથે હોળી રમવાનો અનોખો ઉત્સાહ છે. આવો હોળી રમીએ શ્યામ સાથે.

પ્રભુ સાથે હોળી રમવા આવ્યા છો ત્યારે રંગ પ્રભુ પાસે છે તમારા મનમાં ઉમંગ હોવો જોઈએ. હોળીના પર્વની શરૂઆત કરવાની છે, જે બાળી નાખવાનું છે તે બાળી નાખવાથી. પછી જે શેષ રહે છે તે માત્ર પ્રેમનો પ્રકાશ હશે, સદ્ભાવનાનો પ્રકાશ હશે. તે પ્રકાશમાં તમારા વિવિધ ભાવનાના રંગોથી એકબીજાને રંગો અને એ રંગોત્સવ ખૂબ ઉત્સાહપૂર્વક ઊજવાય.

આપણે બહુ નિયમિત રીતે દીપાવલી અને હોળી આ બંને ઉત્સવને ઉત્સાહપૂર્વક ઊજવતા આવ્યા છીએ પણ દીપોત્સવીમાં એ પ્રકાશ આલોકિત કરનારો પ્રકાશ છે એની આપણે આરાધના કરીએ છીએ અને હોળીનો જે અગ્નિ છે તે જે બાળી નાખવા જેવું છે તેને બાળી નાખવા માટેનો અગ્નિ છે. દાહકતા એ પણ એક શક્તિ છે અગ્નિની અને પ્રકાશિકા એ અગ્નિની બીજી શક્તિ છે. આ બંને પ્રકારની શક્તિની ઉપાસના આપણે કરવી પડે. આંખમાં પ્રકાશ ન હોય તો અંધારું પણ ન દેખાય. અંધારાને પણ જોવા માટે આંખમાં પ્રકાશ હોવો જરૂરી છે અને આંખમાં પ્રકાશ હોય તો જ આ બધા રંગો, તો જ પરસ્પર ભાવોનો આપણને અનુભવ થાય. આમ પણ કહેવાયું છે કે આંખ એ આત્માનો અરીસો છે. આંખ દ્વારા માણસના ભાવની અભિવ્યક્તિ થતી હોય છે.

આપણે આપણે ત્યાં એવું કહેવાય છે કે અધ્યાત્મના માર્ગમાં રાગ અને દ્વેષ આ બંનેથી તમે પર થાઓ. જેના પ્રત્યે દ્વેષ છે, વેર છે એને તમે દિમાગમાં રાખો છો. જેના પ્રત્યે પ્રેમ છે તેને તમે દિલમાં રાખો છો. પણ બંને રહે છે તો તમારી અંદર જ એટલે દ્વેષને બાળી નાખવાનો અને રાગને અનુરાગમાં બદલી અને પરસ્પર સદ્ભાવથી એકતા અને ભાઈચારાની ભાવના કાયમ રહે એ માટેનો અવસર હોળી અને ધુળેટી છે.

આપણે સૌ અંદરથી સાફ થઈને અને સહુ સદ્ભાવથી યુક્ત થઈને પરસ્પર એક થઈએ. એ જ એક પરબ્રહ્મની આરાધના છે, ઉપાસના છે. નવા-નવા ઉમંગો સાથે શ્રીકૃષ્ણ સાથે હોળી ખેલવાનો એક ઉત્સવ છે. આપ સહુના જીવનમાં કૃષ્ણપ્રેમનો રંગ સરાબોર હોય અને આપ સદૈવ ઉમંગ અને ઉત્સાહથી ભરેલા રહો તેવી હોળી પર્વની શુભકામના!

કથાબિંદુ

મુનિ રાજપુણ્ય વિજય

સીતાજીની પવિત્ર બુદ્ધિ

અપહરણ કરીને લંકાનરેશ રાવણ સીતાજીને લંકામાં લઈ ગયો. આમ ને આમ દિવસો વીતી ગયા. આ બાજુ પ્રભુ શ્રીરામ અને લંકાધિપતિ રાવણનાં ભયંકર યુદ્ધની તૈયારી ચાલી રહી હતી.

એક દિવસ એક વૃદ્ધ દાસી નવરાશની પળોમાં સીતા પાસે આવી. સીતાને પ્રેમથી સમજાવવા લાગી : 'તું કેમ રાવણનો સ્વીકાર નથી કરતી?'

સીતા ઉત્તર આપે તે પૂર્વે તો ફરી દાસી બોલી : 'તું રાવણનો સ્વીકાર નહીં કરે તો ભયંકર યુદ્ધ થશે. યુદ્ધમાં બંને પક્ષે લાખો સૈનિકો મૃત્યુ પામશે. એમની પત્નીઓ વિધવા થશે-માતાઓ દુઃખી થશે. તારા સ્વીકાર માત્રથી આ મહાઅનર્થ અટકી જશે. આ બધો યશ તને મળશે. મને એ ખબર નથી પડતી કે આટલી સાવ સીધી વાત તારા જેવી સમજદાર સ્ત્રી કેમ સમજી શકતી નથી?'



સીતાજીએ કહ્યું : 'માતા! તમે જે બોલો છો તે, આ લંકાની ધરતીનો પ્રભાવ છે. બાકી એક સ્ત્રી બીજી સ્ત્રીને શીલભ્રષ્ટ થવાનું કહે...? હું ભલે લંકામાં છું, પણ પંચવટીની પવિત્ર માટી મને સ્પર્શેલી છે, એટલે મારી બુદ્ધિ ભ્રષ્ટ થઈ નથી. હવે તમારી વાતનો જવાબ સાંભળો. તમારી વાત સ્વીકારી હું રાવણને સમર્પિત થાઉં તો લાખો સ્ત્રીઓ વિધવા ના બને, પણ સામે મારો પ્રશ્ન આ છે કે મારા શરણે જવાથી ભવિષ્યની કરોડો-અબજો સ્ત્રીઓ મારું જ ઉદાહરણ લઈને કુલટા બનશે, તેનું શું...? સીતા જેવી સત્ત્વશાળી સ્ત્રી પણ જો પરપુરુષને સમર્પિત થઈ હતી, તો આપણે પણ તેનું અનુકરણ કરીએ. આમ આપણી આર્ય સંસ્કૃતિ જ ખલાસ થઈ જશે! લાખો સ્ત્રીઓ વિધવા થાય એ સારું કે કરોડો-અબજો સ્ત્રીઓ કુલટા થાય એ સારું?'

દાસી પાસે કોઈ જવાબ ન હતો. સીતાની પવિત્ર બુદ્ધિને કરબદ્ધ પ્રણામ કરી મૌનપણે તેણે વિદાય લીધી.



જીવન માંગલ્ય | એટલું યાદ રાખો કે તમારા શબ્દો કરતાં તમારું વર્તન વધારે વાતો કરે છે

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

નિર્ણય આપણા હાથમાં છે

એકવાર એક કોન્ફરન્સમાં કોઈક વ્યક્તિએ જાહેરાત કરી, 'હું જે પ્રમાણે કહું તે પ્રમાણે તમારે બધાંએ કરવાનું છે.' બધાં સહમત થયાં. પછી તે વ્યક્તિએ પોતાના હાથ ઊંચા કરીને કહ્યું, 'બધાં પોતાના હાથ ઊંચા કરો.' બધાંએ પોતાના હાથ ઊંચા કર્યા. પછી માથા પર હાથ મૂકીને કહ્યું, 'બધાં પોતાના હાથ માથા પર મૂકો.' બધાંએ તેમ કર્યું. આમ તે વ્યક્તિ જેમ-જેમ બોલતા ગયા, લોકો તેમ-તેમ કરતા ગયાં. ધીમે ધીમે તે વ્યક્તિએ બોલવાનું બંધ કરી કેવળ એક્શન જ કરવાની ચાલુ રાખી. તેમ છતાં લોકો તેની એક્શનને અનુસરતાં જ રહ્યાં. ત્યારે પેલા વ્યક્તિએ કહ્યું, 'મેં તો કેવળ એટલું જ કહ્યું હતું કે હું જેમ કહું તેમ બધાંએ કરવાનું છે, પણ જેમ કરું તેમ કરવાનું ક્યાં કહ્યું હતું?'

રીડર્સ ડાયજેસ્ટમાં એક સમયે આવેલા આ પ્રસંગના આધારે આપણને વર્તનની અસરનો ખ્યાલ આવે છે. આપણે જે બોલીએ છીએ તેના કરતાં આપણે જે કરીએ છીએ, તેની અસર વધારે થાય છે.

મગધ દેશના રાજા બિંબિસારના રાજ્યના પ્રશ્નમાં પણ, આ જ સિદ્ધાંત રામબાણ ઇલાજ સાબિત થયો. પ્રશ્ન એ હતો કે તેમના રાજ્યના ગરીબ માણસો ઘાસનાં ઝૂંપડાં બાંધીને રહેતા હતા. તેઓ ખૂબ લાપરવાહ હતા. તેના કારણે એમનાં જ ઝૂંપડાંમાં આગ લાગી જતી. આવા ઘણાં અગ્નિકાંડ થયા એટલે રાજાએ જાહેર કર્યું, 'જેનું ઘાસ સળગશે, તેને એક વર્ષ સુધી સ્મશાનમાં રહેવું પડશે.' આ સાંભળી લોકો સાવધ થયાં, પરંતુ હજુ થોડાં ઝૂંપડાં તો સળગતાં જ હતાં, ને લોકો સજા પણ ભોગવતા હતા.

એક દિવસ રાજાના ઘાસના ગોદામમાં જ આગ લાગી. રાજા બિંબિસારે આ વાત જાણી, ત્યારે તેઓ પોતે પણ સ્મશાનમાં જવા તૈયાર થયા. બધાંએ ખૂબ સમજાવ્યા, પણ તેઓ ન માન્યા અને રાજમહેલ છોડીને સતત એક વર્ષ સુધી સ્મશાનમાં જઈને રહ્યા. તેમના આ વર્તનનું પરિણામ એ આવ્યું કે, ત્યાર પછી જ્યાં સુધી તેમણે શાસન કર્યું, ત્યાં સુધી એક પણ ઝૂંપડું સળગ્યું નહીં. અંગ્રેજીમાં એવું કહેવાય છે કે, 'Your actions speak louder than words.' એટલે કે, તમારા શબ્દો કરતાં તમારું વર્તન વધારે વાતો કરે છે. એટલે જ મહાપુરુષો કેવળ બોલતા જ નથી, પણ તે પ્રમાણે વર્તીને લોકોને સમજાવે છે. શ્રીકૃષ્ણ ભગવાને ગીતામાં કહ્યું છે.


यद्यदाचरति श्रेष्ठस्तत्तदेवेतरो जनः ।
स यत्प्रमाणं कुरुते लोकस्तदनुवर्तते ॥


મહાપુરુષો જે જે આચરણ કરે છે, સામાન્ય મનુષ્યો તેને જ અનુસરે છે. પ્રમુખસ્વામી મહારાજે જે ઉપદેશ આપ્યો છે. તે કેવળ બોલ્યા જ નથી, પણ એ પ્રમાણે વર્તીને સમજાવ્યું છે. બોચાસણ ગામમાં એકવાર તેઓ મંદિર પરિસરમાં પસાર થતા હતા. ત્યાં વચ્ચે બાથરૂમ આવ્યો. તેમણે સહેજ થોભી અંદર ડોકિયું કર્યું, તો ઘણી દુર્ગંધ આવતી હતી. કંઈ પણ બોલ્યા વગર તેઓ બાથરૂમમાં ગયા ને બાથરૂમ અંદરથી બંધ કર્યો. સાથેના સંતોને થયું કે તેઓ લઘુશંકા (પેશાબ) કરવા ગયા છે, પરંતુ અંદર તેમણે ગાતરિયું ખીંટીએ લટકાવ્યું, ધોતિયાનો કછોટો માર્યો અને સાવરણો લઈને બાથરૂમ સાફ કરવા લાગ્યા! એ દુર્ગંધ જ્યાં સુધી ન ગઈ અને બાથરૂમ ચોખ્ખોચણાક ન થયો, ત્યાં સુધી ઘસ્યા જ કર્યો. બહાર ઊભેલા સંતો-યુવકોને આ વાતની ત્યારે ખબર પડી, જ્યારે પ્રમુખસ્વામી મહારાજે બાથરૂમ એકદમ ચોખ્ખો કરીને દરવાજો ખોલ્યો. બહાર નીકળી તેઓ એક પણ શબ્દ બોલ્યા વગર આગળ ચાલ્યા, પણ સાથે ઊભેલા સૌને, એક પણ શબ્દ વગર સ્વચ્છતાનો સંદેશ મળી ગયો. વિશ્વવ્યાપી BAPS સંસ્થાના ધણી હોવા છતાં, તેમણે વર્તનમાં ઉતારીને સંદેશો આપ્યો છે. તેમના આ વર્તનમાંથી પ્રેરણા લઈને અમેરિકાના ચેરીહિલના સમૃદ્ધ તબીબ ડો. રાજીવ વ્યાસ, કે જેમની નીચે 800 માણસો અને 38 ડોક્ટરો કામ કરે છે, છતાં તેઓ રોજ સવારે મંદિર દર્શને આવીને ભક્તિભાવપૂર્વક મંદિરનાં સંડાસ-બાથરૂમ સાફ કરે છે. સુરતમાં પણ લાખો રૂપિયાનો વ્યાપાર કરનારા યુવાનોનું એક વૃન્દ દર રવિવારે મંદિરમાં સંડાસ-બાથરૂમ સાફ કરે છે. આવાં તો કંઈક પ્રતિષ્ઠિત વ્યક્તિઓ પ્રમુખસ્વામી મહારાજને આદર્શ માનીને સ્વચ્છતાની સેવામાં લાગ્યાં છે. એટલે જ અમેરિકાના રાજકીય નેતા હિલેરી ક્લિન્ટને કહ્યું હતું 'પ્રમુખસ્વામી મહારાજે સદાચારનો કેવળ બોધ જ નહોતો આપ્યો. પરંતુ તે મૂલ્યો અનુસાર પ્રત્યેક દિવસ જીવ્યા હતા.'

આજે ઘણાં માતા-પિતાની ફરિયાદ હોય છે કે, તેમનાં સંતાનો તેમનાં કહ્યામાં રહેતાં નથી. તેનું એક કારણ માતા-પિતાનું વર્તન પણ છે. માતા-પિતાનું વર્તન બાળક માટે દર્પણ છે. જેમ દર્પણમાં આપણે આપણી છબી જોઈએ છીએ, તેમ માતા-પિતાનાં વર્તનમાં બાળક પોતાની છબી જુએ છે અને તે પ્રમાણે જ વર્તે છે.

સ્વીડિશ ગવર્નમેન્ટ દ્વારા કિશોર અવસ્થાના અપરાધીઓનો અભ્યાસ કરવામાં આવ્યો. તેમાં કારણ નીકળ્યું કે માતા-પિતાનાં વર્તનમાં જીવનનાં જે મૂલ્યો હોય છે, તે જ મૂલ્યોને તેમનાં સંતાનો મુખ્યત્વે ગ્રહણ કરે છે. માટે આપણાં વર્તનમાં જ આપણું ભવિષ્ય છુપાયેલું છે. સારું વર્તન કરીશું તો સારી અસર અનુભવાશે, ને ખરાબ વર્તન કરીશું તો ખરાબ અસર અનુભવાશે. કેવું વર્તન કરવું? તે નિર્ણય આપણા હાથમાં છે.

jivanmangalam@gmail.com





ભાગવત ચિંતન || દરેક સમાજનાં લોકોને જરૂર પડે ત્યારે બધાંએ મદદ કરવા માટે તત્પર રહેવાનું છે

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

ધર્મ સૌને માનવતા શીખવે છે, જ્યાં માનવતા પ્રગટશે ત્યાં સમૃદ્ધિ રહેશે

આધ્યાત્મિક ક્ષેત્રમાં તો ક્યાંય કોઈ ભેદ છે જ નહીં. ધર્મ પણ એ જ શીખવે છે કે સાચા અર્થમાં આપણે માનવતા પ્રગટાવવાની છે. સંપ અને એકતા સાથે રહીશું તો જ પ્રગતિ સાધી શકીશું



ધર્મમાં ક્યાંય કોઈ દ્વંદ્વ પણ નથી અને કોઈ ભેદ પણ નથી. એટલે કે આ નાનો, આ મોટો, ઊંચ-નીચ, જાત-પાત, સારો-નરસો, ગરીબ-તવંગર જેવા ક્યાંય કોઈ ભેદ જ નથી. જેટલાં પણ ભગવાનના પરમ ભક્તો થઈ ગયાં તેમને તો મહેલ પણ દરિદ્ર લાગ્યો છે, કેમ કે તેમનાં ઉપર ઉપરવાળાની, સ્વયં પરમાત્માની દૃષ્ટિ પડી હતી. ભક્તરાજ નરસૈંયા પણ શ્રીમંત થઈ ગયા. આજની ભાષામાં કહેવું હોય તો રૈદાસ જેવા મહાપુરુષને એક મહારાણીએ ગુરુ બનાવ્યા. મીરાંબાઈની ભક્તિ એ કક્ષાએ પહોંચી હતી કે તેમણે રાજમહેલનો પણ ત્યાગ કર્યો અને શ્રીકૃષ્ણમય બની ગયાં. આધ્યાત્મિક ક્ષેત્રમાં તો ક્યાંય કોઈ ભેદ છે જ નહીં. ધર્મ પણ એ જ શીખવે છે કે સાચા અર્થમાં આપણે માનવતા પ્રગટાવવાની છે. જ્યાં માનવતા પ્રગટશે ત્યાં જ ખરી સમૃદ્ધિ રહે.

થોડા સમય પહેલાં ગંગોત્રીમાં ગંગાજીનું મંદિર છે ત્યાં અમારી કથા હતી. શરૂઆતના બે દિવસ તો એટલો બધો snow fall થયો. સાચું કહું તો આટલાં બધાં વર્ષોમાં મેં કદી આવો બરફનો વરસાદ જોયો નહોતો. એ પણ છેક ઇન્ડિયામાં-ગંગોત્રીમાં મેં જોયો, કારણ કે અહીં સ્નો-ફોલ વખતે ક્યારેય આવવાનું થયું નથી. એટલે કે આવો સ્નો ફોલ મેં નથી જોયો લંડનમાં કે નથી જોયો અમેરિકામાં. એટલે બધાંને મજા પડી ગઈ. બધાં કહેતાં હતાં કે ગંગોત્રીમાં જ્યારે બરફ પડ્યો ત્યારે જાણે એવું લાગ્યું કે આપણે સ્વિત્ઝર્લેન્ડમાં છીએ. લોકો પૈસા ખર્ચીને ત્યાંનું કુદરતી સૌંદર્ય માણવા જાય અને આપણને અહીં જ તે જોવા મળી ગયો. હા, બરફની વર્ષા બે દિવસ ખૂબ થઈ હતી. જોકે, સ્થાનિક વ્યવસ્થાપકો દ્વારા સુંદર રીતે અને પ્રેમપૂર્વક બધી જ વ્યવસ્થા થઈ હતી. આ પહેલાં પણ મારી કથા ગંગોત્રીમાં વર્ષ-1990માં થઈ હતી અને એ કથામાં લંડનથી છોકરાઓ કથા-શ્રવણ માટે આવ્યા હતા. જોકે, એ સમયે એમની બસ રસ્તામાં ફસાઈ હતી એટલે છેક પાંચમા દિવસે કથા-શ્રવણનો લાભ મળ્યો હતો.

જેવી રીતે દેહમાં વ્યવસ્થા છે, એવી વ્યવસ્થા દેશમાં પણ લાવવી પડશે. શરીરમાં બધાં જ અવયવો-અંગો એકતા-સંપ સાથે રહે છે. ગાલ ઉપર મચ્છર બેસે ત્યારે હાથ બીજા હાથ ઉપર રાખીને બેસી નથી રહેતો. એ તો તરત જ ગાલ ઉપર કરડવા આવેલા મચ્છરને ઉડાડી મૂકે છે. એ જ રીતે દરેક સમાજનાં લોકોને જ્યારે જરૂર પડે ત્યારે બધાંએ મદદ કરવા માટે તત્પર રહેવાનું છે. સંપ અને એકતા સાથે રહીશું તો જ પ્રગતિ સાધી શકીશું. આમ, ધર્મ માનવતા અપનાવવા અને સંપથી રહેવાનું સૂચન પણ કરે છે. જો માનવતા અને સંપ હશે તો પ્રગતિ, સમૃદ્ધિ સ્વતઃ થશે.

કથાબિંદુ | વિક્રમસિંહની અમર વીરતા

મુનિ રાજપુણ્ય વિજય

વિક્રમસિંહ ભાવસાર. પાલિતાણાના ઋષભદેવ દાદા પ્રત્યે અનુપમ આસ્થા. એકવાર તેઓ બપોરે ભોજન કરવા ઘરે આવ્યા. દાળમાં મીઠું ન જણાતા ભાભીને કહ્યું : 'દાળમાં મીઠું જ નથી.' ભાભીએ કટાક્ષમાં કહ્યું : 'દિયરજી! શત્રુંજય મહાતીર્થના પ્રવેશદ્વાર ઉપર કેટલાય દિવસોથી વિકરાળ વાઘણ બેઠી છે, જેથી યાત્રા બંધ છે. જો તમારામાં 'મીઠું' હોત તો તમે કંઈક કર્યું હોત!'

વિક્રમસિંહને ભાભીનું મેણું તીર જેવું ઘાતક લાગ્યું. ભોજન અધવચ્ચે મૂકીને ભાભીના આશીર્વાદ લઈ વાઘણને પરાસ્ત કરવા તેઓ નીકળ્યા. શ્રીસંઘના આશીર્વાદ લઈ વિક્રમસિંહ આગળ વધ્યા. સેંકડો શ્રાવકો પણ સાથે હતા. ધીરે ધીરે સૌ ઉપર ચઢ્યા. દૂરથી વાઘણ દેખાઈ. બાજુમાં ઘંટ લટકતો હતો. સૌને ત્યાં જ ઊભા રહેવાનું કહી ગર્વ સાથે કહ્યું : 'હું વિજેતા બનીશ તો જોરથી ઘંટનાદ કરીશ. ઘંટનાદ થતાં જ તમે મારી પાસે આવજો.'

ઋષભદેવ ભગવાનનો જોરથી જયજયકાર કરી વિક્રમસિંહ આગળ વધ્યા. શિકારને સામેથી આવતો જોઈ વાઘણ ઘૂરકતી સામે આવી. બંને વચ્ચે જોરદાર લડાઈ થઈ. વાઘણે ખૂબ પ્રહાર કર્યા તો વિક્રમસિંહે પણ કંઈ બાકી ના રાખ્યું. બંને ગંભીર રીતે ઘાયલ થયાં. વાઘણનાં મુખમાં પોતાના બંને હાથ નાખી વિક્રમસિંહે વાઘણનું જડબું ફાડી નાખ્યું. વાઘણ મૃત્યુ પામી. મહામુસીબતે તેઓ ઘંટ સુધી પહોંચ્યા અને જોરથી ઘંટનાદ કર્યો. જોકે, શ્રીસંઘના યુવાનો દોડીને ત્યાં આવે તે પૂર્વે વિક્રમસિંહના પ્રાણ નીકળી ગયા! વિક્રમસિંહના શૌર્યની અમર યશોગાથાને કંડારતું શિલ્પ આજે પણ શત્રુંજય તીર્થ ઉપર છે. એ પોળ હવે વાઘણપોળના નામે પ્રસિદ્ધ છે.



જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS


ભગવાનના અસ્તિત્વને સ્વીકારનારા ક્યારેય ખોટમાં નથી રહેતા

તમારે શું જોઈએ છે નફો કે ખોટ?

એક નાસ્તિક વ્યક્તિએ આસ્તિક વ્યક્તિને કહ્યું, 'જો ભગવાન હોય તો તેની ખાતરી કરાવવા અત્યારે જ મને મારી નાખે.' થોડો સમય વીત્યો, પણ તેને કંઈ થયું નહીં. એટલે બમણા ઉત્સાહથી તેણે કહ્યું, 'જોયું! સાબિત થયું ને કે ભગવાન નથી.' આસ્તિક વ્યક્તિએ તેને કહ્યું, 'આનાથી ફક્ત એટલું જ સાબિત થયું કે ભગવાન અતિશય દયાળુ છે.'

અનુભવીઓનું કહેવું છે, 'અધૂરો ઘડો, છલકાય ઘણો.' ઘણા લોકો અડધી બુદ્ધિથી, અડધા અનુભવથી કે અડધી સમજણથી પોતે લીધેલા નિર્ણયો બધાને સંભળાવતા ફરતા હોય છે કે 'હું આમ નથી માનતો.', 'હું આ સ્વીકારતો નથી', 'હું આવું અનુભવતો નથી.' આમ તેનાં વાક્યોમાં વારે-વારે 'હું' છલકાયા કરે છે. પરંતુ જ્યારે તેનો 'હું' ભગવાન સામે બાથ ભીડે છે ત્યારે તેના માટે 'અધૂરા ઘડા' જેવી કહેવતો સાચી પડી જાય છે.

વળી, એ જ વ્યક્તિઓ પાછા વિજ્ઞાનમાં માને છે. વૈજ્ઞાનિકોએ કરેલી શોધોને સ્વીકારે છે અને તેમની વાતોમાં વિશ્વાસ પણ રાખે છે. પરંતુ તેઓ જાણતા નથી કે જેમ જેમ કોઈ વૈજ્ઞાનિક પોતાના ક્ષેત્રમાં ઊંડો ઉતરતો જાય છે, તેમ તેમ તે ભગવાનના અસ્તિત્વ બાજુ જ ઢળતો જાય છે અને અંતે 'આ સૃષ્ટિનું સર્જન કરનાર ભગવાન છે' - તે વાસ્તવિકતાને પામે છે.



વિશ્વના વિજ્ઞાન-ઇતિહાસમાં જેમનાં નામ સુવર્ણ અક્ષરે લખાયેલાં છે, એવા મોટા-મોટા વૈજ્ઞાનિકો પણ આવા જ અનુભવો કહે છે. જેમના સંશોધન વગર વિજ્ઞાન આજે 200 વર્ષ પાછળ હોત એવા 'ફાધર ઓફ સાયન્સ' ગણાતા આઇઝેક ન્યૂટન કહે છે, 'બીજા કોઈ પણ પુરાવાની ગેરહાજરીમાં કેવળ હાથના અંગૂઠાની રચના જ મને ભગવાનના અસ્તિત્વની ખાતરી કરાવે છે.'


સમગ્ર જગતને પોતાની બુદ્ધિશક્તિથી અભૂતપૂર્વ યોગદાન આપનાર વીસમી સદીના સૌથી બુદ્ધિશાળી વ્યક્તિ આલ્બર્ટ આઈન્સ્ટાઈન કહે છે, 'કોઈપણ વ્યક્તિ જે વિજ્ઞાન માટેના પરિશ્રમમાં ભળે છે, તેને આ બ્રહ્માંડના નિયમોમાં કોઈ એક ચેતનાની પ્રતીતિ થાય છે. જે ચેતના માણસ કરતાં ઘણી પર છે. જેની સામે આપણે આપણી મર્યાદિત શક્તિથી ન્યૂનતા અનુભવીએ છીએ. ભગવાનમાં ન માનવું એ માણસનું રાક્ષસીપણું છે.' મિસાઈલ ક્ષેત્રે અદ્ભુત સંશોધનો કરીને ભારતને આગળ લાવનાર મિસાઈલમેન ડો. એ. પી. જે. અબ્દુલ કલામ કહે છે, 'જ્યારે તમારા જીવનમાં વરસાદની જેમ નોનસ્ટોપ મુશ્કેલીઓ આવે ત્યારે હંમેશાં યાદ રાખો કે ભગવાન સદાય તમારા છત્ર બનીને રહેશે.'

માટે જે ભગવાનમાં માનતો હોય તે નાનો માણસ નથી, કારણ કે તેનો મત અને વિશ્વના શ્રેષ્ઠ બુદ્ધિશાળીઓનો મત એક છે. અર્થાત્ જ્યારે કોઈ વ્યક્તિ ભગવાનમાં માનતો થાય છે ત્યારે તે ન્યૂટન, આઈન્સ્ટાઈન અને કલામની પંક્તિમાં ભળે છે.

આ વૈજ્ઞાનિકો પાસે અપાર બુદ્ધિશક્તિ હોવા છતાં, તેઓ આ સ્થાને પોતાની બુદ્ધિ બંધ કરી વિશ્વાસ પર ચડી ગયા છે. માટે જ્યારે દુનિયાના શ્રેષ્ઠ બુદ્ધિશાળીઓને એમ લાગતું હોય કે આ બાબતમાં બુદ્ધિ વાપરવાથી કંઈ નહીં મળે, ત્યારે દુનિયાના અન્ય બુદ્ધિશાળીઓએ આ વાત પર વિચાર તો કરવો જ જોઈએ! માણસમાત્ર કેવળ બુદ્ધિથી નથી જીવતો, વાસ્તવમાં તો તે વિશ્વાસથી જ જીવે છે. કોઈપણ વ્યક્તિ જ્યારે બાથરૂમમાં નાહવા માટે નળ નીચે બેસે, ત્યારે તેને વિશ્વાસ હોય છે કે આમાંથી પાણી જ નીકળશે એસિડ નહીં. ઘરની બહાર નીકળે ત્યારે 30 રૂપિયાના તાળામાં પણ વિશ્વાસ રાખે છે કે આ આપણું ઘર સાચવશે. અરે! રાત્રે સૂઈ જાય ત્યારે બીજા દિવસનું પ્લાનિંગ કરીને સૂવે છે. એ જ બતાવે છે કે 'આવતીકાલે ઊઠાશે જ' એવો તેને વિશ્વાસ છે. વિશ્વાસ એ જીવનનો પ્રાણ છે. જેમ વ્યક્તિ નાની-નાની બાબતોમાં વિશ્વાસ રાખીને જીવન જીવે છે, તેમ ભગવાનના ભક્તો પણ ભગવાનમાં વિશ્વાસ રાખીને જીવે છે. પછી તે કોઈપણ પરિસ્થિતિ હોય પરંતુ ભગવદ્ભક્તોનો ભગવાન પરનો વિશ્વાસ ક્યારેય ડગતો નથી. 1985માં આતંકવાદીઓએ એર-ઇન્ડિયાનું જમ્બો પ્લેન નષ્ટ કરીને જાહેરાત કરી હતી, 'હવે એર-ઇન્ડિયાના બધાં જમ્બો જોખમમાં છે.' પ્રમુખસ્વામી મહારાજ આ ઘટનાના માત્ર વીસેક દિવસ બાદ, એ જ કંપનીના જમ્બો દ્વારા લંડન પધારવાના હતા. એટલે યુ.કે. સત્સંગ મંડળના અગ્રણી હરિભક્તે ફોન પર તેમને એરલાઈન્સ બદલવા વિનંતી કરી, પરંતુ પ્રમુખસ્વામી મહારાજે કહ્યું, 'તમને આતંકવાદીઓના વચન પર વિશ્વાસ આવે છે. પણ ભગવાન સ્વામિનારાયણે કહ્યું છે, 'હું મારા ભક્તોની રક્ષામાં છું.' તે પર વિશ્વાસ નથી?' પ્રમુખસ્વામી મહારાજ એર-ઈન્ડિયામાં જ લંડન પધાર્યા.

પ્રહ્લાદ, મીરાબાઈ, નરસિંહ મહેતા, સંત તુકારામ, રામકૃષ્ણ પરમહંસ જેવા ભક્તો પોતાનાં જીવન દ્વારા લોકોને ભગવાનમાં વિશ્વાસ દૃઢાવતાં ગયાં છે. આવા એક સંતને જ્યારે એક નાસ્તિકે પ્રશ્ન પૂછ્યો કે 'ભગવાન છે કે નથી?' ત્યારે તેમણે કહ્યું, 'જો ભગવાન નહીં હોય તો અમને ભગવાન ભજવાથી કોઈ ખોટ નથી પડવાની, પણ જો હશે તો તને ન ભજવા બદલ સૌથી મોટી ખોટ પડશે.' માટે ભગવાનના અસ્તિત્વને સ્વીકારનારા ખોટમાં નથી. પરંતુ ભગવાનમાં ન માનનારા જરૂર ખોટમાં છે!

jivanmangalam@gmail.com



ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

માત્ર માળા કરનાર જ ભક્ત છે એવું નથી. આપણે જાગૃત ભક્ત બનવાનું છે

સાચો ધર્મ સમજાશે ત્યારે વિશ્વબંધુત્વ અને પ્રેમનો જયજયકાર થશે

ભક્ત જ્યારે વિનમ્ર ભાવે પ્રભુ નામ-સંકીર્તન કરે છે ત્યારે તે ભક્તિમાર્ગમાં આગળ વધે છે. ભક્તિ વિના પ્રભુનો અનુરાગ મળતો નથી. દેશ અને દુનિયાની ઉપર સમસ્યાઓનાં ગાઢ વાદળ છવાયેલાં છે. આમ છતાં એ પરોઢ પહેલાંનું અંધારું છે. જેવો સૂરજ ઊગશે કે અંધારું એની મેળે જ નાસી જશે. આખું જગત પ્રેમકિરણોમાં તરબોળ બનશે. આખી દુનિયા સાચા ધર્મને સમજતી થશે, વિશ્વબંધુત્વ અને પ્રેમના ધર્મનો જયજયકાર થશે. દુનિયા આખીના માણસો હળીમળીને જીવશે. ચાલો, આપણે ભગવાનનાં ચરણોમાં પ્રાર્થના કરીએ, 'પ્રભુ, અમે અગણિત અપરાધ કર્યા છે. અમે તારી ખૂબસૂરત દુનિયાને બદસૂરત કરી નાખી છે, અમને સન્મતિ આપો, સદ્બુદ્ધિ આપો, પ્રભુ! તારી દુનિયા પવિત્ર હો, જીવવાલાયક હો, અમને આ પૃથ્વી ગ્રહના વાસી છીએ તેનું ગૌરવ થાય.' આપણાં બાળકોને તમે એ શીખવાડજો કે આ દેશ પાસે ઋષિ સંસ્કૃતિનો અણમોલ વારસો છે. આપણાં સંતાનો આ વારસાની કિંમત સમજી આખા વિશ્વને કહે છે કે વિશ્વબંધુત્વ અને પ્રેમનો સંદેશો લઈને આખી દુનિયામાં ચારે તરફ તેનો પ્રસાર કરવાનું પણ શીખવજો. સંસારમાં ત્રણ પ્રકારના મનુષ્યો જોવા મળે છે. એક ભાવ જગતમાં જીવવાવાળા, બીજા વિચારજગતમાં જીવવાવાળા અને ત્રીજા ક્રિયાજગતમાં જીવવાવાળા. તો ત્રણ પ્રકારની ભાવદશા જોવા મળે છે. એક તો આપણી પાસે દિમાગ છે, બુદ્ધિ છે, બીજું આપણી પાસે દિલ છે, ત્રીજું આપણી પાસે હાથ છે. હવે ધ્યાન આપો! જ્યારે સત્ય સ્વરૂપ પરમાત્મામાં બુદ્ધિ પ્રગટ થાય છે, તો તેને જ્ઞાન કહેવામાં આવે છે. આપણી ભાવનામાં ભગવાન પ્રગટે ત્યારે તેને ભક્તિ કહે છે. જો તમારા હાથના માધ્યમથી ભગવાન પ્રગટે તો તેને કર્મયોગ કહે છે. તો જ્ઞાનયોગ, કર્મયોગ અને ભક્તિયોગ બને એવા પ્રયાસો આપણે નિરંતર કરવાના છે.

વેદમાં તો કહેવાયું છે કે મારો હાથ ભગવાન છે. ઋષિનું ચિંતન ખૂબ જ અદ્ભુત છે. ભલે તમે બુદ્ધિના માધ્યમથી જ્ઞાનપથ પર ચાલો કે ભાવનાથી ભક્તિને મેળવો કે હાથથી કર્મયોગમાં યુક્ત બનો, પણ તમારા જીવનમાં આનંદ અને શાંતિ તો હોવાં જ જોઈએ. જીવનમાં સુખ મળે, શાંતિ મળે, આનંદ મળે એને જ ભગવાન મળ્યા એમ કહેવાય. સુખ, શાંતિ અને આનંદનો યોગ એનું જ નામ ભગવાન છે.



ભગવાન માત્ર સત્સંગથી પ્રસન્ન નહીં થાય. એવું કેવું કે તમે ભગવાનનું નામ લો અને તેમનું કામ ન કરો?

હનુમાનજી 100 યોજન સમુદ્ર પાર કરીને લંકા પહોંચ્યા હતા. તે સમયે વિભીષણજી નિદ્રાધીન હતા. હનુમાનજી ત્યાં પહોંચે છે પછી જાગે છે. સંતોએ તેનો અર્થ એવો કર્યો છે કે વિભીષણ રામભક્ત તો હતા પરંતુ નિદ્રાધીન હતા.

માત્ર માળા કરનાર જ ભક્ત છે એવું નથી. આપણે જાગૃત ભક્ત બનવાનું છે. માટે જ ભગવાનનું નામ તો લો જ અને સાથે તેમનું કામ પણ કરવાનું છે.

કથાબિંદુ

મુનિ રાજપુણ્ય વિજય

વૃદ્ધ માજીની ઉદારતા

મોતીશા શેઠ! જિનશાસનના ઉદારચરિત ધર્માત્મા. શત્રુંજય ઉપર ગગનચુંબી જિનાલય બનાવવાની ભાવના, પણ કોઈએ મશ્કરી કરતા કહ્યું : 'શત્રુંજય ઉપર બિલકુલ જગા નથી. હા, સમીપમાં વિશાળ ખાડો છે, તે પુરાવીને ત્યાં જિનાલયનું નિર્માણ કરાવો.' મોતીશા શેઠે ખાડો પુરાવ્યો અને વિશાળ જિનાલયનું નિર્માણ કરાવ્યું. જોકે, જિનાલયમાં પ્રભુજીની પ્રતિષ્ઠા થાય તે પૂર્વે મોતીશા શેઠ દિવંગત થયા. તેમના સુપુત્ર ખીમચંદભાઈ. શેષ કાર્ય તેમણે સંપન્ન કરાવ્યું. પરમાત્માની પ્રતિષ્ઠાનો પાવન પ્રસંગ આવ્યો. હજારો જૈનોને મુંબઈથી પાલિતાણા લાવ્યા. પ્રતિષ્ઠાના પૂર્વ દિવસે સાંજે સૌ ભેગા થયા. પાલિતાણાની અઢારે કોમ માટેના જમણવારની-જાપાચૂંદડીની વિચારણા ચાલતી હતી. ત્યાં રાજસ્થાનનાં એક માજીએ શ્રીસંઘ સમક્ષ કરબદ્ધ ભાવના વ્યક્ત કરી કે આવતીકાલની જાપાચૂંદડીનો લાભ શ્રીસંઘ મને આપે. પાલિતાણાની પાવનભૂમિમાં અઢારે આલમની ભક્તિ કરવાનો લાભ મને ક્યાં મળે? માજીનાં લઘરવઘર અને મેલાં કપડાં જોઈ કાર્યકર્તાઓને શંકા જાગી. તેમણે કહ્યું : 'માજી! જાપાચૂંદડીમાં ચાલીસ હજાર રૂપિયાનો ખર્ચ થશે.' માજી રાજસ્થાની હતાં. વટ સાથે કહ્યું : 'મારા દીકરાઓ! મારાં મેલાં વસ્ત્રો જોઈને તમને મારા ઉપર શંકા થાય છે ને કે હું રૂપિયા ભરીશ કે નહીં! તો લો, રૂપિયા પહેલાં જ ભરી દઉં!' કહી પોતે રાજસ્થાનથી ઓઢવા માટે જે ગોદડી લાવ્યાં હતાં, તે મંગાવી. ગોદડી આવી એટલે એને ચારેય બાજુથી ફાડવા કહ્યું. જ્યાં કાર્યકર્તાઓએ ગોદડી ફાડી ત્યાં રૂપિયાનો વરસાદ થયો. ગોદડીમાંથી સિત્તેર હજાર રૂપિયાની કડકડતી નોટો નીકળી. સૌએ વિસ્મયભાવ સાથે મોમાં આંગળાં નાખી દીધા! ધન્ય માજી! ધન્ય ભાવના!




જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

સંત માર્ગ પર પગલાં માંડવાથી સુખ, શાંતિ અને સ્થિરતા લેશમાત્ર દૂર નથી રહેતાં

કોનું બળ ?



રામાયણના કિષ્કિન્ધાકાંડની આ કથા છે. 'સીતાજી રાવણ રાજ્ય શ્રીલંકામાં છે' તે વાત અંગદની ટુકડીને નિશ્ચિત થઈ ગઈ હતી. સીતાજીને મળીને ભગવાન શ્રીરામનો સંદેશો આપવાનો હતો. '100 યોજન લાંબા વિશાળ સમુદ્રને ઉલ્લંઘીને કોણ સંદેશો આપે?' તે નિર્ણય લેવાનો હતો. ટુકડીના સૌ વાનરો પોતપોતાનું બળ સામર્થ્ય જણાવવા લાગ્યા. ગજે કહ્યું, 'હું દશ યોજન કૂદી શકું છું.' તો ગવાક્ષે વીસ યોજનનું કહ્યું. ગવય, ઋષભ, મૈન્દ, દ્વિવિદ, સુષેણ વગેરેએ પોતપોતાનું બળ જણાવ્યું, પણ એંસીથી આગળ કોઈ વધ્યું નહીં. સો યોજનના દરિયાને પાર કરવાની શક્તિ અંગદમાં હતી, પરંતુ રાક્ષસપુત્ર અક્ષય સામે લડવામાં તેમને શાપ વિઘ્નરૂપ હતો તેથી પાછા ફરાશે કે નહીં તે શંકા હતી. વૃદ્ધાવસ્થાને લીધે જાંબુવાન પણ લાચાર હતા. તે સમયે જાંબુવાને હનુમાનજીને કહ્યું, 'હનુમાનજી! તમે તો અતુલિત બળના ધારક છો, છતાં કેમ ચૂપચાપ બેઠા છો? તમારું બળ કેમ નથી જણાવતા?' હનુમાનજીના મૌનનું રહસ્ય સમજાવતા કથાકારો કહે છે કે, 'હનુમાનજી એમ દૃઢપણે માનતા હતા કે મારી પાસે મારું કોઈ બળ નથી. તો હું શું બોલું?' ભગવાનના ભક્તો, સંતોની આ જ વિશેષતા છે તેઓ પોતાનું કાંઈ છે તેમ માનતા જ નથી. જે કંઈ બળ-શક્તિ છે તે ભગવાનની જ છે તેમ દૃઢપણે તેઓ સમજે છે અને તે પ્રમાણે જ વર્તે છે.

આ અનુભવ ઇ.સ. 1988ના 13 જૂનના દિવસે કેનેડા દેશની સંસદને પણ થયો. આ દિવસે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજને કેનેડાની સંસદે સન્માન કરવા ચાલુસત્રે આમંત્રેલા. તેઓ પધારતા જ સંસદના અધ્યક્ષ શ્રીજ્હોન ફેઈઝરે જાહેરાત કરી 'I wish to draw attention of member of the presence in the gallery of Pramukh Swami Maharaj head of Swaminarayan mission, હું સ્વામિનારાયણ સંસ્થાના વડા પ્રમુખસ્વામીની ઉપસ્થિતિ તરફ સૌ સંસદ સભ્યોનું ધ્યાન દોરવા માંગું છું.' આ ઉદ્‌ઘોષણા સાથે જ સંસદ ભવન તાળીઓના ગડગડાટથી ગૂંજી ઊઠ્યું. સૌની નજર આમંત્રિત મહાનુભાવોની ગેલેરી તરફ મંડાઈ. સૌ આતુર હતા પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના દર્શન માટે, કારણ કે કેનેડા સંસદ ભવનમાં પ્રથમ વાર જ કોઈ હિન્દુ ધર્મગુરુ આવું સન્માન પામી રહેલા. જ્યારે સર્વે પ્રમુખસ્વામી મહારાજના દર્શન માટે ઉત્સુક હતા ત્યારે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ ઊભા નહોતા થયા. તેઓ જે સંત પાસે હરિકૃષ્ણ મહારાજ એટલે કે ભગવાન સ્વામિનારાયણની ચલમૂર્તિ હતી તેમને ભગવાન સાથે ઊભા થવા સમજાવી રહેલા, કારણ કે તેઓ દૃઢપણે માનતા હતા કે આ સન્માન ભગવાન સ્વામિનારાયણનું, હરિકૃષ્ણ મહારાજનું જ છે. મારાથી જે કર્મ થાય છે તે ભગવાનના બળે જ થાય છે, તે વિના હું કંઈ જ કરવા સમર્થ નથી. સંતો, ભક્તોનાં જીવનમાં કાયમ સ્થિરતા, આનંદ રહે છે, તેનું રહસ્ય એ છે કે તેઓ ભગવાનને જ સર્વકર્તાહર્તા સમજે છે. આ પ્રમાણે જે નથી વર્તી શકતા તેને પ્રશ્નો મૂંઝવે છે, હતાશા, નિરાશા ચોંટી પડે છે.

મહાભારતના યુદ્ધના પ્રારંભમાં શોકસાગરમાં ડૂબેલા અર્જુનને બહાર લાવવા ભગવાન શ્રીકૃષ્ણે આ જ વાત દૃઢાવી હતી 'निमित्तमात्रं भव सव्यसाचीन्' 'હે અર્જુન! તું નિમિત માત્ર બની રહે. એટલે કે કરનાર કોઈ બીજો છે તું તો કેવળ નિમિત્ત જ છે.'

'કોની પ્રેરણાથી મન, પ્રાણ, આંખ, કાન વગેરે કાર્યરત થાય છે?' કેન ઉપનિષદનો આ મુખ્ય પ્રશ્ન છે. આ પ્રશ્નના ઉત્તર રૂપે એક આખ્યાન આ ઉપનિષદમાં જણાવવામાં આવ્યું છે.

એક વખત દેવો અને દાનવો વચ્ચે ભયંકર યુદ્ધ થયું. ભગવાનના પ્રતાપે દેવો જીત્યા, અસુરો હાર્યા. જીતના આનંદમાં દેવો પોતાની શક્તિની પોતે જ પ્રશંસા કરવા લાગ્યા. તે સમયે યક્ષરૂપે ભગવાન પોતે જ ત્યાં પ્રગટ થયા. આ નવા આગંતુક કોણ છે? તે જાણવા પ્રથમ અગ્નિદેવ યક્ષ પાસે ગયા. પોતાનો પરિચય આપતા તેમણે કહ્યું કે 'આ પૃથ્વી પર જે કંઈ છે, એ બધું હું ચપટીમાં બાળી નાખવા સમર્થ છું.' યક્ષે એક તણખલું તેમની સામે મૂક્યું અને તે તણખલાંને બાળવાનું કહ્યું. ઘણા પ્રયત્નો છતાં અગ્નિદેવ નિષ્ફળ રહ્યા. ત્યાર બાદ બધા જ દેવો પોતાની શક્તિનો પ્રયોગ કરવા છતાં નિષ્ફળ બની રહ્યા. અંતે દેવોના દેવ ઈન્દ્ર પોતે જ ગયા. તે સમયે યક્ષ અદૃશ્ય થઈ ગયા. તેમના સ્થાને ઈન્દ્રને ઉમાદેવીના દર્શન થયાં. ઉમાદેવીએ રહસ્ય પ્રગટ કરતાં કહ્યું, 'જે કંઈ તમે કરી શક્યા તે કેવળ પરબ્રહ્મ ભગવાનની કૃપાથી જ થઈ શક્યું છે. તેની પ્રતીતિ કરાવવા જ ભગવાન યક્ષરૂપે આવ્યા હતા.'

ભક્તકવિ નરસિંહ મહેતા કહે છે, 'હું કરું, હું કરું એ જ અજ્ઞાનતા, શકટનો ભાર જેમ શ્વાન તાણે.' ગાડાં નીચે ચાલતો કૂતરો માને કે 'હું ગાડું ચલાવું છું' તેના જેવી મૂર્ખતા 'હું કરું છું' તેમ માનનારા માનવી કરે છે.

આપણાથી થતા કાર્યની પ્રેરણા કે સફળતામાં ઊંડા ઊતરીએ તો તરત જ જણાય કે 'કરનાર કોઈ બીજો છે. જે સાક્ષાત્ ભગવાન છે.' પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ જેવા સંતો-ભક્તોનો આ અનુભવ છે. આ સંત માર્ગ છે અને તેના પર પગલાં માંડીએ તો સુખ-શાંતિ અને સ્થિરતા લેશમાત્ર દૂર નથી રહેતાં.

jivanmangalam@gmail.com




ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

જીવન જીવવા માટે પ્રાણવાયુ જરૂરી છે તેમ ભગવદ્‌કથા અને સત્સંગ પણ જરૂરી છે

વિવેક-વિનય-વ્યવહારશુદ્ધતાની ત્રિવેણી સર્જાશે તો આધ્યાત્મિક પથ સુગમ બનશે



જીવનમાં કથા, સત્સંગ, પ્રવચનનું આગવું મહત્ત્વ છે. વ્યક્તિ જ્યારે કથા-સત્સંગ કે પ્રવચન સાંભળે ત્યારે તેનામાં એક જાગૃતિ આવે, એક વિચાર આવે કે આ ખોટું થઈ રહ્યું છે. સત્સંગમાં એક પ્રકારનો આ વિવેક હોય છે કે શું સાચું અને શું ખોટું? ખોટાને ખોટી રીતે જ જોવાવું જોઈએ. દોષને દોષ તરીકે જ માનવા જોઈએ. જો આટલું થઈ જાય તે પણ સત્સંગનો એક મોટો લાભ કહી શકાય. લોકો ટેવ અથવા શોખની વાત કરે છે.

કથા એ ટેવ નથી, સત્સંગ એ શોખ નથી. શું તમને કથા સાંભળવાનો શોખ છે? હું કહું છું કે તે શોખ નહીં, પણ અનિવાર્ય છે. જેવી રીતે જીવન જીવવા માટે ભોજન અનિવાર્ય છે, જળ અનિવાર્ય છે. આનાથી પણ સૂક્ષ્મ રીતે કહીએ તો જેમ જીવન જીવવા માટે પ્રાણવાયુ જરૂરી છે તેમ જીવનમાં ભગવદ્‌કથા અને સત્સંગ પણ જરૂરી છે. પુનરોચ્ચાર કરીને કહીએ તો જરૂરી જ નહીં, અનિવાર્ય છે. સત્સંગ ન હોય તો જીવન બગડી જાય.

તમારે બે કામ કરવાનાં હોય અને તમારી પાસે સમય બહુ ઓછો હોય તો જે વધારે મહત્ત્વનું કામ હોય તે તમે પહેલાં કરશો એમ જીવન બહુ થોડું છે, એમાં વધારે મહત્ત્વની વાત હોય તો એ છે આત્મસાક્ષાત્કાર. હવે જિંદગી થોડી છે, મહત્ત્વનું કામ આપણે કરતાં નથી અને નકામી વાતોમાં જીવન મૂલ્યવાન વેડફાઈ જાય છે. આવી બેવકૂફી કરે છે તો પણ માણસ પોતાની જાતને બુદ્ધિશાળી માને છે.

બેવકૂફીને સમજદારી સમજવી એ જ સૌથી મોટી બેવકૂફી છે. આ માટે તો કહેવાયું છે કે તમને અનિત્યતાનું ભાન ન થાય તો દોષ દેખાય છે. શરીરમાં શું છે? હાડકાં છે, માંસ છે અને ઉપર ચામડી મઢેલી છે. શરીર અસ્થિ, માંસ, ચામડીથી બનેલું છે તેમાં શું છે? શરીરની ઉપરનું પેકિંગ બહુ સરસ છે. તેથી, સારું લાગે છે. ચામડી ઊતરડ્યા પછી ફોટા પાડજો અને મઢાવીને રાખજો. ફોટા મઢાવીને રાખે છે. ઘરમાં પણ કોઈએ પોતાના એક્સ-રેને મઢાવીને રાખ્યા? એક્સ-રે છે તે અંદરનું બતાવે છે, શું છે શરીર?

તમને ખીર બહુ ભાવતી હોય અને કોઈકને ઘરે ત્યાં જાઓ અને એ એમ કહે કે, આજે તો ખીર બનાવી છે, લ્યો થોડી ખાવ. ત્યારબાદ નોકર ખીર લઈ આવે અને તમને કાનમાં કહે કે, બિલાડીએ મોઢું નાખ્યું છે એટલે તમને આપે છે, નહીં તો આ કોઈને ખવડાવે. બિલાડી બોટી ગઈ છે. પછી ભલે ખીર ભાવતી હોય પણ એમાં દોષદૃષ્ટિ થઈ ગઈ હોય ને એટલે ખાશો નહીં. તરત જ ખીરનો ત્યાગ કરશો, એમાં દોષદૃષ્ટિ થઈ ગઈ એટલે તેના તરફ વૈરાગ્ય થઈ જાય.

એ જ રીતે જે વ્યક્તિમાં તમને દોષ દેખાશે તેનાથી વૈરાગ્ય થશે, એટલા માટે શરીરના અને સંસારના દોષ પ્રગટ કરવામાં આવ્યા છે. એ દોષ દ્વારા શરીરની કે સંસારની નિંદા કરવાનો આશય નથી, પણ આપણી આસક્તિ ટળે અથવા તો આસક્તિ દૂર થાય તે માટેનો આશય છે.

માટે જીવનમાં સત્સંગ અપનાવો. સત્સંગથી વિવેક જાગૃત થશે. વિવેક-વિનય-વ્યવહારશુદ્ધતાની ત્રિવેણી સર્જાશે તો આધ્યાત્મિક પથ સુગમ બની જશે.





જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

ભગવાનનો અનન્ય ગુણ તેમની ભક્તવત્સલતા છે. ક્યારેય ભક્તોનાં દુઃખ જોઈ નથી શકતા





રામ અને ઘનશ્યામનો જીવન સંદેશ

સૃષ્ટિની ઉત્પત્તિથી અદ્યપર્યંત ભરતખંડની આધ્યાત્મિકતાએ અનેક પવિત્રાત્માઓને પોતાની તરફ આકર્ષિત કર્યા છે. પ્રાચીન સમયથી આધુનિક સમય સુધીના ઇતિહાસમાં ડોકિયું કરીએ ત્યારે જણાય છે કે, ભગવાનના અવતારો અને સંતોની જન્મભૂમિ ગણાતા ભારત વર્ષ માટે સહુ કોઈને ખૂબ-ખૂબ આદર છે. અગિયારમી સદીમાં ભારત આવેલ એક આરબ પ્રવાસી 'ઇદી રાસી' હોય કે પેરિસના 'ફ્રાંસ્વા ગોટીયર' હોય, જર્મન તત્ત્વચિંતક 'અગસ્ત સ્લેઝર' હોય કે ભારતના મૂર્ધન્ય કવિવર 'રવીન્દ્રનાથ ટાગોર' હોય. પ્રત્યેકનો એક જ સૂર છે, 'India has been blessed with many yogic, religious, philosophical traditions by numerous great spiritual leaders.' અને તેથી જ ભગવાન શ્રીકૃષ્ણનારાયણે પણ શ્રીમદ્ ભગવદ્ ગીતામાં કહ્યું છે કે, 'સમ્ભવામિ યુગે યુગે' અર્થાત્ 'જ્યારે જ્યારે આ પૃથ્વી ઉપર ધર્મની ગ્લાનિ થાય છે, ત્યારે ત્યારે એકાંતિક ધર્મનું સ્થાપન કરવા માટે ભગવાન સ્વયં આ પૃથ્વી ઉપર અવતાર ધારણ કરે છે.' ભગવાન સ્વયં આપણા જેવા થઈને, મનુષ્યરૂપ ધારણ કરીને, આપણી વચ્ચે આવે છે, રહે છે, આપણી સાથે હળે-મળે છે, આપણાં સુખોમાં કે દુઃખોમાં ભાગીદાર થઈને આપણને સાચવે છે, પોતાની લીલા-સ્મૃતિઓ આપીને આપણને ધન્ય કરે છે અને જીવપ્રાણીમાત્રને પોતાના સંબંધે માયા પાર કરીને પોતાના દિવ્યધામને પમાડે છે. ભગવાન તો કરુણાના સાગર છે; તેઓ સ્વયં આપણા જેવા થઈને આપણી વચ્ચે પધારે, ત્યારે જ ખરા અર્થમાં આપણે તેઓને ઓળખી શકીએ, દિવ્યભાવપૂર્વક તેઓની ભક્તિ કરી શકીએ.

ખરેખર, ભગવાન શ્રીકૃષ્ણની આ વાતના આપણે સૌ સાક્ષી છીએ કે ત્રેતા યુગમાં શ્રીરામચંદ્રજી ભગવાને, દ્વાપર યુગમાં શ્રીકૃષ્ણ ભગવાને અને સાંપ્રત યુગમાં ભગવાન સ્વામિનારાયણે પ્રગટ થઈને મનુષ્યોને જીવનનો સાચો માર્ગ બતાવી કલ્યાણમાર્ગે અર્થાત્ આધ્યાત્મિકમાર્ગે ઊર્ધ્વગતિ કરાવી છે. માનવને ખરા અર્થમાં જીવન જીવવાની જડીબુટ્ટી દર્શાવી છે.

આપણા જીવનમાં ભગવાનનું સાક્ષાત્ મિલન થવું એથી વિશેષ કઈ ઘટના હોઈ શકે? કારણ કે, ભગવાન તો દરેક માટે આદર્શ હોય છે. જીવનની દરેક અવસ્થામાં અને સંજોગોમાં તેઓ જ આપણને માર્ગદર્શન પૂરું પાડે છે, કારણ કે તેમનું જીવન અને આચરણ દુનિયા માટે સિદ્ધાંતરૂપ બની જતું હોય છે.

ચૈત્ર સુદ નવમી અર્થાત્ રામ જન્મ જયંતી અને હરિ જયંતીનો પરમ પવિત્ર દિવસ. આ પવિત્ર દિને મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રીરામે પોતાના પવિત્ર અવતરણની ધરા બનાવી અયોધ્યાનગરીને. એ જ રીતે પુરુષોત્તમ નારાયણ શ્રીસ્વામિનારાયણ ભગવાને પણ આ જ તિથિએ અયોધ્યા નજીક છપૈયા ગામમાં જન્મ ધારણ કર્યો. આવો, આ બંને અવતારી પુરુષોના જીવન વિશે જાણીએ.

રામચંદ્ર ભગવાનના જીવનનો અભ્યાસ કરતા જણાય કે એક પુત્ર તરીકે રામચંદ્રજી કેવા આદર્શ હશે! કે તેમને વનવાસે મોકલતા પિતા દશરથને એવું વસમું લાગ્યું કે તેમનું પ્રાણપંખેરું ઊડી ગયું! એક પતિ તરીકે રામચંદ્રજી કેવા આદર્શ હશે! કે અગ્નિ પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર સીતાજીનો ત્યાગ કરવા છતાં સીતાજીને તેઓ વિશે ક્યારેય સંશય થયો નથી. એક પિતા તરીકે રામચંદ્રજી કેવા આદર્શ હશે! કે પુત્ર લવ અને કુશને સત્ય જણાવવામાં સંકોચ ન થયો અને યુદ્ધ લડવા માટે પણ તૈયાર થયા. વાસ્તવિકરૂપમાં આવી ઈશ્વરીય વિભૂતિનું જીવન અને કાર્ય વ્યક્તિગત નહીં, પરંતુ સમાજના ઉદ્ધાર માટે જ હોય છે. એક બીજું પાસું જોઈએ, કે ભક્તવત્સલ શ્રીરામચંદ્રજીને એંઠા બોર જમાડનાર શબરી કે પછી કલમ દ્વારા રામનામ લખનાર તુલસીદાસ વગેરે ભક્તો કેવળ રામનામથી અમર બની ગયાં અને તેઓના ગુણોનું ગાન આજે પણ ગવાય છે. કહેવાનું તાત્પર્ય એટલું જ કે, ભગવાનના માર્ગે ચાલવાથી વ્યક્તિ શાશ્વત સુખ અને શાંતિનો અનુભવ કરે છે.

ભગવાન સ્વામિનારાયણના જીવનમાંથી પણ આપણને એક વાત જરૂર શીખવા મળે છે. ભગવાનનો એક અનન્ય ગુણ છે તેમની ભક્તવત્સલતા. ભગવાન ક્યારેય પણ પોતાના ભક્તોનાં દુઃખ જોઈ નથી શકતા. ભક્તના જીવનમાં આવતાં દુઃખોમાં ભગવાન સ્વયં સહભાગી થતાં હોય છે. આજે વિશ્વના કરોડો ભક્તો ભગવાન સ્વામિનારાયણે પોતાના ગુરુ રામાનંદ સ્વામી પાસે માગેલાં બે વરદાનોનું ફળ માણી ધન્ય બની રહ્યા છે. દરેકના રામ બની રહેનાર ભક્તવત્સલ ભગવાન સ્વામિનારાયણે બે વરદાન માગ્યાં કે, 'મારા ભક્તના પ્રારબ્ધમાં જો ભીખ માંગવાનું અને વીંછી કરડવાનું દુઃખ લખ્યું હોય તો તે મને આવે પણ મારો ભક્ત ક્યારેય દુઃખી ન થાય.'


ભગવાન દરેક માટે આદર્શ હોય છે. જીવનની દરેક અવસ્થામાં અને સંજોગોમાં તેઓ આપણને માર્ગદર્શન પૂરું પાડે છે, કારણ કે તેમનું જીવન અને આચરણ દુનિયા માટે સિદ્ધાંતરૂપ બની જતું હોય છે

વિશ્વ ઇતિહાસના ફલક ઉપર પોતાના ભક્તો માટે સર્વસ્વ કૃષ્ણાર્પણ કરનાર આવા ભગવાનનો જોટો જડે નહીં. ભગવાન સ્વામિનારાયણે સંસ્કૃતિના આધારસ્તંભો સમાન મંદિરો, શાસ્ત્રો અને સંતો-પરમહંસોની ભેટ આપીને સમાજની કાયાપલટ કરી છે. તેઓના દર્શનમાત્રથી અનેક લોકોને સમાધિ થઈ જતી, જેમાં બધાને પોત-પોતાના ઈષ્ટદેવનાં દર્શન થતાં.

નડિયાદના અંગ્રેજ કલેક્ટર બિશપ હેબરને આશ્ચર્ય તો ત્યારે થયું કે જ્યારે ભગવાન સ્વામિનારાયણે નિમંત્રણ દેવા મોકલેલા સાત ભક્તો પૈકી કોઈક વાણિયા, કોઈક બ્રાહ્મણ, કોઈક કાઠી, કોઈક કોળી, કોઈ મુસલમાન, કોઈ પારસી અને કોઈક પાટીદાર હતા. અભેદવર્ણ અને જ્ઞાતિ-જ્ઞાતિથી મુક્ત થઈને સૌ ભક્તોને એક મંચ પર પ્રભુભજન કરાવનાર ભગવાન સ્વામિનારાયણે આપણને 'વસુધૈવ કુટુમ્બકમ્'ની ભેટ આપી છે. ગીતાના 14મા અધ્યાયના 20મા શ્લોક પ્રમાણે 'મનુષ્ય ત્રણ ગુણોના બંધનથી મુક્ત થાય ત્યારે અમૃતને પામે છે.' આ ત્રિગુણમયી માયાથી મુક્ત થવાનું સુંદર જ્ઞાન ભગવાન શ્રીસ્વામિનારાયણે પોતાના ઉપદેશોમાં તો આપ્યું પણ એ પ્રમાણે જીવનાર ભગવત્સ્વરૂપ ગુણાતીત સંતની ચીરકાળ સુધી આ ધરાને ભેટ અર્પી છે - પ્રમુખસ્વામી મહારાજ અને મહંતસ્વામી મહારાજ સ્વરૂપે.

આવા સાચા સંતમાં તમામ ભગવાનના અવતારો, મહાપુરુષો, તીર્થો માત્ર પ્રગટ રહી આપણને સુખ-શાતા પમાડે છે અને એટલે જ આજે પ્રમુખસ્વામી મહારાજમાં દરેકને રામ મળ્યાનો અનુભવ થાય છે; તેમનાં શ્રીચરણોમાં તેમના શતાબ્દી પર્વે કોટિ-કોટિ વંદન.

jivanmangalam@gmail.com



ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

સર્વને સદ્-વિચારોથી ઓતપ્રોત કરનારું માધ્યમ એટલે કથા

શ્રીકૃષ્ણની પ્રાપ્તિ, ભગવદ્ રસની અનુભૂતિ વ્યક્તિને ઉદાર બનાવે છે. મારું-તારું એવી સંકુચિતતા ભૂલી જવાથી તેનું જીવન ઉત્સવ બની જાય છે. નંદ બધાંને ઉદારતાથી રસાસ્વાદ વહેંચે છે. કોઈપણ વાત હોય પછી તે ઇતિહાસ, ભૂગોળ, ખગોળ કે ઉપદેશાત્મક હોય બધાંનો સમાવેશ આ કથામાં થાય છે. 'ક'નો એક અર્થ બ્રહ્મ થાય છે. બ્રહ્મના રસનું જે પાન કરાવે છે, તે કથા છે. 'ક' એટલે રસ. એટલે કે જે રસમાં સ્થિત કરાવી દે તેનું નામ 'કથા' છે. કથામાં ઉપદેશ નિરૂપિત છે. શ્રીમદ્ ભાગવત પણ રસસ્વરૂપ છે. રસનું પ્રાગટ્ય એટલે જ શ્રીકૃષ્ણનું પ્રાગટ્ય. આવો રસ પ્રગટ કરાવે અને તેમાં સ્થિત કરાવી દે એનું નામ 'કથા.' આ કથાનું કાર્ય વિચારોનું પરિવર્તન કરવાનું પણ છે. નકારાત્મક, દુર્વિચારોનો ત્યાગ અને સકારાત્મક, સદ્-વિચારોનું ગ્રહણ પણ કરાવે છે.

માણસને બદલવા માટે માણસના વિચારો બદલવાની જરૂર છે અને માણસ ક્યારે બદલાય? જ્યારે તેના વિચારો બદલાય. વિચારો બદલવાનું કે સંસ્કૃતિના વિચારોને સંસ્કારિત કરવાનું જે માધ્યમ છે, તે શિક્ષણ છે. તમને ખબર જ હશે કે શસ્ત્ર મસ્તક કાપવાની વાતો કરે છે. જ્યારે શાસ્ત્ર મસ્તક બદલવાની અર્થાત્ વિચારોને બદલવાની વાત કરે છે. આવા વિચારો સંસ્કારિત થઈ શકે અને આવા માધ્યમો નિર્માણ કરવાની જરૂર છે. ભાગવત કથા પણ આવાં જ માધ્યમોમાંનું એક માધ્યમ છે. એ માધ્યમથી વિચારો ઝીલવા માટે સમાજ પણ તત્પર છે.

માણસ ક્યારે બદલાય? જ્યારે તેના વિચારો બદલાય

માણસની અંદર એક વૃત્તિ છે કે બીજા કરતાં હું મોટો ગણાવો જોઈએ. એ જે વૃત્તિ છે એ કઈ રીતે પોષણ પામશે? મારા પાડોશી પાસે ટીવી છે તો મારી પાસે પણ ટીવી છે. મારા સગાંઓ પાસે મોટરકાર છે તો મારી પાસે પણ મોટરકાર છે. મારાં પરિચિતો પાસે સારું મકાન છે. જો આવું જ બધાં વિચારશે તો પછી કયો સમાજ, કયો દેશ આગળ વધશે?

જોકે, એક ભવિષ્યની વાત કરવી છે. આવનારા દિવસોમાં પરિસ્થિતિ એવી આવશે કે જેની પાસે વધારે સાધનો હશે અથવા તો પૂર્ણ વિકાસ થયો હશે તેઓ આગળ નહીં કહેવાય, પરંતુ પરિસ્થિતિ એવી આવવાની છે કે એ રાષ્ટ્ર સૌથી વધુ સમૃદ્ધ ગણાશે કે જેની સંસ્કૃતિ સમૃદ્ધ હશે. આજે પણ કહી શકાય કે આપણે સાંસ્કૃતિક રીતે સમૃદ્ધ છીએ. આવી સાંસ્કૃતિક સમૃદ્ધિ ધરાવનારા દેશ તરીકે આપણા ભારતની આગવી વિશેષતા છે. એટલા માટે જ આપણે આપણી સંસ્કૃતિને જાળવવાની, ટકાવવાની અને તેનું સંરક્ષણ અને સંવર્ધન કરવાની તત્પરતા દાખવવી પડશે.



આપણાં શાસ્ત્રો, આપણા ઋષિઓ કહે છે કે કોઈ ઘટના આકસ્મિક સર્જાતી નથી. ત્યાં તો બધું જ ઈશ્વરના નિયમાનુસાર ચાલે છે. ચોક્કસ નિયમ તેની પાછળ કામ કરી રહ્યો છે. આપણાં શાસ્ત્રો કહે છે કે આ બધું જ બ્રહ્મ છે. આ પરમ ચૈતન્ય સિવાય કંઈ જ નથી. આ વ્યાપક છે અને વ્યાપકનો અર્થ છે કે જ્યાં અભાવ ન હોય. સર્વત્ર, સર્વદા નિત્યત્વ છે. માટે જ તેને 'સચ્ચિદાનંદ' કહે છે અને એવા સચ્ચિદાનંદ પ્રભુ છે. સત્ શાશ્વત છે, ચિત ચૈતન્ય છે. તે જડ નથી અને ત્યાં આનંદથી નિત્ય રસવર્ષા થાય છે. અહીં તે શુષ્ક નહીં પરંતુ સત્, ચિત્ અને આનંદ સ્વરૂપ છે. તે શાશ્વત છે, રસથી ભરપૂર છે. આનંદ તેનું સ્વરૂપ છે. આ તો વ્યાપક છે એટલે જ તે કોઈમાં દેખાય છે અને કોઈમાં તે વ્યક્ત થતી નથી. આવા સચ્ચિદાનંદ પરમાત્માને સત્સંગના માધ્યમથી આપણે જાણીએ તો બધાં જ ભય, તણાવમાંથી મુક્ત થઈને સકારાત્મક જીવન જીવી શકવા સમર્થ બનીશું.



જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

મહારાજે આપેલા વિચારમાંથી રોજના કેટલાય પ્રશ્નોનો ઉકેલ મળતો



જરૂર કેટલી?

ભક્ત કવિ સંત કુંભનદાસ સવારે પૂજા કરતા હતા. તેમણે તેમની દીકરીને બોલાવીને કહ્યું, 'બેટા, અરીસો ઢોળાઈ ગયો છે માટે નવો લાવ.' અરીસો તૂટી જાય પણ ઢોળાઈ જાય? આ નવાઈ લાગે તેવી વાત છે. હકીકત એ હતી કે સંત કુંભનદાસ તિલક કરવા પડિયામાં પાણી ભરતા અને તેમાં મુખનું પ્રતિબિંબ જોતા જોતા તિલક કરતા. અરીસાના સ્થાને પાણી ભરેલ પડિયો વાપરવો તે સંતની સાદગી હતી. જીવનમાં બને તેટલી ઓછી સુવિધાઓનો ઉપયોગ કરવો તે સંતની જીવનશૈલી હોય છે. આ જીવનશૈલી પાછળનો વિચાર હોય છે કે 'આ વસ્તુની જરૂર કેટલી છે?'

1980ની સાલમાં પ્રમુખસ્વામી મહારાજે મોતિયાનું ઓપરેશન કરાવ્યું હતું. હવે તેમના ચશ્માના નંબર બદલાયા. ચશ્મામાં નવા કાચ નંખાવવા એક હરિભક્તને ચશ્મા આપ્યા. તેઓએ ચશ્માના કાચ તો બદલાવ્યા પણ સાથે સાથે ફ્રેમ પણ બદલી. નવી, સુંદર અને કીમતી ફ્રેમમાં નવા નંબરના કાચ જડી તેઓ લઈ આવ્યા. તે જોઈ પ્રમુખસ્વામી મહારાજે તરત જ પૂછ્યું : 'આ નવી ફ્રેમ કેમ કરાવી?' 'બાપા, આ સારી લાગશે.' પેલા હરિભક્તે જણાવ્યું. પણ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે જૂની ફ્રેમ જ રાખવાનો આગ્રહ ચાલુ રાખ્યો. પેલા ભક્ત પણ આકર્ષક ફ્રેમવાળા ચશ્મા માટે દલીલ કરતા રહ્યા. ત્યારે પ્રમુખસ્વામી મહારાજે તેઓને પૂછ્યું : 'મારે જોવાનું છે તે કાચમાંથી છે કે ફ્રેમમાંથી?' આ સાંભળતા તે હરિભક્ત નિરુત્તર થઈ ગયા. પ્રમુખસ્વામી મહારાજે જૂની સસ્તી અને સાદી ફ્રેમથી જ કામ ચલાવ્યું.

કોઈ પણ વસ્તુનો ઉપયોગ કરતા પ્રમુખસ્વામી મહારાજનો આ જ વિચાર રહેતો કે આનો ઉપયોગ શા માટે થાય છે? આમાં ખર્ચ ઓછો થાય તેમ છે? આ વસ્તુની ખરેખર જરૂર છે?

એક વખત સુંદર રીતે ગૂંથેલું માળાનું ફૂમતું જોઈ પ્રમુખસ્વામી મહારાજે કાતર મગાવી કપાવી નાખેલું. આવડા મોટા ફૂમતાંની જરૂર છે? રાતના આંખના લેન્સ કાઢવા વપરાયેલું ટિશ્યુ તેઓ ઓશીકાં નીચે દબાવી દેતા. સવારે લેન્સ પહેરાવવામાં આવે ત્યારે રાતના વપરાયેલા ટિશ્યુનો જ ઉપયોગ કરતા. તેઓ એમ માનતા કે, દરેક વખતે નવા ટિશ્યુ વાપરવાની જરૂર ખરી? વોકિંગમાં પણ રસ્તો સૂઝે તેટલી જ લાઇટ તેઓ ચાલુ રખાવતા. વધારાની લાઇટો અવશ્ય બંધ કરાવતા. તેઓને એક જ વિચાર રહેતો કે વધારે પાવર વાપરવાની જરૂર ખરી? રોજ સંડાસ ગયા પછી તેઓ હાથ ધોવા માટીનો જ ઉપયોગ કરતા. તે સમયે ધૂળ જેવા પદાર્થમાં પણ તકેદારી રાખતા ભલે, ધૂળનું કોઈ વિશેષ મૂલ્ય નથી તોય તેઓ કહેતા વધારે વાપરવાની જરૂર ખરી?

ગાંધીજીએ આ જ વિચાર કરેલો કે મારે કેટલી વસ્તુની જરૂર છે? જરૂર કરતાં વધારે પદાર્થનો ત્યાગ કરતા તેમણે જીવનભર બે જ કપડાંથી ચલાવ્યું હતું. વેટિકનમાં પોપ જ્હોન પોલને મળવાનું હોય કે યુ. એસ. એ.ના રાષ્ટ્રપ્રમુખ ક્લિન્ટન સાથે મુલાકાત હોય, ભારતના રાષ્ટ્રપતિભવનમાં રાષ્ટ્રપતિ ઝૈલસિંઘ સાથે મુલાકાત હોય, કે લંડનમાં બકિંગહામ પેલેસમાં પાટવીકુંવર ચાર્લ્સને મળતા હોય, બ્રિટનની પાર્લામેન્ટ હોય કે કેનેડાનું સંસદભવન હોય પ્રમુખસ્વામી મહારાજ રોજ પોતે ધારતા તે બે ભગવા કપડાં પહેરીને જ ગયા છે જીવનભર તેમણે બે જોડી કપડાંથી જ ચલાવ્યું હતું.

આજે વડીલો હોય કે યુવાનો સૌ વટ પાડવા ધોમ ખર્ચો કરે છે. લગ્ન, કપડાં, વાહન, ફોન વગેરે વસ્તુઓમાં વિચાર કરવા જેવો છે કે આનો ઉપયોગ શેના માટે છે? તેમાં આટલો ખર્ચ જરૂરી છે? પ્રમુખસ્વામી મહારાજે આપેલા આ વિચારમાંથી રોજબરોજના કેટલાય પ્રશ્નોનો ઉકેલ મળી જાય તેમ છે.

એક ભાઈની આર્થિક સ્થિતિ નબળી હતી. તેમની દીકરીનાં લગ્ન કરવાનાં હતાં. સંતોએ સમૂહ લગ્નોત્સવમાં જોડાવવા સમજાવ્યાં, પણ વટ પાડવાની વૃત્તિથી વ્યાજે પૈસા લઈ લગ્નમાં શક્તિથી વધારે ખર્ચો કર્યો. પાછલા જીવનમાં વ્યાજ ભરી ન શક્યા ને દુઃખી થતા જીવનના અંતિમ શ્વાસ લીધા. આવા તો અનંત પ્રસંગો છે. જરૂર વગરના ખર્ચા કરી દુઃખી થતી વ્યક્તિઓના દાખલા આજે જગતમાં શોધવા પડે તેમ નથી.

પ્રમુખસ્વામી મહારાજ જેવા સંતો કાયમ ભગવાન સામે દૃષ્ટિ રાખે છે, તેઓ લોકો શું કહેશે તેમ નહીં પણ ભગવાન શું કહેશે? તેનો જ સતત વિચાર કરતા હોય છે તેથી તેમને ક્યારેય દુઃખી થવાનો પ્રશ્ન આવતો જ નથી.

જો ભગવાન સામે સતત દૃષ્ટિ હોય, વસ્તુના વપરાશમાં જરૂર કેટલી?નો વિચાર હોય તો સાદાઈ લાચારી નહીં ખુમારી બની રહે છે. સાદગીમાં અફસોસ નહીં આનંદનો અનુભવ થાય છે.

jiyanmangalam@gmail.com



ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

ભગવાનને આપણે મુખ્ય ત્રણ રૂપથી માંડીને અનેક સ્વરૂપ સુધી માન્યા છે

ઈશ્વર: પરમ સત્તા, સંસારના નિયંતાનાં ત્રણ સ્વરૂપ

ઈશ્વર એટલે પરમ સત્તા. આ સંસારના નિયંતા. સૃષ્ટિનું સર્જન, પાલન અને લય કરવાવાળી શક્તિ. આ સૃષ્ટિના અભિન્ન નિમિત્તોપાદાન કારણ વેદાંત દર્શન અનુસાર પ્રત્યેક કર્મનું કોઈને કોઈ કારણ હોય છે. કારણ વિના કોઇ પરિણામ નથી હોતું. સંસાર કાર્ય છે. તે આપણી આંખ સામે ઉપસ્થિત છે. ભગવાનને આપણે પરમ શક્તિ માનીએ છીએ. તેને મુખ્ય ત્રણ રૂપથી માંડીને અનેક સ્વરૂપ સુધી માન્યા છે. જેમાં મુખ્ય સર્જન કરનાર, બીજું પાલન કરનાર અને ત્રીજું રૂપ સંહારરૂપ માન્યું છે. સર્જન કરનારું જે રૂપ છે, તેને બ્રહ્મા કહીએ છીએ, પાલન કરનારને વિષ્ણુ કહીએ છીએ અને સંહાર કરનાર રૂપને શિવ કહીએ છીએ. ભજન કરવું, પ્રાર્થના કરવી, યજ્ઞ કરવો – આ બધાં જ કૃતજ્ઞતાના પદાર્થો છે. આપણે ભગવાનનો આભાર તો માનવો જ જોઇએ. કેમકે આપણે ભણેલા-ગણેલા માણસ હોઇએ તો આપણે અવિનયી ન હોવા જોઇએ. અન્ન જેની કૃપાથી આપણી થાળીમાં આવ્યું. એક અદૃશ્ય દાતા છે, જેની કૃપાથી જ થાળીમાં અન્ન આવ્યું હોય, તેનો તો આભાર માનો.



પ્રાર્થના એટલે ભગવાનનો આભાર માનવો. તમે વિચાર કરશો તો ફરિયાદ નહીં રહે, પરંતુ ભગવાન પ્રત્યે તમારું હૃદય કૃતજ્ઞતાથી ભરાયેલું રહેશે. ભગવાનની તમારી ઉપર કેટલી કૃપા છે. એક સંતે તો કહ્યું છે કે મને ભૂખ લાગી એ પહેલાં જ તેં અનાજ ઉત્પન્ન કરી દીધું છે અને મને તરસ લાગી તે પહેલાં તેં પાણીનું નિર્માણ પણ કરી રાખ્યું છે. મારા આલોક અને પરલોકને ભગવાન તમે સુધારો છો. મારું આ જીવન શાંતિમય અને સુખમય બને તે માટે તમે માર્ગદર્શન કરો છો. પિતા તેના સંતાનને માત્ર ભોજન જ નથી કરાવતો, પરંતુ તેના સંતાનને એ પણ શીખવાડે છે કે શું કરવું અને શું ન કરવું? એટલે કે પિતા પોષણ પણ કરે, રક્ષણ પણ કરે અને શિક્ષણ પણ આપે છે.

પરમાત્મા એટલે પ્રેમનો સાગર અને ધાર્મિક થવું એટલે પ્રેમના એ સિંધુમાંથી એકાદ બિંદુ આપણને મળી જાય એવો પ્રયાસ કરતા રહેવું

ભગવાને આપણને શું નથી આપ્યું? ધરતી આપણને ધારણ કરે છે, વાયુ વહે છે, વરસાદ વરસે છે, સૂર્યનો પ્રકાશ, ચંદ્રનો પ્રકાશ, ફૂલ ખીલે છે. ફળ મળે છે. ઈશ્વરની ખૂબ જ કૃપા છે, યોગક્ષેમનું વહન કરે છે, પરંતુ આવા ભગવાનને ભૂલી જઈએ તેનાથી મોટી કોઈ કૃતઘ્નતા નથી. તમે છેલ્લે ક્યારે ભગવાનનો તેમણે આપેલી આ બધી વસ્તુ માટે તેમનો આભાર માન્યો છે? જો ન માન્યો હોય તો હૃદયપૂર્વક મૌન થઈને પ્રાર્થના કરજો.

મનુષ્યનો પરમ ધર્મ એ છે કે જેનું આચરણ કરતા જ ભગવાનમાં પ્રેમ થાય. હિન્દુ ધર્મની વ્યાખ્યા કરતા વિનોબાજી કહે છે કે, 'હિંસાથી દુભાય તે હિન્દુ.' હિંસાથી જેના દિલમાં દુઃખ થાય તે હિન્દુ. આવો વિનોબાજી હિન્દુ ધર્મનો અર્થ બતાવતા. માટે આપણે પ્રેમી બનવાનું છે.

હિન્દુ ધર્મ તો ઉદાર વિચારસરણી ધરાવે છે. હિન્દુ ધર્મના વેદોમાં પ્રાર્થના છે કે સમગ્ર વિશ્વમાંથી શુભ વિચાર અમને પ્રાપ્ત થાઓ. દુનિયામાં જે જે કંઈ સારું છે એ અમે અપનાવીએ. પ્રેમ જ જીવન છે. થોડું જીવવું અને શા માટે અન્ય જીવો પ્રત્યે નફરત કે ઘૃણા કરવી? પરમાત્મા એટલે પ્રેમનો સાગર અને ધાર્મિક થવું એટલે પ્રેમના એ સિંધુમાંથી એકાદ બિંદુ આપણને મળી જાય એવો સતત પ્રયાસ કરતા રહેવું.

ધાર્મિક બનવું એટલે ઘૃણા અને નફરતના ઝેરને નીચોવી નાખીને, આપણે પ્રેમના અમૃતથી જીવનને પૂર્ણ કરી દેવાનું છે. ગમે તે ધર્મ હોય. શ્રીમદ્ ભાગવત તો એવી વ્યાખ્યા કરે છે કે, મનુષ્યનો પરમ ધર્મ એ છે કે જેનું આચરણ કરતા જ ભગવાનમાં પ્રેમ થાય. ભગવાન એટલે માત્ર મંદિરની મૂર્તિમાં રહેલો નથી. સર્વવ્યાપક છે. પ્રાણીમાત્રમાં છે. ભગવાન પ્રત્યેના પ્રેમનો અર્થ થાય છે, પ્રાણીમાત્ર માટે પ્રેમ.

આપણે ભગવાનને માનીએ કે ન માનીએ પણ ભગવાન તો આપણને માને છે. ઘણાં બુદ્ધિ પ્રામાણ્યવાદી ઈશ્વરને માનતા નથી, ઈશ્વરનો સ્વીકાર કરતા નથી. અરે! ઘણા ધર્મોમાં પણ ઈશ્વરનો સ્વીકાર કરવામાં આવ્યો નથી, પરંતુ એનો અર્થ એ નથી કે બધે જ ઈશ્વર નથી, એ એમનો મત છે. સનાતન વૈદિક ધર્મમાં, હિન્દુ જીવન પદ્ધતિમાં તો જીવમાત્ર પ્રત્યે પ્રેમ, કરુણા રાખવાની વાત કરવામાં આવી છે.

અમેરિકા દેશની કરન્સીમાં લખેલું છે કે, 'IN GOD WE TRUST' (અમે ઈશ્વરમાં આસ્થા ધરાવીએ છીએ) અને ઈશ્વરને સ્વીકારીને ચાલતા ધર્મોમાં પણ પાછા બે પ્રકાર જોવા મળશે. ઘણાં ઈશ્વરને આ દુનિયાના બનાવનારના રૂપમાં જુએ છે અને ઘણા માત્ર બનાવનારના રૂપમાં નહીં પણ બનનારનાં રૂપમાં જુએ છે. હિન્દુ ધર્મ એ છે કે જે ઈશ્વરને દુનિયાના બનાવનાર નહીં પણ બનનાર પણ માને છે. અને એટલા માટે 'સર્વં ખલુ ઈદં બ્રહ્મ' માટે જ વૈદિક દર્શન પરબ્રહ્મ પરમાત્માને આ સૃષ્ટિનું અભિન્ન નિમિત્ત-ઉપાદાન કારણ માને છે. મતલબ બનનેવાલા ભી વહી, બનાનેવાલા ભી વહી. પછી એ કોની હિંસા કરે?. નિંદા કરે?, વિરોધ કરે?. આખી એક પ્રેમની દુનિયા ઊભી થાય. માટે જ, જે ભગવાનમાં પ્રેમ કરાવે, એ જ ધર્મ.



જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

ભલાની ભલાઈ



ભગવાન સ્વામિનારાયણના સંતો વ્યસનમુક્તિ અને સદાચારના પ્રવર્તનનો ઉપદેશ આપતા ગામોગામ ફરતા હતા. ઘરે ઘરે, વ્યક્તિએ વ્યક્તિને મળી તેઓ વ્યસનથી થતા નુકસાનને સમજાવી, તે માર્ગેથી લોકોને પાછા વાળતા. કેટલાક વ્યસનીઓને આ રુચતું નહીં. નશાખોરીઓના આનંદને આ સંતો ઝૂંટવી લે છે તેમ તેઓને જણાતું. આવી વ્યક્તિઓ આ સંતોનો સખત વિરોધ કરતી, તેમને મારપીટ કરતી, ગામમાંથી કાઢી મૂકતી, ક્યારેક તેમના હુમલાઓ જાનને લેનારા બનતા. આવા સંજોગોમાં ભગવાન સ્વામિનારાયણના આદેશને દૃઢપણે પાળનારા આ સંતો ક્ષમાધારી, સહન કરી, જનકલ્યાણના કાર્યને વળગી રહેતા.

એકવાર ભગવાન સ્વામિનારાયણે આ સંતોની પરીક્ષા કરતા સૂચન કર્યું કે, 'કોઈ દુષ્ટજન તમને મારવા આવે તો સામે મારવું નહીં, પણ પ્રતિકારરૂપે તેમને થોડા ઘણા ડરાવવા. સાપ ડંસે નહીં પણ ફૂંફાડો મારે. તેનાથી પણ લોકો ગભરાઈને તેને હાનિ પહોંચાડતા નથી.' સંતોએ કહ્યું, 'હે મહારાજ! જો દુષ્ટજન પોતાનો દુષ્ટતાનો સ્વભાવ છોડતા નથી તો ભલા માણસે, સજ્જને પોતાનો ભલાઈનો, સાધુતાનો સ્વભાવ શા માટે છોડવો? અમે ક્ષમાધારી, સહન કરી આપને પ્રસન્ન કરવા ઈચ્છીએ છીએ.' સંતનું આ સંતત્વ છે. તેઓ પોતાના ક્ષમા, સહનશીલતા, સાધુતા વગેરે ગુણો ક્યારેય છોડતા નથી.

શ્રેષ્ઠ પુરુષો પાપી કે પુણ્યશાળી સૌ પર કરુણા જ રાખે છે. એવો કયો માણસ છે જેણે ક્યારેય ભૂલ ન કરી હોય?

પ્રમુખસ્વામી મહારાજ થાપામાં થયેલી ગાંઠના ઓપરેશન બાદ મુંબઈમાં એક હરિભક્તના ઘરે આરામ માટે રોકાયા હતા. આ સમયે એક ઉચ્ચ હોદ્દેદાર પ્રમુખસ્વામી મહારાજને મળવા આવી પહોંચ્યા. તેઓ પૂર્વગ્રહથી પીડાતા હોવાથી બીમાર વ્યક્તિના ખબર-અંતર પૂછવાનો વિવેકભાન પણ ભૂલી ગયા અને ક્રોધમાં આવી ગયા. વાહિયાત આક્ષેપો અતિ કર્કશ શબ્દોમાં ઠાલવવા લાગ્યા. આ સમયે પ્રમુખસ્વામી મહારાજ એક પણ શબ્દ બોલ્યા નહીં. સાથે બેઠેલા સંતો પેલા ભાઈના અવિવેકને સુધારવા ગયા તો તેઓને પણ તેમણે રોક્યા.

આ પ્રસંગને બે વર્ષ વીતી ગયા બાદ તે મુરબ્બી કોઈક કામ પ્રસંગે નૈરોબી ગયેલા. પ્રમુખસ્વામી મહારાજ તે સમયે નૈરોબી જ હતા. પોતાના કામમાં જરૂરી સહકાર ન મળતો હોવાથી તેઓ પ્રમુખસ્વામી મહારાજને મળવા ગયા. પ્રમુખસ્વામી મહારાજ તેઓને સત્કારવા સભાના આસનથી ઊભા થઈ ગયા. મંચ પર પોતાની સાથે જ બેસાડ્યા. ઈંગ્લેન્ડ અને આફ્રિકાના સત્સંગ મંડળોના આગેવાનો સભામાં આવ્યા ત્યારે પ્રત્યેક વખતે ઊભા થઈને તે આગેવાનોને આ ભાઈની ઓળખાણ કરાવી. તેમના કામમાં સહકાર આપવા સભામાં જાતે જાહેરાત કરી. ખૂબીની વાત તો એ હતી કે ત્યારે તે સમયે તે ભાઈ કોઈ હોદ્દા પર પણ નહોતા!

સંતો-ભક્તો ક્યારેય કોઈનો બદલો લેતા નથી. તેઓ સૌની મર્યાદાનો સ્વીકાર કરે છે. મર્યાદા જાણ્યા પછી તેની ઉપેક્ષા નથી કરતા, પણ ક્ષમા આપે છે. વાલ્મીકિ રામાયણમાં કહ્યું છે કે અશોકવાટિકામાં સીતાજીનાં પ્રથમ દર્શન કરતા હનુમાનજીની આંખો આંસુથી ભરાઈ ગઈ હતી, કારણ કે હનુમાનજી જોઈ રહ્યા હતા કે ભયંકર રાક્ષસીઓ સીતાજીને હેરાન પરેશાન કરી રહી હતી. મૂંગા મોઢે સીતાજી આ દુ:ખને સહન કરી રહ્યાં હતાં. યુદ્ધમાં રાવણના વધ બાદ જ્યારે હનુમાનજી પુન: સીતાજીને મળ્યા ત્યારે રાક્ષસીઓની હેરાનગતિની વાત ભૂલ્યાં નહોતા. તેઓએ રાવણવધના સમાચાર આપી સીતાજીની અનુમતિ માંગતા કહ્યું કે, 'આ રાક્ષસીઓએ તમને ખૂબ પરેશાન કર્યાં છે. મને રજા આપો તો હું તેનો વધ કરું.' સીતાજીએ તે સમયે હનુમાનજીને સમજાવતા કહ્યું કે, 'આ રાક્ષસીઓ રાજાની આજ્ઞામાં હતી. રાવણ જેમ કહે તેમ તેમને કરવાની તેમની ફરજ હતી. શ્રેષ્ઠ પુરુષો પાપી કે પુણ્યશાળી સૌ પર કરુણા જ રાખે છે. એવો કયો માણસ છે જેણે ક્યારેય ભૂલ ન કરી હોય? તેથી ભલે આ રાક્ષસીઓ અપરાધી હોય પણ તેમને દુ:ખ ન આપવું જોઈએ.'

પ્રમુખસ્વામી મહારાજને એક સંતે પૂછેલું કે, 'ચોકસાઈની બાબતમાં મારી ભૂલ થયેલી, આપે ત્યારે ટકોર પણ કરેલી તે ભૂલ આપને યાદ છે?' ત્યારે પ્રમુખસ્વામી મહારાજે કહ્યું હતું કે, 'અમે એવું યાદ રાખતા જ નથી.'

ક્ષમા આપ્યા કરવી, ભૂલોને ભૂલી જવી તે સંતમાર્ગ છે, લિયો ટોલ્સટોય કહે છે કે, 'તે માર્ગે ચાલનારાના આનંદ અને કીર્તિ કાયમના બની રહે છે.'

jivanmangalam@gmail.com



ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

જે કાર્ય કરો તે ભગવાનની સ્મૃતિ સાથે કરતા રહો

જે કાર્ય કરો તે ભગવાનની સ્મૃતિ સાથે કરતા રહો. જેમને ભગવાનને સ્નાન, પ્રક્ષાલન, શણગાર, ભોગ ધરાવતી વખતે સતત પ્રભુના સાંનિધ્યમાં-સેવામાં રહેવાનું હોય છે, તેમણે વિશેષ નિયમોનું પાલન કરવાનું હોય છે. શ્રીમદ્ ભાગવતનું પઠન-શ્રવણ પરમ શાંતિની પ્રાપ્તિ કરાવે છે. વેદવ્યાસજીએ અનેક ગ્રંથોની રચના કરી, પરંતુ પરમ શાંતિની પ્રાપ્તિ થઈ નહીં, જેને કારણે તેમણે શ્રીમદ્ ભાગવતની રચના કર્યા બાદ વેદવ્યાસજીને પરમ શાંતિ પ્રાપ્તિ થઈ હતી. માટે મનુષ્યે ભાગવત બનવું જરૂરી છે. ભાગવત બનવું એટલે ભક્ત બનવું. દુનિયાના કેટલાક ધર્મ ભગવાનનો સ્વીકાર કરે છે અને કેટલાંક નિરીશ્વરવાદી છે.



મનુષ્ય બનવા માટે ધર્મ જરૂરી છે. ધર્મસત્તા, સમાજસત્તા અને રાજ્યસત્તા ત્રણેયનું પાલન કરવું જરૂરી છે. ધર્મસત્તા એટલે પાપ અને પુણ્યનો વિચાર કરીને પુણ્ય વધે તેવી પ્રવૃત્તિ કરવી. સમાજના રીતિ-રિવાજનુ પાલન કરવું જરૂરી છે. રાજ્યસત્તા કાનૂન અનુસાર જીવન જીવવાની આજ્ઞા કરે છે. સ્વચ્છંદ વિચરણ કરનારને કાનૂન નિયંત્રણમાં રાખે છે. રાજા સ્વચ્છંદી વ્યક્તિને દંડ આપે છે. ધર્મનું અવલબંન કરનાર ભક્તો અલગ અલગ પ્રકારે ભગવાનની ભક્તિ કરે છે અને તેમની અભિવ્યક્તિના પ્રકાર અલગ-અલગ હોય છે. મુખ્યત્વે પાંચ ભાવથી ભક્તિ થાય છે. વાત્સલ્યભાવ, મધુર અથવા શ્રૃંગારભાવ, સખ્યભાવ, દાસ્યભાવ અને શાંતભાવ. નંદ-યશોદા શ્રીકૃષ્ણની વાત્સલ્યભાવથી ભક્તિ કરે છે. ગર્ગાચાર્યજીએ તેમને આદેશ કર્યો હતો કે આ બાલગોપાલની રક્ષા કરજો. માતાપિતા બાળકનું લાલનપાલન વાત્સલ્યભાવથી કરે છે. ભગવાનની વાત્સલ્યભાવે ભક્તિ કરનારે બે નિયમ પાળવા પડે છે. પ્રથમ, બાળક પાસે કોઈ માંગણી કરાય નહીં. બાળકની ઈચ્છા મુજબ તેને ભોગ ધરાવવા પડે છે. બાળક શું આપી શકે? બીજું છે, બાળક આગળ રુદન કરાય નહીં. આપણી સાંસારિક મુશ્કેલી હોય તે બાબતે બાળક સામે રુદન કરવાથી બાળક મુંઝાઈ જાય છે અને તે પણ રડવા લાગે છે. આથી, બાળક આગળ રોવાય નહીં. વળી, જો શોક આવી જાય તો વ્યક્તિ અશૌચ બની જાય છે અને અશૌચ અવસ્થામાં હરિભજન થાય નહીં. આથી, મરણ જેવા પ્રસંગે સૂતક પાળવાનું હોય છે. આ રીતે વાત્સલ્યભાવે ભક્તિ કરવી જોઈએ.

સત્સંગ કરવાથી મન-ચિત્તની શુદ્ધિ થાય છે. ચિત્ત શુદ્ધ થવાથી જ્ઞાનનો પ્રકાશ થાય છે

પ્રભુ સ્મરણ સતત થતું રહેવું જોઈએ. બહુધા આપણે અન્ન અને જળ અમુક સમય સુધી ચલાવી શકીએ, પરંતુ સત્સંગ-કથાશ્રવણ વગેરે ધર્મકાર્ય વગર એક દિવસ પણ ચલાવી શકાય નહીં. ભગવદ્-સ્મરણ અને કથા-સત્સંગનું સેવન હંમેશાં, નિત્ય-નિરંતર કરતા રહેવું જોઈએ એટલે કે સત્સંગ બધાં કરતાં શ્રેષ્ઠ છે. સંસારનાં બધાં સુખ, સ્વર્ગનું સુખ અને મોક્ષના સુખ કરતાં પણ સત્સંગનું સુખ મહાન છે. આપણે એકાદશીના વ્રતમાં અન્નનો ત્યાગ કરીએ છીએ. નવરાત્રિમાં ઘણાં લોકો નવ દિવસ સુધી માત્ર દુગ્ધાહાર કરે છે, છતાં નબળાઈ નથી આવતી. બલકે, સંયમના કારણે સ્ફૂર્તિ રહે છે અને મન પણ મજબુત બને છે અને જીવન પવિત્ર બને છે. આપણે જેમ અન્ય વ્રત-નિયમ લઈએ છીએ તેમ એવો નિયમ પણ લેવો જોઈએ કે મારો એક પણ દિવસ સત્સંગ વગર ખાલી જવા નહીં દઉં. સત્સંગ કરવાથી મન-ચિત્તની શુદ્ધિ થાય છે. ચિત્ત શુદ્ધ થવાથી જ્ઞાનનો પ્રકાશ થાય છે અને વ્યક્તિ નમ્ર બને છે. બધાંનો આદર મેળવીને ઉત્તમ બને છે. દુનિયામાં ભૂખને કારણે નથી મરતાં, તેના કરતાં વધુ લોકો અતિશય ખાવાથી મૃત્યુ પામે છે. વ્રત કરવાથી શરીર નિરોગી બને છે. આથી, તપનો મહિમા પણ મોટો છે, પરંતુ સત્સંગ કરવાથી તન-મન બન્ને નિર્મળ બને છે. નિરોગી તન, મનને પણ શુદ્ધ કરે છે. આ રીતે એક ક્ષણનો સત્સંગ પણ જીવનને ધન્ય બનાવી દે છે, માટે જ જીવનમાં સત્સંગ અત્યંત આવશ્યક છે.

કથાબિંદુ

મુનિ રાજપુણ્ય વિજય

હનુમાનજીની પવિત્ર ભાવના

શ્રીરામના આદેશને શિરોધાર્ય કરી તેમના આશીર્વાદ લઈ હનુમાનજી સાથે જાંબવંત અને અંગદે પણ સીતાજીની શોધ માટે લંકા પ્રતિ પ્રસ્થાન કર્યું, પણ સાગર કિનારે આવી હનુમાને સૌને કહ્યું: 'હું લંકા જઈને પાછો ના આવું ત્યાં સુધી તમે અહીં મારી પ્રતીક્ષા કરજો.' આ ઘટનામાં એક પ્રશ્ન અવશ્ય ઉપસ્થિત થાય કે સૌને ત્યાં રાહ જોતા કેમ બેસાડી રાખ્યા? સાથે જો જરૂર જ ના હોત તો સૌને પાછા રામ પાસે મોકલી દેવા હતા, અને હનુમાનજી એટલા સમર્થ તો અવશ્ય હતા કે લંકામાં તેમને કોઈની જરૂર પડે તેમ ન હતી, તો નિષ્કારણ કેમ સાગર તટે બેસાડી રાખ્યા? આવું કરવા પાછળ હનુમાનજીની અંતરની ઉદારતા આ હતી કે જો બધા રામ પાસે જતા રહે તો સંપૂર્ણ યશ પોતાને જ મળે. જ્યારે તેઓની એવી ભાવના હતી કે કામ હું એકલો કરીશ, પણ યશના ભાગીદાર સૌને બનાવીશ! કામ કર્યા વિના પણ યશ પાછળ દોડનારાઓ માટે આ ઘટના આદર્શરૂપ છે. સમુદ્રયાત્રામાં વચ્ચે મૈનાક પર્વત આવતો હતો. તે સોનાનો હતો. રામચરિતમાનસમાં એક ઘટના સરસ લખી છે કે મૈનાક પર્વતે હનુમાનજીને વિનંતી કરી કે આપની યાત્રા દીર્ઘ છે તો અલ્પ સમય માટે અહીં વિશ્રામ કરો. ત્યારે હનુમાનજીએ સરસ ઉત્તર આપ્યો: 'રામ કાજ કીન્હે બિનુ મોહિ કહાં વિશ્રામ' અર્થાત્ શ્રીરામનું કાર્ય કર્યા વિના મને વિશ્રામ લેવાનો સમય જ ક્યાં છે? અહીં સુવર્ણ એ સંપત્તિનું પ્રતીક છે અને વિશ્રામ એ સુખશીલતાનું પ્રતીક છે. જે વ્યક્તિ સંપત્તિ અને સુખશીલતાની સ્પૃહાનો પરિત્યાગ કરી શકે તે જ પરમાત્માની આજ્ઞાનું પરિપાલન કરી શકે! હનુમાનજીની આવી અનુપમ અને પવિત્ર ભાવના હતી.





જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

બહોળા અનુભવનો આધાર 'ખરાબ નિર્ણયો' હોય છે



ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

પુણ્યવાન બને છે તેના ઉપર પ્રભુકૃપા રહે છે, માટે જ તે હંમેશાં પ્રસન્ન રહી શકે છે

સફળતાનું સોપાન

19 14ની ડિસેમ્બરે એક સાંજે ન્યૂજર્સીમાં આવેલી એક પ્રયોગશાળામાં આકસ્મિક આગ લાગતા આખી પ્રયોગશાળા અગ્નિની જ્વાળાઓમાં લપેટાઈ ગઈ. આઠ નગરોના અગ્નિશામક દળોએ ભારે લડત લીધી, પણ બધું વ્યર્થ ગયું. પ્રયોગશાળાના માલિકની છેલ્લા 10 વર્ષની મહેનત ભસ્મીભૂત થઈ હતી અને 20 લાખ ડોલરથી વધુ કિંમતનું નુકસાન વેઠવાનો વારો આવ્યો હતો, પરંતુ 67 વર્ષની ઉંમરે પોતાનું સર્વસ્વ ભસ્મીભૂત થયેલું જોવા છતાં તે માલિકે કહ્યું, 'સારું થયું. આમાં મારી બધી ભૂલો બળી ગઈ. હવે હું નવેસરથી શરૂઆત કરીશ.' અને આ ઘટનાના ત્રણ જ અઠવાડિયા બાદ તેમણે વિશ્વને સૌપ્રથમ ફોનોગ્રાફની ભેટ આપી. એ માલિક હતા થોમસ આલ્વા એડિસન.

લાઈટબલ્બ, માઈક્રોફોન, ફોનોગ્રાફ, સ્ટોરેજ બેટરી, ધ્વનિ સહિતના ચલચિત્રો જેવી 1000થી વધુ વસ્તુની ભેટ આપનાર એડિસન એવું કહેતા, 'હું ગ્લાનિ પામતો નથી. કારણ કે મારા દરેક ખોટા પ્રયોગથી હું એક પગલું આગળ વધુ છું.'

સારા નિર્ણયોનો આધાર 'બહોળો અનુભવ' હોય છે, પરંતુ બહોળા અનુભવનો આધાર 'ખરાબ નિર્ણયો' હોય છે. માટે 'નિષ્ફળતા' વ્યક્તિને સફળતા તરફ ગતિ કરતા અટકાવનાર પરિબળ નથી, પરંતુ બમણાં વેગથી સફળતા તરફ લઈ જનાર પરિબળ છે. જે આ રહસ્ય જાણે છે, તે વિશ્વમાં ઇતિહાસ સર્જે છે.



અમેરિકન બાસ્કેટબોલના ઇતિહાસમાં અભૂતપૂર્વ સફળતા મેળવનાર માઈકલ જોર્ડનને જ્યારે એક પત્રકારે તેની સફળતાનું રહસ્ય પૂછ્યું, ત્યારે તેણે કહ્યું હતું, 'મારી કારકિર્દીમાં મેં 9000 શોટ્સ અને 300 જેટલી સ્પર્ધા ગુમાવી છે. 26 વખત ગેમ વિનિંગ શોટ્સ મારવાની તકમાં નિષ્ફળ રહ્યો છું. એટલે આજે હું સફળ છું.'

નિષ્ફળતા એ તોડવા માટે નહીં, સફળતાને લાયક બનાવવા માટે હોય છે

આથી નિષ્ફળતા એ માણસને તોડવા માટે નહીં, પણ સફળતાને લાયક બનાવવા માટે હોય છે. જોકે વારંવાર પ્રયત્ન કરવા છતાં સફળતા ન મળે તેને વ્યક્તિ કાયમી નિષ્ફળતા માની બેસે છે. અમેરિકાના એક સમયના રાષ્ટ્રપ્રમુખ આઈઝનહોવર કહે છે, મને હંમેશાં થતું કે સાચી લાયકાતવાળાની ક્યારે કદર નથી થતી, પરંતુ એવું નથી. યોગ્ય વ્યક્તિ માટે કુદરત એને યોગ્ય અને અનુરૂપ સફળતા આપવા માટે રાહ જુએ છે. જ્યાં સુધી આપણને સફળતા ન મળે ત્યાં સુધી આપણે આપણી યોગ્યતાને સતત વિકસાવવી જોઈએ. એક દોકડા માટે ફાંફાં મારતા ફરીએ અને કહીએ કે કુદરતે મને દોકડો મેળવવા ન દીધો પરંતુ તે તો આપણને સોનામહોર આપવા માંગે છે.'

ખરેખર, સફળતારૂપી શુદ્ધ સોનું સરળતાથી પ્રાપ્ત નથી થતું. તેને નિષ્ફળતારૂપી ભઠ્ઠીમાં પહેલાં તપાવવું પડે છે. જે લોકોએ આવી સાધના કરી છે, તે લોકોએ સફળતાનાં ઉત્તુંગ શિખરો પ્રાપ્ત કર્યાં છે.

વિશ્વ પ્રસિદ્ધ નવલકથા 'હેરી પોટર' લખનાર જે.કે રોલિંગને હેરી પોટરનું પ્રથમ પુસ્તક છાપવા માટે 12 જેટલા પ્રકાશકોએ જાકારો આપેલો. આ પછી એક પ્રકાશકે તે બુક સ્વીકારી અને તે 40 કરોડ ડોલરની માલિક થઈ ગઈ. નવલકથાકાર જૉન ક્રીઝીને પોતાના પુસ્તકો પ્રકાશિત કરવા માટેની અરજી 753 વખત પ્રકાશકોએ ફગાવી હતી. છતાં પણ તે પાછો ન પડ્યો અને ત્યારબાદ તેના 564 પુસ્તકો પ્રકાશિત થયા.

લુઈ પાશ્ચરે દૂધમાંથી બેક્ટેરિયા જુદા પાડવાના 9000 નિષ્ફળ પ્રયોગો કર્યા હતા, પણ અંતે 1862માં તે સફળ થયો અને દૂધને જંતુમુક્ત કરવા માટે દુનિયાને પેશ્ચરાઈઝેશનની પ્રક્રિયા ભેટ આપી.

પ્રમુખસ્વામી મહારાજને પણ તેમના ગુરુ યોગીજી મહારાજના કરેલા સંકલ્પોને સાકાર કરવા લંડનમાં મંદિર કરવું હતું, પરંતુ ઘણાં પ્રયત્નો કરવા છતાં જમીન સંપાદન માટે નિષ્ફળતા જ મળતી હતી. આવી અનેક નિષ્ફળતાઓમાંથી પસાર થતાં-થતાં વર્ષોના પ્રયત્નો પછી લંડનના 'હેરો' વિસ્તારમાં જમીન સંપાદિત થઈ પરંતુ જ્યારે મંદિર માટે પરવાનગી લેવાની થઈ, ત્યારે ત્યાંનાં સ્થાનિક લોકોએ મંદિર બનવાથી પ્રદૂષણ થશે, ટ્રાફિક થશે જેવા પ્રશ્નો ઉઠાવ્યા અને કોર્ટમાં કેસ કર્યો. મંદિરના પક્ષમાં રહેનારા 20,000 લોકોએ સહી કરી તેમ છતાં એ કેસ હારી ગયા.

આવી ભયંકર નિષ્ફળતા મળવા છતાં પ્રમુખસ્વામી મહારાજે હાર ન સ્વીકારી અને ફરીથી જમીન જોવાનો પ્રયત્ન ચાલુ કર્યો. એટલે નિસડનમાં જમીન તો મળી અને મંદિર બાંધકામ પણ શરૂ થયું. જોકે તે સમય દરમિયાન જ વૈશ્વિક મંદી આવી. તો પણ પ્રમુખ સ્વામી મહારાજ હાર્યા વગર પોતાની આપસૂઝ ને ભગવાનના બળથી તેમાં પાર ઉતર્યા અને આરસનું દિવ્યતા સહિત ભવ્ય મંદિર બનાવ્યું. જેને આજે ગિનેસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ 'Largest Hindu stone Mandir in the west hemisphere' તરીકે બિરદાવે છે. આ મંદિરે દુનિયાના કેટલાય મોટા-મોટા માંધાતાઓને, રાજવી પરિવારને, અન્ય દેશોના પ્રેસિડેન્ટોને, ઉમરાવો અને અમલદારોને પોતાની તરફ આકર્ષિત કર્યા છે અને વિશ્વના ઘણાં પ્રસિદ્ધ મેગેઝિન અને સામાયિકોના મુખ્ય પૃષ્ઠ પર ચમક્યું છે.

એટલે નિષ્ફળતાઓથી ગભરાવું નહીં કારણ કે નિષ્ફળતાઓ એ સફળતાનો શણગાર છે. માટે જેટલી નિષ્ફળતાઓ મળશે તેટલી સફળતા શોભી ઊઠશે.

jivanmangalam@gmail.com

પરોપકાર કરો અને પ્રસન્ન રહો

આપણા પ્રાચીન ઋષિ મુનિઓ મહાન અર્થશાસ્ત્રી હતા. તેમણે લક્ષ્મી એટલે કે ધનની ત્રણ ગતિ બતાવી છે. પરમાર્થ માટે વપરાતું ધન યશ અપાવે છે. આજની પેઢીના યુવાનોએ એ ખાસ જાણવું જોઈએ કે હેપીનેસ એટલે કે સુખ મેળવવું હોય તો પરિસ્થિતિ કે કોઈ વ્યક્તિ વિશેષ અથવા ચીજવસ્તુમાં આનંદ શોધવા જશો તો આભાસજન્ય આનંદ મળશે. ધનનો સંગ્રહ કરવાથી તેનું મૂલ્ય આઠ રૂપિયા થઈ જાય પરંતુ જો તે તિજોરીમાં પડી રહે તો આઠ પૈસા થઈ જાય એટલે કે યશ અને ભોગ દ્વારા આનંદ મેળવો અન્યથા વણવપરાયેલ ધનનો નાશ થઈ જાય છે.

ધર્મ શબ્દ સંપ્રદાયના સંકુચિત અર્થમાં નથી, પરંતુ ધર્મ એટલે ચાર પુરુષાર્થ...ધર્મ, અર્થ, કામ અને મોક્ષનો યોગ્ય સમન્વય. ધર્મનો એક અર્થ છે ધારણ કરવું એટલે ગુણ-યોગ્યતા ધારણ કરવી. ગુણોના વિકાસ કર્યા પછી તેને અનુરૂપ કલા-વિદ્યાનો આપોઆપ વિકાસ થાય છે. ધર્મપૂર્વક અર્થ પ્રાપ્ત કરવાથી આસક્તિ એટલે કે મોહનો નાશ થાય છે. આસક્તિરહિત કર્મ દ્વારા મોક્ષ પ્રાપ્ત થાય છે.

આસક્તિ વ્યક્તિને પરાધીન બનાવે છે. શાસ્ત્રોમાં કહ્યું છે કે પરાધીનને સ્વપ્નમાં પણ સુખ મળતું નથી. આપણું જીવન જીવિકા પાછળ ખર્ચી નાખવાનું નથી. જીવન જીવિકા માટે નથી. ભૌતિક સુવિધાઓ આનંદ માટે છે, પરંતુ જ્યારે આપણે જીવિકાને મહત્ત્વ આપીએ છીએ ત્યારે જીવન જીવવાનું જ ભૂલી જવાય છે. આર્થિક પ્રવૃત્તિ કેવી હોવી જોઈએ તેની સ્પષ્ટતા કરતા તેમણે કહ્યું કે મધમાખી મધ મેળવવા પોતાના પગ ચોંટાડીને બેસી જાય છે. આથી તેનું જીવન અલ્પ હોય છે, પરંતુ ખાંડ ઉપર બેસેલી માખી તરત ઉડી જાય છે અને આનંદ મેળવે છે. એવી રીતે આસક્તિ વગર અર્થ કમાવાની પ્રવૃત્તિ આનંદ આપે છે અને આવી પ્રવૃત્તિ જગહિત એટલે કે જગ જીવનના આનંદ માટે ખર્ચ કરવાથી તેનો લાભ પોતાને અને સમાજ બધાને મળે છે.

જેમ દીકરીનું લાલન પાલન કરીએ છીએ તેવી રીતે ધનનું રક્ષણ કરે છે. તે ઉત્તમ છે. દીકરીને જેમ ભણાવી ગણાવીને યોગ્ય વર ગોતીને તેનો વિવાહ કરવામાં આવે છે તે રીતે ધનને પણ યોગ્ય વર એટલે કે શ્રેષ્ઠ ઉપયોગ કરે તેવા સુપાત્રને દાન કરવું જોઈએ, શૈક્ષણિક હેતુ કે તબીબી સારવાર જેવા સમાજોપયોગી કાર્યોમાં ધન વાપરવું જોઈએ. ધનનો ઉપયોગ માતાની જેમ કરનારા મધ્યમ છે, એટલે કે માત્ર પોતાના પરિવાર માટે જ કરે છે. જે લક્ષ્મીને તિજોરીમાં મૂકી રાખે છે, તે અધમ છે. માટે જ પરમાર્થ, પરોપકાર માટે ધનનો ઉપયોગ થવો જોઈએ. માત્ર ધન જ નહીં, પરંતુ



આસક્તિ વ્યક્તિને પરાધીન બનાવે છે. શાસ્ત્રો પ્રમાણે પરાધીનને સ્વપ્નમાં પણ સુખ મળતું નથી. આપણું જીવન જીવિકા પાછળ ખર્ચી નાખવાનું નથી

તમારી જે આવડત છે, કુશળતા છે... તેનો પણ સમાજને લાભ મળવો જોઈએ. આ પણ એક પરોપકાર છે. જેમાં તમારી કુશળતા છે, તેનાથી તમે બીજાને ઉપયોગી બની શકો તો તે ઉત્તમ છે.

આપણે એ પણ યાદ રાખવાનું છે કે, પ્રકાશને કારણે આપણે દૃશ્યો જોઈએ છીએ અને આ દૃશ્યોમાં ખોવાઈ જઈએ છીએ અને પ્રકાશને ભૂલી જઈએ છીએ, એવું જ પરમાત્મા માટે પણ છે. આપણી બધી ક્રિયાઓ પરબ્રહ્મની ચેતનાની સત્તાને આધારિત છે, પરંતુ આપણે ભૂલી જઈએ છીએ કે સમગ્ર સૃષ્ટિનું સંચાલન કરનારા ભગવાન અકારણ નિરંતર હવા વરસાવે છે અને બદલાની કોઈ આશા વગર બધા પર સમાન રીતે સતત હેત વરસાવે છે. ખરેખર તો ધનનો સદુપયોગ થવો જોઈએ, પરોપકાર-પરમાર્થ માટે તેનો ઉપયોગ થવો જોઈએ... તે તેની ઉત્તમ ગતિ છે. જો આપણે સતત આપણા ઇષ્ટનું નામ-સ્મરણ કરતાં રહીને, પરોપકાર અને પરમાર્થમાં જોડાયેલા રહીશું તો પુણ્યવાન બનતા જઈશું.

યાદ રાખો, પુણ્યવાન બને છે તેના ઉપર પ્રભુકૃપા રહે છે અને માટે જ તે હંમેશાં પ્રસન્ન રહી શકે છે. ધનનો સદુપયોગ પુણ્યની પ્રાપ્તિ કરાવે છે અને પુણ્યશાળી પ્રભુકૃપા થતાં પ્રસન્ન રહી શકે છે.

આજના તણાવવાળા યુગમાં પ્રસન્નતા મેળવવા પુણ્ય પ્રાપ્ત કરો અને પુણ્ય પ્રાપ્ત કરવા પરમાર્થ કરો. આ તો ચક્રની જેમ ચાલતી પ્રક્રિયા છે.

કથાબિંદુ

મુનિ રાજપુણ્ય વિજય

કુમારપાળ રાજાની અહિંસા

ગુજરાતના અધિપતિ કુમારપાળ રાજાનું શાસન ત્યારે ભારતના અઢાર રાજ્યો ઉપર ચાલતું હતું. સર્વત્ર તેમણે જૂ જેવા સાવ સામાન્ય જંતુની પણ હિંસા ના થાય, તે માટેની કડક સૂચના જાહેર કરી હતી. એક વાર તેઓને સમાચાર મળ્યા કે કાશ્મીરના રાજાએ પોતાના રાજ્યનાં તમામ તળાવોમાં મત્સ્ય હિંસા શરૂ કરાવી છે. આ સમાચાર મળતા જ ગુજરેશ્વરની ઊંઘ ચાલી ગઈ. આ પછી એક દૂતને એક કરોડ સુવર્ણમુદ્રાનું નજરાણું લઈ કાશ્મીર મોકલ્યો. દૂતે કૌશલ્યપૂર્વક ગુજરેશ્વરના અંતરની વ્યથા કાશ્મીરનરેશને જણાવી. તેમણે ગુજરેશ્વર સાથે મૈત્રીનો નાતો વધુ મજબૂત કરતા સમસ્ત રાજ્યમાં સંપૂર્ણપણે મત્સ્યહિંસા ઉપર પ્રતિબંધ મૂકતો કાગળ તત્ક્ષણ દૂતના હાથમાં મૂક્યો. દૂત જ્યારે પાટણ આવ્યો ત્યારે શુભ સમાચારનાં શ્રવણથી સ્વયં રાજા સિંહાસન ઉપરથી ઊભા થઈ દૂતને પ્રેમથી ભેટી પડ્યા. કરોડો-અબજો માછલીઓનાં જીવતદાનના સમાચારથી જે આનંદ મળ્યો તે આનંદનો ઉદધિ અંતરમાં સમાતો ન હતો !





જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

જેમને સત્ય- અસત્ય એવાં બે મહોરાંઓ નથી, તેઓ ઉલ્લાસ માણે

બીજા જેવા બનવાની ઈચ્છા શા માટે?

દુનિયાની સાત અજબથી વધુ વસ્તીમાં કોઈ બે વ્યક્તિની ફિંગર પ્રિન્ટસ સમાન નથી, કોઈ બે વ્યક્તિની આંખોની આઈરિસ સરખી નથી, કે કોઈ બે વ્યક્તિના અવાજની Pitch અને Timbre એક જેવાં નથી. Identical twins હોય તો પણ તેમના એપિજીનેટિક્સમાં ભિન્નતા જોવા મળે છે. વળી, વ્યક્તિ-વ્યક્તિની પ્રકૃતિ, સ્વભાવો, બુદ્ધિક્ષમતા, કળા, આવડત, રસ, મૌલિકતા, યાદશક્તિ વગેરેનું વૈવિધ્ય તો ખરું જ આ પૃથ્વી પર પ્રત્યેક વ્યક્તિને ભગવાને એક unique identity (અજોડ ઓળખ) આપી છે. પછી શા માટે આપણે ભગવાનની આ અજોડ બક્ષિસને અવગણીને બીજાની જિંદગી જીવવા માગીએ છીએ. We should have been proud of being what we originally are. આપણે વાસ્તવિકતામાં જે છીએ તે હોવા ઉપર આપણને ગર્વ હોવો જોઈએ.

ભગવાન સ્વામિનારાયણ વચનામૃતમાં કહે છે, 'પોતે પોતાને જોતો નથી, પોતે પોતાનાં સુખને ભોગવતો નથી. એ જ અતિશય અજ્ઞાની છે.' કારણ, આપણી ભીતર આટલી ભવ્યતા અને દિવ્યતા ધરબાયેલી હોવા છતાં ક્યાંક બહારના ગ્લેમરથી અંજાયેલા આપણે, સ્વયંને અવગણીને બીજા જેવા બનવાની મહત્ત્વાકાંક્ષા સેવીએ છીએ.



એક શિક્ષકે વિદ્યાર્થીઓને વર્ગમાં એક પ્રશ્ન પૂછ્યો. 'બાળકો! તમે મોટાં થઈને કોનાં જેવાં બનવાં માગો છો?' વિદ્યાર્થીઓના જવાબમાં સેલિબ્રિટીઓની હારમાળા રજૂ થવા લાગી. અનેક નામોની ઘોષણા કરી બાળકોએ પોતાના સપનાંઓ જાહેર કર્યાં. પરંતુ તે વખતે એક બાળક શાંત બેઠું હતું. શિક્ષકે કુતૂહલતાથી તેને પ્રશ્ન પૂછ્યો, 'હેન્રી, તારે મોટા થઈને કોના જેવા બનવું છે?' તે બાળકે જે જવાબ આપ્યો એ જવાબમાં છુપાયેલા ગૂઢાર્થથી શિક્ષક અવાક્ થઈ ગયા. તે બાળકે કહ્યું, 'Sir! I want to become me. I want to become Henry.' 'સાહેબ! મારે જીવનમાં હેન્રી જ બનવું છે.' અને આગળ જતાં એ બાળક વિશ્વના મહાન લેખક, ચિંતક, કવિ અને ફિલોસોફર 'હેન્રી થોરો' બન્યા!

આ દુનિયામાં ભગવાને દરેક વ્યક્તિને અજોડ બનાવ્યા છે. પરંતુ પોતાના અસ્તિત્વ પર સેલિબ્રિટીઓના મહોરાં ચઢાવવામાં વ્યક્તિ પોતાની સ્વતંત્ર ઓળખ ગુમાવી બેસે છે. અહીં મહાન પુરુષોના સદ્‌ગુણમય જીવનમાંથી પ્રેરણા લેવાની વાતને નકારતા નથી, પણ માત્ર કોઈની પદ-પ્રતિષ્ઠા કે માન-મરતબો જોઈ, તેના વ્યક્તિત્વને પોતાના અસ્તિત્વ પર હાવી ન થવા દેવાની વાત છે.

ગુરુ યોગીજી મહારાજના દેહત્યાગ પછી સંસ્થાના ગુરુપદે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ આવ્યા તે અરસાની એક વાત છે. પ્રમુખસ્વામી મહારાજની શાંત, સ્થિર અને ગંભીર પ્રકૃતિ. આથી એક વ્યક્તિએ તેમને સૂચન કરતાં કહ્યું, 'તમે યોગીજી મહારાજના સ્થાને આવ્યા છો તો તમારે હવે યોગીજી મહારાજની જેમ ધબ્બા મારવા જોઈએ, તેઓ જેમ તાળી પાડી હસતા ડોલતા વાતો કરતા, તેમ તમારે એવી રીતે કરવું જોઈએ. તો સહેજે તમારામાં સૌને હેત થશે અને યોગીજી મહારાજ જેવો ભાવ થશે.'

આ સાંભળી પ્રમુખસ્વામી મહારાજનો જે પ્રત્યુત્તર નીકળ્યો એ આપણા સૌ માટે પ્રેરણાદાયક છે. તેમણે કહ્યું, 'એ તો યોગીજી મહારાજની રીત હતી. મારી તેવી રીત નથી એટલે હું શું યોગીબાપાની નકલ કરું? હું જેવો છું તેવો છું, મને કોઈની નકલ કરતા નથી આવડતું, મારામાં જે ન હોય તે ઉપજાવીને કરવાનું મને ન ફાવે.' ન હોય તેવું ઉપજાવી ને છાપ પાડી દેવી, કોઈને આંજી દેવા, દંભ કરવો તેવી પ્રકૃતિ તેમનામાં લેશમાત્ર જોવા મળતી નહીં. 1990માં એક પ્રસંગે તો તેમણે કહેલું, 'મને દંભ પહેલેથી ગમતો નથી.'

ખરેખર, તેમના જીવનમાં પારદર્શકતા હતી, સચ્ચાઈ હતી, નિર્દંભતા હતી અને એટલે જ તેમનું જીવન સૌ કોઈના હૃદયને સ્પર્શતું હતું. અમેરિકાનાં તમામ વર્તમાનપત્રોની રવિ આવૃત્તિ એસોસિયેશનના અધ્યક્ષ અને 'ફિલાડેલ્ફિયા ઇન્ક્વાયરર'ના તંત્રી રોનાલ્ડ પટેલ 18 સપ્ટેમ્બર, 1998ના રોજ એડિસનની ધિક્કાર સભાને સંબોધતા બોલી ઊઠ્યા હતા, 'એક આંતરરાષ્ટ્રીય જર્નલિસ્ટ તરીકે મેં કેટલાય લોકોના ઇન્ટરવ્યૂ લીધા છે, પણ પ્રમુખસ્વામીમાં મને જે જોવા મળ્યું છે એ બીજે નથી જોવા મળ્યું. મેં પ્રમુખસ્વામીને કેટલાય અટપટા પ્રશ્નો પૂછ્યા. પરંતુ બધી જ વખતે, બધા જ પ્રશ્નોના ઉત્તરમાં, જે વસ્તુ બહાર ઊઠી આવી છે, તે છે એમના આત્માની પવિત્રતા, નિર્મળતા. તમે એમને ગમે ત્યારે પ્રશ્ન પૂછો, ગમે તે પ્રશ્ન પૂછો, ઉત્તર એકદમ પવિત્ર. ઉત્તરોમાં ક્યાંય પ્રસિદ્ધિનો આશય નહીં.' પ્રમુખસ્વામી મહારાજના વર્તનમાં કે વાણીમાં ક્યારેય આડંબરનો અંશ નહોતો, બનાવટનું મહોરું નહોતું. એટલે જ એમના જીવનનું સત્ય સૌને પ્રભાવિત કરી ગયું.

જેમને સત્ય અને અસત્ય એવાં બે મહોરાંઓ નથી, એમને ખાનગી કે જાહેર જીવનની ચિંતા નથી. તે નિર્ભય અને નિઃશંક થઈને જિંદગીનો ઉલ્લાસ માણી શકે છે. અને કોઈનું મહોરું પહેરવાનો પ્રયત્ન કરનારની દશા કરુણ થઈ જાય છે. આપણા પગમાં '7' નંબરનો જોડો ફિટ થતો હોય અને '9' નંબરના જોડામાં આખી જિંદગી પગ નાખીને ફરીએ, તો પણ તે જીવનમાં ક્યારેય સેટ નહીં થાય, ઊલટાનું આપણે 'અપસેટ' થઈ જઈશું. માટે ભગવાને આપણને જે અજોડ ઓળખ આપી છે તેને શોધીને તે અનુસાર આગળ વધીએ તેમાં શાણપણ રહેલું છે.

તો આવો, પ્રમુખસ્વામી મહારાજ જેવા મહાપુરુષોમાંથી પ્રેરણા લઈને પારદર્શક, નિર્દંભ અને વાસ્તવિક જીવનનો આનંદ માણીએ તથા બીજાનું મહોરું છોડી, પોતાની આગવી ઓળખનું ગૌરવ લઈએ.

jivanmangalam@gmail.com




ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

શાસ્ત્રો અને સંતોની વાણી સત્ય છે. એ વાણીમાં દૃઢ નિષ્ઠાનું નામ શ્રદ્ધા છે

ચાલો, ભગવાન બુદ્ધની કરુણાને જીવનમાં ઉતારીએ

આગામી દિવસોમાં વૈશાખી પૂર્ણિમા આવશે, જેને બુદ્ધ પૂર્ણિમા તરીકે ઓળખવામાં આવે છે. વૈશાખી પૂર્ણિમાના દિવસે સિદ્ધાર્થ ગૌતમમાંથી ભગવાન બુદ્ધ તરીકે જાણીતા થયા હતા. આ ભગવાનનો કરુણાવતાર છે. યથાર્થ રીતે માનવ બનવું હોય તો જીવદયા, અનુકંપા, કરુણાનો સમન્વય થવો જોઈએ. આપણે ત્યાં અવતારનું મહત્ત્વ એટલા માટે જ છે કે આપણે તેમના આદર્શને જીવનમાં ઉતારીએ. બુદ્ધ પૂર્ણિમાએ ભગવાન બુદ્ધની કરુણાને જીવનમાં લાવીએ.



એ જ રીતે રામાવતાર કર્તવ્યનિષ્ઠાને પણ દર્શાવે છે. એટલું જ નહીં, તેમનું નામસ્મરણ પણ એટલું જ મહત્ત્વનું છે. રામનામ એ ઔષધિ સમાન છે. પ્રભુનામ સ્મરણ એ એવી ઔષધિ છે કે જેનું વારંવાર સેવન કરવામાં આવે તેમ તેમ પાપરૂપી પિત્ત શાંત થતું જાય. જેમ જેમ પિત્તનો પ્રકોપ શાંત થાય તેમ તેમ એ મિસરીની મધુરતાનો અનુભવ થાય. જ્યારે મજા આવે ત્યારે સમજવું કે પિત્ત હવે શાંત થઈ રહ્યો છે. તેમ ભગવાનનું નામ ભલે મજા ન આવે છતાં જપ્યા કરવાનું, નામ સંકીર્તન કર્યા કરવાનું અને એક સમય એવો આવશે કે નામ જપતાં-જપતાં આનંદ આવશે ત્યારે સમજવાનું કે હવે મારા પાપનો નાશ થયો. માટે મને હવે નામની મધુરતાનો અનુભવ થતો જાય છે. મહાપુરુષોની વાતો પર, તેઓનાં વચનો પર વિશ્વાસ કરો.

શાસ્ત્રો અને સંતોની વાણી સત્ય છે. એ વાણીમાં દૃઢ નિષ્ઠાનું નામ શ્રદ્ધા છે. મહાપુરુષોએ કહ્યું કે આ મંત્રનો જપ કરો. નામ નિવેદન કરાવે. નામ સંકીર્તન કરવાનું કહે. કોઈ મહાપુરુષ દ્વારા આ પ્રસાદ મળે પછી જપ કરવામાં લાગી રહેવું જોઈએ.

પૂજ્ય ડોંગરેજી બાપા, પૂજ્ય કૃષ્ણશંકરદાદા બે-બે સત્રમાં કથા કરતાં, પણ હવે એક સત્ર થયું છે. પહેલાં તો ચાર-ચાર કલાકના બે-બે સત્ર અને એવા દસ-દસ દિવસ તો પણ શ્રીમદ્ ભાગવત પૂરી થતી નહોતી અને હજી પણ નથી થતી. કેવો આનંદ! છતાં એ બધું કર્યા પછી પણ પોતાના સાધનામાં ક્યાંય કોઈ ન્યૂનતા નહોતી. આટલા જપ દરરોજના કરવાના એટલે કરવાના. આ મહાપુરુષો એટલા માટે કરે કે બીજા બધા પણ તેમનામાંથી શીખે કે આ મહાપુરુષોની નિષ્ઠા કેવી છે! કહે છે કે મહામંત્રની દરરોજ 16 માળા કરવાથી શ્વાસે-શ્વાસે સ્મરણનું ફળ પ્રાપ્ત થશે. નિત્ય નિયમનો બહુ મહિમા છે.

આ તે કેવી કરુણા છે કે આજે માનવ-માનવ પર તો વિશ્વાસ કરે છે, પરંતુ જે દયાળુ પ્રભુએ માણસને જન્મ આપ્યો છે તેના પર વિશ્વાસ કરતો નથી. આપણને શરીર, મન, બુદ્ધિ, વિચાર, ઊર્જા અપાવનારો તો શ્રીહરિ જ છે. હાડ-માંસના પૂતળાનું વિસ્મરણ થાય તો કોઈ વાંધો નથી, પરંતુ પરમાત્માને ક્યારેય ન ભૂલો. તમે લક્ષ્મીની પાછળ ન ભાગો, નારાયણને પકડી લેશો તો લક્ષ્મી આપોઆપ તમારી પાસે દોડીને આવશે.

સત્યના પાલન માટે ભલે બધું જ છૂટી જાય પણ સત્ય છૂટવું ન જોઈએ કારણ કે સત્ય પરમાત્માનું સ્વરૂપ છે

સત્યને ક્યારેય કોઈપણ હાલમાં કોઈના માટે છોડી શકાય નહીં. સત્યના પાલન માટે બધું જ છૂટી જાય તો ભલે છૂટી જાય, પણ સત્ય છૂટવું ન જોઈએ કારણ કે સત્ય પરમાત્માનું સ્વરૂપ છે. સત્ય અનંત છે. આ ધરતી સત્ય પર જ ટકેલી છે. જેમને પણ પરમાત્માની પ્રાપ્તિ થઈ છે તે સત્યના માર્ગ પર જ થઈ છે. સત્યનો પથ થોડોક કઠણ જરૂર છે પણ મુશ્કેલ નથી. સત્ય પીડા આપી શકે છે. પરાજય નહીં. સત્યના પથ પર ચાલનારાને કષ્ટ તો પડે છે પણ તે નષ્ટ નથી થઈ શકતા. સત્ય તો સ્વયં બ્રહ્મ છે. જીવનમાં સફળતા પ્રાપ્ત કરવા માટે અને ઊંચાઈઓને પ્રાપ્ત કરવા માટે સતત પ્રયત્ન કરો અને જબરદસ્ત ઈચ્છા રાખો. આવું સ્વયં પર વિશ્વાસ રાખવાથી જ શક્ય બનશે. તમે સંસારના મોટા ભાગના લોકો પર વિશ્વાસ કરો છો તો પછી સ્વયં પ્રત્યે હીન ભાવ શા માટે રાખો છો? આ સંસારમાં જે કંઈ છે, તે મનુષ્ય માટે છે. હું બધું જ પ્રાપ્ત કરી શકું છું - આવો વિચાર કરી અને સખત મહેનત કરો. નિષ્ફળતાની ચિંતા ન કરો. નિષ્ફળતા સ્વાભાવિક છે. નિષ્ફળતા જ આપણને નિરંતર આગળ વધવા માટે પ્રેરિત કરે છે.

માણસ પાસે બહુ સામર્થ્ય છે. આવું સામર્થ્ય બીજા કોઈ જીવ પાસે નથી. અમે તમારી આંખો બંધ કરી રાખી છે અને સદીઓથી અંધારું અંધારું એવી બૂમ પાડો છો. તો એ સમજી લો કે આંખ ખોલતાની સાથે જ પ્રકાશ થઈ જશે. તમે જરાય કમજોર નથી. તમે સર્વ શક્તિમાન છો. હિંમત ન હારો. એકવાર જબરદસ્ત પરિશ્રમ કરો. બાકી બધું તમારું જ છે. આમ, જીવનમાં પરમાત્માનું નિત્ય સ્મરણ અને સકારાત્મક વિચારસરણી સાથે પુરુષાર્થ કરો. હિંમત હાર્યા વગર પ્રગતિનાં પંથે આગળ વધતાં રહો.





જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

સત્તાનો ઉપયોગ ન કરીને એકબીજાને ઉપયોગી થઈએ

સત્તાનો શ્રેષ્ઠ ઉપયોગ

'ન્યાય જોવો હોય તો મલાવ તળાવ જોવા જાવ' આ કહેવત પાછળનો ઈતિહાસ જાણવા જેવો છે. ધોળકાના મલાવ તળાવ પાસે રાખેલા પાટિયામાં આ કહેવત લખેલી છે. જેનો ઈતિહાસ સિદ્ધરાજ જયસિંહના જમાનાનો છે.

વાત કંઈક એવી બની હતી કે સિદ્ધરાજ જયસિંહની માતા મીનળદેવીને પ્રજાના હિતાર્થે તળાવ બાંધવાનો સંકલ્પ થયો. તેમની ઈચ્છા અનુસાર તળાવ બાંધવાની શરૂઆત થઈ, પરંતુ તેના કિનારા ઉપર જ એક ગણિકાનું ઘર આવતું હતું. એટલે ગણિકાને ઘર વેચવા માગણી કરવામાં આવી પણ તે ગણિકાએ ઘર વેચવાની ના પાડી.

રાજમાતાએ ધાર્યું હોત તો જોરજુલમથી તે ગણિકાનું ઘર પડાવી શક્યા હોત. પરંતુ તેમણે તેવું ન કર્યું અને તળાવનો ગોળાકાર બગડવા દીધો.

ભગવાન સ્વામિનારાયણે પોતાના ઉપદેશ ગ્રંથ વચનામૃતમાં કહ્યું છે કે ભીમસેનની જેમ ડારો દેનારા તો ઘણા મળે પરંતુ યુધિષ્ઠિરની જેમ સાધુતા રાખીને કાર્ય કરનારા બહુ દુર્લભ હોય છે.

ઘણીવાર સત્તાના મદમાં આવીને લોકો પોતાનાથી નીચેના માણસોની ભાવનાઓને ઠેબે ચડાવી દેતા હોય છે. પરંતુ આવી રીતે સત્તાના ઉપયોગથી કેવળ લોકોના શરીરને કાર્યમાં જોડી શકાય છે, પણ લોકોના હૃદય નહીં. જો ખરેખર સત્તાનો ઉપયોગ શીખવો હોય મહાપુરુષોના જીવનમાં ડોકિયું કરવું જોઈએ.



પ્રમુખસ્વામી મહારાજના ગુરુ યોગીજી મહારાજનું જ્યારે મુંબઈમાં ધામગમન થયું ત્યારે સમગ્ર સત્સંગ શોક-સાગરમાં ડૂબી ગયો હતો. યોગીજી મહારાજને ગોંડલ અત્યંત પ્રિય હતું, એટલે તેમના દિવ્ય વિગ્રહને અગ્નિસંસ્કાર કરવા માટે ગોંડલ લાવવામાં આવ્યો.

યોગીજી મહારાજના અંતિમ સંસ્કારના દર્શન જનમેદની સારી રીતે દર્શન કરી શકે, તે માટે યોગ્ય જગ્યા પસંદ કરવા સંસ્થા કમિટીની બેઠક યોજાઈ.

તે મિટિંગમાં અક્ષરમંદિરની બાજુમાં જ્યાં હાલ યોગીસ્મૃતિ મંદિર છે, ત્યાં અગ્નિસંસ્કાર વિધિ કરવાનું નક્કી થયું. પરંતુ તે સ્થળે પૂજ્ય ભક્તિકિશોરદાસ સ્વામીએ ખૂબ મહેનત કરીને ઘઉંનો પાક તૈયાર કર્યો હતો. આથી એ ઘઉં વાઢીને ત્યાં મેદાન તૈયાર કરવાનો નિર્ણય લેવાયો.

મિટિંગ પૂરી થયા બાદ પ્રમુખસ્વામી મહારાજ ભક્તિકિશોરદાસ સ્વામીને મળ્યા અને કહ્યું, 'ભક્તિકિશોર સ્વામી!, મોટેરા સંતો અને ટ્રસ્ટી મંડળે મળીને જ્યાં આપણે ઘઉં આવ્યા છે તે સ્થળે અગ્નિસંસ્કાર વિધિ કરવાનું નક્કી કર્યું છે. માટે જો તમે પરવાનગી આપો તો ઘઉં વાઢીને ત્યાં આપણે જગ્યા તૈયાર કરીએ.'

ભક્તિકિશોરદાસ સ્વામી પ્રમુખસ્વામી મહારાજની આ વિનંતી સાંભળીને કહ્યું, 'સ્વામી!, આપ સંસ્થાના ધણી છો. આપે જે નક્કી કર્યું હોય તે બરાબર જ હોય. આપે મારી પરવાનગી લેવાની ન હોય.' ત્યારે પ્રમુખસ્વામી મહારાજે કહ્યું, 'પણ તમે ઘઉં વાવ્યા છે. મહેનત કરી છે. તેથી પૂછવું તો પડે ને!' તેમની આ ભાવના જોઈને ભક્તિકિશોરદાસ સ્વામી ગળગળા થઈ ગયા. પ્રમુખસ્વામી મહારાજે ધાર્યું હોત, તો સંસ્થાના પ્રમુખ કે ગુરુ તરીકેની સત્તાનો ઉપયોગ કરીને આદેશ આપી શક્યા હોત. પણ એવું ન કરતા તેમણે વહાલભરી વિનંતી કરી.

જ્યારે આપણા હાથમાં સત્તાનો દોર હોય અને મહત્ત્વનો નિર્ણય લેવાનો હોય ત્યારે આપણાથી નાની વ્યક્તિને આદેશ આપવાને બદલે જો વિનંતી કરવામાં આવે તો તે કેવળ શરીરથી નહીં પરંતુ હૃદયપૂર્વક સામેલ થશે.

પ્રમુખસ્વામી મહારાજે સમગ્ર જીવન BAPS સંસ્થાનું પ્રમુખપદ અને ગુરુપદ શોભાવ્યું છે, પણ તેમણે ક્યારેય પ્રમુખ કે ગુરુ તરીકે કોઈને આદેશ આપ્યો નથી.

1977માં સંસ્થા પાસે ગાડીઓ ઓછી હતી ત્યારે, સત્સંગકાર્ય માટે વિચરણ કરતા નરેન્દ્રપ્રસાદ સ્વામી માટે એક જૂની સેકન્ડહેન્ડ ડીઝલ કાર લેવાનું નક્કી થયું. સંસ્થા દ્વારા સેકન્ડહેન્ડ કાર લેવામાં આવી અને નરેન્દ્રપ્રસાદ સ્વામીને સુપરત કરવામાં આવી. એ અરસામાં પ્રમુખસ્વામી મહારાજને સત્સંગકાર્ય માટે દક્ષિણ ભારતમાં જવાનું થયું. આ સત્સંગ-યાત્રાના આયોજન માટે જ્યારે મિટિંગ થઈ ત્યારે ચર્ચામાં 'ગાડી કઈ લઈ જવી ?' તે મુદ્દો આવ્યો.

તે સમયે પેટ્રોલ કરતા ડીઝલ સસ્તું હતું. એટલે પ્રમુખસ્વામી મહારાજ માટે નરેન્દ્રપ્રસાદદાસ સ્વામીને આપેલી ડીઝલ ગાડી લઈ જવાનું નક્કી થયું. પ્રમુખસ્વામી મહારાજે કહ્યું, 'આપણે તેમની સાથે વાત કરી લઈએ.'


નરેન્દ્ર પ્રસાદ સ્વામી આવ્યા એટલે પ્રમુખસ્વામી મહારાજે અતિવિનમ્રતાથી કહ્યું, 'અમારે દક્ષિણ ભારતના પ્રવાસે જવું છે અને ડીઝલ ગાડી લઈ જવાનું નક્કી થયું છે, જેથી ખર્ચ ઓછો થાય. માટે જો તમે રજા આપો તો તમારા માટે જે ગાડી આવી એ ગાડી લઈ જઈએ?'

નરેન્દ્રપ્રસાદદાસ સ્વામીએ હાથ જોડીને કહ્યું, 'બાપા આપ તો અમારા ગુરુ છો. આપે મારી રજા માગવાની ન હોય. આપે તો મને સીધો હુકમ જ કરવાનો હોય.' આપણી સત્તાના પ્રભાવને કારણે, આપણે માગેલી કોઈપણ વસ્તુ આપવાની કોઈ વ્યક્તિ ક્યારેય ના નહીં જ પાડે. પણ જો મંજૂરી માગવાનું સૌજન્ય દાખવીશું, તો આપણા પ્રત્યે તેમનો આદર અનેક ગણો વધી જશે.

પ્રમુખ સ્વામી મહારાજ માટે સત્તાનો શ્રેષ્ઠ ઉપયોગ આ જ હતો કે 'સત્તાનો ક્યારેય ઉપયોગ જ ન કરવો.'

તો ચાલો આપણે પણ આવા મહાપુરુષમાંથી શીખીને આ ગુણ આપણી અંદર ઉતારીએ અને સત્તાનો ઉપયોગ ન કરીને એકબીજાને ઉપયોગી થઈએ.

jivanmangalam@gmail.com



ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

જીવન આઠડા જેવું છે તો શ્રીમદ્ ભાગવત કથા દ્વારા આપણે નવ તરફ ગતિ કરવાની છે

ધર્મયુક્ત સદાચાર-નીતિમત્તા વધારે એવું શિક્ષણ મળે તો જ જીવન સાર્થક થાય

આપણાં કર્મમાં ધર્મ પ્રગટ થવો જોઈએ, નહીંતર કર્મમાં તકલીફ પડે છે. વર્તમાન સમયમાં કોર્ટ-કચેરી, લડાઈ-ઝઘડા, કૌટુંબિક ક્લેશ-કલહ જેવી અનેક પ્રકારની મુશ્કેલીઓ વધી છે. તેનું એક કારણ એ પણ છે કે જીવનમાંથી ધર્મને અલગ કરી દેવામાં આવ્યો છે. વ્યવહારમાં બુદ્ધિ આગળ રહે અને મન તેને અનુસરણ કરે અને તર્ક દ્વારા બુદ્ધિનો ઉપયોગ કરીને નિર્ણય લેવો જોઈએ. જ્યારે અધ્યાત્મમાં મન એટલે કે સંવેદનાને આગળ કરીને બુદ્ધિ તેનું અનુસરણ કરે તો કોઈ મુશ્કેલી રહે નહીં કેમ કે જ્યારે બુદ્ધિ સંશયરહિત બને ત્યારે ભગવાન તેનો સ્વીકાર કરે છે.

ચેતન તત્ત્વ તો સચરાચરમાં વ્યાપેલું છે. જોકે, તેના પ્રભાવસ્થાન વિશેષમાં તેનો અનુભવ વધુ પ્રબળતાથી થાય છે. જેમ વિદ્યુતનો પ્રભાવ હેલોઝન બલ્બમાંથી પસાર થાય તો તેનો ઝગમગાટ વિશેષ હોય છે, પરંતુ ઝીરોના બલ્બમાં ક્યારેક નાઈટ લેમ્પ તરીકે થતી હોય છે. જેવી રીતે રાજા સાકાર સ્વરૂપમાં માત્ર તેની રાજધાનીમાં હોય છે, પરંતુ માઈલો દૂર તેના પ્રદેશમાં પણ રાજાની સત્તાનું અસ્તિત્વ અને પ્રભાવ યોગ્ય હોય છે. ઉદાહરણ તરીકે રાજાની સત્તા નિરાકાર છે અને રાજ્યના સમગ્ર વિસ્તારમાં તે પ્રવર્તે છે, પરંતુ તેના પાટનગરમાં અને રાજમહેલમાં તેનો વિશેષ પ્રભાવ જોવા મળે છે. તેવી જ રીતે આપણા સમગ્ર શરીરમાં ચેતના વ્યાપ્ત છે, પરંતુ હૃદય અને મસ્તિષ્ક જેવા મર્મસ્થાનમાં તેની વિશેષ શક્તિ અનુભવાય છે. જેમ કે કોઈનો હાથ, પગ, આંખને નુકસાન થાય તો પણ ચેતનનું અસ્તિત્વ તો યથાવત્ જ રહે છે, પરંતુ જો તેના મર્મસ્થાનમાં ગંભીર ઈજા થાય તો વ્યક્તિ મૃત્યુ પામે છે. એટલે કે ચેતનાનાં પ્રગટીકરણની અનુભૂતિ માનવ તરીકે આપણે અનુભવીએ છીએ.

ઘણીવાર મનનું જોડાણ ન હોય તો કોઈ ગમે તેટલી રસપ્રદ વાત કરતો હોય તો પણ આપણે તેને સાંભળતા નથી. જાગૃત છતાં સુષુપ્તિનો અનુભવ કરીએ છીએ. જીવનમાં જાગૃત, નિદ્રા, સુષુપ્તિ – ત્રણેય અવસ્થામાં જે જીવ સાક્ષીભાવમાં જાણે નદીની જેમ વહી શકે છે તે



સાંસારિક મુશ્કેલીઓમાંથી મુક્ત બની જાય છે.

ઈશાવાસ્ય ઉપનિષદમાં આપણી સામાજિક, આર્થિક પ્રગતિનો માર્ગ દર્શાવ્યો છે કે ત્યાગીને ભોગવવું જોઈએ. માનવ જે અર્થોપાર્જન કરે તેમાં સમાજનો પણ અધિકાર છે. એકલો ખાય છે, તે પાપ ખાય છે. રામાયણમાં પણ દર્શાવાયું છે કે આપણે પરમાર્થ માટે જીવન જીવીએ તે શ્રેષ્ઠ છે. ધનનો સદુપયોગ ન કરીએ તો ધનહીન બની જવાય. શક્તિનો સદુપયોગ ન થાય તો શક્તિહીન બની જવાય. ભૌતિક પ્રગતિ અને તેનો પોષક એવું શિક્ષણ માત્ર અર્થોપાર્જન અને સુખ-સગવડ જ વધારે, પરંતુ ધર્મયુક્ત સદાચાર અને નીતિમત્તા વધારે એવું શિક્ષણ મળે તો જ જીવન સાર્થક થાય અન્યથા માનવ અને પશુમાં કોઈ ભેદ ન રહે. માટે માનવદેહ મળે પછી જીવન પશુસમાન ન બનવું જોઈએ. શાસ્ત્રમાં શ્રદ્ધા વધારવાનું કાર્ય વિજ્ઞાન કરે છે. જેમ કે વનસ્પતિમાં પણ જીવ છે, એનું પ્રમાણ આપણને વિજ્ઞાને આપ્યું એટલે શાસ્ત્રોના જ્ઞાનને સમર્થન મળે છે.

આઠથી નવ તરફ જઈએ તો જીવનની ગતિ પૂર્ણત્વને પામે. એટલે કે અંગ્રેજી ભાષામાં લખીએ તો '8' બે શૂન્ય લખાય ત્યારે આઠ અંક બને. જો એવું કહીએ કે આપણું જીવન આઠડા જેવું છે તો શ્રીમદ્ ભાગવત કથા દ્વારા આપણે નવ તરફ ગતિ કરવાની છે. નવનો આંક એટલે પૂર્ણત્વ. આઠ અંકમાં આવતા બે શૂન્ય અર્થાત્ જીવનમાં આવતા અનેક વળાંકો કે મીંડામાંથી કેવી રીતે બહાર આવવું? તેનું માર્ગદર્શન ગુરુજનોના સત્સંગ દ્વારા મળે છે. આપણે પણ સત્સંગ-શ્રવણ દ્વારા પૂર્ણત્વ તરફ આગળ વધીએ.

કથાબિંદુ

મુનિ રાજપુણ્ય વિજય

નમિ-વિનમિની પ્રભુભક્તિ

ઋષભદેવ ભગવાને દીક્ષા ગ્રહણ કરી. દીક્ષા પૂર્વે પ્રભુએ પોતાના સર્વ પુત્રોને રાજ્યની વહેંચણી કરી દીધી હતી. જો કે ત્યારે પ્રભુના પુત્રો કચ્છ-મહાકચ્છના પુત્રો નમિ-વિનમિ અન્યત્ર ગયા હતા. પાછા આવ્યા ત્યારે પિતાજીએ તો પ્રભુ સાથે દીક્ષા ગ્રહણ કરી લીધી હતી અને પોતાને કંઈ જ મળ્યું ન હતું. તેઓ કાયોત્સર્ગ ધ્યાનમાં રહેલા પ્રભુને વંદન કરવા આવ્યા અને વિનંતીપૂર્વક કહ્યું : 'પ્રભુ! આપે ભરત વગેરેને રાજ્યાદિ આપ્યું, અમને કંઈ ના આપ્યું ? કંઈ વાંધો નહીં, પણ હવે તો આપ અમને કંઈક આપો.'

પ્રભુ તો સાધનામાં રત હોવાથી મૌન છે. પ્રભુ તરફથી પ્રત્યુત્તર ન મળતા ફરી તેમણે કહ્યું : 'પ્રભુ! અમારામાં એવા કયા દોષ છે, જેથી રાજ્યની વાત તો જવા દો, અત્યારે આપ ઉત્તર પણ આપતા નથી? પ્રભુ પાસેથી કંઈ જ ઉત્તર ન મળતા તેઓએ પ્રભુ પ્રત્યે દુર્ભાવ કરવાના બદલે આ નિર્ણય કર્યો: 'ભલે પ્રભુ આપણને કંઈ જ ના આપે, ભલે પ્રભુ મૌન રહે. આપણે સેવા તો પ્રભુની જ કરવી છે.' આમ વિચારી તેઓ પ્રભુની સેવામાં લીન થઈ ગયા. પ્રભુ જ્યાં સાધના કરતા, તે ધરતી ઉપર પાણીનો છંટકાવ કરવા લાગ્યા. આમ અંતરથી પ્રભુની ખૂબ ભક્તિ કરી પ્રતિદિન પ્રભુ પાસે રાજ્યની યાચના કરતા.



એક વાર પ્રભુને વંદન કરવા આવેલા ધરણેન્દ્ર દેવે પ્રભુની સેવા અને રાજ્યની વિનંતી કરતા નમિ-વિનમિને જોયા. તેમણે તેમને કહ્યું: 'પ્રભુ તો નિષ્પરિગ્રહી છે. તમારે રાજ્ય જોઈતું હોય તો ભરત પાસે જાઓ અને ત્યાં યાચના કરો. ' ત્યારે નમિ-વિનમિએ અદ્ભુત ઉત્તર આપ્યો: 'ત્રણ લોકના નાથ મળ્યા પછી અમે બીજા પાસે શા માટે જઈએ? કલ્પવૃક્ષ મળ્યા પછી કોઈ કેરડા પાસે જાય? પ્રભુને છોડીને અમે બીજે ક્યાંય યાચના નહીં કરીએ. ચાતક પક્ષી ક્યારેય મેઘ સિવાય બીજા કોઈ પાસે યાચના કરે?' નમિ- વિનમિની પ્રભુભક્તિથી ધરણેન્દ્ર ઓવારી ગયા.



જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

આપણું સારું અન્યને અને અન્યનું સારું આપણે ગ્રહણ કરવું

Tea Bag બોધપાઠ

શ્રેષ્ઠ જીવન જીવવા માટે દરેકમાંથી કાંઈક પ્રેરણા લેવી જોઈએ. મધમાખી જેમ બધાં ફૂલોમાંથી થોડું થોડું મધ ભેગું કરી લે છે. તેમ આપણે પણ આપણાં સંપર્કમાં આવતી વ્યક્તિ કે વસ્તુમાંથી પ્રેરણા લઈ શકીએ. 'ચાની કોથળી' સામાન્ય લાગે પરંતુ તેમાંથી પણ આપણે ઘણું શીખવા મળે છે.

ચાની કોથળી, આપણને પ્રથમ સંદેશ આપે છે કે 'આપણી અંદર જે છે તેનું મૂલ્ય છે.' મર્સીડીઝ કે રોલ્સ રૉયસ કાર હોય પરંતુ તેમાં પેટ્રોલ જ ન હોય તો? પાર્કર કે સારામાં સારી પાયલટ પેન હોય પરંતુ તેમાં ઈન્ક જ ન હોય તો? IPhone કે Samsung નો Latest Phone ફોન આપણાં ખિસ્સામાં જ હોય પરંતુ તેની બેટરી 0 ટકા હોય તો? ફુગ્ગો લાલ, લીલો, પીળો રંગ જોઈને ઊંચે નથી ઊડતો પરંતુ તેની અંદર જે ગેસ ભર્યો છે તેને આધારે આકાશે ઉડે છે. તેમ આપણે જીવનમાં પ્રગતિ કરવી હોય તો આપણી અંદર શું છે? તે વધુ અગત્યનું છે. Tea Bagની અંદર જે મસાલો છે તે ચાની સ્વાદ-સુગંધ લાવે છે. તેમ આપણું જીવન શુભ વિચારોથી તરબતર હશે તો શાંતિ સુખ પ્રાપ્ત થશે. જેવું input હશે તેવું output આવશે. શુભ વિચારો લાવવા સારા પુસ્તકોનું વાંચન કરીએ. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ એક અદ્ભુત વાત કરતાં જે આપણે હૃદયમાં કોતરી રાખવા જેવી છે - 'બહાર જેવો જોગ રાખશો, તેવો અંદર જોગ થશે.' ચાલો, Tea Bagમાંથી પ્રેરણા લઈ આપણે પણ શુભ વિચારોનો દીપક જલતો રાખીએ.



ચાની કોથળી આપણને દ્વિતીય સંદેશ આપે છે કે 'વિકટ પરિસ્થિતિઓમાં, પડકારોનો સામનો કરવો.' Tea Bagને હૂંફાળાં નહીં પરંતુ ઊકળતાં પાણીમાં નાખવામાં આવે છે. અને ત્યારે જ ચા મજેદાર બને છે. તેમ સંઘર્ષોમાંથી પસાર થશું ત્યારે જ શક્તિ પ્રગટ થાય છે, વ્યક્તિની વિશેષતા ઊપસી આવે છે. 'વાગતા પહેલાં વાંસલડીને વીંધાવું પડે...' વાંસળી વગાડવી બધાને ગમે પરંતુ તેને કેટલાય સંઘર્ષોમાંથી પસાર થવું પડે છે. તેથી તે શ્રીકૃષ્ણ ભગવાનના અધરે ચઢે છે. હીરાને ઘસીએ ત્યારપછી જ તેનું તેજ પ્રગટ થાય છે.

અમેરિકાના સોળમા રાષ્ટ્રપતિ અબ્રાહમ લિંકનને અભ્યાસ કરવા કેટલો સંઘર્ષ કરવો પડતો? તેમની શાળા 20 કિ.મી. દૂર હતી. ગરીબ પરિસ્થિતિ હોવાનાં કારણે ચાલીને શાળાએ જવું પડતું. એટલું જ નહીં, તેમની પાસે પુસ્તકો ખરીદવાના રૂપિયા પણ નહોતા તો લાઈબ્રેરીમાં વાંચીને પછી પરીક્ષા આપે. તેમ છતાં તેઓ કહે છે - 'Difficulties are gems to me. I embrace difficulties.' સંઘર્ષો મારા માટે રત્ન સમાન છે. હું તેને આવકારું છું.

સંઘર્ષોની વચ્ચે સમજણ આપતા મહંતસ્વામી મહારાજ સત્સંગ દીક્ષા ગ્રંથના 280માં શ્લોકમાં કહે છે, ***'વિપત્તિષુ પ્રાર્થનં યત્નમાચરેત્'*** ધીરજ રાખવી, પ્રાર્થના કરવી અને પુરુષાર્થ કરતા રહેવો.


ચાની કોથળી આપણને તૃતીય સંદેશ આપે છે કે 'આપણું સારું અન્યને આપવું અને અન્યનું સારું આપણે ગ્રહણ કરવું.' Tea Bag છિદ્રોવાળી હોય છે અને તેથી જ ગરમ પાણી અંદરના મસાલા સાથે મિક્સ થાય છે અને ચા બને છે સ્વામી વિવેકાનંદ કહેતા, 'If you share one good thought, you will have two good thoughts' જો તમે એક સારો વિચાર બીજાને આપશો તો તે પણ તમને એક સારો વિચાર કહેશે અને તમારી પાસે બે સારા વિચારો થઈ જશે. ભગવાન સ્વામિનારાયણે પણ વચનામૃત લોયા ૫ મા દત્તાત્રેયના ગુણગ્રહણના સ્વભાવને વખાણ્યો છે. તેમણે ચંદ્રમા, પશું વૈશ્યા વગેરેમાંથી પણ ગુણ ગ્રહણ કર્યા. આપણે પણ પરિવારના સભ્યો સાથે કોઈ નવી વાત જાણી હોય તો share કરીએ.

'વિકટ પરિસ્થિતિઓમાં, પડકારોનો સામનો કરવો.' Tea Bagને હૂંફાળાં નહીં, ઊકળતાં પાણીમાં નાખવાથી ચા મજેદાર બને છે

ચા ની કોથળી આપણને ચતુર્થ સંદેશ આપે છે કે 'સમયે સમયે તેમાં ખાંડ અને દૂધ ઉમેરવા પડે છે. શાક બનાવવું હોય તો મરચું, મીઠું, હળદર બધાનો સહકાર લેવો પડે. તે વિના શાક બની જાય પણ સ્વાદિષ્ટ ન બને. આપણું શરીર પણ એકબીજાના પરિશ્રમથી જ તો ચાલે છે 'પગ લપસે ત્યાં દોડી દોડી, કર સંભાળે બાજી, સ્વયં ભલે ને ખડે પડે, પણ ટેકો દેતા રાજી...' 20મી સદીનું Brain તરીકે ઓળખાતા, Nobel Prize Winner Einstein કહેતા, 'મારું જીવન અનેક લોકોના પરિશ્રમને આભારી છે. આપણે પણ આપણા સંબંધીઓ, મિત્રોનો સહકાર લઈ આગળ વધીએ.

ખરેખર, પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ ખૂબ સરસ વાત કરતાં, 'સમુદ્રમાં છીપલા પણ હોય ને મોતી પણ હોય, આપણે મોતી વીણી લેવા.' તેમ દરેકમાંથી સદ્ગુણો જોવાનો-જાણવાનો પ્રયાસ કરીએ. આપણે Tea Bag માંથી મળતો બોધપાઠ જાણ્યો. હવે ચિંતન કરવાનો વારો આપણો છે. આપણી આસપાસ પ્રકૃતિ કે આકૃતિમાંથી પણ જીવન ઉપયોગી ઘણું શીખવા મળી શકે છે.

jivanmangalam@gmail.com



ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

કુટુંબના સભ્યો પ્રેમથી જીવે તો આતંકવાદનો સામનો અધ્યાત્મવાદથી કરી શકે

વસુધૈવ કુટુમ્બકમ્‌ની ભાવના અધ્યાત્મવાદથી ચરિતાર્થ થશે

જ્યાં અધ્યાત્મવાદની વાત આવે ત્યાં સમગ્ર વિશ્વ એક થઈ જાય છે. ધર્મવાદથી નહીં. ધર્મને સમજવામાં જ્યાં તકલીફ પડી છે ત્યાં સમાધાનને બદલે સમસ્યા જ વધુ ઉત્પન્ન થઈ છે. વિશ્વના ઇતિહાસને જોશો તો પણ ધર્મને નામે આ પૃથ્વી જેટલી રક્તરંજિત થઈ છે, એટલી બીજા કોઈ કારણથી થઈ નથી.



પરંતુ આમાં ધર્મનો કોઈ દોષ નથી પરંતુ દોષ તથાકથિત ધાર્મિકોનો છે. જેમણે ધર્મનો દુરુપયોગ કર્યો. ધર્મના નામે જેણે લોકોને ભડકાવ્યા. ધર્મ કે જે અમૃત છે, તેને અફીણનો નશો બનાવીને લોકોને તે નશામાં ધૂત બનાવી દીધા. જે અમૃત છે, તેને ઝેર કરીને પીવડાવનારા લોકો ધાર્મિક ન હોઈ શકે. ધર્મના નામે જે પણ હિંસા થતી હોય તેને ધર્મયુદ્ધ ન જ કહી શકાય. ધર્મ એ છે, જે બીજાને જીવન આપે છે. કોઈનાં જીવનને છીનવી લેવાનું કામ ધર્મનું નથી હોઈ શકતું. માટે જ આતંકવાદ વિરુદ્ધ યુદ્ધ અધ્યાત્મવાદ દ્વારા જ સફળ થઈ શકે છે.

આપણા સૈનિકો સરહદે જે રીતે ઉભા છે, તેઓને લાખ-લાખ સલામ, તેમની કુરબાની, તેમની તમન્ના, તેમની રાષ્ટ્રભક્તિને આપણે વંદન કરીએ છીએ. તેમના માટે જાગૃત નેતાગીરીને પણ ધન્યવાદ છે. પરંતુ કાયમી ઉપાય તરીકે, વિશ્વભરમાંથી જો આતંકવાદને દૂર કરવો હોય તો તેનો મુકાબલો અધ્યાત્મવાદથી જ થઈ શકે છે. બધા જ ધર્મનાં લોકો ધર્મોનું પાલન કરતાં-કરતાં ધીમે-ધીમે આધ્યાત્મિક જીવન જીવતો જાય અને આધ્યાત્મિકતાના સ્તર બધા એક જ છે.

પશ્ચિમના લોકો વિશ્વને એક બજારનાં રૂપમાં જુએ છે, વર્લ્ડ માર્કેટ. પૈસા કમાવવાની ભાવના. જ્યારે ભારતનો ઋષિ આ દુનિયાને એક પરિવારનાં રૂપમાં જુએ છે. બજારનાં રૂપમાં નહીં. ફેર માત્ર જોવાની દૃષ્ટિમાં છે. પૂર્વના લોકો વિશ્વને એક પરિવારનાં સ્વરૂપે નિહાળે છે જ્યારે પશ્ચિમનાં લોકો બજારનાં સ્વરૂપમાં. સમગ્ર વિશ્વ એક પરિવાર બની જાય તો પછી કોઈ સમસ્યા જ નથી. કૌટુંબિક ભાવના આવે. કુટુંબ, પરિવાર, આપણે બધા એક જ પરિવારના સંતાન છીએ. ટેકનોલોજીનો વિકાસ થયો, વિજ્ઞાનનો વિકાસ થયો અને વિશ્વ હવે એક ગ્લોબલ વિલેજના રૂપમાં પરિવર્તિત થઈ ગયું. પણ હજુ આપણે વિલેજની વાત કરીએ છીએ. જ્યારે અધ્યાત્મવાદમાં તો નીડમ્ એટલે કે માળો છે.

ઘણાં બૌદ્ધિકોને મળવાનું થાય ત્યારે તેઓ કહે કે ભાઈશ્રી, આતંકવાદ વધી ગયો છે. ત્યારે હું કહું છું કે આતંકવાદને જો પરાસ્ત કરવો હોય તો અધ્યાત્મવાદ લાવવો પડશે. ધર્મવાદ નહીં. ધ્યાન રાખજો ધાર્મિકતા એ આધ્યાત્મિકતાનું પ્રથમ સોપાન છે. ધાર્મિક એટલા માટે બનો કેમકે તમારે આધ્યાત્મિક બનવું છે. ધર્મના સ્તરે કોઈ ભેદભાવ લાગી શકે, પરંતુ આધ્યાત્મિકતાના સ્તરે કોઈ જ ભેદભાવ જોવા મળતો નથી. યાદ રાખજો જે વસતી વધારો રાષ્ટ્રને સમસ્યારૂપ છે એ જ વસતી રાષ્ટ્રને માટે જવાબદારીને બદલે સંપત્તિ બની શકે છે. જો દરેક વ્યક્તિને શિક્ષણ મળે અને પ્રત્યેક હાથને કામ મળે તો તો જવાબદારી, સંપત્તિ બની જાય.

વસુધૈવ કુટુમ્બકમ્‌ની વાત છે તે અધ્યાત્મવાદથી આવશે. એક કુટુંબના બધા જ સભ્યો પરસ્પર પ્રેમપૂર્વક જીવીએ તો આતંકવાદનો મુકાબલો અધ્યાત્મવાદથી કરી શકીએ છીએ. બધા જ ધર્મો એક સીડી બને અને પછી આપણે આધ્યાત્મિકતાની ઊંચાઈએ પહોંચી શકીએ. હું ધર્મને નિસરણી-સીડીના સ્વરૂપમાં જોઉં છું. અહીંથી લોકો આધ્યાત્મિક ઊંચાઈ પહોંચે છે પછી તેમને કોઈ ભેદ દેખાતો જ નથી.

તમને દર્દનો અનુભવ થાય, પીડાનો અનુભવ થાય તો તમે જીવતા છો, એમ માનજો. મને દર્દનો અનુભવ થતો નથી. બીજાનાં દુઃખને જોઈને દુઃખી થઈએ. બીજાની તકલીફને જોઈને આપણને પીડા થાય તો આપણા જીવતા હોવાનું પ્રમાણપત્ર સમજવું. માટે જ પ્રેમ વગરનું જીવન નકામું છે. જીવનમાં બધા પ્રત્યે પ્રેમ આવી જાય તો દેહ દેવાલય અને શરીર હાલતું-ચાલતું મંદિર બની જાય.

કથાબિંદુ

મુનિ રાજપુણ્ય વિજય

સિદ્ધિચંદ્રજીનો વૈરાગ્ય

પંન્યાસ પ્રવર શ્રી સિદ્ધિચંદ્રજી. જગદ્ગુરુ આ. શ્રી વિ. હીર સૂરીશ્વરજી મ.ની આજ્ઞાથી બાદશાહ જહાંગીરને સત્સંગનો લાભ આપવા માટે દિલ્હી રહ્યા હતા. પ્રતિદિન બાદશાહ સત્સંગ કરતા. યૌવનની અને તપોમય જીવનની અનુપમ કાંતિ સિદ્ધિચંદ્રજીના દેહ ઉપર વિલસી રહી હતી. શાહજાદી તેમના લસલસતા રૂપથી આકર્ષિત થઈ. તેમની સાથે જ નિકાહ કરવાની જીદ માતા-પિતાને જણાવી. ઘણી સમજાવી છતાં ન માની. આખરે એક દિવસ વાતવાતમાં બાદશાહે સિદ્ધિચંદ્રજીને કહ્યું: 'આવી કમનીય કાયાને તપ દ્વારા તપાવીને શા માટે બરબાદ કરો છો? શ્રેષ્ઠ જીવનસંગિની ન મળતી હોય, તો જણાવો. હું મારી શાહજાદી સાથે નિકાહ કરાવું.' જહાંગીરનો મલિન આશય સિદ્ધિચંદ્રજી સમજી ગયા. તેમણે સ્પષ્ટ ના કહી તો હવે બેગમે ઉમેર્યું: 'શાહજાદી સાથે સામ્રાજ્ય પણ આપીશું.' સિદ્ધિચંદ્રજીએ હસીને જવાબ આપ્યો: 'આ મુનિજીવનની મસ્તી અને સાધુતાનો શ્રેષ્ઠ સ્વાદ હું સતત અનુભવું છું. તેના આનંદને વર્ણવવા હું સર્વથા અસમર્થ છું. તેની સામે સુંદરી કે સામ્રાજ્યનું સુખ તો મહેલ છોડીને કીચડમાં આળોટવા બરાબર છે!' આવા કડવા ઉત્તરથી જહાંગીર નારાજ થયો. આવેશમાં તે કંઈ કરે અથવા આસક્તિમાં શાહજાદી કંઈ પણ કરે તે પૂર્વે બીજા જ દિવસે વહેલી સવારે સિદ્ધિચંદ્રજીએ દિલ્હીથી વિહાર કર્યો! મુનિ મૃત્યુ પસંદ કરે પણ મુનિજીવનનો ત્યાગ પસંદ ના કરે!





જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

ભગવાનના સેવકના સેવક, દાસના દાસ. આદર્શ ભક્તોનો આ માર્ગ છે

સેવક નેતૃત્વ

આજથી 72 વર્ષ પૂર્વે 28 વર્ષના યુવાન સાધુ નારાયણસ્વરૂપદાસને BAPS સંસ્થાનું સુકાન સોંપવામાં આવ્યું ત્યારથી તેઓ 'પ્રમુખસ્વામી'ના નામથી સૌનાં હૈયાંમાં રમી રહ્યા. પ્રમુખસ્વામી મહારાજના નેતૃત્વમાં સંસ્થાનો વિકાસ વિશાળ ફલક પર થયો. 1100થી વધુ મંદિરોનું નિર્માણ, 1000થી વધુ યુવાનોને સંતદીક્ષા, વિશ્વના અનેક દેશોમાં સત્સંગકેન્દ્રોની સ્થાપના, શૈક્ષણિક, આરોગ્ય, વનવાસી ઉત્કર્ષ, રાહતકાર્યો વગેરે 150થી વધુ પ્રવૃત્તિઓ દ્વારા થતી સમાજસેવા – અચંબિત થઈ જવાય તેવાં આવાં તો કંઈક કાર્યો. એ પણ 45 વર્ષની ટૂંકી સમયાવધિમાં! પ્રથમ દૃષ્ટિએ જ નજરે ચડતી પ્રમુખસ્વામી મહારાજની આ સિદ્ધિ સામાન્ય નથી પરંતુ પ્રમુખસ્વામી મહારાજમાં અસામાન્ય હતો – તેમનો સેવકભાવ, દાસભાવ.

અમદાવાદમાં આંબલીવાળી પોળમાં જેઠ સુદ ચોથ તા. 21-05-1950ના દિને ગુરુ શાસ્ત્રીજી મહારાજે સ્વામી નારાયણસ્વરૂપદાસને BAPS સંસ્થાના પ્રમુખ તરીકે વડીલ સંતો તથા ટ્રસ્ટીઓની ઉપસ્થિતિમાં નીમ્યા. BAPS સંસ્થાના નવા પ્રમુખની આ નિમણૂકની ખુશાલીમાં સૌ હરિભક્તોને ત્યાં જ મહાપ્રસાદ જમાડવામાં આવ્યો હતો. જમ્યા બાદ સૌ આનંદ કરતા વિદાય થયા. હરિભક્તો જમીને ગયા બાદ તેમના એઠાં થાળી, વાટકા તથા રસોઈના ઉપયોગમાં લેવાયેલાં વાસણો ત્યાં જ ચોકડીમાં પડ્યાં હતાં. પ્રમુખસ્વામી મહારાજે તે જોયાં કે તરત જ તેઓ ધોતિયાને કછોટો મારી વાસણ ઊટકવા બેસી ગયા. હજી દોઢ કલાક પહેલાં જ જેમને હારતોરા કરીને વધાવવામાં આવ્યા હતા, જેમની પ્રશંસા સંતો-હરિભક્તોએ જ નહીં, પરંતુ ગુરુએ સ્વયં પણ કરી હતી, તે પુરુષે પોતાના 'પ્રમુખ' તરીકે નિયુક્ત થવાના દિવસે જ વાસણ ઊટક્યાં!

વર્ષો પછી પ્રમુખસ્વામી મહારાજને આ અંગે પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો, 'સ્વામી, આપના પ્રમુખ થયાના દિવસે જ આપે વાસણ કેમ ઊટક્યાં?' ત્યારે સ્મિત વેરતાં પ્રમુખસ્વામી મહારાજે કહ્યું હતું કે, 'પ્રમુખ થયા એટલે સેવક ઓછા મટી ગયા?' આ જ પ્રમુખસ્વામી મહારાજની વિશેષતા બની રહી છે.

તેઓ તેમના જીવનકાળ દરમિયાન સળંગ 65 વર્ષ સુધી પ્રમુખ તરીકે રહ્યા પણ ક્યારેય તેઓનો સેવકભાવ ગયો નહોતો. જીવનના અંતિમભાગમાં 92, 93 વર્ષની ઉંમરે જ્યારે તેઓ ચાલી પણ નહોતા શકતા, વ્હીલચેરમાં બેસીને જ ફરવાનું થતું, ત્યારે તેઓના દર્શને આવેલા હરિભક્તોના સંઘ પાસે જતાં પહેલાં તેઓ કાયમ એમ જ કહેતા, 'હાલો, હરિભક્તોના દર્શને જઈએ.' હરિભક્તો જાણે પોતાના માટે દર્શનીય, પૂજનીય વ્યક્તિઓ છે તેવું તેઓ માનતા અને તે રીતે જ વર્તતા. તેઓનો સેવકભાવ છેલ્લે સુધી અણનમ રહ્યો હતો. શ્રીમદ્ ભાગવતમાં શ્રીકૃષ્ણ ભગવાને ઉદ્ધવજીનો મહિમા ગાતાં કહ્યું છે કે, 'ઉદ્ધવ, મારાથી જરા પણ ન્યૂન નથી.' આવા મહાન ભક્ત ઉદ્ધવજીની વિશેષતા વર્ણવતાં ભગવાન સ્વામિનારાયણે છ વચનામૃતમાં તેમના સેવકભાવને વખાણ્યો છે.

ઉદ્ધવજી શ્રેષ્ઠ યાદવ નેતા હતા. રાજકારણમાં નિપુણ હતા. જટિલ પ્રશ્નોમાં ભગવાન શ્રીકૃષ્ણ તેમની સલાહ લેતા. તેઓએ આપેલા ઉકેલ એટલા સચોટ રહેતા કે સૌ તેને માન્ય કરતા. આવા ઉદ્ધવજીને ભગવાન શ્રીકૃષ્ણે ગોપીઓની વિરહવ્યથા ટાળવા ગોકુળ, વૃંદાવન મોકલેલા. ઉદ્ધવજીએ વૃંદાવનમાં જઈ પોતાના બુદ્ધિચાતુર્યથી ગોપીઓ આગળ જ્ઞાનવાર્તા કરી. પરંતુ જ્યારે ગોપીઓના મુખે ભગવાન શ્રીકૃષ્ણનો મહિમા ઉદ્ધવજીએ સાંભળ્યો તથા ભગવાન શ્રીકૃષ્ણના સ્વરૂપમાં અખંડલીન રહેતી ગોપીઓની અલૌકિક સ્થિતિ જોઈ ત્યારે તેઓ ગોપીઓ પાસે નમી પડ્યા. પોતાની મોટપનો ત્યાગ કરી દાસભાવે ઉદ્ધવજીએ ભગવાન પાસે પણ એ જ માગ્યું કે, 'હે ભગવાન! મને વૃંદાવનમાં કોઈ વૃક્ષ, તૃણ કે લતાનો દેહ આપજો. જેથી ગોપીઓના ચરણની રજ હંમેશાં મારા મસ્તક પર ચડતી રહે.'

ભગવાનના સેવકના સેવક, ભગવાનના દાસના દાસ. આદર્શ ભક્તોનો આ માર્ગ છે. દાસના દાસ થઈ રહેવાની પ્રાર્થના રામાનુજાચાર્ય તથા તુલસીદાસજી જેવા મહાન ભક્તોએ પણ કરી છે. તે માર્ગે પ્રમુખસ્વામી મહારાજ સમગ્ર જીવન દરમ્યાન ચાલ્યા છે.


મુંબઈમાં પ્રમુખસ્વામી મહારાજની 63મી જન્મ જયંતી ઊજવાઈ રહી હતી ત્યારે હજારો હરિભક્તોને સંબોધતા પ્રમુખસ્વામી મહારાજે નમ્રભાવે પ્રાર્થના કરી હતી, 'આજે આશીર્વાદ મારે આપ સૌ પાસેથી લેવાના છે. સૌ આશીર્વાદ એવા આપો કે આ સેવા મળી છે તે સારી રીતે કરી શકાય.'

સંસારને ત્યાગી ત્યાગાશ્રમમાં હોવા છતાં ગૃહસ્થાશ્રમી ભક્તો પાસે આશીર્વાદ માંગવામાં તેમણે ક્યારેય નાનપ અનુભવી નહોતી. મહાન ગુરુ હોવા છતાં નાનામાં નાના શિષ્યો પાસે નમવામાં તેમણે ક્યારેય ઝાંખપ અનુભવી નહોતી.

મેનેજમેન્ટના ક્ષેત્રે 1970માં રોબર્ટ ગ્રીનલીફે Servant Leadership એટલે કે સેવક નેતૃત્વની નવી સંકલ્પના આપી. નેતાએ સેવક થઈ કાર્ય કરવાની શૈલી આધુનિક મેનેજમેન્ટે ભલે હમણાં શોધી હોય પણ ભારતમાં પ્રમુખસ્વામી મહારાજ જેવા સંતોએ તો વર્ષો પૂર્વેથી આ જીવી બતાવ્યું છે. નેતા થઈને પણ સેવક રહેવું તે સંત મેનેજમેન્ટ છે. આપણા નાના મોટા કાર્યક્ષેત્રમાં પ્રમુખસ્વામી મહારાજની આ 'પ્રમુખશૈલી' અપનાવી આપણા મેનેજમેન્ટને સાર્થક કરીએ.

jivanmangalam@gmail.com





ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

જ્ઞાનમાં વૃદ્ધ બનો, કર્મમાં યુવાન બનો અને ભક્તિમાં બાળક બનો

ભક્ત જ્યારે સંપૂર્ણ શરણાગતિ સ્વીકારે ત્યારે ભગવાન તેની રક્ષા કરે



જેવી રીતે માતા-પિતા બાળકની સદાય ચિંતા કરે છે, એ જ રીતે ભગવાનને ભક્તની ચિંતા રહે છે. બાળક માતા-પિતાનું ચિંતન કરીને તેને બોલાવે છે ત્યારે ભક્ત ભગવાનને પોકારે છે ત્યારે એટલે કે ભગવાનનું ચિંતન કરે છે ત્યારે એટલે કે ભક્ત જ્યારે સંપૂર્ણ શરણાગતિ સ્વીકારી લે ત્યારે ભગવાન તેનું પતન રોકશે અને તેને બચાવશે.

ભગવાન પાસે તો બધાં જ સરખાં છે, બધાં ભગવાનનાં જ સંતાનો છે. ભક્ત નાનો બાળક છે તો જ્ઞાની પ્રૌઢ સંતાન છે. માતા પોતાનાં નાનાં બાળકોની ચિંતા વધુ કરતી હોય છે અને તેમાં પણ અસમર્થ સંતાનની ચિંતા માતાને દરેક ક્ષણે હોય છે. મા તેની પાસે બધાં જ કામ છોડીને તેની તરફ દોડે છે. હું કહું છું કે તમે જ્ઞાનમાં વૃદ્ધ બનો, કર્મમાં યુવાન બનો અને ભક્તિમાં બાળક બનો. ભક્તમાં ક્યારેય અભિમાન હોતું નથી. બાળક કેવું હોય? નિષ્કપટ, નિરાભિમાની અને કોઈ પણ કામાદિ વિકાર વગરનું હોય. એવું જ ભક્તની પાસે અપેક્ષિત છે કે ભક્ત નિરાભિમાની, નિષ્કપટ અને વિકાર રહિત હોય.

સૂરદાસજી કહે છે કે 'દૃઢ ઇન ચરણન કેરો ભરોસો...' વિશ્વાસનાં મૂળમાં જ ભક્તિની ઇમારતનું નિર્માણ થયું છે. ભગવાન બધી જ જવાબદારી પૂર્ણ કરે છે. ભક્ત જો ભગવાન માટે છે તો ભગવાન પણ ભક્ત માટે જ છે. ભાવપ્રધાન જીવનના વ્યવહારને મંગલમય બનાવવાનું માર્ગદર્શન મળે છે.

ગીતા સગુણ અને નિર્ગુણનો ભેદ સમજાવે છે. માનવ શરીર મૂલ્યવાન છે. આપણા શ્વાસ કિંમતી છે. મૃત્યુની ઘડીને રોકવા માટે જો કોઈ પોતાની સમગ્ર સંપત્તિ લૂંટાવી દે તો પણ સમર્થ નહીં બને. જીવનની પ્રત્યેક ક્ષણ મૂલ્યવાન છે. ઈર્ષ્યા, કલહ, દ્વેષમાં ન ખોઈ દો. ચાર પુરુષાર્થની સિદ્ધિ માટે તો જીવન છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. ધર્મનો હેતુ મોક્ષ છે, ધન વૃદ્ધિ માટે નથી. ભક્ત નરસિંહ મહેતાએ ગાયું છે કે હે પ્રભુ! તમે નિર્ધનનાં ધન છો.

અર્થ ખરાબ નથી પરંતુ આસક્તિ ખરાબ છે. અપરાધ મોટેભાગે અર્થ અને કામ દ્વારા જ થાય છે. ધર્મ અને મોક્ષની વચ્ચે અર્થ અને કામ રાખ્યાં છે. નદી સારી છે કે ખરાબ? નદી સારી છે પરંતુ તે પોતાના વહેણને બંને કિનારાની વચ્ચે સુરક્ષિત રાખે તો. ખેતરના ઊભા પાકને

જે કાન પહેલાં નિંદા સાંભળતા હતા તે હવે હરિ કથામાં રત થઈ જાય છે. અર્થ અને કામ આપણને સુખથી ભરી દે છે, જો આપણને તે કળા આવડતી હોય. કામને તમે એ રીતે ભોગવો કે મોક્ષનું દ્વાર બંધ ન થઈ જાય

વહાવીને લઈ જનારી નદી કલ્યાણકારી ન લાગે. એ જ રીતે કામ અને અર્થ સારાં છે પરંતુ તે ધર્મ અને મોક્ષની મર્યાદામાં રહે તો જ. અર્થ અને કામ પણ જીવન ચલાવવા માટે આવશ્યક છે.

ધર્મને સુરક્ષિત રાખીને, અર્થનું સંપાદન કરો. કામ પણ એવી રીતે ભોગવો કે મોક્ષનું દ્વાર બંધ ન થઈ જાય. ધર્મની હાનિ કરીને અર્થના લોભ કરીને, પાપ કરીને કમાણી કરવી તે ખોટું છે. ધર્મનો વિચાર ન કરીએ તો અર્થ, કામ, પતનની તરફ લઈ જાય છે. યજ્ઞ દ્વારા લોભનો નાશ થાય છે. પ્રાપ્ત સંપત્તિને પરમાર્થમાં લગાડવાને યજ્ઞ કહેવાય છે. જરૂર કરતાં વધુ જો આપણી પાસે આવી જાય તો તે આપણું નથી. તેનો વિનિયોગ કરી આપું અને તેનો વિચાર આવવો જોઈએ.

જીવનમાં આપણે ન તો ભોગવવાનું છે, ન ભાગવાનું છે પરંતુ જાગવાનું છે. જેનાથી તમે ભાગશો તે મનમાં રહેશે. માટે જ સંસારથી ભાગો નહીં પરંતુ જાગવાનું છે. શ્રીમદ્ ભગવદ્ ગીતા આપણને જાગૃત કરે છે. રામાયણ પણ કહે છે કે જ્યારે કાન ચાલ્યા જાય છે ત્યારે સાંભળવાની ઇચ્છા વધારે થાય છે, પરંતુ તેને ભગવાનમાં લગાડો. મનને જો સંસારથી દૂર કરીને કનૈયાનું રૂપ નહીં આપો તો અશાંતિ થશે. કાનને કથા આપો. ભગવાનમાં મનને લગાડી દો. મનમાં આ રૂપની કલ્પના સદાય વસાવી રાખો. પીતામ્બરધારી, બાંસુરીધારીની નજીક બેઠા છો તો તમારું મન સ્થિર રહેશે. મન ત્યાંથી બીજી જગ્યાએ નહીં જાય.

જે કાન પહેલાં નિંદા સાંભળતા હતા તે હવે હરિ કથામાં રત થઈ જાય છે. અર્થ અને કામ આપણને સુખથી ભરી દે છે, જો આપણને તે કળા આવડતી હોય. કામને તમે એ રીતે ભોગવો કે મોક્ષનું દ્વાર બંધ ન થઈ જાય.



જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS


મહાપુરુષો ક્યારેય કોઈ પણ પ્રકારની સ્પર્ધામાં પડતા જ નથી

આપણી લીટી લાંબી કરીએ

જર્મનીમાં એક લેખિકા ખૂબ જ સારી નવલકથાકાર હતી. 22 ફેબ્રુઆરી, 1988ના દિવસે તેને ત્યાં એક પુત્રનો જન્મ થયો. તે ખૂબ જ તેજસ્વી હતો. તે પુત્ર જ્યારે સ્કૂલમાં ભણતો હતો ત્યારથી જ તેણે પોતાની માતાની જેમ લખવાનું ચાલુ કરી દીધું હતું.

માતાને થયું કે આગળ જતા આ પુત્ર મારો પ્રતિસ્પર્ધી બને એવો છે અને કદાચ ભવિષ્યમાં મારી અને મારા પુત્ર વચ્ચે સ્પર્ધા થાય તો તે મને હરાવી દેશે. આ વિચારથી તેણે એકવાર મારી નાખવાના ઇરાદાપૂર્વક પોતાના પુત્રને સીડી પરથી ધક્કો મારીને નીચે ફેંકી દીધો. સદ્‌નસીબે પુત્ર બચી ગયો, પરંતુ તે જીવ્યો ત્યાં સુધી પોતાની માતાને તિરસ્કારની ભાવનાથી જોતો રહ્યો. તે બાળક હતો વિશ્વવિખ્યાત જર્મન તત્ત્વચિંતક આર્થર શોપનહોવર.

આજે દુનિયાનાં દરેક ક્ષેત્રમાં દરેક વ્યક્તિને કોઈ ને કોઈ પ્રતિસ્પર્ધી મળી જ જતો હોય છે. બીજી વાસ્તવિકતા દુનિયાની એ પણ છે કે કોઈને પ્રતિસ્પર્ધીથી પાછળ રહેવું ગમતું નથી. પરિણામે પ્રતિસ્પર્ધીને પછાડવા માટે વ્યક્તિ કોઈ પણ હદ સુધી નીચે પડવા તૈયાર થઈ જાય છે. આવું કરવા પાછળ સ્પર્ધા જવાબદાર નથી પરંતુ સ્પર્ધામાં ભળેલો અહંકાર જવાબદાર છે.



આ દોષ નિવારવા મહાપુરુષોનું જીવન પ્રેરણારૂપ છે. તેઓ ક્યારેય આ પ્રકારની સ્પર્ધામાં પડતા જ નથી. ઊલટાનું તેઓ તો હંમેશાં સ્પર્ધાભાવથી અલિપ્ત જ રહે છે.

2007માં ગુજરાતના એક પ્રસિદ્ધ વર્તમાનપત્ર દ્વારા એક સ્પર્ધા યોજાઇ હતી. જેનું શિર્ષક હતું 'સબસે બડા ગુજરાતી કૌન?' આ સ્પર્ધામાં જુદાં-જુદાં ક્ષેત્રના નામાંકિત ગુજરાતીઓનાં નામ મૂકવામાં આવેલાં. ધાર્મિક ક્ષેત્રના કેટલાક મહાનુભાવોના નામ પણ આ યાદીમાં મૂકેલાં, જેમાં એક નામ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનું પણ હતું. તેમાં લોકોને એક પ્રશ્ન પૂછવામાં આવેલો કે 'એવી કઈ વ્યક્તિ છે કે જેનો સમગ્ર વિશ્વનાં ગુજરાતીઓ ઉપર પ્રભાવ હોય?'

આ પ્રશ્ન પુછાયાને માત્ર થોડા જ કલાકોમાં 20,357 લોકોએ SMS અને ઈ-મેઇલનાં માધ્યમથી પ્રમુખસ્વામી મહારાજને સર્વોચ્ચ સ્થાને મૂકી દીધા. હજુ લોકોના પ્રતિભાવો આવતા જ હતા. પ્રમુખસ્વામી મહારાજ એ સમયે વિદેશ ધર્મયાત્રા પર હતા. તેમને આ સ્પર્ધાની જાણ થઈ અને એમાં પણ આ સ્પર્ધામાં પોતાનું નામ મોખરે છે, તેવી માહિતી મળી એટલે તરત જ તેમણે અખબારના તંત્રી સાથે વાત કરવાની ઈચ્છા વ્યક્ત કરી. આથી વર્તમાનપત્રના તંત્રીને ફોન જોડીને કહેવામાં આવ્યું કે, પ્રમુખસ્વામી મહારાજને તમારી સાથે વાત કરવી છે. તંત્રીને એમ હતું કે આ સ્પર્ધામાં પ્રમુખસ્વામી મહારાજ સૌથી આગળ છે એ સમાચાર હું સ્વામીને આપીશ, પરંતુ તંત્રી કશું કહે તે પહેલાં જ પ્રમુખસ્વામી મહારાજે વિનમ્રતાથી કહ્યું, 'ભાઈ!, અમારે કોઈ સાથે હરીફાઈ નથી કરવી. અમે ક્યારેય કોઈ સાથે હરીફાઈ કરી પણ નથી. માટે તમને જો મારા પ્રત્યે સહેજ લાગણી હોય તો આ સ્પર્ધામાંથી મારું નામ કાઢી નાંખો.'

અખબારના તંત્રીએ કહ્યું, 'સ્વામીજી, આ તો સબસે બડા ગુજરાતીની સ્પર્ધા છે અને સમગ્ર વિશ્વમાંથી લોકો પોતાનો પ્રતિભાવ આપી રહ્યા છે. અમે કોઈ વ્યક્તિનો પ્રચાર પ્રસાર કરતા નથી, લોકો સ્વેચ્છાએ આપને સર્વપ્રથમ સ્થાન આપી રહ્યા છે.'

પ્રમુખસ્વામી મહારાજે આગ્રહભરી વિનંતી કરતા કહ્યું, 'તમામ મહાનુભાવો પોતાને જ્યાં તક મળી હોય ત્યાં હૃદયથી કામ કરતા હોય છે, મારી દૃષ્ટિએ એ બધાં સબસે બડા ગુજરાતી જ છે. માટે મહેરબાની કરીને મારું નામ આ સ્પર્ધામાંથી કાઢી નાખો.' વર્તમાનપત્રના તંત્રીએ પ્રમુખસ્વામી મહારાજની લાગણીને માન આપી, એ સ્પર્ધામાંથી પ્રમુખસ્વામી મહારાજ સર્વપ્રથમ હોવા છતાં તેઓનું નામ બાકાત રાખ્યું.

આવો જ પ્રસંગ 2005માં દિલ્હી અક્ષરધામના ઉદ્‌ઘાટન વખતે થયો. 'તાજમહેલને ટક્કર મારે તેવું અક્ષરધામ' આવી હેડલાઇન પોતાના વિશેષાંકમાં બાંધીને એક અખબારના તંત્રી અભિનંદનની આશાએ, પ્રમુખસ્વામી મહારાજ પાસે આ વિશેષાંક લઈને પધાર્યા. પરંતુ પ્રમુખસ્વામી મહારાજે તો આ હેડલાઇન વાંચતા જ તંત્રીને કહ્યું, 'ભાઈ, આપણે ક્યાં કોઈને ટક્કર મારવા માટે આ અક્ષરધામ બનાવ્યું છે. આપણે કોઈ પણ ધર્મ, કોઈ પણ સંપ્રદાય સાથે સહેજ પણ હરીફાઈ કે સ્પર્ધા માટે અક્ષરધામ બનાવ્યું જ નથી. અમે તો અમારા ગુરુ યોગીજી મહારાજનો સંકલ્પ પૂર્ણ કરવા અને ઈષ્ટદેવ ભગવાન સ્વામિનારાયણને અંજલિ આપવા માટે તેમજ વિશ્વને ભારતીય સંસ્કૃતિનો પરિચય મળી રહે તે માટે અક્ષરધામ બનાવ્યું છે.'


પ્રમુખસ્વામી મહારાજની આવી હૃદયભાવના જોઈને તે અખબારના તંત્રી નતમસ્તક થઈ ગયા. પ્રમુખસ્વામી મહારાજ હંમેશાં કહેતા કે 'આપણે આપણી લીટી લાંબી કરવી, પરંતુ ક્યારેય કોઈની લીટી ભૂંસવાનો પ્રયત્ન ન કરવો.'

બીજા સાથે હરીફાઈ કરવા કરતાં જો આપણે પોતાની જાત સાથે જ હરીફાઈ કરીએ તો હંમેશાં આપણે આગળ ને આગળ વધતાં જ રહીશું.

તો ચાલો, આપણે પણ આપણી લીટી લાંબી કરીએ અને ગઈકાલે આપણે જ્યાં હતા તેના કરતાં આજે વધુ એક ડગલું આગળ વધીએ.

jivanmangalam@gmail.com





ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

જો તમે સ્વચ્છતાને શરીર માની લો તો પવિત્રતાને તેનો આત્મા માનવો જોઈએ

ચાલો, આપણે આહાર-વિહાર-આચાર-વિચાર ધર્મયુક્ત બનાવીએ



જીવનમાં ધર્મ હોય તો વ્યક્તિ સર્વાંગી પ્રગતિ કરી શકે છે. જોકે, તેને માટે એ જરૂરી છે, ધર્મ પણ પૂર્ણ આચરણયુક્ત હોય છે. આપણે ત્યાં કહેવાયું છે કે- ધર્મનાં ચાર ચરણ છે. પ્રથમ તપ છે, સત્ય. કેટલાક લોકો ભગવાન સત્યનારાયણની પોતાને ઘરે-ઓફિસે કે વેપાર સ્થાને કથા કરાવે. પાછાં વાતે-વાતે ખોટું બોલવાની ટેવ પણ હોય. આ બધાંની વાત નથી, કેટલાકની વાત છે. ઉઘરાણીવાળા આવે એટલે બાથરૂમમાં સંતાઈ જાય અને છોકરાને કહે કે આપણા ઘરનાં દરવાજે જે અંકલ આવ્યા છે તેને કહી દે કે પપ્પા ઘરે નથી. છોકરાને ઉઘરાણીવાળો પાછો તરત જ પૂછે કે તારા પપ્પા ક્યાં છે? ત્યારે આ છોકરો કહે કે મારા પપ્પાએ બાથરૂમમાંથી મને કહ્યું છે કે જે અંકલ આવ્યા છે, તેને કહી દે કે મારા પપ્પા ઘરે નથી. બાળક તો સાવ નિર્દોષ હોય છે.

ધર્મનાં ચાર ચરણમાં બીજું ચરણ છે, તપ. તપ એટલે ઘર છોડીને ભાગી જવું અને જંગલમાં જઈને નાક પકડીને બેસી જવું કે કોઈ હઠયોગ કરી લેવો એવી સીમિત વ્યાખ્યા તપની ન કરાય. ધર્મનું પ્રથમ ચરણ સત્ય છે અને એ સત્ય પાલન કરવામાં જે કંઈ મુશ્કેલી આવે તેને સહન કરવી તેનું નામ જ તપ છે. આવા તપ કરનારા મહાત્મા કે તપસ્વી આપણે કોને કહીશું. ગાંધીજી કે જેમને આપણે મહાત્મા ગાંધી તરીકે પણ ઓળખીએ છીએ. બીજા છે, રાજા હરિશ્ચંદ્ર.

ધર્મનું ત્રીજું ચરણ છે, પવિત્રતા. આંતર અને બાહ્ય- એમ બંને પવિત્રતા જરૂરી છે. પાશ્ચાત્ય જગતે સ્વચ્છતાને ખૂબ જ મહત્ત્વ આપ્યું છે, પણ ત્યાં પવિત્રતા નથી. ભારતે પવિત્રતાને મહત્ત્વ આપ્યું પણ મુશ્કેલી એ થઈ કે અહીં સ્વચ્છતા જોવા મળતી નથી. મુશ્કેલી તો એ છે કે જે પવિત્રતાનું ધામ ગણાય એવાં કેટલાંક મંદિરોમાં પણ સ્વચ્છતા જોવા મળતી નથી. અરે, શ્રાવણ માસની જ વાત કરીએ તો, પવિત્ર એવા શ્રાવણ મહિનામાં આપણે ત્યાં શિવાલયોમાં મહાદેવજીની જે દશા થાય છે એ જોતાં મને વિચાર આવી જાય કે આવી ગંદકીમાંથી દેવાધિદેવ, શંકરજીને પણ ભાગી છૂટવાનું મન થતું હશે. ધર્મસ્થાનોનો મહિમા છે પરંતુ ત્યાં સ્વચ્છતાનું ધ્યાન અપાવું જોઈએ અને સ્વચ્છતા જળવાવી જોઈએ. જો તમે સ્વચ્છતાને શરીર માની લો તો પવિત્રતાને તેનો આત્મા માનવો જોઈએ. દરેક પાણી સ્વચ્છ હોય પણ દરેક પાણી પાછાં પવિત્ર હોય એવું નથી હોતું. આપણા ઘરમાં જ આપણે સ્નાનાદિથી પવિત્ર થઈને આવ્યા હોય ત્યારે ઘરમાં જેણે સ્નાન નથી કર્યું તેને સ્પર્શ નથી કરતા, એનો અર્થ એવો નથી કે આપણે આપણા છોકરાને અસ્પૃશ્ય ગણ્યો, પણ પવિત્રતાને જાળવવાની – એનો અનર્થ નહીં કરવાનો. સત્ય, તપ, પવિત્રતા અને સ્વચ્છતાની સાથે પવિત્રતા પણ જોઈએ. મંથરાને સ્પર્શ કરતાં જ કૈકેયીની બુદ્ધિ બગડી. રામને વનમાં મોકલ્યા. સત્ય, તપ, પવિત્રતા બાદ ચોથું ચરણ આવે છે દાન.

ભારતીય પરંપરામાં કહેવાયું છે કે તેન ત્યક્તેન ભુંજિથાઃ – અર્થાત્ ત્યાગ કરીને ભોગવો. આપણે પણ કોઈ નવી વસ્તુ ઘરમાં આવે તો પ્રથમ ભગવાનને અર્પણ કરીએ છીએ અને તે અર્પણ કરતાની સાથે જ તે વસ્તુ પ્રસાદરૂપ બની જાય છે. આ છે, મહત્ત્વ અર્પણ કરવાનું. દાનની પાછળનો હેતુ એ છે કે, આપણે જીવનમાં હંમેશાં માત્ર લેવાની વૃત્તિ ન રાખતા, જરૂરિયાતમંદને આપવું પણ જોઈએ. પાત્રતા જોઈને તેનું તેને દાન પણ કરવું જોઈએ. સુપાત્ર દાનનું સવિશેષ મહત્ત્વ છે. એવું કહેવાય છે કે રાજા પરીક્ષિતના શાસન સમયમાં લોકો સત્ય-તપ-પવિત્રતા અને દાન-ધર્મનાં આ ચારેય ચરણનું પાલન કરતા હતાં.

માટે જ, આપણાં શાસ્ત્રોમાં કહેવાયું છે કે-થોડો પણ આચરણમાં અપનાવાયેલો ધર્મ મહાન ભયમાંથી ઉગારી લે છે. ચાલો, આપણે આહાર-વિહાર-આચાર-વિચાર ધર્મયુક્ત બનાવીએ.





જીવન માંગલ્ય | સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

મહાન પુરુષો ક્યારેય ગેરનીતિથી કાર્ય કરતા જ નથી

મહાન પુરુષોનો મહાન ગુણ

એક કિશોરને ધરમપુરમાં મહુડાની વખાર સાચવવાની નોકરી મળી. જેમાં તેને મહુડાની ગુણો જ્યારે માગે ત્યારે કાઢી દેવાનું કામ સોંપાયું. આ કામ કરવા બદલ સાત રૂપિયાનો પગાર મળવાની તેને બાહેધરી મળી હતી, એટલે તેણે કામ કરવાનું ચાલુ કરી દીધું. તેની સાથે ત્યાં એક બીજો છોકરો પણ નોકરી કરતો હતો. એક દિવસ એ છોકરાએ તેને કહ્યું, 'આપણે પચીસ ગુણો બારોબાર વેચી મારીએ અને જે ઉપજે તેને અડધા ભાગે વહેંચી લઈશું.' આ સાંભળી આ કિશોર ખૂબ જ ગમગીન થઈ ગયો અને નોકરી છોડી ઘરે આવી ગયો. ઘરના સભ્યોએ જ્યારે તેને નોકરી છોડવાનું કારણ પૂછ્યું ત્યારે તેણે આ બધી વાત કરીને કહ્યું, 'મને એ છોકરો ચોરી કરવાનું શીખવે છે. મારે એવો પાપનો પૈસો નથી જોઈતો.' તેની આવી નીતિમય વાત સાંભળી ઘરના સભ્યો ખૂબ જ રાજી થયા. એ કિશોર હતા સમાજસેવાના આદર્શ શ્રી રવિશંકર મહારાજ.

ખરેખર, નીતિ એ વ્યક્તિની ઓળખ છે. જે જે વ્યક્તિઓએ સુનીતિથી કાર્ય કર્યું છે, તે મહાપુરુષોની હરોળમાં સ્થાન પામ્યા છે. નીતિશાસ્ત્રના રચયિતા ચાણક્ય પણ એવા સુનીતિમય જીવન જીવનાર મહાપુરુષ હતા. તેઓ રાજ્યના મંત્રી હતા. તેથી સાધન સામગ્રીની તેમની પાસે કોઈ ખોટ ન હતી. તેઓ ઘરમાં બે દીવા રાખતા. રાજ્યનું કામ પૂરું થાય ત્યારે તેઓ એક દીવો બંધ કરી બીજો પ્રગટાવતા અને પછી જ પૂજા વગેરે વ્યક્તિગત કાર્યો કરતા. તેમને આમ કરતા જોઈ એકવાર કોઈકે તેમને પૂછ્યું, 'આમ કેમ કરો છો? એક જ દીવો વાપરો ને!' ત્યારે તેમણે કહ્યું, 'પૂજા મારા વ્યક્તિગત લાભ માટે છે. તે માટે રાજ્યની સંપત્તિનો દીવો ન વપરાય.'


દરેક મહાન પુરુષોમાં આપણને આ એક ગુણ જોવા મળે છે કે તેઓ ક્યારે ગેરનીતિથી કાર્ય કરતા જ નથી. પ્રમુખસ્વામી મહારાજ પણ એવી જ રીતે વર્તતા હતા. તેમને મન નીતિ બાબતે એક જ સિદ્ધાંત હતો, 'કોઈપણ વસ્તુ ગેરનીતિથી લાવવી નહીં અને વાપરવી નહીં.' તેઓ તે પ્રમાણે વર્તતા અને બીજાને એ માર્ગે વર્તાવતા. 1977માં સ્વામીજી લેસ્ટર પધાર્યા હતા. એ વખતે બાળકોને સ્વામીશ્રીની પ્રાતઃપૂજા માટે તાજાં પુષ્પો લાવવાની સેવા સોંપાયેલી. આથી બાળકોએ બગીચાવાળા ઘરોનો સંપર્ક કરીને ફૂલોનો ફાળો નોંધેલો. એ અનુસાર તેઓ રોજ લખાવેલી સંખ્યા પ્રમાણે વહેલી સવારે ફૂલો ચૂંટી લાવતા પરંતુ, જરૂરિયાત વધતા બાળકો નોંધાવેલી સંખ્યા કરતા એક-બે ફૂલ વધુ તોડી લેતા અને વિચારતા કે માલિકને સાંજે જણાવી દઈશું. પ્રમુખસ્વામી મહારાજને આ વાતની જાણ થતાં એક દિવસ પ્રાતઃપૂજામાં તેઓએ એક બાળકને પોતાની પાસે બોલાવ્યો. એ વખતે તેઓ ભગવાન સ્વામિનારાયણે લખેલો ગ્રંથ 'શિક્ષાપત્રી' વાંચી રહ્યાં હતા. તેમાંથી એક શ્લોક બતાવીને પ્રમુખસ્વામી મહારાજે એ બાળકોને પ્રેમથી કહ્યું, 'જો, મહારાજે (ભગવાન સ્વામિનારાયણે) લખ્યું છે કે ધણીને પૂછ્યા વગર એક પુષ્પ પણ ન તોડાય. તે ચોરી કહેવાય. માટે મારી પૂજામાં પુષ્પો નહીં હોય તો ચાલશે, પણ આપણે આવાં પુષ્પો જોઈતાં નથી. સત્સંગીથી ચોરી થાય જ નહીં!'

બાળકો ભલેને સાંજે માલિકને જણાવી દેતા હોય, પણ માલિકને જણાવ્યા વગર તેઓ એક-બે પુષ્પો વધારે તોડે એ પ્રમુખસ્વામી મહારાજને મન ચોરી જ હતી.

તેમના આવા સુનીતિ યુક્ત જીવનનું પ્રતિબિંબ તેમના શિષ્યોમાં પણ દેખાતું.


ધરમપુરના નાની વહિયાળ ગામમાં ગરીબ હરિભક્ત રસિકભાઈ રહે છે. તેઓ એક મંડપવાળાની કંપની ફેમ ડેકોરેટર્સમાં 18 વર્ષથી મજૂરી કામ કરે છે. એકવાર વાપીમાં લગ્ન બાદ તેઓ જ્યારે મંડપ છોડતાં હતા, ત્યારે રાત્રે બાર વાગ્યે મંડપના એક ખૂણામાંથી તેમને એક મોટી થેલી મળી. તેમાં જોયું તો અંદર સોનાના દાગીના અને રોકડા પૈસા હતા. બીજા કોઈનું મન લલચાય ન જાય એ હેતુથી તેમણે થેલી સુરક્ષિત જગ્યાએ મૂકી દીધી.

બીજે દિવસે સવારે તે પરિવારના વ્યક્તિઓ ત્યાં દોડતાં-દોડતાં આવ્યા. તેઓ ખૂબ ચિંતાતુર હતા અને થેલી શોધતા હતા. એટલામાં તેમને રસિકભાઈ મળ્યા. રસિકભાઈએ થેલીની વિગત પૂછી તો તે કહે, 'થેલીમાં 1,60,000 રોકડા, વીસ હજારની સાડી તથા લાખ રૂપિયા ઉપરનું સોનું હતું.' રસિકભાઈને ખાત્રી થઈ કે થેલી આ ભાઈની જ છે. એટલે તેમણે થેલી લાવી એમને આપી. પેલા ભાઈએ થેલી તપાસી. બધું જ સલામત જોઈ તેઓ ખૂબ રાજી થયા અને આશ્ચર્ય સાથે પૂછ્યું, 'આમાંથી તમે કંઈ રાખ્યું કેમ નહીં?' ત્યારે રસિકભાઈ કહે, 'મારા ઘરે અત્યારે 100 રૂપિયા પડ્યા છે, તેનાથી હું સુખી છું. પારકા પૈસાથી મને સુખ નહીં થાય. પ્રમુખસ્વામી મહારાજના સત્સંગથી હું સુખી છું.'



પ્રમુખસ્વામી મહારાજના નીતિમય નેતૃત્વથી વિશ્વમાં આવાં પ્રામાણિક અને નૈતિક જીવન જીવનારા લાખો બાઈ-ભાઈ હરિભક્તોની એક મહામોટી સેના તૈયાર થઈ છે. જેને મન નીતિ અને નિષ્ઠા એ જ સાચું નાણું છે. તો ચાલો આપણે પણ આવા મહાપુરુષોમાંથી શીખીને આપણા જીવનને સુનીતિયુક્ત બનાવીએ અને એક સુનૈતિક રાષ્ટ્રનું નિર્માણ કરીએ.

jivanmangalam@
gmail.com



ભાગવત ચિંતન | ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

જીવનમાં હંમેશાં બીજાને ઉપયોગી અથવા તો મદદરૂપ થાઓ એવો ભાવ રાખો

માનવજન્મમાં અવસર મળ્યો છે, સાવધાન થયા તો તો સમજી લેવું કે...



ભગવાન શ્રીકૃષ્ણ શ્રીમદ્ ભગવદ્ ગીતામાં કહે છે કે તમને તમારા ઉદ્ધાર માટે આ માનવશરીર મળ્યું છે, પરંતુ તમે તેને કોની પાછળ ખર્ચી નાંખ્યું? અંતે પસ્તાવો થયો. સાવધાન રહેજો! બહુત ગઈ અને થોડી રહી. હજુ બાજી હાથમાં છે. મૃત્યુની એક ક્ષણ પૂર્વે તરી જવાની સંભાવના છે. જોકે, મોત આપણને પંજામાં પકડી લે ત્યાં સુધી આપણે સાવધાન ન થઈએ તો સમજો કે બાજી હાથથી ગઈ. માનવજન્મ દ્વારા આપણને એક મોટો અવસર મળ્યો છે, આ અવસરને આપણે એમને એમ ગુમાવી દઈએ છીએ. એટલા માટે મહેરબાની કરીને તમારી જાત પ્રત્યે અજ્ઞાનતા અપનાવશો નહીં.

તમે તમારો ઉદ્ધાર કરો એટલા માટે માનવશરીર તમને મળ્યું છે. વિષય ભોગ તો કૂતરા અને બિલાડાની યોનિમાં પણ હતા પરંતુ તેને માટે માનવશરીરની આવશ્યકતા નહોતી. આ માનવશરીર ભજન કરવા માટે મળ્યું છે. ભજનનો એક એવો પણ અર્થ થાય છે અને તે છે સેવા. જેટલી બની શકે એટલી બીજાની સેવા કરો. બીજાને ઉપયોગી બનો. તમારાથી જેટલું બને તેટલું બીજા માટે સત્કાર્ય કરો, મદદ કરો. આ જ સાચું ભજન છે. સાચું માનજો...બીજાનું ભલું કરતાં-કરતાં તમારું ભલું તેની મળે જ થઈ જશે.

હું તમારા લલાટ ઉપર ચંદનનું તિલક કરવા ઇચ્છું છું, પરંતુ તમારા કપાળ ઉપર એ ચંદનની શીતળતાનો અનુભવ પછી થશે પહેલાં મારું ભલું થશે એટલે કે મારી આંગળી ચંદનથી પહેલાં ભીની થશે. પછી મારી આંગળીથી તમારા કપાળ ઉપર તિલક થશે. કોઈનું ભલું કરવાની જે ભાવના, જે ક્ષણે તમારા મનમાં આવે ત્યારે સમજજો કે તે જ ક્ષણે તમારું ભલું પણ થઈ ગયું.

એટલા માટે જીવનમાં હંમેશાં બીજાને ઉપયોગી અથવા તો મદદરૂપ થાઓ એવો ભાવ રાખો. ભગવાન કહે છે કે યોગી બન. તો યોગી બનવા શું કરવાનું? સૌપ્રથમ તો યોગી બનવા માટે બીજાને ઉપયોગી બનતા શીખીએ.

આજકાલ તો એવો જમાનો છે કે જે ઉપયોગી ન હોય તેને ફેંકી દેવામાં આવે છે. માટે તમે તમારી ઉપયોગીતાને ટકાવી રાખો. ઉપયોગી બનવા માટે વ્યક્તિ જીવનમાં સેવા અપનાવે.

જ્યાં પ્રેમ છે ત્યાં ત્યાગ પણ હશે. વાસના છે ત્યાં ત્યાગ નથી, ત્યાં તો ભોગ છે. જ્યાં પ્રેમ છે ત્યાં ત્યાગ છે અને જેનામાં પ્રેમ, ત્યાગ એ બંને હશે ત્યાં સેવા થશે. પ્રેમ દ્વાર તમે પરમાત્માને ઉપયોગી બનશો. ત્યાગ દ્વારા પણ તમે પોતાને માટે ઉપયોગી બનશો અને સેવા દ્વારા તમે સમાજને ઉપયોગી બનશો. પ્રેમ દ્વારા પરમાત્માને ઉપયોગી બની જાઓ. ભગવાન પ્રેમીને જ મળે છે.

જો કોઈ વ્યક્તિને હિમાલય ઉપર ચઢાણ કરવું હોય અને તેની પાસે 80 કિલો વજનની વસ્તુ હોય અને તે લઈને ચઢવા જાય તો કપરું કામ થઈ જાય, પરંતુ એ વસ્તુઓનો જો તે વ્યક્તિ ત્યાગ કરે અથવા જે કોઈપણ જરૂરિયાતમંદ હોય તેને આપી દે તો પછી તેનો ભાર જતો રહે. એટલે સરવાળે તેણે ત્યાગ કર્યો છે પરંતુ તે કોઈના ઉપર ઉપકાર કર્યો નથી, પરંતુ સ્વયં ઉપર જ ઉપકાર કર્યો છે અને તેના દ્વારા જ તે હિમાલય ઉપર ચઢાણ સરળતાથી કરી શકશે.

ત્યાગ દ્વારા તમે સ્વયં ઉપર જ ઉપયોગી બની શકશો. જે ત્યાગે છે, તે જ તરે છે. જો મન પ્રેમથી ભરેલું હશે તો તે સેવા છે. સેવા દ્વારા તમે સમાજ માટે ઉપયોગી બની શકશો. જીવનમાં જે વ્યક્તિએ આ કળા શીખી લીધે તે આ સંસારરૂપી રંગમંચ ઉપર શ્રેષ્ઠ કલાકાર તરીકે જાણીતો બને છે.

કથાબિંદુ | મુનિ રાજપુણ્ય વિજય

લાલભાઈની કુશાગ્રબુદ્ધિ

આણંદજી કલ્યાણજી પેઢીના પૂર્વપ્રમુખ લાલભાઈ શેઠ. તેઓ કુશાગ્રબુદ્ધિ હતા. એક દિવસ વાઈસરૉય તરફથી સંદેશ આવ્યો કે સંમેતશિખરજીના વિવાદો ઉપર વિચારણા અને તેનો ફેંસલો કરવા હું કલકત્તા આવું છું, તમે પણ ત્યાં આવો. આપણે સાથે શિખરજીનો પહાડ ચઢીશું.' શરીરની અસ્વસ્થતામાં પણ શેઠ કલકત્તા ગયા. ત્યાંથી કલકત્તાના બાબુ અને વાઈસરૉય સૌ સાથે મળી શિખરજી ગયા. વહેલી સવારે શિખરજીનો પહાડ ચઢવાનું શરૂ થયું. વાઈસરૉયે ચામડાંનાં બૂટ પહેરેલા હતા. તેમના બૂટ ઉતરાવવા કઈ રીતે? આખરે કુશળતાથી તેમને સમજાવીને ચામડાંના બૂટ ઉતરાવી કેનવાસના બૂટ પહેરાવ્યા. વાઈસરૉયને આ ન ગમ્યું, પણ તેમના માન માટે ધર્મની વિધિનું તો અપમાન ના જ થવું જોઈએને ! જ્યાં સૌ ઉપર દેરાસરમાં પહોંચ્યા તો ત્યાં અંદરના ભાગમાં એક મોટું નગારું હતુ. વાઈસરૉયે તરત નગારું જોઈને પૂછ્યું : 'બૂટ ચામડાંના ન ચાલે, તો નગારું ચામડાંનું કેવી રીતે ચાલે...? બૂટ પહાડ ઉપર ન પહેરાય અને નગારું મંદિરમાં રખાય?' કુશાગ્રબુદ્ધિ લાલભાઈએ તરત વાણિયાબુદ્ધિ વાપરીને વાઈસરૉયને જવાબ આપતા નગારું મસ્તક ઉપર મૂકીને કહ્યું : 'આ રીતે ચામડાંનાં બૂટ મસ્તક ઉપર મૂકી શકાય...? જો ના, તો બંને વસ્તુ ચામડાંની હોવા છતાં કંઈક તો તફાવત છે જ ને !' વાઈસરૉય લાલભાઈની વાણિયાબુદ્ધિ પર ઓવારી ગયા



જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

પ્રાર્થનાની બાબતમાં ઘણીવાર શ્રદ્ધા ખોઈ બેસીએ છીએ

અમર્યાદિત ઊર્જાનું ઉગમસ્થાન



ગમે તેવી નરસી પરિસ્થિતિમાં પણ પ્રમુખસ્વામી મહારાજ ક્યારેય હિંમત હાર્યા નથી. તેઓએ દરેક કાર્યની શરૂઆત પ્રાર્થનાથી જ કરી છે

અમેરિકાના લોસ-એન્જેલસમાં એક 70 વર્ષની મહિલા રહેતી હતી. તેને સમાજ સેવા કરવાની ખૂબ ઈચ્છા થતી, પણ પોતાની ઉંમરના કારણે તે કોઈ સમાજ સેવા કરી શકતી નહોતી. એટલે એક દિવસ તે પોતાના ઘરની નજીક આવેલી કેન્સર હોસ્પિટલમાંથી ચોથા સ્ટેજમાં પહોંચેલા ત્રણ દર્દીઓ કે જેને બચવાની કોઈ આશા જ નહોતી, તેના ફોટોગ્રાફ લઈ આવી અને રોજ સવારે તેમના માટે પ્રાર્થના કરવા લાગી. આમ કરતા કરતા બે મહિના વીતી ગયા. એટલે એકવાર હોસ્પિટલે જઈને ડોક્ટરોને તેણે દર્દીઓના ખબર-અંતર પૂછ્યા. એ વખતે ડોક્ટરોએ ઘટસ્ફોટ કરતાં કહ્યું કે, 'તે દર્દીઓ તો સાજા થઈને હવે ડિસ્ચાર્જ થવા ઉપર છે.' આ સાંભળી તે મહિલાને ખૂબ જ આશ્ચર્ય થયું. જ્યારે તેણે આનું કારણ પૂછ્યું ત્યારે ડોક્ટરોએ કહ્યું, 'જ્યારથી તમે એમના ફોટોગ્રાફ્સ લઈ ગયા, ત્યારથી તેઓમાં રિકવરી ચાલુ થઈ હતી અને બે મહિનામાં તો તેમનું કેન્સર સાવ નાબૂદ થઈ ગયું. એટલે તેઓ હવે ડિસ્ચાર્જ થવાના છે.'

ચોથા સ્ટેજમાં પહોંચેલા કેન્સરના દર્દીઓને આ મહિલાએ કેવળ પ્રાર્થનાથી બચાવી લીધા. આ પ્રસંગની નોંધ અમેરિકન લેખક ડો.બર્નીસ સીગલે પોતાના 'peace, love and healing' નામના પુસ્તકમાં કરી છે.

આપણા જીવનમાં પણ અમુક સંજોગો એવા આવે છે જ્યારે આપણી આવડત, બુદ્ધિ, સત્તા કે રૂપિયા એક પણ વસ્તુ કામ લાગતી નથી. આવા સમયે કેવળ પ્રાર્થના જ આપણને ઉગારી શકે છે. આઈન્સ્ટાઈન-ન્યુટન જેવા વૈજ્ઞાનિકોથી માંડીને મહાત્મા ગાંધી જેવા રાષ્ટ્રપિતા સુધી તમામ મહાપુરુષોએ પ્રાર્થનાને જીવનનું અંગ બનાવ્યું છે.

પ્રમુખસ્વામી મહારાજ માટે તો પ્રાર્થના પ્રાણવાયુ સમાન હતી. તેઓ કહેતા, 'આપણે જીવનમાં દરેક પ્રસંગે, દરેક કાર્યમાં ભગવાનને પ્રાર્થના કરવી જોઈએ, કારણ કે ભગવાન આપણું જીવન છે. ભગવાન જ કર્તા છે. માટે વ્યવહારિક, સામાજિક કે સાંસારિક પ્રશ્ન હોય ત્યારે ભગવાનને પ્રાર્થના કરવી.' જ્યારે જ્યારે પ્રમુખસ્વામી મહારાજના જીવનમાં નાના-મોટા પ્રશ્નો આવ્યા છે, ત્યારે ત્યારે તેમણે ભગવાનને સતત પ્રાર્થના કરી છે કારણ કે તેઓને પ્રાર્થનામાં અત્યંત વિશ્વાસ હતો.

1985માં અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી દ્વિશતાબ્દી મહોત્સવ અમદાવાદમાં ધામધૂમથી ઊજવવાનું નક્કી થયેલું. તે માટે 59 દિવસ ભવ્યતાથી ઉત્સવ ઉજવાય એવું ભવ્ય આયોજન પણ થયેલું પરંતુ એ વર્ષે વરસાદ ખેંચાયો, રાજ્યમાં પાણીની તંગી ઊભી થઈ. એટલે આયોજકોના મનમાં થયું કે 'ભવ્ય ઉત્સવ કરવાથી સમાજમાં સારું નહીં લાગે.' માટે ઉત્સવ કેટલા દિવસનો કરવો એ અંગે પ્રમુખસ્વામી મહારાજની ઉપસ્થિતિમાં વડીલ સંતો અને આયોજકોની એક મીટિંગ યોજાઈ. જેમાં નિર્ણય એવો લેવાયો કે 59 દિવસના ઉત્સવને બદલે 4-5 દિવસનો ઉત્સવ ઊજવવો. આ નિર્ણયથી સૌ રાજી થયા પણ હજુ પ્રમુખસ્વામી મહારાજના મનમાં કંઈક બીજી જ વાત રમતી હતી. મીટિંગ બાદ ઊભા થતાં-થતાં તેઓ બોલ્યા, 'ભલે, આપણે પરિસ્થિતિ પ્રમાણે આ નિર્ણય લીધો, પણ મને વિશ્વાસ છે કે વરસાદ પડશે જ. અમે રોજ ભગવાનને એ માટે પ્રાર્થના કરીએ છીએ.' અને બન્યું પણ એવું જ, ઓક્ટોબરથી વરસાદે એવી માઝા મૂકી કે સમગ્ર ગુજરાત લીલુંછમ થઈ ગયું અને 59 દિવસનો ભવ્ય મહોત્સવ ઊજવાયો.

ગમે તેવી નરસી પરિસ્થિતિમાં પણ પ્રમુખસ્વામી મહારાજ ક્યારેય હિંમત હાર્યા નથી. તેઓએ દરેક કાર્યની શરૂઆત પ્રાર્થનાથી જ કરી છે. ઘણીવાર પ્રાર્થના ન પણ ફળે, તો પણ તેઓ ક્યારે મુંઝાયા નથી.

એકવાર વિદ્યાનગરમાં તેમને કોઈએ પૂછ્યું કે 'ભગવાનની ઈચ્છાથી જ બધું થતું હોય તો પછી ધુન-પ્રાર્થના કરવાનો શો અર્થ છે?' ત્યારે પ્રમુખસ્વામી મહારાજે કહ્યું કે 'આપણે ધૂન-પ્રાર્થનાથી તો ભગવાનને આપણી ભાવના વ્યક્ત કરીએ છીએ. પછી અરજી સ્વીકારવી કે ન સ્વીકારવી એ એમના હાથની વાત છે. કદાચ એ ન કરે તોય તેમાં આપણું સારું જ થવાનું હોય.'

પ્રાર્થનાની બાબતમાં આપણે ઘણીવાર શ્રદ્ધા ખોઈ બેસીએ છીએ. આજના ઈન્સ્ટન્ટના જમાનામાં આપણને દરેક વાતમાં તાત્કાલિક પરિણામ જોઈએ છે. એવામાં ઘણીવાર પ્રાર્થનાથી પરિણામ ન મળે તો પ્રાર્થના ખોટી અને ભગવાન પણ ખોટા એવું ક્યારેક આપણને મનમાં થઈ જાય છે. આવી બાબતમાં અબ્દુલ કલામ સાહેબનું ઉદાહરણ પ્રેરણારૂપ છે.

તેમને નાનપણથી જ એરફોર્સમાં પાઈલટ થવાની અત્યંત ઈચ્છા હતી, અને તે માટે તેઓ ભગવાનને પ્રાર્થના પણ કરતા. જ્યારે તેઓ પરીક્ષા આપવા ગયા ત્યારે તે પરીક્ષામાં ફેલ થયા, પણ તેમ છતાં તેમણે પ્રાર્થના કરવાનું છોડી નહોતું દીધું. એવું કહેવાતું કે તેઓ જ્યારે પ્રયોગશાળામાં પ્રવેશ કરતા ત્યારે સમગ્ર પ્રયોગશાળા પ્રાર્થનાખંડમાં ફેરવાઈ જતી. પછી તો તેઓ એન્જિનિયર થયા, વૈજ્ઞાનિક થયા અને અંતે ભારતના પ્રેસીડન્ટ પણ થયા. તેમને તો એક જ પ્લેનને પોતાના આંગળીના ઈશારે ઉડાવું હતું. પરંતુ ભગવાને તેઓને ભારતના તમામ ફાઈટર પ્લેન પોતાની એક આંગળીના ઈશારે ઉડાડી શકે તેવા બનાવ્યા. માટે પ્રમુખસ્વામી મહારાજ એવું કહેતા, 'આપણે અરજી કરીને છૂટા થઈ જવાનું, ભગવાન જે કરશે તે આપણા સારા માટે જ હશે.'

અંગ્રેજીમાં એક કહેવત છે કે 'God is a prayer away from us.' 'ભગવાન એક પ્રાર્થના જેટલા જ આપણાથી દૂર છે.' તો ચાલો આપણે પણ નિત્ય પ્રાર્થના દ્વારા ભગવાન અને આપણી વચ્ચેનું અંતર દૂર કરી, અખંડ તેમના સાંનિધ્યનો અનુભવ કરીએ.

jivanmangalam@gmail.com



ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

નકલી ધર્મ એ ધર્મને જેટલું નુકસાન કરી શકે એટલું નુકસાન અધર્મ પણ ન કરે

આપણે જીવનમાં શાંતિ મેળવવા શું કરવાની જરૂર છે?



એક જિજ્ઞાસુએ પ્રશ્ન કર્યો હતો કે ધર્મને ખતરો શેનાથી છે? અને જીવનમાં શાંતિ મેળવવા શું કરવું? તેના સંદર્ભમાં ચર્ચા કરતા જણાવ્યું હતું કે રામાયણનો એક પ્રસંગ છે કે રાવણ સીતાજીનું અપહરણ કરવા સાધુ થઈને જાય છે. આનો અર્થ એ કે ધર્મને અધર્મથી ખતરો નથી, પરંતુ જે નકલી ધર્મ છે, એ ધર્મને જેટલું નુકસાન કરી શકે એટલું નુકસાન અધર્મ પણ ન કરી શકે. રાવણ મારીચને સુવર્ણમૃગ બનાવી સાથે લઈ જાય છે આ સુવર્ણ મૃગ પણ નકલી છે. એક તરફ નકલી સાધુતા છે અને એક તરફ નકલી સોનું છે.

સીતા એટલે ભક્તિ, લક્ષ્મણ એટલે વૈરાગ્ય અને ભગવાન શ્રીરામ એટલે જ્ઞાન. રાવણ જેનું અપહરણ કરી ગયો તે સીતા અસલી નથી. અસલી સીતા તો અગ્નિમાં સમાયેલા છે. નિજ પ્રતિબિંબ રાખિ તહં સીતા (અર.૨૩-૪) એટલે કે રાવણ અને મારીચ જેને જુએ છે તે અસલી સીતા નથી, પણ એ છાયા સીતા છે. એ બિંબ નથી, પ્રતિબિંબ છે. ધ્યાનથી વિચારજો !

આપણે એ નક્કી કરવાનું છે કે આપણી અંદર જે ભક્તિ છે, એ કઈ છે? સાચી છે કે? કે પેલી છાયા છે? સુવર્ણ મૃગ માયાવી છે. તેના પર રામનું ધ્યાન નથી જતું. સીતાજીનું ધ્યાન જાય છે. કઈ સીતાનું? છાયા સીતાનું. એટલે આવી જે છાયા સીતા હોય તે અસલી ભક્તિ નહીં પણ નકલી ભક્તિ. એનું ધ્યાન ભગવાન પર ઓછું હોય અને સુવર્ણ મૃગ પર વધારે હોય છે.

મારીચરૂપી સુવર્ણને જોઈને શ્રીરામને થયું કે આ તો અસલી સોનું છે કે નકલી? ભગવાન શ્રીરામચંદ્રજીએ બાણ માર્યું અને મારીચ મરી ગયો. સોનાની લંકામાંથી આવેલું સોનું નકલી નીકળ્યું પછી ભગવાને હનુમાનજીને લંકા મોકલ્યા. હનુમાનજી એટલે રામનું સાચું સોનું. રાવણે હનુમાનજીનું પૂંછડું સળગાવ્યું ત્યાં લંકા સળગી ગઈ. અસલી સોના જેવા હનુમાનજી શ્રીરામચંદ્રજી પાસે પહોંચ્યા.

સંત કવિ તુલસીદાસજી કૃપ 'રામચરિત માનસ' દર્પણ છે. આ દર્પણમાં આપણા જીવનનું પ્રતિબિંબ જોવા માટે થોડો સમય ફાળવીએ. આ દર્પણરૂપી ગ્રંથનો પંદર મિનિટ, અડધો કલાક પાઠ કરીએ અને આ દર્પણમાં આપણા જીવનનું પ્રતિબિંબ નિહાળીએ, જીવનને શણગારીએ. તેમાં જે દૈવી સંપત્તિની વાત આવે છે, તેને આપણા જીવનમાં ઉતારીએ. સદ્ગુણોનાં આભૂષણોને જીવનમાં ધારણ કરી, જીવનની શોભા વધારીએ.

દર્પણમાં જ્યારે આપણે જોઈએ છીએ કે ક્યાં ડાઘ છે? ક્યો ડાઘ છે? કેવો ડાઘ છે? એનો ખ્યાલ આવે છે. તુલસીદાસજીનાં રામચરિત માનસ રૂપી દર્પણ સામે આપણે બેસીશું ત્યારે આપણા જીવનમાં ડાઘ દેખાવા માંડશે. ડહાપણ તો એને કહેવાય એ ડાઘને આપણા જીવનમાં રહેવા ન દઈએ અને એ ડાઘને દૂર કરવાનો પ્રયત્ન કરીએ અને સદ્ગુણોને આત્મસાત્ કરીએ.

પ્રત્યેક મનુષ્યને માટે માનસગાન અને શ્રવણ એટલા માટે જરૂરી છે કે માનવની, માનવીય સમસ્યાઓનું, માનવીય સમાધાન કરવા માટે શ્રીરામના માનવાતારની એ કથા છે.

એવી જ રીતે રામાયણનાં પાત્રો દ્વારા જ તુલસીદાસજી સહુને ઉદાહરણ આપે છે. જ્ઞાનમાર્ગમાં જો પતન થશે તો નાસ્તિક બનશો અને યોગમાર્ગમાં જો પતન થશે તો રોગી બનશો અને ભક્તિમાર્ગમાં પતન થશે તો ભોગી બનશો. જ્ઞાનીનું પતન ક્રોધથી થાય છે, યોગીનું પતન લોભથી થાય છે અને ભક્તનું કામવાસનાથી થાય છે. એટલે કે સીતાજી છે એ ભક્તિ સ્વરૂપા છે, રામજી છે તે જ્ઞાનનાં પ્રતીક છે અને લક્ષ્મણજી છે તે વૈરાગ્ય. જ્યાં સુધી જ્ઞાન અને વૈરાગ્યની સાથે ભક્તિ છે ત્યાં સુધી તેનું અપહરણ નહીં થાય. પણ એક ભક્તિ હોય છે અસલી અને બીજી છાયા એટલે કે નકલી. તે ભક્તિ નથી પરંતુ પ્રતિબિંબ કે પડછાયો છે. આપણે એ વિચાર કરવો જોઈએ કે આપણામાં સાચી ભક્તિ છે કે ભક્તિની છાયા છે?

ક્યારેક ક્યારેક તો આપણએ છાયાને જ અસલી ભક્તિ સમજી બેસીએ છીએ પરંતુ વિષાદે આપણને ઘેરી લીધા છે. અહીં યાદ રાખવાનું છે કે - શાંતિ મેળવવા કંઈ નવું કરવાની જરૂર નથી, પરંતુ આપણે જે પાપ કરીએ છીએ તે છોડીને ભગવાન શ્રીરામચંદ્રજીની શરણમાં લાગી જઈએ.

કથાબિંદુ

મુનિ રાજપુણ્ય વિજય

અનોખી ધર્મભાવના

ધરમચંદને નૃત્ય-નાટકોનો ખૂબ શોખ. તેમાં પણ યુવાવસ્થામાં આ શોખ દૃઢ થતો ગયો. પુત્ર ગલત માર્ગે ના જાય તે માટે માતા-પિતાએ લગ્ન કરાવ્યા, પણ શોખ ઓછો ના થયો. અત્યંત શોખ અને સતત થતાં નાટકોના કારણે વડોદરાની તત્કાલીન નાટક કંપનીમાં એક્ટર પણ બન્યા, પણ વૈરાગ્યનું નિમિત્ત કોને ક્યારે મળે, એ ક્યાં કોઈને ખ્યાલ હોય છે? એકવાર ભર્તૃહરિનું નાટક જોવા ગયા. નાટકમાં રાજા ભર્તૃહરિને સંસારનો ત્યાગ કરતા જોઈ અંતઃકરણ વૈરાગ્યવાસિત થયું અને ત્યાં જ દીક્ષિત થવાનો નિર્ણય કર્યો.

પરમ પુણ્યોદયે પં. શ્રી મોહનવિજયજી મ.નું સાંનિધ્ય મળ્યું. તેઓના વાણી રૂપી વારિસિંચનથી વૈરાગ્યબીજ શીઘ્ર અંકુરિત થયું. ભરયુવાનવયે હાથીની અંબાડી ઉપર બેસી વર્ષીદાન આપી શત્રુંજય મહાતીર્થની પાવન ભૂમિમાં સંયમ જીવન અંગીકાર કર્યું. સંયમી બન્યા પછી ચુસ્તતાથી સંયમ જીવનનું પાલન કર્યું. તેઓનો સંયમપ્રેમ એવો અદ્ભુત હતો કે ગમે તેવી અસ્વસ્થતામાં પણ એલોપેથી દવા ક્યારેય ના લેતા. શ્રાવકો દવા લેવાનો આગ્રહ કરે ત્યારે મક્કમતાથી કહેતા કે જે દવા બનાવવા માટે ખૂબ હિંસા થઈ હોય તે અહિંસક સાધુથી કેવી રીતે લેવાય? અસહ્ય વેદના સહન કરતા પણ દવા તો ના જ લેતા. જીવનપર્યંત નિરતિચાર ચારિત્રનું પાલન કર્યું. દીક્ષાજીવનના અલ્પ પર્યાયમાં પણ પૂજ્યશ્રીએ ખૂબ શાસન પ્રભાવના કરી.



જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

ભૂલને ભૂલીને સામેવાળાનું ભલું કરવું તે પરાકાષ્ઠા છે

જીવનને માણવું છે?

ધારો કે તમારે અમદાવાદથી નવી દિલ્હી સુધીની ટ્રેનની મુસાફરી કરવાની છે, પરંતુ ટ્રેન જેટલાં સ્ટેશન ઉપર ઊભી રહે તે દરેક સ્ટેશન પરથી તમારે માલ-સામાનનું એક પોટલું ટ્રેનમાં ચઢાવવાનું છે. પોટલાં અને પાર્સલ ભેગાં કરતાં કરતાં તમારે દિલ્હી સુધી પહોંચવાનું છે. શું આવી યાત્રા દરમિયાન આપણે મુસાફરીનો આનંદ માણી શકીશું? ના. કારણ કે, યાત્રાનો આનંદ મેળવવા હળવાશ જોઈએ, મોકળાશ જોઈએ. જ્યારે અહીંયા તો સ્ટેશને સ્ટેશને પોટલાં ચઢાવવાના, તેને ભેગાં ફેરવવાના, તેને સાચવવાનાં, વળી પોટલાં વધારાની જગ્યા રોકે એટલે આજુબાજુવાળાં પણ અકળાય. કદાચ બોલે નહીં, પણ આંખોથી કતરાય તો ખરાં! પોટલાં આપણા માટે ત્રાસરૂપ અને આપણે બીજા માટે! પછી તો આપણને એમ જ થાય કે હવે ક્યારે નવી દિલ્હી આવે અને આ કંટાળાજનક મુસાફરી પૂરી થાય, ખરું ને?

જીવન પણ એક યાત્રા છે. જન્મથી મૃત્યુ સુધી આપણે ઘણાંબધાં સ્ટેશને ઊભાં રહેવાનું થાય છે, નિશાળ, કોલેજ, નોકરી-ધંધો, નવો પરિવાર જેવાં જુદાં-જુદાં સ્ટેશને નવાં મિત્રો, સગા-સ્નેહીઓને મળવાનું થાય, સારા-માઠા અનુભવો પણ થાય. હવે કલ્પના કરીએ કે, જો દરેક સ્ટેશન પરથી આપણે વેર-ઝેર કે પૂર્વગ્રહોનાં પોટલાં આપણી સાથે ચઢાવતાં જઈએ તો આપણી મુસાફરી કેટલી બોજારૂપ થતી જશે? જીવનયાત્રા આગળ વધતી જશે તેમ આપણો ભાર વધતો જશે, કંટાળો વધશે, થાક વધશે અને છેવટે આપણે પણ પ્રતીક્ષા કરીશું કે હવે મૃત્યુનું સ્ટેશન વહેલું આવે તો સારું, જેથી આ યાત્રા પૂરી થાય. જિંદગીની આ અદ્‌ભુત મુસાફરી આપણે માણી નહીં શકીએ.

જો જીવનને માણવું હોય તો હળવાશ જોઈશે. એના માટે આપણે પૂર્વગ્રહોનાં, વેર-ઝેરનાં કે બદલો લેવાની ભાવનાઓનાં પોટલાંઓને ત્યાં જ મૂકીને આગળ વધવું પડશે. તેમાં જ આપણું ભલું છે. હૃદય જો નફરત, કડવાશ અને વેર-ઝેરથી ભરેલું હોય તો મુક્ત હોવા છતાં પણ આપણે કેદમાં જ છીએ. એટલે જ પ્રમુખસ્વામી મહારાજે પોતાના જીવન દરમિયાન લાખોને 'ક્ષમા'ની સંજીવની પીવડાવીને દ્વેષભાવની જંજીરોથી મુક્ત કર્યા છે. બોટાદ પાસે આવેલા રોહીશાળા ગામમાં નાનીસરખી બાબતમાં આવેશમાં આવીને એક યુવાને ગામના એક સજ્જનનું ખૂન કરી નાખ્યું. મામલો આખા ગામને લોહિયાળ આંતરયુદ્ધમાં ધકેલી દે તેવો હતો. વેરની સામે વેરની વસૂલાત કરવા ગામ ધગધગી રહ્યું હતું. ત્યારે તે મૃત-સજ્જનના યુવાન પુત્રને પ્રમુખસ્વામી મહારાજે કહ્યું: 'તું શાંતિ રાખજે. આપણે વેર નથી રાખવું. તારા બાપુજી તો ધામમાં જ ગયા છે, અને હું તારા માટે બેઠો છું. ચિંતા કરીશ નહીં. પેલાને ક્ષમા આપી દેજે. તારી માતાને પણ કહેજે કે માફ કરી દે.'

સ્વામીજીના આ વચને એ ગ્રામીણ ખેડૂત મહિલાએ, પોતાની નજર સામે પતિનું ખૂન કરનારને ક્ષમા આપી દીધી! સૌ આશ્ચર્યચકિત થઈ ગયાં. ત્યારબાદ પ્રમુખસ્વામી મહારાજે જાતે ગામમાં આવીને ગામના બે પક્ષોને સતત બે દિવસ સુધી સમજાવીને શાંત કર્યા અને પરસ્પર ક્ષમાભાવના સીંચીને ગામને ઉગારી લીધું. એ ઘટનાના સાક્ષીઓ આજે પણ કહે છે : 'જો પ્રમુખસ્વામી મહારાજ ન હોત તો કોણ જાણે ગામમાં કેટલીયે લાશો ઢળી ગઈ હોત!' સૌરાષ્ટ્રમાં કુકડ અને ઓદરકા વગેરે 45 ગામોના ક્ષત્રિયોમાં વર્ષો પહેલાં ચરિયાણ જમીનના વિવાદમાંથી વેર-ઝેરની જ્વાળા ભડકી હતી, જેમાં સાત જણાનો ભોગ લેવાયો હતો. ભાવનગરના મહારાજા કૃષ્ણકુમારસિંહજીથી લઈને બ્રિટિશ અમલદારો અને સ્વતંત્ર ભારતના અધિકારીઓએ પણ સમજાવવા પ્રયત્ન કર્યા હતા. પરંતુ સમાધાન થતું ન હતું. પણ તારીખ 12/04/1990ના રોજ ઇતિહાસમાં એક સીમાચિહ્ન રચાયું, કેમ કે એ દિવસે પ્રમુખસ્વામી મહારાજની પ્રેમાળ સમજાવટથી આખરે તે લોહિયાળ જંગ શાંતિના કિનારે પહોંચ્યો અને દોઢસો વર્ષની દુશ્મનાવટનો અંત આવ્યો. પ્રમુખસ્વામી મહારાજે જાતે એકબીજાનાં ગામનાં પાણી પીવડાવી વર્ષો જૂના અંધેયા તોડાવ્યા.

લોકો પ્રમુખસ્વામી મહારાજના કહેવાથી ક્ષમાના માર્ગે સહેજે પ્રેરાઈ જતા, કારણ કે તેઓ સ્વયં 'ક્ષમા'નું મૂર્તિમાન સ્વરૂપ હતા. તેજોદ્વેષની હળાહળ કટોરીઓને સ્વામીશ્રી સહજતાથી પચાવી ગયા છે. હળહળતાં અપમાન કે વિદ્રોહને તેઓ પ્રેમથી ગળી ગયાં છે. પોતાની સત્તાની રુએ સામેવાળાને પાણીચું પકડાવી દેવા માટે સમર્થ હોવા છતાં તેઓની સાધુતામાં ક્ષમાનો ધોધ નિરંતર વહ્યા કરતો. ભારત ઇતિહાસ પરિષદના એક વખતના મહામંત્રીને સ્વામિનારાયણ ભગવાન અને પ્રમુખસ્વામી મહારાજ માટે કોઈ પૂર્વગ્રહ હતો. આ પૂર્વગ્રહ તેમનાં લખાણોમાં પણ ઝળકતો. પરંતુ જ્યારે તેમના જીવનમાં કપરા સંજોગો આવ્યા ત્યારે પ્રમુખસ્વામી મહારાજે તેમને સહાય કરી. પોતાના અક્ષમ્ય અપરાધના બદલામાં પ્રમુખસ્વામી મહારાજની આવી અકારણ કરુણાથી તેમને પોતાની ભૂલનું ભાન થયું અને પ્રમુખસ્વામી મહારાજનો આભાર માનવા માટે તેઓ અમદાવાદ પહોંચ્યા. અમદાવાદમાં પ્રમુખસ્વામી મહારાજને મળતાં જ તેમનાં ચરણોમાં પડીને ધ્રુસકે ને ધ્રુસકે રડવા લાગ્યા અને બોલવા લાગ્યા: 'મેં આપનો ખૂબ દ્રોહ કર્યો છે. મને માફ કરી દો.'

તેમને શાંત રાખતા પ્રમુખસ્વામી મહારાજ વારંવાર બસ એટલું જ બોલતા હતા, 'બધું જ ભૂલી જાઓ, કંઈ જ બન્યું નથી, કંઈ જ થયું નથી.' ભૂલને માફ કરવી એક ઉચ્ચ ભૂમિકા છે, પરંતુ ભૂલને ભૂલીને સામેવાળાનું ભલું કરવું તે પરાકાષ્ઠા. તો આવો, પ્રમુખસ્વામી મહારાજની જન્મ શતાબ્દીએ તેમના જીવનમાંથી પ્રેરણા લઈને પૂર્વગ્રહોનાં પોટલાં મૂકી દઈએ, ઉદાર દિલે માફ કરીએ અને હળવાફૂલ થઈ જીવનયાત્રાને માણીએ.

jivanmangalam@
gmail.com





ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

જ્યાં અભિમાન છે ત્યાંથી ઈશ્વર દૂર જાય છે. આ તો સાવ સરળ વાત છે

ભક્તિનો સીધોસાદો અર્થ છે, ભગવાનની તરસ



ઘણીવાર જિજ્ઞાસુઓ પ્રશ્ન કરતા હોય છે કે - ભક્તિને કઈ રીતે વ્યાખ્યાયિત કરીએ? ભક્તિનો સીધોસાદો અર્થ છે, ભગવાનની તરસ.

આજે તકલીફ શું છે? સૌથી સરળ ભાષામાં જે વાત હોય એને લોકો એવી ગૂંચવી નાખે છે અને કઠિન બનાવી દે છે. તકલીફ એ છે કે ધાર્મિક પ્રવચનમાં પણ આવું સાંભળવા મળે છે કે ભગવાનને મેળવવો સહેલો નથી. એ તો ખૂબ જ કઠિન છે. આવી વાતો સાંભળીએ ત્યારે આપણે શું કરીએ?

તમે વિચારો કે ચાલો આટલું બધું મુશ્કેલીભર્યું કાર્ય હોય તો મૂકોને માથાકૂટ.. લક્ષ્યનું દુર્લભત્વ લક્ષ્ય પ્રાપ્તિના પ્રયાસોથી વ્યક્તિને વંચિત કરે છે. આ એક સીધીસાદી વાત છે. જો લક્ષ્ય દુર્લભ જ હોય તો પછી એને માટે મહેનત જ શું કરવી? જો મને પૈસા મળવાના જ ન હોય તો હું મહેનત જ નથી કરવાનો. સવારથી સાંજ સુધી હું મહેનત કરું છું તેનું ફળ ક્યારેક તો મળવાનું જ છે. એને લોકોએ પ્રવચનોથી કઠિન બનાવી દીધી છે.

હવે બીજી વાત કહું કે જ્યારે કઠિન વાત છે, એવું કહેવામાં આવે ત્યારે અહંકારીઓ તેને પડકારરૂપ વાત માની લે છે. અચ્છા તો પછી અમે કરીને બતાવીશું અને અહંકારી લોકો કે જેમના જીવનમાં અહંકાર છે, તેમને માટે આ એક પડકારરૂપ લાગે છે. 'ઇટ્સ ધ ચેલેન્જ' ચાલો આપણે તેને ઉપાડી લઈએ. પછી અહંકારથી એ માણસ એ ચેલેન્જને ઉપાડવાના ભાવથી જ્યારે ઈશ્વરને પ્રાપ્ત કરવાના પ્રયાસો કરે છે ત્યારે ઈશ્વર તેનાથી દૂર-દૂર જતો જાય છે, કારણ કે અહીં અહંકાર આવ્યો. ઈશ્વર તો હંમેશાં અહંકારથી જોજનો દૂર રહે છે.

ભગવાન મથુરા છોડીને ગોકુળ કેમ ગયા? કારણ કે મથુરાનો રાજા કંસ હતો. ભગવાનનું પ્રાગટ્ય ભલે મથુરામાં થયું પરંતુ ભગવાન શ્રીકૃષ્ણ મથુરામાં રહ્યાં નથી, ભગવાન શ્રીકૃષ્ણ તરત જ ગોકુળમાં જતા રહ્યા છે, કારણ કે ત્યાંનો રાજા કંસ હતો અને કંસ એટલે જ અભિમાન. કંસ એટલે જ દેહાભિમાન. એવી રીતે વિદ્વાનોએ કંસ શબ્દોના અર્થ કર્યા છે. સુખનો નાશ કરનારા, એવું અભિમાન, એવો અહંકાર એ કંસ છે.


જ્યાં અભિમાન છે ત્યાંથી ઈશ્વર દૂર જાય છે. આ તો સાવ સરળ વાત છે. પહેલી વાત તો એ છે. તાળું ખૂલતું ન હોય અને ઝૂડાની બધી ચાવીઓ આપણે અજમાવીએ. ઘણીવાર આપણે ઘરમાં

ભક્તિનો અર્થ એ છે કે તેની તરસને જીવન આપીએ. ગોપીઓએ શ્રીકૃષ્ણને નથી માગ્યા. ગોપીઓએ તરસ માગી છે અને તરસ આંસુ બનીને સતત વરસ્યાં કરી છે

અનુભવીએ છીએ કે બેગનું તાળું હોય, ઘરનું તાળું હોય અને ચાવી ખોવાઈ ગઈ હોય, તાળું ખૂલતું ન હોય પછી આપણે આડોશી-પાડોશીના ચાવીના ઝૂડા ભેગા કરીએ, આપણા ઝૂડા અજમાવી લઈએ અને બધી ચાવીઓ અજમાવી લઈએ. ઘણી ચાવી તો અંદર જાય જ નહીં અને ઘણી જાય તો રેઢાં ઘરમાંથી જેમ કૂતરું આંટો મારીને બહાર નીકળી જાય તેમ પાછી આવે તો કો'ક વળી નાની પડે, કો'ક વળી એવી રીતે નીકળી ન જાય પરંતુ ક્યાંક અધવચ્ચે અટકે એ પછી આગળ જ ન વધે.

આમ દરેક ચાવી આપણે અજમાવી જોતાં હોઈએ છીએ. મોટે ભાગે પતિ-પત્ની બંને આ માથાકૂટ કરતાં હોય તો પતિ જ પહેલાં બધી ચાવી અજમાવી જુએ, પછી તેની પત્ની કહે કે જરા મને તે તાળું ખોલવા દો. હવે તેનો પતિ તે કરી ચૂક્યો છે છતાં તે ફરીથી બધી ચાવી અજમાવી જુએ. અંતે, ફરીથી પતિ જ કહે કે ઊભી રહે, મને એ જોવા દે કે એ કઈ કંપનીનું તાળું છે? પછી તે તાળાને હલાવી જુએ ત્યારે ખબર પડે કે તાળું તો ખુલ્લું જ છે. થોડું ચોંટી ગયું હતું.

આમ, ઈશ્વરની પ્રાપ્તિ માટે અભિમાનથી આપણે આટ-આટલા પ્રયાસો કરતા હોઈએ, આટ-આટલી કસરતો કરીએ ને છેલ્લે ખબર પડે કે પરમેશ્વર તો પ્રાપ્ત જ છે. એટલે મારું કહેવાનું તાત્પર્ય એ છે કે વાત ઈશ્વરને પ્રાપ્ત કરવાના પ્રયાસોની નથી પરંતુ તરસની છે. ભક્તિનો અર્થ એ છે કે તેની તરસને જીવન આપીએ. ગોપીઓએ શ્રીકૃષ્ણને નથી માગ્યા. ગોપીઓએ તરસ માગી છે અને તરસ આંસુ બનીને સતત વરસ્યાં કરી છે.





જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

વિદ્યાર્થિની સુષુપ્ત શક્તિઓને ઉજાગર કરવાની તાકાત ગુરુમાં છે

ગુરુદેવ મેરો ઘાટ દૂસરો બનાયો હૈ

સચિન તેંડુલકર કે જેમનું પોતાનું સ્વપ્ન તો બોલર બનવાનું હતું. ડેનિસ લીલીએ જ્યારે ફાસ્ટ બોલરના સિલેક્શન માટે ચેન્નઈમાં કેમ્પનું આયોજન કરેલું ત્યારે તેઓ બોલર તરીકેની પસંદગી પામવા માટે ગયેલા. એક ઓવર બોલિંગ કર્યા પછી તેમને બેટિંગ કરવાનું કહેવામાં આવ્યું અને સચિન તેંડુલકરની બેટિંગ જોઈ ત્યારે ડેનિસ લીલીએ સચિન તેંડુલકર પાસે જઈને તેનો હાથ પકડીને કહ્યું કે બોલિંગમાં નહીં પરંતુ બેટિંગમાં તારો હાથ અજમાવ. હું તારામાં ભવિષ્યનો ડોન બ્રેડમેન જોઈ રહ્યો છું.

બસ, આ એક વાક્યથી સમાજને અને દેશને જ નહીં, પરંતુ વિશ્વને એક મહાન બેટ્સમેનની ભેટ મળી. આ તાકાત છે એક ગુરુની, જે વ્યક્તિમાં છુપાયેલા મહામાનવને બહાર કાઢી શકે છે.

માયા એન્જેલો એક વિશ્વવિખ્યાત અમેરિકન સાહિત્યકાર હતાં. તેઓ સાહિત્યકાર કવિયત્રી હતાં. માયા એન્જેલો માત્ર પુસ્તક વાચકો માટે જાણીતું નામ નથી પરંતુ વિશ્વભરના ઘણા અંગ્રેજી અભ્યાસક્રમનો અભિન્ન ભાગ પણ છે. તેણીએ સાત આત્મકથાઓ, નિબંધોનાં ત્રણ પુસ્તકો, કવિતાનાં ઘણાં પુસ્તકો પ્રકાશિત કર્યાં છે અને વર્ષ સુધી નાટકો, મૂવીઝ અને ટેલિવિઝન શો લખવાનો શ્રેય તેને આપવામાં આવે છે. માયા એન્જેલોએ પોતાની સફળતાનો શ્રેય તેનાં શિક્ષિકા મિસિસ ફ્લાવરને આપ્યો જેમણે તેનામાં કવિતા પ્રત્યેના પ્રેમને ઉત્તેજિત કર્યો. તેઓ કહે છે કે મેડમ ફ્લાવર મને પુસ્તકાલયમાં લઈ જતાં, મને તમામ પુસ્તકો આપતાં અને વાંચવા માટે પ્રોત્સાહિત કરતાં. ત્યારબાદ તેમણે માયા એન્જેલોને તેના ઘરે આવવા અને મોટેથી વાંચવા કહ્યું, આમ કવિતા પ્રત્યેનો તેનો પ્રેમ વધુ ગાઢ બન્યો.


આ છે તાકાત એક ગુરુની કે જે વિદ્યાર્થીની સુષુપ્ત શક્તિઓને ઉજાગર કરી શકે છે

બિલ ગેટ્સ એક અમેરિકન બિઝનેસમેન, સોફ્ટવેર ડેવલપર, લેખક અને મોટા ડોનર છે. તેઓ પોતે વિશ્વવિખ્યાત હાર્વર્ડના ડ્રોપ આઉટ છે. તેઓ તેમના બાળપણના મિત્ર પોલ એલન સાથે માઈક્રોસોફ્ટના સહ-સ્થાપક છે. તે હંમેશાં સ્વીકારે છે કે જો તેની શાળામાં તેના ગણિત અને નાટકના શિક્ષક ન હોત તો તે જ્યાં છે ત્યાં ન હોત.

આ છે ક્ષમતા એક ગુરુની જે બાળકના માનસ પર ઊંડી અને ક્રાંતિકારી છાપ છોડી શકે છે.

શિક્ષક, ગુરુ કે આચાર્ય શું કરી શકે આ તો તેની એક ઝલક માત્ર જ છે. સાંપ્રત પ્રવાહ સાથે પણ આ સંબંધ કેટલો સુસંગત છે તે આપણે ઉદાહરણોથી સમજી શકીએ છીએ, પણ ગુરુ-શિષ્યની આ વૈદિક પરંપરા યુગોથી ભારતમાં ચાલી આવે છે. ગુરુ-શિષ્ય પરંપરા ભારતીય સંસ્કૃતિની કરોડરજ્જુ સમાન છે. મુંડક ઉપનિષદ્ કહે છે, स गुरुमेवाभिगच्छेत् समित्पाणिः श्रोत्रियं ब्रह्म निष्ठम्| ઉપનિષદો જીવનની સાર્થકતા માટે, બ્રહ્મવિદ્યાની પ્રાપ્તિ માટે આપણને સાચા ગુરુને શરણે જવાનું શીખવે છે. માત્ર લૌકિક વિદ્યા કે ઉત્કર્ષમાં નહીં પરંતુ જીવનનું શ્રેય ગુરુના શરણે અનુભવાય છે. મહાન ગુરુનું જીવન કેવું હોય છે કે તેઓ કંઈ ન બોલે તો પણ પોતાના વર્તન દ્વારા પોતાના સંપર્કમાં આવનાર લોકોનાં જીવનમાં સદ્‌ગુણોની સુવાસ પાથરી દે છે.

ગુરુ એ માત્ર સદ્‌ગુણોના દાતા નથી, પરંતુ સ્વભાવ દોષોના અદૃશ્ય બંધનોમાંથી મુક્તિ અપાવનાર સત્પુરુષ છે. પ્રમુખસ્વામી મહારાજે પોતાના જીવન દરમિયાન 40 લાખ લોકોને વ્યસનની ચુંગાલમાંથી મુક્ત કરીને તેમના જીવનપથ પર અજવાળાં પાથર્યાં છે. આ વ્યસનમુક્તિથી લાખો બાળકો અનાથ થતાં બચ્યાં છે. લાખો મહિલાઓ વિધવા થતી બચી છે. કેટલાય પરિવારોના અંધારાં દૂર કર્યાં છે. લાખો ઘરોમાંથી અંધશ્રદ્ધા અને વહેમો દૂર કર્યાં છે, પરંતુ વ્યસન અને વહેમ કરતાં પણ મોટી જો કોઈ બેડી હોય તો તે છે આપણા સ્વભાવોની બેડી, અહં-મમત્વની બેડી. સંસાર માત્રનાં પ્રશ્નોનું મૂળ અહં અને મમત્વ છે. રામાયણમાં રાવણનો અહંકાર છલકે છે અને મહાભારતમાં ધૃતરાષ્ટ્રનું મમત્વ ઝળકે છે. ભગવાન સ્વામિનારાયણ તેઓની પરાવાણી વચનામૃતમાં તો આ અહં અને મમત્વને જ માયા કહે છે. સાચા ગુરુ આ 'હું' અને 'મારું'ની જંજીરો તોડે છે. અને જન્મોથી કેદ માણસને મુક્ત કરી મૂકે છે. પ્રમુખસ્વામી મહારાજે પોતાના સેંકડો આશ્રિતોને આ અંતિમ અને અજેય બંધનોથી મુક્ત કરી પ્રભુ ચરણે ધર્યાં છે. આ પરમ સુખનો અનુભવ કરનારાઓમાંના એક હતા, ભારતના ભૂતપૂર્વ લોકપ્રિય રાષ્ટ્રપતિ એ.પી.જે. અબ્દુલ કલામ સાહેબ. એક વૈજ્ઞાનિક, પ્રખર બુદ્ધિશાળી, અત્યંત તાર્કિક અને અનુભવી, ધર્મે મુસ્લિમ અનુયાયી હોવા છતાં તેઓએ સ્વામીશ્રી માટે કહ્યું હતું કે પ્રમુખસ્વામી મહારાજ મારા અંતિમ શિક્ષક છે. તેઓએ મારા જીવનમાંથી અહં અને મમત્વ દૂર કર્યાં છે. અને મને ભગવાનની ભ્રમણકક્ષામાં મૂકી દીધો છે. હવે મારા જીવનમાં બીજું કંઈ પ્રાપ્ત કરવાનું રહ્યું નથી કારણ કે પ્રમુખસ્વામીએ મને શાશ્વતમાં મારા અંતિમ સ્થાને મૂકી દીધો છે. આ છે ગુરુનું સામર્થ્ય. જીવનની વાસ્તવિક સાર્થકતા માટે સાચા ગુરુનો કોઈ વિકલ્પ નથી અને સાચા ગુરુ મળે એ જીવનનું સદ્‌ભાગ્ય છે. શંકરાચાર્ય તો ત્યાં સુધી કહે છે કે અત્યંત રૂપ અને સૌષ્ઠવથી યુક્ત શરીર હોય, જે સદા રોગથી મુક્ત હોય, મેરુ પર્વત જેટલું ધન હોય અને જેની કીર્તિ સર્વત્ર પથરાયેલી હોય પણ જો ગુરુના ચરણમાં ચિત્ત નથી ચોંટ્યું તો તે વ્યક્તિનું જીવન નિરર્થક છે. પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવે ગુરુ પૂર્ણિમાના પર્વે પ્રભુના ચરણોમાં પ્રાર્થના કે આપણે પણ સાચા ગુરુના શરણે જઈને આપણું જીવન સાર્થક કરી શકીએ.



jivanmangalam
@gmail.com




ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

'તેં બે રૂપિયાનો ત્યાગ કર્યો માટે આપણે નદી પાર કરી શક્યા છીએ.'

સઘળી અનુકૂળતા હોવા છતાં પુરુષાર્થ કરવો જ પડે



એક પ્રસંગ છે. એક ગુરુના બે ચેલાઓ જઈ રહ્યા હતા. આ બે ચેલાઓમાંથી એક સંગ્રહ કરવામાં માનતો હતો અને બીજો ત્યાગને મહત્ત્વ આપતો હતો. પ્રથમ શિષ્યનું માનવું એવું હતું કે આપણી પાસે જે કંઈ ભેગું થયેલું નહીં હોય તો તેની કંઈ જ કિંમત નથી. પૈસો હોય તેને જ સહુ સલામ કરે છે. તો બીજો શિષ્ય કહેતો હતો કે જીવનમાં ત્યાગ જ સૌથી શ્રેષ્ઠ છે. ભોગવાદીનું એવું કહેવું હતું કે પૈસો એ જ પરમેશ્વર છે તો ત્યાગીનું કહેવું હતું કે કે પૈસાની જરૂર છે, તેની ના નહીં પણ એ જ સર્વસ્વ નથી.

બંને ચાલતાં-ચાલતાં જતા હતા. એવામાં વચ્ચે એક નદી આવી. નદી પાર ઉતારવા માટે એક હોડી હતી અને નાવિક હોડીમાં બેસીને ઉતારું આવે તેની રાહ જોતો હતો. બંને શિષ્યોએ જઈને નાવિકને કહ્યું કે અમને સામે પાર લઈ જાઓ. તો નાવિકે કહ્યું કે જરૂર લઈ જઈશ, પણ એક માણસનો એક રૂપિયો ટિકિટ થશે. તો જે શિષ્ય સંગ્રહ કરવામાં માનતો હતો તેની પાસે તો પૈસા હતા. તેણે પોતાના ખિસ્સામાંથી એક રૂપિયો કાઢીને નાવિકને આપ્યો. હવે જે ત્યાગી હતો તેના કપડામાં તો ખિસ્સું જ નહોતું.


નાવિકે તેની પાસે રૂપિયો માગ્યો તો તેણે કહ્યું કે મારી પાસે કંઈ નથી, હું તો ત્યાગી છું. તો નાવિક બોલ્યો ત્યાગીજી પ્રણામ, આશીર્વાદ આપો અને અહીં ઊભા રહો. પૈસા વિના હોડીમાં ન બેસાય. આ સાંભળી તેનો મિત્ર હસવા લાગ્યો અને કહે શું ત્યાગીજી શું વિચાર છે, તરીને સામે કાંઠે આવશો કે તમારા વતી હું રૂપિયા આપી દઉં? ત્યાગી કહે કે 'આપી દે... ભાઈ, મારા વતી રૂપિયો આપી દે, તારો ઉપકાર.' તો તેણે બીજો રૂપિયો ખિસ્સામાંથી કાઢી નાવિકને આપ્યો. ત્યારે જ તેમને અંદર બેસાડ્યા. હવે હોડી નદીમાં ચાલવા માંડી તો પૈસા આપવાવાળો મિત્ર બોલ્યો, ત્યાગીજી! ત્યાગની વાત કરવી બહુ સહેલી છે, બાકી પૈસા વિના ચાલતું નથી. મેં તમારા વતી રૂપિયો ન આપ્યો હોત તો તમે કિનારે એમને એમ રહી જાત. નાવિક તમને બેસવા ન દેત.


નદી પાર કરી બંને ચાલવા લાગ્યા. સંગ્રહ કરવાવાળા શિષ્યે કહ્યું 'સ્વામીજી! હવે તો માનશો ને કે પૈસા વિના ચાલતું નથી. સંગ્રહ કરવો પડે છે. જો મેં બે રૂપિયા ભેગા ન કર્યા હોત તો આજે નાવિક આપણને નદી પાર ન કરાવત.' ત્યારે ત્યાગીએ કહ્યું કે 'ભાઈ! તેં રૂપિયા ભેગા કર્યા એટલા માટે આપણે નદી પાર ઊતર્યા નથી, પરંતુ તેં બે રૂપિયાનો ત્યાગ કર્યો માટે આપણે નદી પાર કરી શક્યા છીએ. જો તારા ખિસ્સામાં રૂપિયા પડ્યા રહ્યા હોત તો આપણે નદી પાર ન કરી શક્યા હોત. ત્યાગે જ આપણને નદી પાર કરાવી છે.' જોકે, એ વાત જુદી છે કે એ જ ત્યાગી શકે છે, જેની પાસે હોય છે.

જીવનમાં બધું જ હોવા છતાં જે પ્રયત્ન કરતો નથી, તે પોતાનો ઉદ્ધાર કદી કરી શકતો નથી. બધી જ અનુકૂળતા હોવા છતાં પુરુષાર્થ તો માનવે જ કરવો પડે છે. હા, જરૂર છે, ઈશ્વર પ્રત્યે, સદ્‌ગુરુ પ્રત્યે પૂર્ણ સમર્પણની

ગુરુ કર્ણધાર છે, માનવદેહ સુદૃઢ નૌકા છે. ક્યારેક એવું બને કે સુદૃઢ નૌકા હોવા છતાં કુશળ કર્ણધાર હોવા છતાં, નૌકાને સામે કાંઠે લાવવી મુશ્કેલ છે પણ આધ્યાત્મિક ક્ષેત્રમાં તો ભગવાન કહે છે કે 'અહીં આવી કોઈ ચિંતા કરવાનો અર્થ નથી. મારી કૃપારૂપી અનુકૂળ હવા ચાલી રહી છે.' ભગવાનની કૃપા મળી રહે ત્યારે બધાં પ્રકારની અનુકૂળતા થઈ જાય છે. ધર્મથી કમાયેલી સંપત્તિ હોય, સંસ્કારી સંતતિ હોય, પરિવારમાં સુમેળ હોય, આપણે પાંચમાં પૂછાતા હોય - આ બધું હોવા છતાં પણ જે ભવસમુદ્રને તરતો નથી, અરે તરવાની ઈચ્છા પણ કરતો નથી તેને માટે ભગવાન કહે છે કે તે આત્મ હત્યારો છે. તે આત્મઘાતી છે, માટે તમે તમારા આત્માનો ઉદ્ધાર કરો. તમારો ઉદ્ધાર તમે જ કરી શકશો.

જીવનમાં બધું જ હોવા છતાં જે પ્રયત્ન કરતો નથી, તે પોતાનો ઉદ્ધાર કદી કરી શકતો નથી. બધી જ અનુકૂળતા હોવા છતાં પુરુષાર્થ તો માનવે જ કરવો પડે છે. હા, જરૂર છે, ઈશ્વર પ્રત્યે, સદ્‌ગુરુ પ્રત્યે પૂર્ણ સમર્પણની.






જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

ખરેખર, રચનાત્મક સાહસોથી ઈતિહાસની કરવટ બદલાય છે

પ્રગતિનું અસાધારણ પરિબળ





આ દુનિયામાં સૌથી મૂલ્યવાન સ્થાન કયું? આ પ્રશ્નનો માર્મિક ઉત્તર આપતા એક ચિંતકે કહ્યું, 'સ્મશાન.' શા માટે? કારણ કે સ્મશાનની આ ભૂમિમાં કેટલાંય લોકો તેમનાં અધૂરાં પણ અમૂલ્ય સપનાંઓ સાથે વિલીન થયાં છે. આ દુનિયાને વધુ સુંદર બનાવી શકે તેવા ભવ્ય આવિષ્કારો, કારકિર્દીને વધુ ઉન્નત બનાવે તેવા game changer ideas, માનવમર્યાદાને ઓળંગી મનુષ્યજીવનને વધુ સમૃદ્ધ બનાવે તેવા revolutionary concepts પર કોઈનો વ્યક્તિગત ઈજારો નથી.

સાધારણ લાગતા માણસનાં મન-મસ્તિષ્કમાં પણ આવા ચમકારા થતા હોય છે, પણ બહુધા તે વિચારોને મનમાં જ સંગ્રહી સરેરાશ લોકો પોતાની જીવનયાત્રા સમાપ્ત કરે છે અને તે બિલિયન ડોલર્સના ideas સ્મશાનની ધૂળમાં સમાઈ જાય છે. શા માટે તે વિચારો આકાર પકડતા નથી? તેનાં ઘણાં કારણોમાંનું એક છે, સાહસનો અભાવ. મોટે ભાગે આવા ક્રાંતિકારી વિચારોનો જ્યાં જન્મ થાય છે ત્યાં જ નિષ્ફળતાની બીક કે comfort zoneનું કોચલું તેની કતલ કરી નાખે છે, પણ જો આપણે સમજદારીપૂર્વક સાહસ કરીને ઝંપલાવીએ તો બની શકે કે આપણું સાહસ વિશ્વને નવા સૂર્યોદયો દેખાડે. એક સાહસ આપણા જીવનની તાસીર ફેરવી નાખે. કદાચ ઇતિહાસનાં પૃષ્ઠોમાં તે સુવર્ણાક્ષરે નોંધાઈ જાય!

ગાંધીજીએ ચપટી મીઠું ઉપાડવાનું સાહસ કર્યું તો આઝાદીની ચળવળમાં વેગ લાગી ગયો. સરદારે 563 રજવાડાં એક કરવાનું સાહસ કર્યું તો આપણને અખંડ ભારતની ભેટ મળી. 1961ના પ્રારંભમાં જ્હોન એફ. કેનેડીએ એક ઘોષણા કરી કે આ દાયકાના અંત સુધીમાં આપણે મંગળ પર પગ મૂકી દઈશું. આ સાહસસભર એક ઘોષણાથી 1970માં તો પૃથ્વીવાસી માટે પરગ્રહના દરવાજા ખુલ્લા થઈ ગયા. સચિન તેંડુલકરે બૉલિંગ છોડીને બેટિંગ પર હાથ અજમાવવાનું સાહસ કર્યું તો વિશ્વને God of Cricketના દર્શન થયા.

ખરેખર, રચનાત્મક સાહસોથી ઇતિહાસની કરવટ બદલાય છે અને જો યોગ્ય સમયે સાહસિક પગલાં ભરીને બદલાવ ન લાવીએ તો સફળતાનાં શિખરેથી નિષ્ફળતાઓની ખાઈમાં ધૂળ ચાટતાં પણ થઈ જવાય, તેનું પણ વિશ્વ સાક્ષી છે.


20મી સદીમાં ફોટોગ્રાફી અને વિડીયોગ્રાફીના ક્ષેત્રમાં રાજ કરનારી કંપની હતી Kodak. 1968 સુધી તો આ ક્ષેત્રના ગ્લોબલ માર્કેટના 80 ટકા શેર કોડક પાસે હતા, પણ 2012ની સાલમાં તેને નાદારી જાહેર કરવી પડી. કારણ, ફિલ્મ કેમેરામાંથી કોડક ડિજિટલ કેમેરા પર કૂદકો મારવાનું સાહસ ન કરી શકી. Nokia કંપની Androidને સ્વીકારવાનું સાહસ ન કરી શકી તો તેનું પરિણામ આજે આપણી નજર સામે છે. હા, Comfort Zoneમાં રહેવાનું સૌને ગમે છે, પણ ત્યાં આપણો વિકાસ રૂંધાય છે અને ક્યારેક તો એવી પછડાટ મળે છે કે પછી ઊભા થવાનું સાહસ પણ એક પ્રકલ્પ બની જાય છે.

2002ની સાલમાં Guinness Book of World Recordsએ છેલ્લાં હજાર વર્ષનાં 20 સૌથી પ્રભાવશાળી વ્યક્તિઓની યાદી જાહેર કરી. આ યાદીમાં માત્ર બે જ ભારતીયો હતા, એક મહાત્મા ગાંધી અને બીજા પ્રમુખસ્વામી મહારાજ. ગુજરાતના ચાણસદ જેવા ખૂણાના ગામડામાં જન્મેલા, 6 ધોરણ ભણેલા, એક ખેડૂતના પુત્ર પ્રમુખસ્વામી મહારાજની આ જ્વલંત સફળતામાં પણ તેઓની સાહસિકતા ઝળકે છે. પરદેશની ધરતી પર પ્રથમ વખત ભારતીય સંસ્કૃતિના વિજયધ્વજ ફરકાવનારા પથ્થરનાં ગગનચુંબી 12 ભવ્ય શિખરબદ્ધ મંદિરો તેમના સાહસની સાક્ષી પૂરે છે. 2001ની સાલમાં ગાંધીનગર અક્ષરધામ પર આતંકવાદી હુમલો થવા છતાં ભારતની રાજધાની દિલ્હીમાં 200 એકરની જમીન પર અક્ષરધામ બનાવ્યું. આરબ દેશની ધરતી પર તેમનો હિન્દુ મંદિર કરવાનો સંકલ્પ સાહસની ચરમસીમા જ ગણાય ને! ભારતની અંદર સૌ પ્રથમ વખત IMAX ફિલ્મનું સર્જન કરી વિશ્વને તેઓએ ભારતની ભવ્યતાનાં દર્શન કરાવ્યાં. જે સમયે બોલિવૂડ ઈન્ડસ્ટ્રીમાં પણ કોઈ IMAX ફિલ્મના સાહસમાં સફળ નહોતું થયું તે સમયે સાવ અજાણ્યા દરિયે ડૂબકી મારવાનું કેવું ભવ્ય સાહસ! અયોધ્યા ખાતેના રામ મંદિરની પ્રથમ શીલાનું પૂજન કરતી તેમની છબી તેઓના સાહસિક વ્યક્તિત્વને જગછત્રાયું કરે છે. ગાંધીનગર અક્ષરધામનો લેસર વૉટર શો તે સમયે ભારતમાં સૌ પ્રથમ હતો. આધ્યાત્મિકતા અને ટેક્નોલોજીના સુભગ સમન્વયનું કેવું બેનમૂન સાહસ! આવાં તો કેટલાંય શકવર્તી કાર્યોને તેમણે 80 વર્ષની વયમર્યાદા વટાવ્યા પછી આકાર આપ્યો છે! આ સાહસ નહીં તો બીજું શું?

સાહસ તમારાં ચરણોમાં અકલ્પ્ય સિદ્ધિઓ લઈ આવશે, પરંતુ એ માટે મહંતસ્વામી મહારાજનું મંતવ્ય યાદ રાખવું જરૂર પડે. તેઓ સાહસ બાબતે સત્સંગદીક્ષા ગ્રંથમાં કહે છે કે 'સારાં ફળને આપે તેવું, ઉન્નતિ કરે તેવું અને ઉચિત હોય તેવું જ સાહસ કરવું, પણ જે કેવળ પોતાના મનનું અને લોકોનું રંજન કરે તેવું સાહસ ન કરવું.'

આમ, સમજદારી રાખીને, યોગ્ય વ્યક્તિનું માર્ગદર્શન મેળવીને, સાચી દિશામાં ઝંપલાવવાનું સાહસ કરીશું તો ચોક્કસ સફળતાના એક નવા વિશ્વમાં આપણે બહાર નીકળીશું. છેલ્લે બ્રહ્માનંદ સ્વામીની એ પંક્તિ સતત નજર સામે રાખીએ 'જો હોય હિંમત રે નરને ઉરમાંહી ભારી, દૃઢતા જોઈને રે તેની મદદ કરે મુરારી!'

jivanmangalam@gmail.com



ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

જન્મ-જન્માંતરની શ્રદ્ધા અને ભક્તિ દ્વારા જ મહાપુરુષનો સંગ કરવાનો લાભ મળે છે

સદ્ગુરુનું સાંનિધ્ય મુક્તિ અપાવે

શ્રીમદ્ ભાગવતના તૃતીય સ્કંધમાં ગંગાજીના તટે હરિદ્વાર ક્ષેત્રમાં મૈત્રેય ઋષિના આશ્રમમાં નારદજી કથા સંભળાવી રહ્યા હતા, જેમાં કૈવલ્ય મુક્તિની વાત કરવામાં આવી હતી. આમ તો આપણી બધી જ પ્રવૃત્તિ મુક્તિ માટે જ હોય છે. ભૂખથી મુક્તિ માટે ભોજન કરીએ છીએ. થાકથી મુક્તિ માટે ઊંઘ લઈએ છીએ. નિર્ધનતાથી મુક્તિ માટે આર્થિક પ્રવૃત્તિ કરીએ છીએ, પરંતુ વાસ્તવમાં મુક્તિ અને બંધન એ આપણી ટૂંકી સમજ એટલે કે વિવેકના અભાવને કારણે અનુભવાય છે. માટે જ અજ્ઞાનથી મુક્તિ માટે વિદ્યા-જ્ઞાન પ્રાપ્ત કરીએ છીએ. જ્ઞાન થાય તો જ સાચું સ્વરૂપ ઓળખી શકાય. તે માટે મહાપુરુષનો આશ્રય મળે તો જ કૈવલ્ય જ્ઞાનની પ્રાપ્તિ શક્ય બને છે.



આસક્તિમાં બંધાઈ ગયેલો આત્મા જલદી ભગવદ્પ્રીતિ અને જીવનમુક્તિ માટે તત્પરતા દાખવતો નથી. જન્મ-જન્માંતરની શ્રદ્ધા અને ભક્તિ દ્વારા જ મહાપુરુષનો સંગ કરવાનો લાભ મળે છે. સદ્ગુરુ પાસે જવા માટે જિજ્ઞાસા થાય ત્યારબાદ નમ્રતા રાખીને અહંશૂન્ય બનીને સમર્પણભાવ વ્યક્ત કરવાથી પ્રસન્નતા થાય છે. આવા મહાપુરુષના સત્સંગથી અહંકાર નષ્ટ થાય છે. જોકે, એ યાદ રાખવાનું છે કે સંસારની સમસ્યાઓ સામે દીન બનવાનું નથી, પરંતુ પડકારોનો સામનો દૃઢતાપૂર્વક, ભગવાન અને સદ્ગુરુમાં અખંડ વિશ્વાસ સાથે કરવાનો છે. સદ્ગુરુની કૃપાથી સંયમના માર્ગે આગળ વધવાનું છે. બધાં સુખની જ પ્રાપ્તિ કરવા ઈચ્છતાં હોય છે, પરંતુ સંસારની ઘટમાળ ખૂબ વિચિત્ર છે. દુઃખને બોલાવવું પડતું નથી. એકાએક અને આપોઆપ તે આવી જાય છે, માટે સત્સંગનો આધાર હોય તો જ સાચી સમજણ કેળવાય છે અને દુઃખથી નિવૃત્તિ મળે છે. માટે જ બાહ્ય પરિસ્થિતિ ગમે તેવી વિકટ હોય તો પણ મનમાં ક્લેશ ઉત્પન્ન થતો નથી. તેથી જ ગુરુકૃપા, સંતોનો સંગ અને સત્સંગ જરૂરી છે.

જીવનમાં હંમેશાં ગુરુકૃપા હશે, સંતોનો સંગ હશે તો મનુષ્યત્વ કદી વિસરાશે નહીં અર્થાત્ માનવતા હંમેશાં જાગૃત છે અને વિવેકી પણ છે એટલે કે આવા જાગૃત, વિવેકી ભક્તો ભગવદ્કૃપાના અધિકારી બનતા હોય છે. જ્યારે ગુરુથી ગુરુત્વ બોલાય તો તે આજ્ઞા હંમેશાં સમુચિત હોય છે. ગુરુનું ગુરુત્વ યોગ્ય આજ્ઞા જ આપી શકે છે માટે તે આજ્ઞાનું હંમેશાં વિચાર્યા વગર પાલન થવું જોઈએ. પરંતુ જ્યારે ગુરુથી ગુરુત્વ ન હોય, માતાથી માતૃત્વ ન બોલાય અને પિતાથી પિતૃત્વ ન બોલાય ત્યારે તે આજ્ઞાનું પાલન કરવા તમે બાધ્ય નથી.

બલિરાજાએ ગુરુની આજ્ઞાનું પાલન ન કર્યું, માતાની આજ્ઞાનું પાલન ભરતજીએ ન કર્યું અને પિતાની આજ્ઞા અનુસાર પ્રહ્લાદે કાર્ય ન કર્યું. આ તો ઉદાહરણ છે, પરંતુ જ્યારે ગુરુથી ગુરુત્વ, પિતાથી પિતૃત્વ બોલે, માતાથી માતૃત્વ બોલે ત્યારે હંમેશાં તેમની આજ્ઞાનું પાલન થવું જોઈએ. રામચરિતમાનસમાં જ લખ્યું છે કે માતા-પિતા, ગુરુ અને પ્રભુની આજ્ઞાનું પાલન એકપણ વિચાર વગર કરવું જોઈએ, કેમકે તેમણે વિચાર કરીને જ આજ્ઞા આપી છે. જો તાડકારૂપી મનમાં રહેલી દુર્વાસના સમાપ્ત કરવી હોય તો કોઈ વિશ્વામિત્ર સમાન મહાનુભાવની સેવામાં સમર્પિત થવું પડે. વિશ્વામિત્ર એટલે? જેમના અંતરમાંથી કરૂણાની ગંગા વહી રહી હોય તે. શ્રીમદ્ ભાગવતજીના આધારે વાત કરું તો ભગવાન મા દેવહુતિને કયા સાધુપુરુષની શરણમાં જવું જોઈએ? કોની આજ્ઞામાં રહેવું જોઈએ? તે અંગે કહ્યું છે કે જેનામાં તિતિક્ષા હોય. તિતિક્ષાનો અર્થ છે, પ્રતિકારનું પૂર્ણ સામર્થ્ય હોવા છતાં સહન કરવું. તેમનામાં પ્રતિકાર કરવાની પૂર્ણ તાકાત છે. કોઈ એક લાફો મારે તો, જય શ્રીકૃષ્ણ કહી દે - આ તિતિક્ષા છે. સાધુ પુરુષ વીર હોય છે. તિતિક્ષવઃ - આવા સાધુપુરુષોમાં તિતિક્ષા હોય છે. આવી તિતિક્ષા કેમ હોય છે? ક્યારે આવે આવી તિતિક્ષા? તો કારૂણિકાઃ એટલે કે તેમનામાં કરૂણા હોય છે.

ક્યારેક આપણે બોલવામાં, વ્યવહારમાં અવિવેક કરીએ છીએ છતાં પણ સાધુપુરુષ સહન કરી લે છે અને ક્ષમા આપી દે છે. તિતિક્ષવઃ, કારુણિકાઃ અને સુહૃદ સર્વદેહિનામ્ - એટલે કે હવે તમે તમારું સંતાન છે, તમારો શિષ્ય છે માટે ક્ષમા કરી દો છો. મહાપુરુષો તો બધા જ દેહધારી હોય છે, છતાં તે સર્વેને પોતાના માને છે અને માટે જ તેમના હૃદયમાં કરૂણા પ્રગટ થાય છે, માટે તમને જે મળ્યું છે તેમાં તમે સંતોષ રાખો, કરૂણા રાખો અને બધાંને પોતાનાં માનો - આ બધું આપવા માટે પ્રભુ સમક્ષ ધન્યતા અનુભવો. આમ, જ્યારે સદ્ગુરુનો સંગ થાય છે ત્યારે માનવ જાગૃત બને છે, તેનામાં વિવેક આવે છે. આવો વિવેકી વ્યક્તિ હંમેશાં પ્રગતિના માર્ગે આગળ વધે છે. સાથે જ જીવનમુક્તિની દિશામાં અગ્રેસર બને છે.

કથાબિંદુ

મુનિ રાજપુણ્ય વિજય

સવા - સોમાની ટૂંક

વંથલીના સવચંદ શેઠના પરદેશથી આવવાવાળાં બાર વહાણ દિવસો સુધી પાછા ન આવ્યા. સૌ પોત-પોતાનાં રૂપિયા લેવા આવ્યા. માંગરોળના ઠાકોર પણ લાખ રૂપિયા લેવા આવ્યા. શેઠ ગભરાયા કે હવે શું કરવું? વિચાર આવ્યો. અમદાવાદના મોટા વેપારી સોમચંદ શેઠ. ભગવાનનું નામ લઈ હૂંડી લખી આપી. આંસુના બે ટીપાં હૂંડી પર પડ્યાં. ઠાકોર હૂંડી લઈ તરત અમદાવાદ ગયા. સોમચંદ શેઠે હૂંડી જોઈ. સવચંદ શેઠ આંસુ જોઈ સમજી ગયા. લાખ રૂપિયા ખર્ચ ખાતે લખી રોકડા આપ્યા. આ બાજુ ભયંકર તોફાન શમતાં વહાણો આવી ગયા. સવચંદ શેઠ માલ વેચી લાખ રૂપિયા લઈ અમદાવાદ પહોંચ્યા. હૂંડીની વાત કરી. શેઠના નામે તો રૂપિયા હતા જ નહીં, તેથી સોમચંદ શેઠે લેવાની ના કહી. આખરે મહાજનના આદેશથી બંનેના સંયુક્ત નામે શત્રુંજયનો સંઘ નીકળ્યો અને શત્રુંજય ઉપર જિનાલયનું નિર્માણ થયું. આજે પણ સવા-સોમાની ટૂંકનાં નામે આ ભવ્ય ઈતિહાસ અંતરને આપ્લાવિત કરે છે.



જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

અંતરની સાદગી સૌમાં ઉપરછલ્લી નહીં, અંતરથી આદર નિપજાવે છે

જરૂરિયાત અને વૈભવ

એક વખત દિલ્હીની તાજ હોટેલમાં વિશ્વ સ્તરની કોન્ફરન્સ યોજાઈ. તેમાં વિશ્વના ખ્યાતનામ IT એન્જિનિયરો અને અગ્રણીઓ હાજર થયા. આ સમગ્ર કોન્ફરન્સમાં IT ક્ષેત્ર વિષયક ઘણી બધી માહિતીઓની આપ-લે થયા બાદ અંતમાં પ્રવક્તાએ કોન્ફરન્સના ચેરપર્સન તરીકે ટી. વિશ્વનાથનને મંચ પર પધારવા આમંત્રણ આપ્યું. ત્યાં ઉપસ્થિત દરેકનાં મનમાં હતું કે કોઈક કોટ, પાટલૂન અને ચમકતા બૂટમાં સજ્જ વેલ એજ્યુકેટેડ માણસ અમને IT ક્ષેત્રનું ઊંડાણભર્યું માર્ગદર્શન આપશે, પરંતુ જ્યારે વિશ્વનાથન ઊભા થયા ત્યારે બધાંની આંખો આશ્ચર્યથી ચમકી ગઈ. વધેલી દાઢી, સાદો ઝભ્ભો, નીચે ધોતિયું અને પગમાં ચાખડી. આ વેશમાં તેઓ મંચ પર વક્તવ્ય આપવા પધાર્યા, કેટલાંકને મનમાં એમ પણ થયું કે 'આ અમને શું માર્ગદર્શન આપશે?'



પરંતુ સતત ત્રણ કલાક સુધી મલ્ટિમીડિયા વિષયક ઊંડાણભર્યું દળદાર પ્રવચન જ્યારે તેમણે સંભળાવ્યું, ત્યારે ત્યાં ઉપસ્થિત બધાંના ચહેરા પર પાર આશ્ચર્યનું મોજું ફરી વળ્યું અને જોરદાર તાળીઓના ગડગડાટ સાથે તેમને વધાવી લીધા. લોકોને તેમના IT વિષયક જ્ઞાનનો જેટલો ભાર પડ્યો, તેનાથી પણ વધારે ભાર તેમની સાદાઈનો પડ્યો.

સાંપ્રત સમયમાં આજનું વેચાણમાં આવેલું ઉત્પાદન આવતી કાલે જૂનું થઈ જાય, એટલી હદે ચીજવસ્તુઓ બજારમાં ઠલવાઈ રહી છે. વસ્તુઓનો આ ભરાવો માનવીનાં મનને ચકરાવે ચડાવી દે છે, તેથી તેને પોતાની પાસે જે છે તે પુરાણું લાગવા માંડે છે. માર્કેટમાં નવો ફોન આવતાં જ પોતાની પાસે રહેલો ફોન માનવીને નકામો લાગવા માંડે. બજારમાં નવાં બૂટ-ચંપલ મુકાતાં વ્યક્તિને પોતાનાં જોડાં જુગજૂનાં થઈ જાય છે, પરંતુ દરેકની ખરીદશક્તિ સીમિત હોવાને કારણે તે જે નવું આવે તેને ઘરમાં વસાવી નથી શકતો. આથી મનુષ્યને અધૂરપનો અહેસાસ અનુભવાય છે. કેટલાંક કુટુંબોમાં તો કંકાસ પણ વકરે છે, કારણ કે ઘરના સભ્યો જે નવી વસ્તુની માગણી મૂકે તે સંતોષવાની ત્રેવડ ઘરના મોભી પાસે ન હોય, તેથી શરૂ થયેલી ચડભડ ક્યારેક તો મારામારી સુધી પહોંચી જાય છે, તો વળી ક્યારેક કોર્ટ કે હોસ્પિટલોના દરવાજા ખખડાવે છે. પિતા દ્વારા વસ્તુઓ ન મળતાં ઘણી વાર તો સંતાનો ચોરીના રવાડે પણ ચડી જાય છે.

ઉપરોક્ત આંતરિક અને પારિવારિક કલેશ ટાળવા માટે હવેનો પ્રસંગ ખપમાં આવે એમ છે. પ્રમુખસ્વામી મહારાજ તા. 15-8-1977ના રોજ તેઓની આંખોના બદલાયેલા નંબર અનુસાર નવાં ચશ્માં કરાવવા માટે ન્યૂ યોર્કમાં રહેતા જર્મન તબીબ પાસે પહોંચેલા. આ નિષ્ણાતે જરૂરી તપાસ કરી નવા નંબર મુજબનાં ચશ્માં નવી ફ્રેમમાં બનાવી દેવાની તત્પરતા દાખવી ત્યારે સ્વામીજીએ જણાવ્યું, 'જૂની ફ્રેમમાં જ નવા કાચ ફિટ કરી આપો.' આ સાંભળી સાથે આવેલા હરિભક્ત ચંદ્રકાંતભાઈએ વિનંતી કરી કે 'સ્વામીજી! ફ્રેમ જૂની થઈ ગઈ છે. બદલી નાખોને!' ત્યારે પ્રમુખસ્વામી મહારાજે કહ્યું, 'મારે જોવાનું ફ્રેમમાંથી છે કે કાચમાંથી?' તેમની આ ધારદાર દલીલ સામે કોઈ કાંઈ ન બોલી શક્યું, આથી નવા કાચ જૂની ફ્રેમમાં જ જડાયા, પણ આ સાથે સ્વામીજીની સાદગી સૌના હૈયે જડાઈ ગઈ.

આવી જ રીતે એક વાર પ્રમુખસ્વામી મહારાજની માળાનું ફૂમતું કોઈએ મોટું બાંધેલું, ત્યારે સ્વામીજીએ તેને કપાવી નાખ્યું અને કહ્યું, 'આપણે માળા ફેરવવાની છે, ફૂમતું નહીં.'

અહીં તેમના પ્રતિભાવ મનુષ્યને અધૂરપની પરેશાનીથી બચાવે એવા છે. તેમની નજર હંમેશાં જરૂરિયાત ઉપર રહેતી, વૈભવ પર નહીં. જોવા માટે ચશ્માંનો કાચ બદલાય તેટલું પૂરતું છે. તેમાં ફ્રેમ બદલવાની શું જરૂર? ફેરવવા માટે માળા પૂરતી છે પછી ફૂમતું મોટું કરવાની શું જરૂર?

આ આપણી વ્યક્તિગત પ્રગતિ અને ઊર્ધ્વગતિ માટે જરૂરી છે. બેય હાથમાં પાંચ-પાંચ કિલોનાં વજનિયાં ઊંચકીને પગથિયાં ચઢનારાં કરતાં ખાલી હાથે ચઢનારો ઝડપથી ઉપર જશે. માટે બિનજરૂરી વસ્તુઓનો ભાર અને ભરાવો આપણી જ પ્રગતિને રૂંધે છે. એટલું જ નહીં, તે બિનજરૂરી ચીજો આપણને તેના ગુલામ બનાવી દે છે. તે વિના આપણે કામ ન કરી શકીએ એવાં પાંગળા બની જઈએ છીએ. જ્યાં સુધી તે આપણને ન મળે ત્યાં સુધી આપણું મન ક્યાંય ચોંટતું નથી, તેથી કોઈ કામમાં બરકત આવતી નથી.

તેથી અમેરિકન વિચારક એમર્સને તારણ આપ્યું છે કે 'To be simple is to be great.' સાદું જીવન બનાવવું એ મહાનતા છે. સાદાઈ માણસને ખુમારી અને તાકાત આપે છે.

આવી ખુમારીનું દર્શન આપણને સરદાર પટેલના જીવનમાં પણ થયું છે. તેમનાં ચશ્માંનું ખોખું વીસ વર્ષ જૂનું હતું, ચશ્માંને પણ એક જ દાંડી હતી. બીજી તરફ દોરો હતો. તેમની ઘડિયાળ ત્રીસ વર્ષ જૂની હતી. તેઓ કેવળ ચાર જોડી કપડાંથી ચલાવતા અને જ્યારે તેઓ અવસાન પામ્યા ત્યારે તેઓના ખાતામાં માત્ર 236 રૂપિયા જ હતા! તેમ છતાં અંગ્રેજોના વડાપ્રધાન વિન્સ્ટન ચર્ચિલ પણ તેમને મળતા ગભરાય એવી ખુમારીથી જીવન જીવતા. આવા મહાપુરુષોની છબીઓ દીવાલની સાથે કંઈકના દિલમાં પણ વસી જાય છે.

ઉપરની ટાપટીપ કેવળ લોકો ઉપર ઉપરછલ્લો ભાર ઊપજાવે છે. જ્યારે અંતરની સાદગી લોકોમાં અંતરથી આદર નિપજાવે છે.

તો ચાલો, આપણે પણ પ્રમુખસ્વામી મહારાજના જન્મશતાબ્દી પર્વે આવા મહાપુરુષો જેવો સાદગીનો ગુણ આપણામાં ઉતારીએ અને જીવનમાં શાંતિ સાથે આદરને પામીએ.

jivanmangalam@gmail.com



ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

ભક્તિનો માર્ગ પણ શૂરવીરનો માર્ગ છે. અહીં આળસ-પ્રમાદને કોઈ જ સ્થાન નથી

નિષ્ક્રિય સજ્જનતાને સક્રિય અને સક્રિય સજ્જનતાને સંગઠિત કરો

યાદ રાખો, સુષુપ્ત ભક્તિ નિષ્ક્રિય છે અને આવી નિષ્ક્રિય ભક્તિ સમાજને નુકસાન કરે છે. જ્યારે દુર્જનો બહુધા સંગઠિત હોય છે અને સક્રિય પણ, એ જ રીતે સજ્જનોએ પણ સંગઠિત બનવું પડશે અને સક્રિય પણ.



અનેક લોકો રામ સ્મરણ તો કરે છે, પરંતુ લોકસેવા કરતા નથી તો એ સૂતેલા ભક્તો ગણાશે. રામનું નામ માત્ર મુખેથી લેવાનું નથી, પરંતુ રામનું કામ પણ કરતાં રહેવાનું છે. હનુમાનજીની ભક્તિ સૂતેલી નહોતી. તેઓ ફક્ત રામનું નામ નહોતા લેતા પરંતુ શ્રીરામચંદ્રજીનું કામ પણ કરતા હતા. આવી ભક્તિ સમાજને જાગૃત કરે છે અને પ્રભુને પણ પ્રસન્ન કરે છે. સીતામાતાની શોધમાં હનુમાનજી લંકામાં પહોંચ્યા ત્યારે વિભીષણ સૂતા હતા. વિભીષણ રામભક્ત હોવા છતાં રામજીનું કામ કરતા નહોતા. ત્યારે હનુમાનજીએ વિભીષણને પ્રભુ શ્રીરામના કામ માટે તૈયાર કર્યા અને કહ્યું કે 'રાવણ મા સીતાનું હરણ કરીને લાવ્યો છે. તેમની મુક્તિ માટે તમે કોઈ પ્રયાસો કર્યા છે, ખરા?' પછી હનુમાનજીની પ્રેરણાથી વિભીષણ પ્રભુ શ્રીરામના કામ માટે તૈયાર થયા.

પ્રભુ શ્રીરામના આવ્યા પહેલાં રાવણને હરાવી શકે તેમાં વાલી, સહસ્રાર્જુન, પરશુરામ, જનક, દશરથ, વિશ્વામિત્ર, વશિષ્ઠજી જેવી મહાન વિભૂતિઓ છે પરંતુ તેમની સજ્જનતા સંગઠિત નહોતી એટલે નિષ્ક્રિય હતી. ભગવાન શ્રીરામનું અવતરણ નિષ્ક્રિય સજ્જનતાને સક્રિય કરવા માટે અને સક્રિય સજ્જનતાને સંગઠિત કરવા માટે થયું હતું. અત્યારે પણ શ્રીરામ જેવાં આવાં લોકોત્તર ચરિત્રોની જરૂર છે. 'સેવા તો જનસેવા કરવી અને લેવું પ્રભુનું નામ'.

રામાયણને જોતાં એમ લાગે છે કે પ્રભુ શ્રીરામજીના પગમાં, આંખમાં અને કપાળે આ ત્રણ જગ્યાએ દર્શન કરો તો તમને ત્રણ વસ્તુઓ દેખાશે. પ્રભુ શ્રીરામના ચરણમાં કાંટા અને કાંકરા છે. શ્રીરામની આંખમાં છે આંસુ અને રામના કપાળે છે પ્રસ્વેદના બિંદુ. પગના કાંટા, આંખનાં આંસુ અને પ્રસ્વેદનાં બિંદુનો અર્થ એ થાય છે કે પગમાં જે કંટકો છે, તે સંકટનાં પ્રતીક છે. આવતા કંટકોને પોતાના પગમાં ઝીલી લે છે અને એમ દર્શાવે છે કે 'હે જીવ! હું તારા માર્ગમાં, હું તારા જીવનપથ ઉપર તારી આગળ-આગળ ચાલી તારા માર્ગમાં આવતા સંકટના કંટકો મારા પગમાં ઝીલી લેવા તૈયાર છું.'

આંખનાં અશ્રુનો અર્થ એ છે કે 'તારા દુઃખ સહન કરવા માટે પણ હું તૈયાર છું, તારા માટે પરિશ્રમ કરવા માટે પણ હું તૈયાર છું પરંતુ હું આટલું કરું પછી તું મારી પાછળ આવ.' પરંતુ આ દુનિયા પ્રભુ શ્રીરામ પાછળ જવામાં નહીં પરંતુ હરામ પાછળ જવાનું વધુ પસંદ કરે છે. રામરાજ્ય આવે એવું તો બધાં ઇચ્છે છે પરંતુ રામરાજ્ય અન્ય સ્થળેથી શરૂ થાય એવી વાત કરતાં હોય છે, પરંતુ પોતાના વ્યક્તિગત જીવનમાં રામનું સામ્રાજ્ય વ્યાપે એ માટે કોઈની તૈયારી હોતી નથી પરંતુ વ્યક્તિએ તો અંગત જીવનમાં શ્રીરામનું સામ્રાજ્ય વ્યાપે એ માટેની તૈયાર કરવાની છે.

દરેક વ્યક્તિનું જીવન એક અયોધ્યા છે, તેમાં શ્રીરામરાજ્ય સ્થપાવું જોઈએ અને પ્રત્યેક વ્યક્તિનાં હૃદય સિંહાસન ઉપર ભગવાન શ્રીરામચંદ્રજી કે જેઓ પરમ સત્યનો અવતાર છે, તેમનું સ્થાન હોવું જોઈએ.

પ્રભુ શ્રીરામનું નામ અને કામ વગર સાચો આરામ ન મળે અને સાચો વિશ્રામ પણ ન મળે. જેમણે જીવનમાં સાચો વિશ્રામ મેળવવો હોય તેમણે પ્રભુ શ્રીરામનું કાર્ય પણ કરવાનું છે. માત્ર રાવણને મારવા માટે નહીં પરંતુ આપણે જીવન કેમ જીવવું જોઈએ એ શીખવવા માટે પણ તથા આપણને ઘેરી વળતી સમસ્યાઓનું માનવીય સમાધાન આપવા માટે પ્રભુ શ્રીરામનું અવતરણ થયું છે.

જ્યારે વ્યક્તિ તંદ્રા-નિદ્રા ત્યજીને આગળ વધે છે ત્યારે તે પ્રગતિના માર્ગે આગળ વધી શકે છે. ભક્તિનો માર્ગ પણ શૂરવીરનો માર્ગ છે. અહીં આળસ-પ્રમાદને કોઈ જ સ્થાન નથી. હંમેશાં જાગૃત રહો અને ભગવાનનાં નામ-સ્મરણ માટે આગળ વધતા રહો.

કથાબિંદુ

મુનિ રાજપુણ્ય વિજય

અર્જુનમાળીનો પશ્ચાતાપ

રાજગૃહીનો અર્જુનમાળી. એવો ક્રોધાવિષ્ટ થયો કે પ્રતિદિન સાત-સાત માનવોની હત્યા કરે. રાજગૃહીમાં હાહાકાર મચી ગયો. સળંગ છ મહિના સુધી આ ક્રમ ચાલ્યો. પ્રભુ મહાવીર રાજગૃહીની બહાર ઉદ્યાનમાં પધાર્યા. સુદર્શન શેઠ સહુની ના હોવા છતાં પ્રભુનાં દર્શન કરવા નીકળ્યા. દૂરથી નરપિશાચ અર્જુનમાળી મુદ્ગર લઈને મારવા દોડ્યો. સુદર્શને જોયું ને માર્ગમાં પ્રભુનાં ધ્યાનમાં બેસી ગયા. સુદર્શનની પ્રસન્ન મુખાકૃતિ જોતા અને તેમની પ્રશસ્ત ઑરાના પ્રભાવે ક્રોધ દૂર થયો. સહજ પૂછ્યું: 'તમે કોણ છો? ક્યાં જાઓ છો...?' 'હું પ્રભુનો ભક્ત છું અને પ્રભુનાં દર્શન કરવા જાઉં છું.' અર્જુનમાળી પણ સુદર્શન સાથે ગયો. પ્રભુની દેશનાનું શ્રવણ કર્યું. દેશનાથી વૈરાગ્યવાસિત થઈ પૂર્વકૃત પાપોનો પશ્ચાતાપ કરી એ જ દિવસે દીક્ષા લીધી. પાપોના પ્રાયશ્ચિત્ત રૂપે છ મહિના સુધી દીક્ષાના દિવસથી જ બે ઉપવાસનાં પારણે બે ઉપવાસ શરૂ કર્યા. દર પારણાના દિવસે ગામમાં ભિક્ષા લેવા જાય ત્યારે ગામનાં લોકો ખૂબ તિરસ્કાર કરતા કે આ મારા પિતાનો તો કોઈ કહે આ મારા ભાઈનો હત્યારો છે. અર્જુનમુનિ સમભાવે બધું સહન કરતા. કોઈ પ્રતિ દ્વેષ ના કરતા. પશ્ચાતાપના પ્રભાવે તથા શ્રેષ્ઠ સમતાના ભાવે છ મહિનામાં જ કેવલજ્ઞાન થયું અને મોક્ષે ગયા.



જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

પરિવર્તનના પ્રથમ પગલાંની પસંદગીમાં માણસ ગોથું ખાઈ બેઠો

અંદરનું પરિવર્તન

ફૂલો ખીલે છે અને ખરે છે. નદીઓ રહે છે અને વહે છે સૂર્ય-ચંદ્ર ઊગે છે અને આથમે છે. કેલેન્ડરનાં પાનિયાં રોજેરોજ ઉખડતાં જાય છે.

પ્રભુપ્રેરિત પરિવર્તનની આ પરંપરા સામે મનુષ્યે પણ પરિવર્તનની એક શૃંખલા ખડકી છે. કેવી રીતે? તો ગિરિગુહામાં વસનારો માનવી આજે ગગનગુહામાં વિહરી રહ્યો છે. એક સમયે પડી ગયેલાં ફળ ખાઈને જીવન ગુજારતો માનવ આજે ભાતભાતની વાનગીઓ આરોગી રહ્યો છે. સંદેશાવ્યવહાર માટે કબૂતર ઉડાડતો મનુષ્ય આજે એક પળમાં પોતાનો અવાજ દરિયાપાર પહોંચાડી રહ્યો છે. પહેલાં માણસ માટે પોતાનું ગામડું એ જ દુનિયા હતી. આજે માનવીય પરિવર્તનોએ દુનિયાને ગામડામાં પરિવર્તિત કરી દીધી છે.

પરંતુ આશ્ચર્ય કહો કે કરુણતા- આ પરિવર્તનોની પરંપરાનું પરિણામ માણસ માટે માઠું આવ્યું હોય તેમ નથી જણાતું? પરિવર્તનનો પવન ફૂંકવા પાછળ માનવીનો હેતુ હતો-સુખી થવાનો, નિરાંત અને હાશ અનુભવવાનો, પરંતુ તેના બદલે શું મળ્યું છે માનવજાતને?

ટી. એસ. એલિયટ કહે છેઃ 'What did 20 centuries do? Endless invention, endless experiment, brings knowledge of motion, but not of stillness. All our knowledge brings us nearer to ignorance. All our ignorance brings us nearer to death and nearer to dust.' અર્થાત્ અસંખ્ય શોધ-સંશોધનોએ આપણને ગતિનું જ્ઞાન આપ્યું, પરંતુ સ્થિરતાનું નહીં. આપણું સઘળું જ્ઞાન આપણને વિનાશની નજીક લઈ આવ્યું છે.

હા, પરિવર્તનોએ દુનિયાને નાની બનાવી, પણ પ્રશ્નોને વિકરાળ કરી મૂક્યા. આવું શાથી બન્યું? ખાટલે મોટી ખોડ ક્યાં રહી ગઈ?

એક જવાબ છે-પરિવર્તનના પ્રથમ પગલાંની પસંદગીમાં માણસ ગોથું ખાઈ બેઠો. સંસ્કૃત સુભાષિતમાં કહેવાયું છે કે 'કેવળ રાફડા પર લાકડી પછાડવાથી અંદરના સાપને હણી શકાતો નથી.' ભીતરની શાંતિ અને જંપ જોઈતાં હોય તો કેવળ બાહ્ય પરિવર્તનોથી કાંઈ નહીં વળે. રાફડા પર લાકડી પછાડો ત્યારે દરમાં ભરાઈ રહેલો સાપ તો નિરાંતે સૂતો રહે છે. જેમ તમે કપડાં બદલો, વાહનો બદલો, ખાવાની વાનગીઓ બદલો... તે બધું બાહ્ય પરિવર્તન છે, તેથી અંદરની અશાંતિને કોઈ ખલેલ નથી પહોંચવાની. અંદરની શાંતિ જોઈએ છે તો અંદરથી પરિવર્તિત થાઓ. અંદરનું પરિવર્તન એટલે?

અંદરનું પરિવર્તન એટલે આપણાં વલણોનું પરિવર્તન. આપણા અભિગમ અને દૃષ્ટિકોણનું પરિવર્તન. આવો એક અભિગમ આ વર્ષે જેમની જન્મશતાબ્દી ઊજવાઈ રહી છે તે પ્રમુખસ્વામી મહારાજના જીવનમાંથી શીખવા મળે છે.

તા. 5-8-1985ની બપોરે લંડનમાં બિરાજમાન આ સંતના સાંનિધ્યમાં ભારતીય સાંસ્કૃતિક મહોત્સવ ઊજવાઈ રહેલો. તે નિમિત્તે ભારતથી અહીં વિલાયત પધારેલા કેટલાક સંતો ઉત્સવ બાદ ભારત પરત ફરતા કો'કે કહ્યુંઃ 'સ્વામીજી! આજે ઘણાબધા સંતો જતા રહ્યા.'

ત્યારે પ્રમુખસ્વામી મહારાજ તરત બોલ્યા, 'એવું ન કહેવું. બાર જ સંતો ગયા છે, ચોવીસ તો રહ્યા છે. 'પ્યાલો અડધો ખાલી છે' એમ ન કહેવું, 'અડધો ભરેલો છે' તેમ કહેવું.'

અડધા ભરેલા ગ્લાસને બે રીતે જોઈ શકાય છે. જે અડધો ખાલી જોશે તેને અધૂરપનો અહેસાસ મળશે. જે અડધો ભરેલો જોશે તેને પ્રાપ્તિનો આનંદ મળશે. આમ, સુખી બનવાની કે દુઃખી રહેવાની ચાવી આપણા વલણ પર આધારિત છે.

આવી જ રીતે વિચરણ કરતાં કરતાં પ્રમુખસ્વામી મહારાજ એક ગામમાં પધાર્યા. અહીં હરિભક્તોએ એમના માટે જ્યાં ઉતારો કર્યો હતો, એ આવાસ ખૂબ જ નાનો હતો. રૂમો પણ સાંકડી અને મર્યાદિત હતી. વળી, સ્વામીશ્રીને મળવા માટે હરિભક્તોની લાઈન લાગતી હોવાથી સંકડાશનો અનુભવ બધાને ખૂબ થતો. આથી એક વખત સંતોએ સ્વામીશ્રીને કહ્યું, 'બાપા! અહીં ઉતારો બહુ નાનો છે.' ત્યારે પ્રમુખસ્વામી મહારાજ સાહજીક બોલી ઊઠ્યા, 'નાનો ઉતારો બહુ સારો, લાઈટ ઓછી બળે અને બિલ પણ ઓછું આવે.'


થોડા દિવસો બાદ પ્રમુખસ્વામી મહારાજ બીજા સેન્ટરમાં ગયા. ત્યાં હરિભક્તોએ એમના માટે જે ઉતારાની વ્યવસ્થા કરી હતી તે પહેલાંની સરખામણીમાં ઘણી વિશાળ હતી. આથી સંતોએ સાહજીક રીતે કહ્યું, 'બાપા! અહીં ઉતારો બહુ સારો છે. ઘણો મોટો છે.' ત્યારે પ્રમુખસ્વામી મહારાજે કહ્યું, 'હા, મોટો ઉતારો પણ બહુ સારો, જેથી વધારે હરિભક્તોને મળી શકાય અને કોઈને સંકડાશ પણ ન થાય.'

પ્રમુખસ્વામી મહારાજ હંમેશાં પરિસ્થિતિના સવળાં પાસાંને જ જોતા અને બીજાને પણ સવળું જોવાનું જ શીખવતા, જેથી આંખોની સાથે આયખું પણ સફળ થઈ જાય.


વાચકમિત્રો! આવતીકાલથી પવિત્ર શ્રાવણ માસનો શુભારંભ થઈ રહ્યો છે ત્યારે ચાલો, આપણે પણ પોતાનાં વલણો, અભિગમોને નવેસરથી માંજીએ. પ્રમુખસ્વામી મહારાજની જેમ આપણે પણ હંમેશાં પરિસ્થિતિનાં સવળાં પાસાંને જ નિહાળીએ અને માણીએ. આ રીતે જો બાહ્ય પરિવર્તનની સાથે આંતર પરિવર્તનનો મેળ જામી જશે તો જીવન વધુ આનંદદાયી બની રહેશે તેમાં કોઈ શંકા નથી.

કહ્યું છે ને કે,

'सोच को बदलो,
सितारे बदल जायेंगे;
नजर को बदलो,
नजारे बदल जायेंगे।
कश्तियाँ बदलने की
जरूरत नहीं,
दिशा को बदलो,
किनारे बदल जायेंगे।'



jivanmangalam@gmail.com



ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

આપણને આપણાં સારાં કર્મો દ્વારા ઈશ્વરને પામવાનો સાચો માર્ગ મળી જશે

શ્રાવણમાં આવતાં વ્રત આપણને આત્મસંયમ શીખવે છે



બહુધા શ્રાવણ મહિનાનું મહત્ત્વ આધ્યાત્મિક ઊર્જા પ્રાપ્ત કરવા માટે છે. તેમાં અનેક વ્રત-પર્વ આવે છે. તેમાં પણ મૌનવ્રત સહિતના વ્રત આપણને આત્મસંયમના પાઠ શીખવે છે. શિવતત્ત્વ એ કલ્યાણકારી છે. શિવ સ્વયં પણ કલ્યાણદાતા છે. સૌનું શુભ થાય તેવી ભાવના. બહુધા દિવસ દરમિયાન આપણે બોલબોલ કરીને આપણી ઘણી ઊર્જાશક્તિ વેડફી નાખીએ છીએ. મૌનવ્રત પાળવાથી આપણી માનસિક, ભાવાત્મક અને આધ્યાત્મિક ઊર્જાને નવજીવન મળે છે. મૌન તમને શારીરિક, માનસિક અને આત્મીય રીતે સ્વસ્થ રહેવાની ટેવ પાડે છે. તેમ છતાં કોઈ પરોપકારની વાત માટે બોલવું તે મૌન રહેવા કરતાં અધિક મહત્ત્વનું છે.

ભગવાને આપણને બે હાથ, બે પગ અને બે કાન આપ્યા છે પરંતુ મોં એક જ આપ્યું છે શા માટે? કોઈ તો કારણ હશે? કારણ છે. મોં એટલા માટે એક આપ્યું છે કે આપણે બોલીએ એના કરતાં બમણું કામ કરીએ અને બમણું સાંભળીએ.

સારી વાણીના ચાર ગુણ છે. (1) સત્ય (2) સુંદર (3) મીત (4) મધુર.

હંમેશાં તમારી વાતને ઓછામાં ઓછા શબ્દો દ્વારા અભિવ્યક્ત કરવાની કોશિશ કરો. શ્રીકૃષ્ણ ભગવાનની શ્રીમદ્ ભગવદ્ ગીતા પણ સંક્ષિપ્તમાં ઉપલબ્ધ છે. જ્યાં શબ્દેશબ્દનું ચયન કાળજીપૂર્વક અને અર્થસભર છે. વાણીની શક્તિનો જ્યારે સદુપયોગ થાય ત્યારે ખૂબ બળવાન બને છે અને એક જાણીતી ઉક્તિ છે કે 'જેમની પાસે ખિસ્સામાં પૈસા ન હોય તેમણે જીભ ઉપર મધ રાખવું જોઈએ.'

આપણા ઋષિમુનિઓએ આપણને જે બોધ આપ્યો છે એની પાછળ ચોક્કસ કારણો છુપાયેલાં છે. ભારતમાં મોટા ભાગનાં વ્રત વર્ષાઋતુમાં જ આવે છે એટલે કે જુલાઈથી નવેમ્બર સુધી. આની પાછળનું મુખ્ય કારણ એ છે કે વરસાદની મોસમમાં આપણી પાચનશક્તિ નબળી પડે છે, તેથી વધુ ખાવાથી બીમાર પડી શકાય છે અને વળી વરસાદમાં લોકો ઘરની બહાર નીકળવાનું ઓછું પસંદ કરે છે તેથી શરીરનું હલનચલન ઓછું થાય છે અને તેથી વધારાની ઊર્જાનો શરીરમાં સંગ્રહ થાય છે. ઓછું ભોજન લેવાથી પેટ પણ હલકું રહે છે ને તંદુરસ્તી પણ જળવાઈ રહે છે.

વ્રત રાખવાથી આપણે આત્મસંયમના પાઠ શીખીએ છીએ. પહેલાંના વખતમાં પરંપરા અનુસાર વ્રત ખાલી પેટે જ રાખવામાં આવતાં હતાં. આધુનિક યુગની જેમ નહીં કે જ્યાં અત્યારે આપણે વ્રતોના દિવસે દરરોજ ખાતા હોઈએ તેનાથી વધારે ખાઈએ છીએ. એટલા માટે જ આપણે આજના આધુનિક મેનુને છોડીને આપણી પ્રાચીન પરંપરા અનુસાર હળવું અને ઓછું ખાવું, જેથી વ્રતનું અનુશાસન અને લક્ષ્ય જળવાઈ રહે. ભગવાનની ઉપસ્થિતિનો પ્રકાશ એ વીજળીના ગોળા જેવો છે, જે દરેક મનુષ્યના હૃદયમાં પ્રકાશિત હોય જ છે. પરંતુ સામાન્યતઃ આ વીજળીના ગોળા ઉપર કુવિચારોની ધૂળ જામેલી હોવાથી તેની રોશની ધૂંધળી થઈ જાય છે. તેથી તે સારી રીતે પ્રકાશિત હોવા છતાં આપણે તેના તેજને જોઈ શકતા નથી. એટલા માટે એ જરૂરી છે કે આપણે આ ઈશ્વરરૂપી પ્રકાશના ગોળાને સારા સંસ્કારો, સદ્‌વિચારોથી સ્વચ્છ અને સુઘડ રાખીએ. તો તેની રોશનીથી અજ્ઞાનરૂપી અંધારું તેની મેળે જ દૂર થઈ જશે અને આપણને આપણાં સારાં કર્મો દ્વારા ઈશ્વર સુધી પહોંચવાનો, ઈશ્વરને પામવાનો સાચો માર્ગ મળી જશે.

જેવી રીતે વરસાદ અનિવાર્ય છે એવી જ રીતે આપણા જીવનમાં પૂજા-પાઠ અનિવાર્ય છે. પૂજા-પાઠ આપણામાં પરિવર્તન લાવે છે, જેથી જિંદગીની આફતો સામે આપણે લડી શકીએ. દુઃખરૂપી વરસાદ તો આવશે જ કેમ કે વરસાદ અનિવાર્ય છે. પ્રાર્થના કંઈ વરસાદને બદલી નથી શકતી બલકે, તમે એનો સામનો કરવા સક્ષમ બનો એટલા માટે છત્રીની વ્યવસ્થા કરી આપે છે. કિસ્મત આપણને આપણાં કર્મો અનુસાર પ્રાપ્ત થાય છે. આપણા સારા વિચારો, સારી વાણી, સારાં કર્મો આપણા નસીબનું બીજ વાવે છે અને તેના ફળસ્વરૂપ જે મળે છે તે જ આપણું નસીબ હોય છે.

આપણા સારા વિચાર, સારી વાણી અને સારાં કર્મો આપણને બે રીતે મદદરૂપ બને છે- એક તો તે વર્તમાનમાં આપણી ઢાલ બનીને આપણું રક્ષણ કરે છે અને ભવિષ્યમાં સારા નસીબના રૂપમાં આપણને પ્રાપ્ત થાય છે.


ભવિષ્યમાં પણ આપણે સારાં કર્મો કરતા રહેવા જોઈએ. કર્મનું આ ચક્ર જીવનભર ચાલતું જ રહે છે. ભલે ગમે તેટલી મુશ્કેલીઓ આવે, પરંતુ આપણે ઈશ્વર પ્રત્યેનો આપણો વિશ્વાસ ટકાવી રાખવો જોઈએ કે- 'હું ઈશ્વરનો છું અને ઈશ્વર મારો છે.'

કથાબિંદુ

મુનિ રાજપુણ્ય વિજય

વર બન્યા ગુરુવર

શ્રાવણ સુદ છઠનો દિવસ. શ્વેત વસ્ત્ર અને વિશિષ્ટ આભૂષણો પરિધાન કરી નેમિકુમાર રથમાં બિરાજમાન થયા. આજે રાજીમતી સાથે તેમનાં લગ્ન થવાનાં હતાં. આ બાજુ રાજીમતી પણ ત્રણલોકના નાથ સ્વામીનાથ તરીકે મળતા હોવાથી તૈયાર થઈ ગવાક્ષમાં બેઠી હતી. નેમિકુમારની જાન ઉગ્રસેન રાજાની નગરીની સમીપ આવી ત્યાં રાજીમતીની જમણી આંખ ફરકી. કંઈક અશુભ થવાના સંકેતથી તે વ્યથિત થઈ. નગરનાં પ્રાંગણે પહોંચેલા નેમિકુમારે પશુઓનો આર્તનાદ સાંભળ્યો. સારથિએ જણાવ્યું, 'આપનાં લગ્ન નિમિત્તે હજારો રાજાઓની મિજબાની માટે આ પશુઓને એકત્રિત કરાયાં છે. નેમિકુમાર ત્યાં પધાર્યા. સૌ જીવોને પાશના ત્રાસથી મુક્ત કર્યા. નેમિકુમારે મંડપ તરફ જવાને બદલે રથ પાછો વળાવ્યો. તેમણે મક્કમતાપૂર્વક કહ્યુંઃ 'સંસારના એક પ્રસંગમાં આટલી બધી હિંસા થતી હોય તો સમસ્ત સંસારમાં કેટલી હિંસા થતી હશે? મને જીવવું ગમે છે, તેમ જીવમાત્રને જીવવું ગમે છે, તો મારા માટે હું બીજાની હિંસા શા માટે કરું?' આ બાજુ આ સમાચાર મળતા જ રાજીમતીને આઘાત લાગ્યો. તે બેહોશ થઈ ગઈ. સખીઓ દ્વારા પાણી છંટાતા સ્વસ્થ થઈ, ત્યારે રાજીમતીએ સ્વજનોને એક જ વાત કરી, 'નેમિકુમારને મેં વર તરીકે સ્વીકાર્યા હતા. હવે જો તેઓ જિનવર જ બનવાના હોય તો મારે તેમને વરના બદલે મારા ગુરુવર બનાવવા પડશે!' સમયાંતરે રાજીમતીએ સ્વયં નેમિકુમારના પગલે પ્રસ્થાન કર્યું.



જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

ભગવાનને મન કોઈ નાનું નથી અને કોઈ મોટું નથી

સજ્જનતાનો સૂર્યોદય

સામાન્ય રીતે મોટાભાગનાં લોકો પોતામાં 'સજ્જનતા' પ્રગટાવવાનો સુપ્રયત્ન કરતા રહેતા હોય છે; તેને પામવા માટે વિવિધ પ્રેરણાસ્રોતનો આશરો લેતાં હોય છે, પણ આ સજ્જનતા, જ્યાંથી આવી છે, એવા ભગવાન અને ભગવાનના ધારક સંત જ્યારે આ પૃથ્વી ઉપર આપણા જેવા માનવ થઈને પધારે છે ત્યારે તેઓનું વર્તન જ આપણને એ સજ્જનતા શીખવી જતું હોય છે.


વાત છે ભગવાન શ્રીરામની જ્યારે વનયાત્રા દરમિયાન તેઓ ગંગા કિનારે શ્રૃંગવેરપુરના નિષાદરાજ 'ગુહ'ને મળ્યા હતા. ગુહે ફળ, ફૂલ, કંદની ભેટ ધરી ભગવાન શ્રીરામને દંડવત્ પ્રણામ કર્યા. તેના પ્રેમને નીરખતા ભગવાને ગુહને પોતાની પાસે બેસાડી તેના ક્ષેમ-કુશળ પૂછ્યા. ત્યારબાદ ગુહે જ્યારે પોતાના નગરમાં પધારીને સેવાનો લાભ આપવા ભગવાન શ્રીરામને વિનંતી કરી ત્યારે પ્રભુ શ્રીરામે પ્રેમસભર પ્રત્યુત્તર આપ્યો: 'મિત્ર! તારો પ્રેમ અદ્ભુત છે, પણ પિતાની આજ્ઞાથી મારે હમણાં વનમાં જ નિવાસ કરવાનો હોવાથી, તારા નગરમાં નહીં આવી શકું.'

ભગવાન શ્રીરામે વનવાસી ગુહને પોતાના મિત્ર કહ્યા! પોતાની નજીક બેસાડ્યા! આ જોઈ સૌ કોઈ આશ્ચર્યચકિત થઈ ગયા હતા. વિવેચકો કહે છે કે રામરાજ્યનો પ્રારંભ અહીંથી જ થઈ ગયો હતો; જ્યાં રાજા અને પ્રજા પરસ્પરના મિત્ર બની રહે. જ્યાં રાજા નાની વ્યક્તિને પણ પોતાની સમીપે બેસાડે, તેના ખબરઅંતર પૂછે અને તેને પ્રેમ કરે તે જ રામરાજ્ય.

ભગવાનને મન કોઈ નાનું નથી અને કોઈ મોટું નથી. સૌને તેઓ સમાનભાવે પ્રેમ આપે છે. એ જ રીતે ભગવાનના ધારક સંતની પણ આ જ પ્રકૃતિ હોય છે.

તારીખ 31-3-2013ના રોજ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ મોડાસા ગામે બિરાજમાન હતા. તેઓના સાંનિધ્યમાં જાહેર સત્સંગસભા યોજાયેલી. આ પ્રસંગે પોશીના વિસ્તારમાં રહેતા આદિવાસી ભક્તો પણ પ્રમુખસ્વામી મહારાજનો લાભ લેવા આવેલા. તે જોઈ પ્રમુખસ્વામી મહારાજને તેઓને મળવાની ઇચ્છા થઈ આવી. પરંતુ પૂર્વ આયોજિત જાહેરસભા નિશ્ચિત હતી. વળી શહેરના શ્રેષ્ઠીઓ, મહાનુભાવો પણ આ સભામાં ઉપસ્થિત રહે તે સ્વાભાવિક હતું. પ્રમુખસ્વામી મહારાજને આ સભામાં હાજર રહેવું જ પડે તેમ હતું. તેમાં આદિવાસીઓ કઈ રીતે પ્રમુખસ્વામી મહારાજ સુધી પહોંચી શકે? પરંતુ જ્યાં પ્રેમ હોય ત્યાં માર્ગ મળી જ જાય. સ્વામીશ્રીએ વ્યવસ્થાપક સંતને કહ્યું, 'આદિવાસી ભાઈઓની અલગ સભા આપણા ઉતારાની સામે કરાવો. ત્યાં એક સંતને કથા કરવા મોકલો. આ સભા પછી હું ત્યાં આવું છું. કારણ કે મારે સૌ આદિવાસી ભાઈઓને ખાસ મળવું છે.'

જાહેરસભામાં શહેરવાસીઓને પ્રસન્ન કરી પ્રમુખસ્વામી મહારાજ તરત જ આદિવાસીઓની સભામાં પધાર્યા. આ સભામાં ધર્મ-નિયમ સંબંધી બળપ્રેરક વાતોને અંતે તેમણે પોતાની ભાવના વ્યક્ત કરી: 'મારે ખાસ આપને મળવું હતું એટલે આ સભા ગોઠવી છે. મોટી (જાહેર) સભામાં તમને મળાય તેમ નહોતું. અહીં આપને નજીકથી મળાય, વાત થાય. કારણ, હું તમારા ગામ સુધી આવી શકું તેમ નથી. પણ તમે આવ્યા છો તો સહેજે મળી શકાય ને!? આદિવાસી એટલે 'આદિ' એવા ભગવાનની સમીપમાં જેનો વાસ છે એવા તમે આદિવાસી કહેવાઓ...' પ્રમુખસ્વામી મહારાજ જેવા મહાન સંતની આ ભાવના સૌ વનવાસીઓના હૈયાને હલાવી ગઈ, તે આદિવાસીઓની આંખે હર્ષાશ્રુઓનાં તોરણો બંધાઈ ગયાં.



શ્રીરામે ગુહને પોતાના મિત્ર કહ્યા! પોતાની નજીક બેસાડ્યા!


એટલામાં તો પ્રમુખસ્વામી મહારાજ બોલ્યા, 'હવે વારાફરતી નજીક મળવા આવો.' એટલું કહી સ્થાનિક સંતને કહ્યું, 'મને એક-એકનો પરિચય કરાવતા જજો.' એક પછી એક બસોથી વધુ આદિવાસીઓને વ્યક્તિગત મળીને પ્રમુખસ્વામી મહારાજે તેઓનો પરિચય મેળવ્યો, માથે હાથ મૂકી આશીર્વાદ આપ્યા અને સૌને પ્રસાદ પણ અપાવ્યો. આદિવાસી ભાઈઓ તેઓ સુધી પહોંચી શકે કે ન શકે, પણ પ્રમુખસ્વામી મહારાજ તે આદિવાસી ભાઈઓ સુધી પહોંચી ગયા!

ગીતામાં શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું છે: 'વિદ્યા અને વિનયથી યુક્ત બ્રાહ્મણ, ગાય, હાથી, કૂતરા કે ચાંડાલમાં, પંડિતોની દૃષ્ટિ સમાન હોય છે.' (અધ્યાય 5, શ્લોક 18) અહીં પંડિતનો અર્થ 'જ્ઞાનીપુરુષ' છે. ભગવાનના સ્વરૂપનું જેને યથાર્થ જ્ઞાન થયું છે તેવા જ્ઞાની એટલે કે પંડિત, તેઓ સૌમાં ભગવાનના દર્શન કરે છે તેથી તેઓ સાહજિક રીતે સમતાથી વર્તી શકે છે.

'સજ્જનતા'નું પહેલું લક્ષણ એ જ કે તે વ્યક્તિમાં વિનમ્રતા જન્મે, તેને વ્યક્તિ-વ્યક્તિ પ્રત્યે ઘૃણા તો લેશમાત્ર હોય જ નહીં, ઉપરથી તેને સૌમાં ભગવાનનાં દર્શન થતા હોય. ભગવાન અને સંતના જીવનમાં રહેલી નમ્રતા અને સૌ પ્રત્યેનાં પ્રેમનું વલણ જો આપણા જીવનમાં વણાઈ જાય તો વગર પ્રયત્ને સજ્જનતા આપણામાં નિવાસ કરીને રહે! આપણા ઘરમાં, આસ-પડોસમાં, ઓફિસ-દુકાનમાં કે સમાજમાં... વ્યક્તિ ભલે પદ-હોદ્દાની દૃષ્ટિએ નાની હોય, પણ આપણા તરફથી તેને અપાયેલો આદર સામેની વ્યક્તિમાં આત્મવિશ્વાસનો અને આપણામાં નમ્રતા-સજ્જનતાનો અનેકગણો ગુણાકાર કરી આપે છે.

તો ચાલો, આપણે પણ સૌનો આદર કરીને સૌમાં ભગવાનના દર્શન કરીએ તથા ભગવાન અને સંતના માર્ગે ચાલી, સ્વયંમાં 'સજ્જનતા'નો સૂર્યોદય પ્રગટાવીએ.

jivanmangalam@gmail.com



ભાગવત ચિંતન


ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

ક્યારેક-ક્યારેક કોઈ સજ્જનોને ધર્મની આણ આપીને અધર્મ તેનું કામ કઢાવી લે છે

શ્રીકૃષ્ણ કહે છે, 'ધર્મ શું છે અને શું નથી તે તું મારા પર છોડી દે'

મહાભારતનાં યુદ્ધમાં કૌરવ પક્ષે શલ્યે સારથિનું કામ કર્યું અને પાંડવ પક્ષે શ્રીકૃષ્ણે તે કાર્ય કર્યું. જ્યારે કર્ણના રથનું પૈડું જમીનમાં ખૂંપી ગયું અને તે બહાર કાઢી રહ્યો હતો ત્યારે તેને કહ્યું કે 'માર અર્જુન માર' થોડીક ક્ષણ માટે તો અર્જુન પણ ખચકાયો કે 'મને શ્રીકૃષ્ણ શું કહી રહ્યા છે? આવા સમયે મારું?' હવે કર્ણે પણ પરશુરામ પાસેથી કપટપૂર્વક વિદ્યા શીખી હતી અને પરશુરામે ક્રોધ કરીને કર્ણને શાપ આપ્યો, 'તેં મારી સાથે છળકપટ કરીને વિદ્યા શીખી છે પરંતુ જે સમયે તને આ વિદ્યાની સૌથી વધારે જરૂર હશે ત્યારે તું આ વિદ્યા ભૂલી જઇશ.'

ખરેખર તો ગુરુની સેવા-સુશ્રુષા નિષ્કપટ ભાવથી કરવી જોઇએ. પણ અહીં કપટ છે, બાકી કર્ણની સેવા ભાવના શ્રેષ્ઠ હતી કે પરશુરામજી જ્યારે કર્ણના ખોળામાં માથું રાખી સૂતા હતા અને એક ભમરો કર્ણની જાંઘ પર આવીને બેસે છે. આપણે તો ભમરો આમ-તેમ આવે તો પણ વ્યાકુળ થઇ જતા હોઇએ પરંતુ અહીં તો સહેજ પણ હલવાનું પણ નહીં. જો જરાક હલે તો ગુરુજીની ઊંઘ ઊડી જાય અને ભમરાએ સાથળમાં કાણું પાડવાનું શરૂ કર્યું. પરંતુ આ દરમિયાન કર્ણ હલ્યો પણ નહીં. ભમરો કાણું પાડતો રહ્યો તેને કારણે લોહીની જે ધારા વહી, તેનો સ્પર્શ પરશુરામના શરીરને થયો અને તેઓ જાગી ગયા. તેમણે પૂછ્યું કે આ શું થયું? આ ઘટના જોઇ ગુરુ શિષ્ય પર પ્રસન્ન થવા જોઇએ પરંતુ અહીં તો પરશુરામજી ગુસ્સે થયા અને બોલ્યા કે તું કોણ છે?



પરશુરામ બ્રાહ્મણ સિવાય કોઇને પણ વિદ્યા શીખવતા નહોતા. તેઓ કહે તું કોઇ બ્રાહ્મણ ન હોઇ શકે કેમ કે બ્રાહ્મણ આટલી પીડા સહન ન કરી શકે. લોહી વહેતું બ્રાહ્મણ ન જોઇ શકે. બ્રાહ્મણ સ્વભાવે સહનશીલ નથી. તે તો થોડુંક કંઇક કહી દે તો પણ તેનું લોહી ઊકળી ઊઠતું હોય છે. છેલ્લે ખબર પડી કે કર્ણે સેવા તો નિષ્ઠાથી કરી પરંતુ તે ક્ષત્રિય હોવા છતાં કપટપૂર્વક બ્રાહ્મણ બની મારી પાસે ભણ્યો છે તો તેને શાપ આપ્યો. આ વાત ત્યારે સાકાર થાય છે જ્યારે કર્ણના રથનું પૈડું પૃથ્વીમાં ખૂંપી ગયુ અને તેણે શલ્યને કહ્યું કે કંઇક કર. ત્યારે શલ્યે કહ્યું, 'હું રથ ચલાવવા માટે નિયુક્ત થયો છું.' આવું જ વ્યવહારમાં જોવા મળતું હોય છે ક્યારેક કોઇ અધિકારી તેના ચાકરને કહે કે પાણી આપજે તો તે કહે કે આ મારું કામ નથી. તેવી જ રીતે કુરુક્ષેત્રના મેદાનમાં શલ્ય એક એવો સારથિ છે, જેણે કર્ણને સહયોગ નથી આપ્યો. કર્ણને મનોમન ગુસ્સો આવી રહ્યો હતો, 'મેં કેવા સારથિને નિયુક્ત કર્યો છે? આ માણસે તો મને હેરાન-પરેશાન કરી મૂક્યો છે.' જેને પોતાના રથિનું ગૌરવ નથી અને તે જાણે એમ કહી રહ્યો હોય કે 'જ્યારે મરવાની ઇચ્છા હોય ત્યારે કહેજો અર્જુન પાસે લઇ જઇશ.' સામેના પક્ષમાં જ જો આવો ભાવ હોય તો જુસ્સો તૂટી જ જવાનો.

આથી કર્ણ પોતે રથનું પૈડું કાઢવા નીચે ઊતર્યો. હથિયાર રથમાં હતાં. નિઃશસ્ત્ર બની એ રથનું પૈડું કાઢી રહ્યો હતો ત્યારે જ શ્રીકૃષ્ણે કહ્યું, 'માર!' અર્જુને કહ્યું, 'આ સમયે મારું? આ તો ધર્મ ન કહેવાય.' શ્રીકૃષ્ણ કહે છે, 'ધર્મ શું છે અને શું નથી? - તે તું મારા પર છોડી દે અને માર.' કરિષ્યે વચનં તવ. તો આ એક આદેશ છે. ધર્મની રક્ષા કરવાની રખેવાળી તમે લોકોએ જ લીધી છે? ક્યારેક-ક્યારેક કોઇ સજ્જનોને ધર્મની આણ આપીને અધર્મ તેનું કામ કઢાવી લે છે. તેને ધર્મના સોગંદ આપીને નિઃશસ્ત્ર કરી મૂકે છે.

ભગવાન શ્રીકૃષ્ણ વ્યવહારુ છે. દુર્યોધનને છેલ્લે માર્યો અને તેની રક્ષા કરવા માટે જે પણ તત્પર હતા પછી એ કર્ણ હોય, દ્રોણ હોય કે ભીષ્મ હોય તેને પહેલાં માર્યા. તે બધા ખરેખર તો સજ્જન હતા અને તેમની પાસે પણ કોઇને કોઇ ગુણ હતા પરંતુ તેમની સજ્જનતા દુર્જનતાની રક્ષા કરવામાં રોકાયેલી હતી. એટલે કે સજ્જનતા, દુર્જનતાનું રક્ષા કવચ બનીને બેઠી. માટે પહેલાં તેમનો વધ પછી છેલ્લે દુર્યોધનનો. આ મહાભારતકાળનું સત્ય છે. કૌરવો તો શકુનિના માર્ગદર્શનમાં ષડયંત્ર કરતા રહે છે અને પાંડવોને ફસાવતા રહે છે. ત્યારે શ્રીકૃષ્ણે કહ્યું, 'માર. અત્યારે તો દુર્જનતાના સુરક્ષા કવચને દૂર કરવું એ જ તારું લક્ષ્ય હોવું જોઇએ.'

કથાબિંદુ

મુનિ રાજપુણ્ય વિજય

અમૃતમય વચનોનો પ્રભાવ

એક સંઘ સદ્‌ગુરુવરના પાવન સાંનિધ્યમાં વિશાળ સંખ્યામાં શ્રાવકો સાથે આગળ વધી રહ્યો હતો. માર્ગમાં મોટું જંગલ આવ્યું. જંગલમાં સંઘનો પડાવ હતો. આજ સુધી આટલી સંખ્યામાં માનવો ક્યારેય આ જંગલમાં આવ્યા ન હતા. માનવોનો કોલાહલ સાંભળી જંગલનો રાજા હાથી પાગલ થઈને દોડવા લાગ્યો. ચારેય બાજુ દોડતાં દોડતાં માર્ગમાં જે આવે તેને મારવા લાગ્યો. લોકો પણ ભયભીત થઈ પોતાને બચાવવા માટે જ્યાં ને ત્યાં ભાગવા લાગ્યાં. પાગલ હાથી દોડતો દોડતો એક મુનિવર તરફ ભાગ્યો. લોકોને થયું કે હમણાં આ હાથી મુનિવરને મારી નાખશે! જ્યાં તે મુનિવરની સમીપ આવ્યો ત્યાં તે શાંત થઈ ગયો. સૂંઢથી નમસ્કાર કરી તેમનાં ચરણોમાં શાંતિથી બેસી ગયો. સૌ લોકો વિસ્મયચકિત થયાં કે આવું કેવી રીતે બન્યું? કુતૂહલભાવે સૌ મુનિવરની સમીપ આવ્યા. મુનિરાજે હાથીને દુર્ધ્યાનથી મુક્ત થવા જણાવ્યું, પ્રેમાળ શબ્દોમાં ઉપદેશ આપ્યો.

અમૃતમય વચનોના શ્રવણથી હાથી શુભધ્યાનયુક્ત અને વૈરાગ્યવાસિત થયો. તે પછી તેણે પોતાનું સંપૂર્ણ જીવન અહિંસામય વ્યતીત કર્યું, દેશવિરતિધર્મનો પણ સાથે સાથે સ્વીકાર કર્યો. ભવાંતરમાં આ જ હાથીએ વર્તમાન ચોવીસીના ત્રેવીસમા તીર્થંકર શ્રી પાર્શ્વનાથ ભગવાન બની અવની ઉપર ખૂબ ઉપકારો કર્યો. ધર્મના પ્રભાવે પશુ પણ પ્રભુ બની શકે છે!



જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

રક્ષાબંધને તન-મનના વિકારરૂપી બંધનથી મુક્ત થઈને સંકલ્પ કરીએ

સાચી રક્ષા તમારા હાથ પર કે તમારા હાથમાં ?

ભારતવર્ષની સભ્યતા અને સંસ્કૃતિની એ જ સુંદરતા છે કે આપણી પ્રાચીન પ્રણાલિકાઓ આજે પણ એટલી જ સાંપ્રત અને સાનુકૂળ છે. આધુનિકતાના રંગે રંગાયેલા આપણે તહેવારોને પરંપરાગત શૈલીમાં જ ઊજવવામાં માનીએ છીએ. પુણ્ય કમાવવાનો, સદ્કાર્યોમાં પરોવાઈ જવાનો પવિત્ર શ્રાવણ માસ ચાલી રહ્યો છે. એમાંય શ્રાવણના આભૂષણ સમાન રક્ષાબંધનનું પર્વ આબાલ-વૃદ્ધ સૌ માટે સંબંધોમાં સુવાસ ભરવા આવે છે. પારણામાં ઝૂલતી બાળકીથી લઈ વૃદ્ધાવસ્થાએ પહોંચેલી વડીલ સ્ત્રીઓ પણ શ્રાવણી પૂનમ એટલે કે રક્ષાબંધનના દિવસે પોતાના વીરાને કાંડે રાખડી બાંધી ભગવાન તેની કાયમ રક્ષા કરે તેવો સંકલ્પ કરે છે.

યુગો જૂની આ પરંપરા કે જેની શરૂઆત પુરુષોત્તમ નારાયણ એવા ભગવાન શ્રી વિષ્ણુના પત્ની લક્ષ્મીજીએ બલિરાજાને રાખડી બાંધીને કરી હતી. તો મહાભારતકાળમાં પાંડવમાતા કુંતીએ ચક્રવ્યૂહમાં રક્ષા માટે પૌત્ર અભિમન્યુને પણ રાખડી બાંધી હતી. સદીઓ વીત્યાં બાદ આજે પણ પ્રત્યેક બહેન રક્ષાની એ જ ભાવના સાથે તેમના ભાઈને રાખડી બાંધે છે. આજે કદાચ રાખડીનું રૂપ બદલાયું છે પણ રક્ષાબંધનનું સ્વરૂપ એ જ છે. રક્ષાબંધન ઊજવવાની રીત બદલાઈ છે પણ સંબંધોમાં પ્રીત હજુ એ જ છે.

આવા પરમ પવિત્ર પર્વનો મર્મ શું તમે જાણો છો? બહેનના હાથે અમર રાખડી બંધાવનારા કરોડો વીરાઓ પણ મોતને ભેટ્યા છે ને ભેટતા રહેવાના છે. તો પછી સાચી રક્ષા કેવળ હાથ પર નહીં હાથમાં જ કહેવાય ને! એટલે કે તમારી સુરક્ષા તમારા હાથમાં જ છે. હાથે રાખડી બાંધીને પાન, ફાકી, સિગારેટ કે દારૂના વ્યસન કરનાર વીરાને રાખડી કેન્સરથી કેવી રીતે બચાવી શકે? હેલ્મેટ કે સીટબેલ્ટ બાંધ્યા વિના રોંગ સાઈડમાં કે ઓવર સ્પીડમાં ગાડી ચલાવનાર ભઈલાને મજબૂત રાખડી પણ ક્યાંથી બચાવી શકે? કુસંગના રંગે રંગાઈને વ્યભિચાર, બળાત્કાર કે ખૂન-ખરાબા કરનાર બંધુની રક્ષા બહેનની રાખડી કેમ કરી શકે? માનવમાત્રને દુઃખી કરનાર વહેમ, વ્યસન અને વિકારમાંથી મુક્ત થવું તે જ સાચું રક્ષા બંધન છે અને તે તમારા હાથમાં જ છે.

■ **વહેમ થકી રક્ષા:-** એક વહેમ સુમેળભર્યા સંબંધોને પ્રજાળી શકે છે. વર્ષો જૂની લાગણીને ધિક્કાર, મિત્રતાને દુશ્મની અને પ્રેમને નફરતમાં તબદિલ કરી શકે છે. કોઈના મોઢેથી સાંભળેલી, વાંચેલી કે જોયેલી વાતને કારણે મનમાં એવી ગાંઠ બંધાઈ જાય છે કે સ્વજન છૂટી જાય પણ એ ગાંઠ છૂટતી નથી. આજે વધતા જતા છૂટાછેડા, પારિવારિક ઘર્ષણ કે આત્મહત્યા અને હત્યાઓના મૂળમાં વહેમ કે શંકા જ હોય છે. ઝેરના પર્યાય સમાન વહેમને હોમી આપણે સંબંધોને સુમધુર બનાવીએ. વહેમ થકી સુરક્ષિત રહેવું તે તો તમારા હાથમાં જ છે.

■ **વ્યસન થકી રક્ષા :-** પૈસા, પ્રતિષ્ઠા અને પરિવારને બરબાદ કરનાર વ્યસન થકી રક્ષા કરવી તે કોના હાથમાં છે? પ્રતિવર્ષ ભારતમાં વ્યસનને કારણે લાખો લોકો કમોતે મરે છે અને અબજો રૂપિયા પિચકારી કે ધુમાડા પાછળ ઊડી જાય છે. પાનના ગલ્લે ઊભા રહીને હાથમાં સિગારેટ કે માવો પકડતા




પહેલાં યાદ આવે છે કે આ એ જ હાથ છે જેના પર બહેને રાખડી બાંધી મારા દીર્ઘાયુ માટે પ્રાર્થના કરી છે, વારે-તહેવારે દારૂ અને જુગારની મહેફિલોમાં ગ્લાસ કે પત્તા હાથમાં લેતા વિચાર આવે છે જે હાથમાં રાખડી બંધાઈ છે તે હાથમાં આ બધું શોભે? આપનું વ્યસન પરિવારના તમામ સભ્યો માટે ચિંતા અને ભયનું જ કારણ બને છે. સ્વજનોની વિનંતી, સમજાવટ અને કાકલૂદી પછી પણ જો તમે વ્યસનને તિલાંજલિ ન આપી શકો તો પછી તમારા ભક્ષક તમે જ બનો છો. વીરતા વ્યસન કરવામાં નહીં, પણ છોડવામાં બતાવી દેશો તો વ્યસન થકી રક્ષા તે જ સાચું રક્ષાબંધન બની રહેશે.

■ **વિકાર થકી રક્ષા :-** જે બહેનો એક દિવસ હોંશે હોંશે ભાઈને રાખડી બાંધી તેની રક્ષા માટે પ્રાર્થના કરે તે જ બહેનોને સામાન્ય દિવસોમાં ખુદની રક્ષા માટે સતત કેમ ઝઝૂમવું પડે છે? બસ, રિક્ષા કે ટુ-વ્હીલરમાં પસાર થતા, ઓફિસમાં કે જાહેરસ્થળોએ મહિલાઓ કેમ અસુરક્ષિતતા મહેસૂસ કરે છે? કારણ કે ભય છે આસપાસના પુરુષોની કુદૃષ્ટિ અને કુચેષ્ટાઓનો. નિર્દોષ બહેનો પર બળાત્કાર કરી તેને પીંખી-પીંખી નાખનારે પણ હાથ પર રક્ષા બંધાવી નારી સુરક્ષાનું વચન આપ્યું હતું. માટે કોઈ પણ સ્ત્રીને ખરાબ નજરથી જોતા કે ખરાબ વર્તન કરતાં પહેલાં જરા વિચાર કરીએ કે તે પણ કોઈની બહેન હશે. આ એક જ વિચાર દુષ્કર્મ કે બળાત્કારની ઘટનાઓને અટકાવી શકે તેમ છે. સ્ત્રીઓની આબરૂ પર નખાતો એ હાથ થંભી જશે જો એટલું યાદ રહે કે આ જ હાથ પર કોઈ સ્ત્રીએ રાખડી બાંધી રક્ષાનું વચન માગ્યું છે. જો દરેક પુરુષ પોતાની પત્ની સિવાયની દરેક સ્ત્રીને બહેન, માતા કે પુત્રીની દૃષ્ટિએ જુએ તો છેડતીના બનાવોરૂપી સમાજ પર લાગતો ડાઘ કાયમ માટે ભૂંસાઈ જશે. આ રક્ષાબંધને એક પ્રયાસ કરીએ તન અને મનના વિકારરૂપી બંધનથી મુક્ત થઈ સંકલ્પ કરીએ સુરક્ષિત રહેવાનો અને સ્ત્રીઓને સુરક્ષિત રાખવાનો.

વિશ્વવંદનીય સંત પ.પૂ. મહંતસ્વામી મહારાજ પણ કહે છેઃ ભગવાન આપણી રક્ષા ક્યારે કરે? આપણે તેમણે આપેલા આદેશ અને નિયમમાં રહીએ ત્યારે. જેટલી આજ્ઞા પાળીશું તેટલા ભગવાન રાજી થશે અને આપણી રક્ષા કરશે. હાથ પર બાંધવાનું રક્ષાસૂત્ર તો બજારમાં મળી રહેશે પણ હૃદયમાં રાખવાનું રક્ષાસૂત્ર તો પવિત્ર સંતો જ આપશે. બહેનની બાંધેલી રાખડી હાથની શોભા વધારશે જ્યારે સંતે આપેલું રક્ષાસૂત્ર જીવનની શોભા વધારશે. તો ચાલો ડગલું માંડીએ એક નવા વ્યક્તિત્વ તરફ કારણ કે આપણી રક્ષા આપણા હાથ પર તો છે જ સાથે આપણા હાથમાં પણ છે.

jivanmangalam@gmail.com



ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

માત્ર સ્વયંની, પોતાના સ્વજનોની જ નહીં, રાષ્ટ્રરક્ષા પણ એટલી જ મહત્ત્વની છે

ધર્મના માધ્યમે સ્વયંથી માંડીને રાષ્ટ્રરક્ષા કરતા શીખીએ



આપણા ઋષિમુનિઓના મતે ધર્મ જીવનનું ઓક્સિજન છે. ઈશ્વરને માનો કે ન માનો પરંતુ માનવીનું પૃથ્વી પર અસ્તિત્વ છે તો તેના પર વિશ્વાસ કરવો જ રહ્યો. ભાગવત માણસનો માણસ સાથે, માણસનો પૃથ્વી સાથે અને માણસનો પ્રકૃતિ સાથે કેવો વ્યવહાર હોવો જોઈએ? તેનો સંદેશ આપે છે.

આપણે ત્યાં પર્વ-તહેવારો આવતા હોય છે ત્યારે રક્ષાબંધનનું પર્વ પણ આવે છે. આ દિવસ મહત્ત્વનો છે. રક્ષાબંધન શ્રાવણી પૂર્ણિમાએ આવે છે. આ દિવસે માત્ર બહેન જ ભાઈની રક્ષા કરતું સૂત્ર બાંધે છે એવું નથી, પરંતુ ભૂદેવો રાજાની રક્ષા માટે, પોતાના યજમાનોની રક્ષા માટે પણ સૂત્ર બાંધે. સ્વયં પણ બ્રહ્મસૂત્ર એવા જનોઈથી સ્વયંની રક્ષા પણ કરે છે. આપણા ધર્મમાં રહેલી સૂક્ષ્મતા-વૈજ્ઞાનિકતા પણ સમજવા જેવી છે. ધર્મ એ જીવનમાં જીવાતી કળા છે.

કેટલાંક લોકો એવી દલીલ કરતા હોય છે કે, 'ભગવાન તો સર્વવ્યાપક છે, તેને મૂર્તિમાં કેમ બાંધી શકાય?' ત્યારે કહેવાનું કે ભગવાન સર્વવ્યાપક છે, એ સત્ય છે, પરંતુ ચંચળ મનને સ્થિર કરવા માટે કંઈક આધાર જોઈએ, અધિષ્ઠાન જોઈએ એટલા માટે મૂર્તિપૂજા કરીએ છીએ. હું પાઠશાળામાં ભણતો હતો ત્યારે ગણેશ ચતુર્થીએ અમારા ગુરુમાને ગણેશજીની પૂજા કરવાની હતી. દેવનું સ્વરૂપ શું હોય છે? ક્યારેક તો શ્રદ્ધાપૂર્વક એક પથ્થરને ફક્ત સિંદૂર લગાડવાથી હનુમાનજી બની જાય છે. તો અધિષ્ઠાન જોઈએ. વૈષ્ણોદેવીમાં ત્રણ પિંડી છે એમાં માતાજીની ભાવના કરવાની છે, આ પરામ્બા ભગવતી એટલે પ્રકૃતિ. શ્રીકૃષ્ણ ગીતામાં કહે છે.

'હું અજન્મા અને અવિનાશી હોવા છતાં સમસ્ત પ્રાણીઓનો ઈશ્વર છું....' ઈશ્વર કોને કહેવાય? જે બધાને નિયંત્રણમાં રાખનારા છે. પછી કહે છે કે હું પ્રકૃતિને વશ કરીને મારી યોગમાયા દ્વારા પ્રગટ થઉં છું. પ્રકૃતિ પરામ્બા ભગવતી છે. પ્રકૃતિ ત્રિગુણાત્મિકા છે. સત્ત્વ, રજસ્ અને તમસ્ - એ ત્રણેય ગુણોની સામ્યાવસ્થા એ પ્રકૃતિ છે. આપણું આ શરીર એ પણ પ્રકૃતિ છે. આપણું પંચભૌતિક પિંડ એટલે શરીર. વૈષ્ણોદેવીમાં ત્રણ પિંડ છે એમાં એક પિંડ એટલે આપણો આ પંચભૌતિક પિંડ, બીજો પિંડ એટલે મન અને મન એટલે લાગણી. માણસ લાગણીનો બનેલો છે. કોઈકે બે સારા શબ્દો કહ્યા હોય અને ખુશ થઈ જઈએ. કોઈકે કડવાં વેણ કહ્યાં હોય અને દુઃખી થઈ જઈએ, રડવા લાગીએ, ખોટું લાગી જાય અથવા મારામારી કરવા પર ઉતરી આવીએ.

માણસ લાગણીનો બનેલો છે, ત્રીજા પિંડ એટલે વૈચારિક પિંડ-બુદ્ધિ, એની પાસે વિચારો છે. તો વિચાર, લાગણી અને આ ભૌતિક પિંડ દ્વારા થતાં કર્મો. આ ક્રિયા, વિચાર અને ભાવના આ ત્રણેયનું મિશ્રણ એટલે ચરિત્ર.

આપણે ક્રિયાનાં બનેલાં છીએ, આપણે ભાવનાનાં બનેલાં છે. આપણે વિચારના બનેલાં છીએ. આ ત્રણેય મળી આપણું જીવન બને છે, અસ્તિત્વ બને છે. એટલે એ પરામ્બા ભગવતીની ત્યાં પૂજા થાય છે. આપણે પણ ત્રણેયની પૂજા કરવાની છે.

ભારતીય પરંપરામાં ભગવાન રામથી લઈને શ્રીકૃષ્ણ અને બુદ્ધ સુધીના અવતારોએ જીવન જીવીને અનેક ગુણો આપણને શીખવ્યા છે. તેઓનાં ગુણોનું આચરણ કરવાનું છે અને આ રીતે તેમને જીવવાના છે. ભગવાન બુદ્ધે તો એમના ઉપદેશમાં મૈત્રીભાવનું પવિત્ર ઝરણું વહાવવાની, અનાસક્તિ યોગ કેળવવા અને જીવનમાં તડકી કે છાંયડીની માફક આવતાં સુખ-દુઃખોને સાક્ષી ભાવે જીવવાનો સંદેશો આપ્યો હતો. જીવમાત્ર તરફ મૈત્રી, કરુણા અને મુદિતા દાખવીએ અને તથાગતની સાચા અર્થમાં તેમના જીવનના ગુણોને આત્મસાત્ કરીએ.

બહારની વ્યર્થ લડાઈઓ લડતા જગતને સૌપ્રથમવાર ભગવાન બુદ્ધે અંદરની લડાઈ લડવાનો સંદેશો આપ્યો. આ લડાઈ શસ્ત્રોથી લડવાની નહોતી. શાસ્ત્રોથી જીતવાની હતી, શત્રુઓ બહારના નહોતા, અંદરના જ હતા. વેર સામે પ્રેમનું અસ્ત્ર ઉપાડવાનું હતું. ક્રોધ સામે શાંતિનું, હિંસાની સળગતી જ્વાળાઓ ઉપર અહિંસાની શીતળ જળધારાનો અભિષેક કરી મૈત્રીનું અખંડ અમી ઝરણું વહાવવાનું ભગવાન બુદ્ધે જગતને શીખવ્યું.

જીવનને ઉર્ધ્વગામી બનાવવા તેમણે મૈત્રી, કરુણા, મુદિતા અને ઉપેક્ષાનાં પગથિયાં ચડતા ક્રમમાં ચીંધી બતાવ્યા. મૈત્રી માત્ર ગમતા સાથે નહીં પરંતુ સમગ્ર માનવજાતથી માંડીને અબોલ પ્રાણીઓ સુધી વિસ્તારવાની આમાં વાત હતી. વેર અને દ્વેષની આગને ઓલવી નાખવાની અહીં વાત હતી. કરુણાની વાત આવી એટલે ભીનાશ અને આર્દ્રતા તેની સાથે આવીને આપોઆપ બેસી ગઈ.

આમ, ધાર્મિક પર્વ આપણને કંઈક નવું શીખવે છે. રક્ષાબંધન રક્ષાનું સૂત્ર આપે છે. માત્ર સ્વયંની, પોતાના સ્વજનોની જ નહીં, રાષ્ટ્રરક્ષા પણ એટલી જ મહત્ત્વની છે. ચાલો, આપણે સ્વયંથી લઈને રાષ્ટ્રરક્ષાનો સંકલ્પ લઈને જાગૃત નાગરિક બની રહીએ.



જીવન માંગલ્ય | શાંત સાધુ પ્રમુખસ્વામી મહારાજ એટલે સર્વજીવહિતાવહ પુરુષ

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

શતાબ્દીએ સ્મરણાંજલિ

લાખોના જીવનઆધાર પ્રમુખસ્વામી મહારાજે શ્રાવણ સુદ દશમ, તા. 13-8-2016ના રોજ આ પૃથ્વી પરથી વિદાય લીધી. જેમના પ્રાગટ્ય અને સહવાસથી આ ધરા ધન્ય થઈ તેમને સ્મરણાંજલિ અર્પવાનો આ અવસર છે.

પ્રમુખસ્વામી મહારાજ એટલે સાદા-સીધા, સરળ, શાંત સાધુપુરુષ. આવા સંત માટે કહેવાયું છે કે 'સંતઃ સ્વતઃ પ્રકાશન્તે' સંતો પોતાના ગુણો વડે સ્વયં જ પ્રકાશે છે.' શ્વેતક્રાંતિના પ્રણેતા એવા એન.ડી.ડી.બી.ના ચૅરમેન ડૉ. કુરિયનને કોઈક પ્રમુખસ્વામી મહારાજનો મહિમા કહેતું હતું. ત્યારે તેમણે તેમને રોકીને કહ્યું, 'પ્રમુખસ્વામી મહારાજના દર્શનથી જ તેમની અહંશૂન્યતાનો ખ્યાલ સહેજે આવી જાય છે.' ભારતના રાષ્ટ્રપતિ, અણુવૈજ્ઞાનિક ડૉ. કલામ સાહેબ પ્રમુખસ્વામી મહારાજના પ્રથમ દર્શને જ તેમની સાધુતા અને તેમની ભગવન્મય સ્થિતિથી પ્રભાવિત થઈ ગયા હતા. પ્રમુખસ્વામી મહારાજ એટલે કરુણાના સાગર, દયાની મૂર્તિ. 1987માં રાજકોટના સમીપવર્તી બેડીના કેટલકેમ્પમાં મૂંગાં પશુઓની કંગાલ હાલત જોઈ તેઓ દ્રવી ઊઠ્યા. તાત્કાલિક તે પશુઓ માટે ઘાસચારાની વ્યવસ્થા તો કરાવી, પણ તે પછી તરત જ ચાર કેટલકેમ્પ ખોલાવ્યા. 1990માં વરસાદ ખેંચાયો ત્યારે તેઓ ઇંગ્લેન્ડ હતા. ત્યાં રહ્યા રહ્યા રોજ રાત્રે 11.30થી 2.00 વાગ્યા સુધી ઉજાગરા કરીને પ્રાર્થના કરતા. 'સંતહૃદય નવનીત સમાના...' રામાયણની ચોપાઈ તેમના જીવનમાં કાયમ મૂર્તિમાન થતી.

પ્રમુખસ્વામી મહારાજ એટલે સર્વજીવહિતાવહ પુરુષ. નાના-મોટા, ગરીબ-તવંગર સૌનું હિત કરવા તેઓ રાતદિવસ દેહની પરવા કર્યા વિના દેશ-વિદેશે, નગરે-નગરે, ગામડે-ગામડે, ઝૂંપડે-ઝૂંપડે ઘૂમતા જ રહ્યા. વર્ષના ૩૬૫ દિવસોમાં, દિવસો કરતાં વધુ ગામોમાં તેઓ વિચર્યા છે. જેમ કે 1976માં તેઓ 728 ગામો-નગરોમાં ઘૂમી વળ્યા. એ જ રીતે 1979માં 653 ગામો, 1981માં 489 ગામો અને 1982માં 495 ગામો ! આવા કષ્ટભર્યા વિચરણ દ્વારા તેમણે એક-એક વ્યક્તિના મન સાચવ્યા. તેમાં ગરીબ કે તવંગર કોઈ બાકી ન રહેતું. જેમને પોતાના ઘરમાં તેમને પધરાવવાની ભાવના હોય તેવું એક પણ આદિવાસી ગામ કે એક પણ ગરીબનું ઝૂંપડું બાકાત નથી રહ્યું. તેથી જ 13-8-2016ના દિને તેઓ ધામમાં પધાર્યા ત્યારે 20 લાખથી વધુ લોકો અશ્રુ સારતાં તેમનાં દર્શને દોડી આવ્યા હતા. તેમાં આમજનતાથી માંડીને દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી પણ હતા. સૌ કોઈ ભીનાં નેત્રે, ભીનાં હૃદયે પોતાના આત્મીય સ્વજન ગુમાવ્યાની લાગણી અનુભવતા હતા.

પ્રમુખસ્વામી મહારાજ એટલે અજાતશત્રુ સંત. તેમને મન કોઈ શત્રુ ન હતા. ગાંધીનગર અક્ષરધામમાં થયેલા આંતકવાદી હુમલા સમયે તેઓએ મૃતાત્મા માટે પ્રાર્થના કરી તે સાથે આંતકવાદીઓને પણ સન્મતિ, સદ્‌ગતિ મળે તે માટે પ્રાર્થના કરી હતી. આ વલણને લીધે તેઓ વિરોધમાં પણ વિશેષતા જોતા. માંડવધારમાં અણસમજથી તેમના પૂતળાં બનાવી બાળવામાં આવ્યા ત્યારે તેઓ હસતાં હસતાં બોલેલા કે, 'સારું કહેવાય, જીવતા અગ્નિસંસ્કાર જોવા મળ્યો.'

પ્રમુખસ્વામી મહારાજ એટલે પરમ ભાગવત સંત. ભગવાનની સ્મૃતિ તેમને અખંડ હતી. પ્રવૃત્તિના ભારમાં કે ઉતાવળમાં ક્યારેય તેમણે ભગવાનને ગૌણ કર્યા નથી. 1998માં તેમની એન્જિયોગ્રાફી કરતા ડૉક્ટરોએ તાત્કાલિક બાયપાસ સર્જરી કરાવવા આગ્રહ કર્યો. પ્રાણઘાતક કટોકટીની આ પળોમાં તેઓએ ઠાકોરજીને (હરિકૃષ્ણ મહારાજની ચલ મૂર્તિને) આરામ ઓછો ન થાય તેની તકેદારી રાખી ઓપરેશનને ઠેલ્યું હતું. પ્રાણ જાય તેવા સંકટ સમયે પણ તેમને ઠાકોરજી જ મુખ્ય રહ્યા. કેનેડાની પાર્લામેન્ટમાં કે લંડનમાં ગિનિઝ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સ દ્વારા મળતા સન્માન તેમણે ભગવાનને જ સમર્પિત કરાવ્યા. માનમાં કે અપમાનમાં, સુખમાં કે દુઃખમાં તેઓ અખંડ ભગવાનમાં જ લીન રહ્યા હતા.




પ્રમુખસ્વામી મહારાજ એટલે સાદા-સીધા, સરળ, શાંત સાધુપુરુષ. આવા સંત માટે કહેવાયું છે કે 'સંતો પોતાના ગુણો વડે સ્વયં જ પ્રકાશે છે.'

પ્રમુખસ્વામી મહારાજ એટલે આત્મારૂપ, બ્રહ્મરૂપ સ્થિતિમાં સ્થિર બ્રહ્મસ્વરૂપ. આનંદના સાગરમાં અખંડ હિલોળા લેતા આનંદમય અક્ષરબ્રહ્મ. પ્રસિદ્ધ પત્રકાર સ્વ. હરકિશન મહેતાએ તેમને પૂછેલું : 'એવી કોઈ ઘટના છે જે યાદ આવતાં દુઃખ થાય?' તે સમયે તરત જ પ્રમુખસ્વામી મહારાજે જણાવ્યું : 'ના, એવો કોઈ પ્રસંગ જ નથી. કાયમ આનંદ આનંદ જ રહ્યા કરે છે.'

આ પુરુષ અંતિમ પળ સુધી, અંતિમ સંસ્કાર સુધી અખંડ બ્રાહ્મીસ્થિતિને ભોગવતા આ પુરુષ અખંડ દાસ, સેવા બનીને રહ્યા. જીવનની અંતિમ પળ સુધી, અંતિમ સંસ્કાર સુધી. 2011માં ભરૂચમાં હાર્ટ એટેક આવ્યા બાદ તેમણે સેવકોને જણાવેલું : 'જ્યારે મારો અંતિમવિધિ થાય ત્યારે મારા દેહને એવી રીતે ગોઠવવો જેથી મારી દૃષ્ટિ (મંદિરમાં પધરાવેલ) અક્ષરપુરુષોત્તમ મહારાજ સમક્ષ રહે અને (સ્મૃતિમંદિરમાં બિરાજમાન) ગુરુ શાસ્ત્રીજી મહારાજની દૃષ્ટિ મારા પર રહે.'

તેમની આજ્ઞા અનુસાર તા. 17-8-2016ના દિવસે સાંજે ચાર વાગ્યે અંતિમ સંસ્કારની વિધિ યોજાયેલ, જેમાં લગભગ 70 હજાર સંતો-ભક્તોની હાજરીમાં અને જીવંત પ્રસારણ નિહાળી રહેલા લાખો ભક્તોએ વેદોના સ્તોત્રના પઠન અને સ્વામિનારાયણ મહામંત્રના ગાન સાથે અંતિમ શ્રદ્ધાંજલિ અર્પી હતી. પરમાત્મા અને ગુરુમાં લીન થઈ રહેલા આ દિવ્યપુરુષની સ્મૃતિ આજે પણ સૌની આંખોને ભીંજવી જાય છે. હાલ, સારંગપુરમાં તેમના અંતિમ વિધિના આ સ્થળ પર સ્મૃતિ મંદિરનું નિર્માણ કાર્યરત છે.

jivanmangalam@gmail.com



ભાગવત ચિંતન | શ્રીકૃષ્ણે સમસ્ત સંસારના કલ્યાણનો માર્ગ શ્રીમદ ભગવદ્ ગીતામાં પ્રબોધ્યો છે

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

ભગવાન શ્રીકૃષ્ણના જીવનમાંથી આપણે શું શીખવાની જરૂર છે?

ભગવાન શ્રીકૃષ્ણ અનેકરૂપમાં પૂજાય છે. તેમાં પણ સુદર્શનધારી શ્રીકૃષ્ણની પણ પૂજા થાય છે. પ્રકૃતિના સંરક્ષણ માટે પણ શ્રીકૃષ્ણના જીવનમાંથી શીખવાનું છે. વર્તમાન સમયમાં આપણે ભગવાન શ્રીકૃષ્ણ પાસેથી શીખવાનું છે કે શ્રીકૃષ્ણે ગૌમાતાની સેવા કરી હતી અને ગોવર્ધનરૂપી પ્રકૃતિનો યજ્ઞ કરવાનું આપણને શીખવ્યું હતું. પ્રકૃતિની પૂજા કરો. વૃક્ષોને કાપો નહીં, વૃક્ષોને વાવો. જે વૃક્ષને કાપે છે અને કુહાડીથી પ્રહાર કરે છે, એ માણસે સમજવું જોઈએ કે તે સમગ્ર માનવતાનાં અસ્તિત્વ ઉપર પ્રહાર કરી રહ્યો છે.

ચાલો, આપણે ભગવાન શ્રીકૃષ્ણના ચરણોમાં પ્રાર્થના કરીએ કે 'પ્રભુ, અમે અગણિત અપરાધ કર્યા છે. અમે તારી ખૂબસૂરત દુનિયાને બદસૂરત કરી નાખી છે, અમને સન્મતિ આપો, સદ્‌બુદ્ધિ આપો, પ્રભુ! તારી દુનિયા પવિત્ર હો, જીવવા લાયક હો, અમને આ પૃથ્વીગ્રહના વાસી છીએ તેનું ગૌરવ થાય.'

આપણાં બાળકોને તમે એ શીખવાડજો કે આ દેશ પાસે ઋષિ સંસ્કૃતિનો અણમોલ વારસો છે. આપણા સંતાનો આ વારસાની કિંમત સમજી આખા વિશ્વને કહે છે કે વિશ્વબંધુત્વ અને પ્રેમનો સંદેશો લઈને આખી દુનિયામાં ચારે તરફ તેનો પ્રસાર કરવાનું પણ શીખવજો.

ભગવાન માત્ર સત્સંગથી પ્રસન્ન નહીં થાય. એવું કેવું કે તમે ભગવાનનું નામ લો અને તેમનું કામ ન કરો? હનુમાનજી 100 યોજન સમુદ્ર પાર કરીને લંકા પહોંચ્યા હતા. તે સમયે વિભીષણજી નિદ્રાધીન હતા. હનુમાનજી ત્યાં પહોંચે છે પછી જાગે છે. સંતોએ તેનો અર્થ એવો કર્યો છે કે વિભીષણ રામભક્ત તો હતા, પરંતુ નિદ્રાધીન હતા. માત્ર માળા કરનાર જ ભક્ત છે એવું નથી આપણે જાગૃત ભક્ત બનવાનું છે. માટે જ ભગવાનનું નામ તો લો જ અને સાથે તેમનું કામ પણ કરવાનું છે.

ભગવાન શ્રીકૃષ્ણે શ્રીમદ્ ભગવદ્ ગીતામાં યજ્ઞની વાત પણ કરી છે. આ વિચારધારામાં તો ઋષિઓએ કલ્પેલી યજ્ઞની ભાવના છે પણ ધર્મને માનવતાવાદી બનાવવાની વાત જ છે. એટલે કે વસ્ત્ર વગરનાંને વસ્ત્ર આપવા તે યજ્ઞ છે. રોગી રૂપિયાનાં અભાવમાં દવા નથી કરાવી શકતો, ચિકિત્સા નથી કરાવી શકતો ત્યારે તેની ચિકિત્સા કરાવવી તે યજ્ઞ છે. મહત્ત્વની વાત એ છે કે આ પ્રસાદ છે એટલે આપનારાને પણ અહંકાર નથી આવતો અને લેનારાને પણ લઘુતા નથી આવતી. કોઈને બિચારા બનાવીને નથી આપવાનું.



પ્રસાદમાં એવો ભાવ છે કે મારા જેટલો જ આ પ્રસાદ ગ્રહણ કરવાનો તું પણ અધિકારી છે. કોઈ વ્યક્તિ એક કિલો પેંડાનું પેકેટ ખરીદે ત્યારે તેનામાં એવો ભાવ હોય કે તે મારું છે, પરંતુ એ જ્યારે મંદિરે જાય અને ભગવાનને તે અર્પણ કરી દીધા પછી તેના મારાપણાની ભાવના ખતમ થઈ જાય છે અને પછી એ પ્રસાદ બની જાય છે અને માટે તેને વહેંચીને ખાવાની વાત છે અને સાથે જ તેનો દુરુપયોગ પણ ન થવો જોઈએ.

આમ, ભગવાનની શ્રીકૃષ્ણની શ્રીમદ્ ભગવદ્ ગીતારૂપી સુધાનું સુપાત્ર બની રસપાન કરીએ અને પ્રકૃતિનું સંરક્ષણ કરીએ, તેની જાળવણીએ કરીએ અને માનવતા અને પ્રેમને પ્રસરાવીએ.

ભગવાન શ્રીકૃષ્ણે કૃપા કરી અને પોતાના પ્રિય પાર્થના માધ્યમથી આ અમૃત સમગ્ર વિશ્વને માટે વિતરણ કરી રહ્યા છે. સમસ્ત સંસારના કલ્યાણનો માર્ગ શ્રીકૃષ્ણે પ્રબોધ્યો છે. આપણું શરીર એ જ ધર્મક્ષેત્ર અને કુરુક્ષેત્ર છે.

ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને ટોચનું જ્ઞાન, શ્રીમદ્ ભગવદ્ ગીતામાં આપ્યું છે. વસુધા એટલે કે પૃથ્વી. એક સુધા સ્વર્ગમાં છે અને એક વસુધા ઉપર જે સુધા છે, તે શ્રીમદ્ ભગવદ્ ગીતા. દુગ્ધં ગીતામૃતં મહત્-સુધા એટલે અમૃત, વિચાર કરો કે જે સ્વર્ગના દેવતાઓને પણ પ્રાપ્ત નથી, જે સ્વર્ગનાં દેવતાઓનાં ભાગ્યમાં પણ નથી તે વસુધા ઉપર વસેલા ભગવાન શ્રીકૃષ્ણના મુખમાંથી નીકળેલી આ સુધાને પીને જે હસેલા, પ્રસન્નતાને પામેલા) અને સંસારમાંથી ખસેલા(પૂર્ણ જ્ઞાનથી વિમુખ થઈ ગયેલા) આવા લોકોને પ્રાપ્ત છે. એટલે સ્વર્ગના દેવતાઓ કરતાં પણ પૃથ્વી ઉપરના આવા માનવ બનવું કે જે ગીતારૂપી અમૃતનું પાન કરે છે તે મોટું ભાગ્ય છે, તે મોટું સૌભાગ્ય છે. સ્વર્ગની સુધા તો પુણ્યથી મળે, પરંતુ વસુધા પર આ સુધા? તો જવાબ છે, શ્રીમદ્ ભગવદ્ ગીતારૂપી આ સુધા એટલે કે કથા એ તો પ્રભુની કૃપાથી મળે.

કથાબિંદુ

મુનિ રાજપુણ્ય વિજય

અંગર્ષિની ભાવધારા

ચંપાપુરીમાં ગુરુ કૌશીકાર્યને અંગર્ષિ અને રુદ્રક નામના બે શિષ્યો હતા. બંનેમાં અંગર્ષિ ખૂબ સરળ અને સમર્પિત હતો, જ્યારે રુદ્રક કપટી અને ભયંકર ઈર્ષ્યાળુ હતો. એક દિવસ ગુરુવરે સવારે બંને શિષ્યોને જંગલમાં ઈંધણ લેવા મોકલ્યા. અંગર્ષિ ગુર્વાજ્ઞાને શિરોધાર્ય કરી નીકળી ગયો, જ્યારે આળસુ રુદ્રક દીર્ઘસમય પછી ગયો. દૂરથી અંગર્ષિને લાકડાંનો ભારો લઈને આવતો જોઈ તે તરત બીજી દિશામાં ભાગ્યો. ત્યાં એક વૃદ્ધ સ્ત્રી લાકડાંનો ભારો લઈને આવતી હતી, તેની હત્યા કરી, તેનો ભારો લઈ ટૂંકા રસ્તેથી અંગર્ષિની પહેલાં આશ્રમમાં આવ્યો. ગુરુવરને અંગર્ષિની ફરિયાદ કરતા જણાવ્યું: 'અંગર્ષિ તો નાટક જોવામાં વ્યસ્ત હતો. મોડો મોડો જંગલમાં ગયો. ત્યા એક વૃદ્ધ માતાની હત્યા કરી તેનો ભારો લઈને આવે છે.' ગુરુવર તેની વાતમાં આવી ગયા. જેવો અંગર્ષિ આવ્યો ક્રોધપૂર્વક તેને કહ્યું: 'દુષ્ટ! તું આવા અક્ષમ્ય અપરાધોનું આચરણ કરે છે. હવે મને તારું મુખ ના બતાવતો!'

વિનીત અંગર્ષિ એક અક્ષર બોલ્યા વિના ગુરુના કટુવચનોને સહન કરી આશ્રમમાં એક વૃક્ષ નીચે બેસી ગુરુએ કહ્યું એટલે પોતાનો કોઈક તો અપરાધ હશે જ. ગુરુ પ્રત્યે સદ્‌ભાવ અકબંધ રાખી આલોચના કરવા લાગ્યો, આ રીતે આગળ વધતા શુભધારામાં પરાકાષ્ઠાની અભિવૃદ્ધિ થતાં અલ્પ સમયમાં કૈવલ્ય લક્ષ્મીને પામ્યો.



જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

આપણે સંતવિભૂતિના જીવનમાંથી 'જગ્યા' શોધવાનું શીખીએ

જગ્યા શોધો છો?




આજકાલ આખી દુનિયામાં જગ્યાની જ બોલબાલા છે. વિશ્વમાં પ્રજામાત્ર જગ્યા જ શોધી રહી છે. કોઈકને થાય છે કે 'બસ! સારી જગ્યા મળી જાય તો બંગલો બાંધી દેવો છે!' તો વળી કોઈક એવું પણ વિચારે છે કે 'જો જગ્યા મળી જાય તો ખેતીનો વિસ્તાર કરીએ!' જ્યારે અમુક લોકો તો પોતે જ્યાં નોકરી કરતા હોય, ત્યાં જગ્યા ખાલી થવાની રાહ જોતા હોય છે કે 'હવે 'ઉપરવાળા' જગ્યા ખાલી કરે તો આપણો પણ નંબર લાગે.' અને જો મુસાફરી હોય, તો બસ કે ટ્રેનમાં ઊભાં ઊભાં પણ એમ વિચાર આવ્યા કરે કે 'સારી જગ્યા મળી જાય તો શાંતિથી પહોંચી જઈએ.' ઘણા તો જગ્યા ન મળે ત્યારે ધક્કો મારીને પણ જગ્યા કરી લેતા હોય છે. તો વળી કેટલાક એવું પણ શોધતા હોય છે કે 'આ વખતે કોની સરકાર બનવાની છે? જે 'પાર્ટી' આવવાની હોય, તેમાં જગ્યા બનાવી દઈએ...' અને ઘણીવાર તો લોકોને મોઢે એવી પણ ચર્ચા સંભળાય છે કે 'સંસદભવનમાં ખુરશીઓ વધવાની છે! જો જગ્યા મળી જાય, તો આપણું કામ થઈ જાય.'

આમ, આજે બધાંને શોધ છે-જગ્યાની. ઘર, ખેતર, બંગલો, બસ, ટ્રેન, શાસક પક્ષ, સંસદ... અરે! કેટકેટલાં ઠેકાણે લોકો કેવળ જગ્યાઓ જ શોધતા ફરે છે. પણ આજે આપણે એક એવા મહાપુરુષના જીવનમાંથી 'જગ્યા' શોધવાનું શીખવાના છીએ, જેઓ 95 વર્ષ સુધી આ ધરા પર રહ્યા અને જીવનભર દેશો, રાજ્યો, ગામો, ફળિયાંઓ તથા ઘરો પરહિત કાજે ઘૂમતા રહ્યા, છતાં તેમને રહેવા માટે કોઈ ચોક્કસ સરનામાવાળી 'જગ્યા' નહોતી; ભારતીય સંસ્કૃતિનાં સંવર્ધન માટે દેશ-વિદેશમાં જેમણે હજારો મંદિરો ઊભાં કર્યાં, સંસ્કાર કેન્દ્રો ઉદ્ઘાટિત કર્યાં, છતાં તેમના નામે પોતાની માલિકીની એક ઇંચ જેટલી 'જગ્યા' પણ ન હતી! હા, આવી કોઈ પણ પ્રકારની 'જગ્યા'માં રસ ન ધરાવનાર કે તે માટે પ્રયત્નમાત્ર પણ ન કરનાર એ ભગવત્સ્વરૂપ સંતવિભૂતિ હતા 'બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ'! તેમના નામે ભલે આ દુનિયામાં કોઈ જગ્યા નહોતી, તેમ છતાં તેમની જગ્યા લાખો લોકોના હૃદયમાં હતી. તેમના આ અચરજકારી બહુજનહૃદયનિવાસનું એક માત્ર કારણ હતું: 'એક એવું શુદ્ધ હૃદય, જ્યાં આખું વિશ્વ આવીને રહી શકે.' હા, આજે પ્રમુખસ્વામી મહારાજની જગ્યા સૌનાં હૃદયમાં છે કારણ કે પ્રમુખસ્વામી મહારાજનાં હૃદયમાં સૌ માટે જગ્યા હતી! તેમના મોઢે કોઈ માટે ક્યારેય 'ના' નીકળી જ નથી! તેમની પાસે આવનાર કોઈપણ માનવ તેમને મન તો ભગવાનનો દીકરો જ હતો.

એકવાર પ્રમુખસ્વામી મહારાજ સેલવાસ મુકામે વિચરણ માટે પધારેલા. ત્યાં યોજાયેલી આદિવાસીઓની જાહેર સભા બાદ, તેઓ સૌને વ્યક્તિગત રીતે મળ્યા. એ હરોળમાં પાંચ-છ વર્ષનો એક આદિવાસી બાળક આવી ચઢ્યો અને કાલીઘેલી ભાષામાં સીધું જ પૂછી લીધું: 'તમે મારા ઘરે આવશો?' બાળકની આ નાનકડી કંકોતરીને સ્વામીશ્રીએ પણ પ્રેમથી સ્વીકારી કહ્યું: 'હા, આવીશું.' પરંતુ વાર્તાલાપ સાંભળી રહેલા વ્યવસ્થાપકે સ્વામીશ્રીને જણાવ્યું કે 'સ્વામી! આના ઘર સુધી તો પહોંચાય એવા રસ્તા જ નથી. બહુ અગવડ પડશે. કોઈ હિસાબે ગાડી એના ઘર સુધી પહોંચી શકે તેમ નથી.' તેમ છતાં પ્રમુખસ્વામી મહારાજે જણાવ્યું: 'ના, તો પણ આપણે તો જવું જ છે.' અને આખરે એ આદિવાસી બાળકના અંતરિયાળ ગામડાંમાં ગાડા દ્વારા, પગપાળા ચાલીને, નદી ઓળંગીને પણ સ્વામીશ્રી પહોંચી ગયા! પોતા માટે આટલું ઘસાઈ છૂટનાર સ્વામીશ્રી, પછી એ બાળકના દિલમાં વસ્યા વગર કેમ રહે?

સન 2004ની વાત છે. પ્રમુખસ્વામી મહારાજ ગાંધીનગરમાં તત્કાલીન અમેરિકન પ્રેસિડેન્ટ બિલ ક્લિન્ટનને મળ્યા હતા. આટલી મોટી, મહત્ત્વપૂર્ણ મુલાકાત પૂરી કરી, તેઓ પોતાના કક્ષ તરફ જઈ રહ્યા હતા, તે સમયે ભુજના કોઈક નાનકડા ગામના ચાર મુમુક્ષુઓ દેખાયા. તેમની ચિંતા કરતા સ્વામીશ્રી તરત પૂછવા લાગ્યા: 'કઈ રીતે આવ્યા છો? કેટલા જણા આવ્યા છો? પાછા કઈ રીતે જવાના છો? ભોજનની વ્યવસ્થા શું કરી છે?' વગેરે. અને માત્ર પૃચ્છા નહીં તેઓના માટે સ્વામીશ્રીએ આ તમામ વ્યવસ્થા પણ કરી આપી! આ રીતે ઊંચ-નીચ કે ગરીબ-તવંગર, અમેરિકાવાસી કે આદિવાસી જેવા તમામ ભેદભાવથી પર ઊઠીને દરેક પર નિઃસ્વાર્થ પ્રેમ વરસાવનાર સ્વામીશ્રી સૌનાં હૃદયમાં વસી જાય એમાં શી નવાઈ?

ભક્ત, ભાવિક, આસ્તિક, નાસ્તિક, ગરીબ, તવંગર, નેતા, અભિનેતા, ગૃહસ્થ, સંન્યાસી, આબાલવૃદ્ધ સૌ કોઈના હૃદયમાં જગ્યા મેળવી હતી એક સંતે, કારણ તેમણે પોતાના વિશાળ હૃદયમાં સૌ કોઈને સ્થાન આપ્યું હતું. તેઓનું આ પૃથ્વી પર અવતરણ પરમેશ્વરનું માનવજાત પર એક વરદાન હતું. તેઓ આ પૃથ્વી પર ચાલ્યા અને લાખોને આંગળી પકડી સાચો જીવનપથ ચીંધતા ગયા, અને સાથે આવનારી હજારો પેઢીઓ માટે આદર્શ જીવનની કેડી કંડારી ગયા. તેમના અભયહસ્ત દાયકાઓ સુધી લોકોને હિંમત, ધીરજ અને ઉત્કર્ષના દિવ્ય આશિષ આપતા રહ્યા. તેમની આંખો સતત દિવ્ય અને નિઃસ્વાર્થ પ્રેમનો ધોધ વહાવતી રહી, જેમાં લાખો ભીંજાયા. તેમના વિશાળ હૃદયમાં કોઈ પોતાનું પારકું ન હતું, જ્યાં માનવમાત્ર સુખેથી રહી શકતા અને એટલે જ તેમની જગ્યા સૌ કોઈના હૃદયમાં હતી. તેમની જન્મ-શતાબ્દીએ પ્રાર્થના કરીએ કે આપણને પણ એવું હૃદય મળે કે જ્યાં હિતકારી ભાવનાથી સૌ માટે જગ્યા હોય હોય, અલબત્ત પછી સૌના હૃદયમાં આપણી જગ્યા તો સહેજે થઈ જશે! jivanmangalam@gmail.com



ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

મુખ્ય વાત સાચી તરસની છે. ત્યારપછી શ્રદ્ધા, સંયમ અને ધૈર્યનો સમાવેશ થાય

પ્રભુપ્રાપ્તિ માટે શું જરૂરી છે?



પ્રભુપ્રાપ્તિ માટેની અત્યંત ઈચ્છા-સાચી તરસ, શ્રદ્ધા, સંયમ અને ધૈર્યનો સરવાળો જીવનમાં થવો જોઈએ. જીવનમુક્ત બનવા માટે પણ આ જરૂરી છે. એક કથા આવે છે કે એકવાર નારદજી ભગવાનનાં દર્શન કરવા માટે વૈકુંઠમાં જઈ રહ્યા હતા ત્યાં રસ્તામાં એક ઝાડ નીચે બેસીને એક મહાત્મા તપ કરી રહ્યા હતા. નારદજીને જોઈને તેમણે પ્રણામ કર્યા કહે, 'ક્યાં જાઓ છો, દેવર્ષિ?'

નારદજીએ કહ્યું, 'ભગવાનનાં દર્શન કરવા વૈકુંઠમાં.'

'ઓહ! મેં ભગવાનનાં દર્શન તો નથી કર્યા પરંતુ ભગવાનનાં દર્શન કરવાવાળાનાં દર્શન થઈ ગયા. દેવર્ષિ તમે ધન્ય છો. ભગવાનને મળવા જઈ રહ્યા છો તો જરાક પૂછજો ને કે પ્રભુ મને ક્યારે દર્શન આપશે? મને ક્યારે મળશે? અને તે જે પ્રત્યુત્તર આપે તે મને કહેતા જજો.'

નારદજીએ કહ્યું, 'જરૂર.' નારદજી આગળ ચાલ્યા. વળી, એક ઝાડની નીચે એક મહાત્મા તપ કરી રહ્યા હતા. તેમણે પણ નારદજીને પૂછ્યું, 'દેવર્ષિ, ક્યાં ચાલ્યા?' તેઓ કહે, 'ભગવાનનાં દર્શન કરવા વૈકુંઠમાં.' સારું તો તેમને એ પૂછજો કે મને તેમનાં દર્શન ક્યારે થશે?

નારદજી વૈકુંઠ પહોંચ્યા, ભગવાનનાં દર્શન કર્યા, પ્રભુની સાથે ચર્ચા કરી. જ્યાં પાછા વળવા જતા હતા ત્યાં નારદજીને યાદ આવ્યું તેથી તેમણે પ્રભુને કહ્યું, 'મારે આપને બીજી બે વાત પણ પૂછવી છે. રસ્તે આવતા એક ઝાડ નીચે એક તપસ્વી તપ કરવા બેઠા હતા, તેમણે પૂછાવ્યું કે હું ઘર છોડીને ત્રીસ વર્ષોથી સાધના કરું છું. મને ભગવાન ક્યારે મળશે? તો શું કહું?' ભગવાને કહ્યું, 'તેને કહો મારાં દર્શન અવશ્ય થશે પણ જે ઝાડ નીચે બેસીને એ સાધના કરી રહ્યા છે, એ ઝાડનાં જેટલાં પાંદડાં છે, એટલા જન્મો પછી.'

નારદજી કહે, 'ઠીક છે, હવે બીજી વાત, બીજા મહાત્મા પણ મને મળ્યા તેમણે પુછાવ્યું કે મેં પાંચ વર્ષથી ઘરબાર છોડ્યાં છે અને તપ કરું છું તો મને ભગવાન ક્યારે મળશે?

ભગવાને નારદજીને કહ્યું, 'તેમને કહેજો કે બીજાં 25 વર્ષ એ હજુ તપસ્યા કરે.'

નારદજીને થયું એકને 25 વર્ષ પછી દર્શન આપશે અને બીજાને ઝાડનાં જેટલાં પાંદડાં છે એટલા જન્મો પછી દર્શન આપશે? તેઓ ભગવાનને મળીને પાછા ફર્યા.

પાછા ફરતી વખતે નારદજી બીજા મહાત્મા મળ્યા હતા તેમને પહેલા મળ્યા અને તેમને કહ્યું, 'ભગવાને જણાવ્યું છે કે તમે હજુ 25 વર્ષ સાધના કરો.' તે મહાત્મા આ જવાબ સાંભળીને કહે, 'પાંચ વર્ષમાં જ મારું શરીર સુકાઈને લાકડી જેવું થઈ ગયું છે. એમાં બીજાં 25 વર્ષ. પોતે તો માખણ ચોરીને ખાઈ લે છે. દરરોજ હરિમંદિરમાં બેસીને રાજભોગ આરોગે છે તો હું 25 વર્ષ તપ શેનો કરું?' તેમણે તો આસન ખભા ઉપર લઈને ચાલવા માંડ્યું. ઘરવાળી યાદ આવી, બાળકો યાદ આવી ગયાં અને ઊઠીને ચાલવા લાગ્યા. નારદજી આગળ ચાલ્યા અને સૌપ્રથમ જે મહાત્મા મળ્યા હતા તેમની પાસે આવ્યા. તેમણે પૂછ્યું, 'ભગવાને શું જવાબ આપ્યો?' નારદજીએ કહ્યું, 'ભગવાને જણાવ્યું છે કે તમે જે વૃક્ષ નીચે બેસીને સાધના કરો છો એ વૃક્ષનાં જેટલાં પાંદડાં છે, એટલા જન્મો પછી ભગવાન તમને મળશે.'

મહાત્મા તો આ સાંભળીને એટલા પ્રસન્ન થઈ ગયા કે ઊઠીને નાચવા લાગ્યા અને બોલ્યા, 'ભગવાનનાં દર્શન મને થશે, ભલે જેટલાં પાંદડાં છે એટલા જન્મ વીતી જાય પછી પણ ભગવાને મને વચન આપ્યું છે એટલે તેમનાં દર્શન મને જરૂર થશે.' મહાત્મા જે ઉત્સાહથી નાચતા હતા કે એ જ ક્ષણે ભગવાન તેમની સન્મુખ પ્રગટ થઈ ગયા.

નારદજી ભગવાનને કહ્યું, 'આ યોગ્ય નથી, આપે આવું કેમ કર્યું? હું જ્યારે તમારી પાસેથી નીકળ્યો ત્યારે તમે જે કહ્યું હતું તે અક્ષરશઃ મેં કહ્યું પછી આપ કેમ આટલા જલદી પ્રગટ થઈ ગયા?' ભગવાને જવાબ આપ્યો, 'સાચી તરસને લીધે આ વૃક્ષનાં પાંદડા જેટલા તેમના જન્મો છે, એક ક્ષણમાં ખતમ થઈ ગયા.' આ પ્રસંગનું તાત્પર્ય એ છે કે આવું ધૈર્ય છે આપણામાં? આવી સાચી તરસ છે? મુખ્ય વાત સાચી તરસની છે. પછી શ્રદ્ધા, સંયમ અને ધૈર્યનો સમાવેશ થાય. આ ચાર વાતોને આપણે જીવનમાં આત્મસાત્ કરી લઈએ તો જ આ રસ્તે જઈ કે પેલે રસ્તે પરંતુ લક્ષ્ય પ્રાપ્ત થશે જ.

કથાબિંદુ

મુનિ રાજપુણ્ય વિજય

રાજાની સાધર્મિક ભક્તિ

એકવાર કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યજી મહારાજ ઘણા દિવસો પછી પાટણ પધાર્યા. રાજા કુમારપાળે ભવ્ય સામૈયાનું આયોજન કર્યું. વરઘોડામાં કુમારપાળે જોયું તો ખ્યાલ આવ્યો કે હેમચંદ્રાચાર્યજીના દેહ ઉપર એકદમ ખરબચડું વસ્ત્ર હતું. આ જોઈ અંતર દુઃખી થયું. વરઘોડા પછી સૂરિજી પાસે આવીને કહ્યું: 'ગુરુદેવ! મારા જેવો રાજા બેઠો હોય અને આપ આવું ખરબચડું વસ્ત્ર વાપરો! લોકો શું કહેશે? આપને તો ઠીક મને કૃપણ કહેશે. આમાં મારે કેટલું શરમાવા જેવું થશે!'

હેમચંદ્રાચાર્યજીએ કહ્યું: 'કુમારપાળ! સાધુને શું તો સારું ને શું ખરાબ? પણ એક વાત ચોક્કસ તને કહીશ કે આવું ખરબચડું વસ્ત્ર વહોરાવનાર તારા રાજ્યમાં જ સાધર્મિક છે. તને મારો વિચાર આવે છે, તો આ વિચાર કેમ નથી આવતો કે મારા રાજ્યમાં આવું ખરબચડું વસ્ત્ર વહોરાવનાર મારો સાધર્મિક ભાઈ કેવો ગરીબ હશે! આમાં તો આપણે બંનેએ શરમાવા જેવું છે!'

આચાર્યશ્રીના મુખેથી આ શબ્દો સાંભળતા જ કુમારપાળે પ્રતિજ્ઞા કરી કે દર વર્ષે એક કરોડ સુવર્ણમુદ્રાનો સદુપયોગ મારે સાધર્મિકો માટે કરવો. તે પછી કુમારપાળ 14 વર્ષ જીવ્યા અને 14 કરોડ સુવર્ણમુદ્રા દ્વારા સાધર્મિકોની અનુપમ ભક્તિ કરી!






જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

પીડિતના પેટનો ખાડો પુરાય ને તેને સ્વાદ પણ આવવો જોઈએ

સારી વાતમાં શ્રેષ્ઠ વાત

પ્રમુખસ્વામી મહારાજનું દાનકર્મ સાત્ત્વિક તથા નિર્ગુણ બની રહેતું, તેઓ જે ક્રિયા કરતા તે કેવળ ભગવાનની પ્રસન્નતા માટે જ કરતા. દાન કરવું તે સારી વાત છે પણ તેમાં ભાવના પરિશુદ્ધ હોય



મહાભારત કાળની આ વાત છે. મુદ્ગલ નામના એક ઋષિ શિલોંછવૃત્તિથી રહેતા હતા. એટલે કે ખેતરમાંથી દાણા લેવાઈ જાય ત્યારબાદ વેરાઈને પડી રહેલા અનાજના કણને વીણી તેનાથી પોતાનું ગુજરાન ચલાવતા હતા. ઘણીવાર અનાજ પૂરતું ન પણ મળે ત્યારે ઉપવાસ કરતા. એકવાર ઘણા દિવસના ઉપવાસ પછી અનાજ મળ્યું. તે સાથવાને જ્યાં પોતે જમવા જતા હતા ત્યાં જ અતિથિ બ્રાહ્મણ પધાર્યા. અતિથિ બ્રાહ્મણને તેમણે પ્રસન્ન મને ભાવથી સાથવો આપી દીધો. અતિથિ બ્રાહ્મણે સાથવો જમી જ્યાં ચળું કર્યું તે સ્થાને એક નોળિયો આળોટ્યો. તેના શરીરના જે ભાગે ભાવથી અર્પણ થયેલ સાથવાના વધેલા કણ અને જળ અડ્યા તે અડધો ભાગ સોનાનો થઈ ગયો. હવે નોળિયાને લાલચ લાગી કે આખું શરીર સોનાનું કરી નાખું. તેથી તે પાંડવોના રાજસૂય યજ્ઞમાં ગયો. આ યજ્ઞમાં પાંડવોએ એકવીસ હજાર બ્રાહ્મણોને જમાડ્યા હતા. તે બ્રાહ્મણોએ જમીને છાંડેલા અનાજ પર આ નોળિયો આળોટ્યો પણ તેનું શરીર સોનાનું ન થયું કારણ કે મુદ્ગલ ઋષિએ જે ભાવથી અનાજ આપેલું તેવો ભાવ પાંડવોને નહોતો. દાન કે સમર્પણમાં ભાવ મુખ્ય બની રહે છે.

કઠોપનિષદમાં ગુરુ સ્નાતક શિષ્યોને આદેશ આપતા કહે છે, 'श्रद्धयादेयम् अश्रद्धया अदेयम्' જે કંઈ આપવું તે શ્રદ્ધાથી આપવું, અશ્રદ્ધાથી ન આપવું. એટલે કે દાનકર્મ શ્રદ્ધાથી, ભાવથી કરવું.

પ્રમુખસ્વામી મહારાજ જેવા સંતોના જીવનમાં આ ભાવ તાદૃશ થાય છે.

બી. એ. પી. એસ. સંસ્થા દ્વારા ઉકાઈમાં આદિવાસી બાળકોને અભ્યાસની સાથે સાથે રહેવા-જમવાની વ્યવસ્થા પણ નિઃશુલ્ક રીતે પૂરી પાડતું છાત્રાલય ચલાવવામાં આવે છે. એકવાર પ્રમુખસ્વામી મહારાજ તેની મુલાકાતે પધારેલા. છાત્રાલયનું નિરીક્ષણ કરતા તેમણે વ્યવસ્થાપકોને પૂછ્યું, 'બાળકોને સવારે નાસ્તામાં શું આપો છો?'

'બટાકા-પૌંઆ, ચણા, દૂધ વગેરે આપીએ છીએ.'

'દૂધ કેવું આપો છો?'

'પાઉડરનું.'

'બધાંને તે ભાવે છે?'

'કોઈને ન ભાવે તો ન પણ પીએ.'

આ સાંભળતા પ્રમુખસ્વામી મહારાજ દિલગીર થતા કહે, 'આપણે ગાય કે ભેંસનું દૂધ આપવું, જેથી કોઈ પીધા વગર ન રહે. છોકરાઓનું શરીર બગડે તેવું ન કરવું. ખોરાક સારો મળે, શરીર સારું રહે, અભ્યાસ સારો કરે અને સંસ્કાર સારા મળે. આ વસ્તુ ઉપર બરાબર ધ્યાન રાખવું. એ માટે ખર્ચ થાય તો વાંધો નહીં.'

ત્યારબાદ ઓઢવા મૂકેલા ધાબળા જોઈને પ્રમુખસ્વામી મહારાજે કહ્યું, 'આ ધાબળા ટાઢ હરે તેવા ફક્કડ છે. પણ તેને ખોળિયાં કરાવી દેવાં, જેથી બાળકો ઓઢે ત્યારે તેમના ગાલની કોમળ ચામડી છોલાઈ ન જાય.' વનવાસી બાળકોની નિઃશુલ્ક વ્યવસ્થામાં પણ કેટલી કાળજી! ભાવના કેટલી પરિશુદ્ધ!

ભુજમાં ભૂકંપ બાદ તરત જ રાહતકાર્યો પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી શરૂ થઈ ગયાં હતાં. આ રાહતકાર્યના પ્રારંભમાં 8, 78, 299 ફૂડપેકેટ્સનું વિતરણ કરવામાં આવેલું. આ ફૂડપેકેટ્સ તૈયાર થઈ રહેલાં ત્યારે પ્રમુખસ્વામી મહારાજ તેની કાર્યવાહી જોવા પધારેલા. દરેક પેકેટમાં 150 ગ્રામ ગાંઠિયા અને 75 ગ્રામ બુંદી મૂકવામાં આવતી હતી. તે જોઈ તેમણે સૂચન કરેલું, 'આમાં બે આથેલાં મરચાં પણ મૂકજો. ખાવામાં સારું લાગે.'

પીડિતના પેટનો ખાડો પુરાય એટલું જ નહીં, પરંતુ તેને સ્વાદ પણ આવવો જોઈએ આ તેમની ભાવના! ભાવનામાં કેટલી આત્મીયતા!

તે પછી રાહત રસોડાનો, અન્નક્ષેત્રનો આરંભ થયો. આ દરમિયાન કુલ 18 લાખ લોકોને ગરમ ભોજન આપવામાં આવેલું. આ રાહતકાર્યમાં 2,48,712 કિલોગ્રામ ઘઉંનો લોટ ભોજન માટે વપરાયો હતો. તેની તૈયારીમાં જોડાયેલા સંતને પ્રમુખસ્વામી મહારાજે સૂચના આપેલી કે, 'અનાજ દળાય છે તે બરાબર સાફ કરીને જ દળાય તેની બરાબર કાળજી રાખજો. કાંઈ ક્યરું-કાંકરું રહી ન જાય.'

અસરગ્રસ્તોને સ્વાદ આવે એટલું જ નહીં. પરંતુ તેમનું સ્વાસ્થ્ય પણ જળવાવું જોઈએ. આ તેમની ભાવના! ભાવનામાં કેવી મમતા!

શ્રીમદ્ ભગવદ્ ગીતાના સત્તરમાં અધ્યાયમાં દાનનો મહિમા કહ્યો છે. તેમાં દાન આપવાની ભાવના અને પાત્રને લીધે ત્રણ પ્રકાર વર્ણવ્યા છે, તામસદાન, રાજસદાન તથા સાત્ત્વિકદાન. પ્રત્યુપકારની અપેક્ષા વિના નિઃસ્વાર્થભાવે કરવામાં આવતું દાન સાત્ત્વિકદાન કહેવાયું છે. પ્રમુખસ્વામી મહારાજનું દાનકર્મ સાત્ત્વિક તથા નિર્ગુણ બની રહેતું, કારણ કે તેઓ જે ક્રિયા કરતા તે કેવળ ભગવાનની પ્રસન્નતા માટે જ કરતા.

દાન કરવું તે સારી વાત છે પણ તેમાં ભાવના પરિશુદ્ધ હોય, ભગવત પ્રસન્નતાનો ભાવ હોય તે શ્રેષ્ઠ વાત છે. શ્રેષ્ઠતાને પામવા ઇચ્છતા સૌ કોઈ માટે આ પ્રમુખમાર્ગ છે. આપણે સૌ પણ એ માર્ગે ચાલવાનો સાર્થક પ્રયત્ન કરીએ.

jivanmangalam@gmail.com



ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

ધન હોય તો ધનવાન બનો પરંતુ ભોજન હોય તો જરૂરી નથી કે તમે તૃપ્ત થઈ જાવ

જે મળ્યું છે તેમાં સંતોષ રાખો, કરુણા રાખો, સૌને પોતાના માનો

આપણે પરમાત્માને ધન્યવાદ આપીએ છીએ. સંતોનું ગમન, પ્રસન્નતાથી ગમન એ સંતોષનું પ્રમાણ છે. પરંતુ તમે એ વિચારો કે કેટલા લોકો જીવનથી સંતુષ્ટ છે? શું તમે પરમાત્મા પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરો છો?

કેવી રીતે અવતાર ધારણ કરવો તે પરમાત્માથી શીખવાનું છે અને કેવી રીતે સંસારમાંથી જવું તે સંતોના નિર્વાણથી શીખવાનું છે. શું કરીને જઈએ, તે સંતો પાસેથી શીખવાનું છે. મોટાભાગનાં લોકો રડતાં-રડતાં મરે છે. રડતાં આવે છે અને રડતાં જ મરી જાય છે. સંસાર છોડવાનું મહાપુરુષો પાસેથી શીખો. તમે કેવી રીતે મળો છો તેનું મહત્ત્વ નથી પરંતુ કેવી રીતે છૂટા પડો છો તેનું મહત્ત્વ છે. કેટલાંક લોકો મળે ત્યારે એકબીજાને ભેટે છે અને છૂટાં પડે ત્યારે રડે છે. તે છૂટવાનાં વિરહનાં આંસુ હોય છે.



રામચરિત માનસમાં એક કથા છેઃ ભગવાન શ્રીરામચંદ્રજીએ જ્યારે મિથિલામાં ધનુષ્યનો ભંગ કર્યો ત્યારે સીતાજીએ જયમાળા ભગવાનના કંઠમાં પહેરાવી ત્યારે દુંદુભિ વાગવા લાગી, ચારે તરફ જયઘોષ થયો. ત્યારે ભગવાન પરશુરામ આવ્યા. ભગવાન શ્રીરામને તેઓ ઓળખી ગયા અને તેમને શસ્ત્રો સોંપી ભગવાન પરશુરામે વન તરફ પ્રસ્થાન કરી દીધું. અધર્મી શાસકોને દંડ આપવાનો તેમનો સમરયજ્ઞ હતો તેની પૂર્ણાહુતિ થઈ ગઈ. તેમણે વનમાં જઈને તપશ્ચર્યા શરૂ કરી દીધી. તે સમયે રાજા જનક ખૂબ જ ખુશ થઈ ગયા અને ધન્યતાનો અનુભવ કર્યો.

અહીં મારે એ કહેવું છે કે જો તમારી પાસે લાડુ હોય તો તમારી પાસે ભૂખ દૂર કરવાની સુવિધા છે? ભૂખ દૂર થાય પણ તેને માટે તમારે તે લાડુને ખાવો પડે. તમારી પાસે ધન હોય તો તમે ધનવાન બનો પરંતુ તમારી પાસે ભોજન હોય તો એ જરૂરી નથી કે તમે તૃપ્ત થઈ જાવ. કેમ કે બેમાં તફાવત છે એક ધાન્ય છે અને બીજું ધન. ધન તમારી પાસે હોવા માત્રથી તમે ધનવાન થઈ જાવ પરંતુ ધાન્ય હોવા માત્રથી તમે તૃપ્ત ન બનો. તેને માટે તમારે તે આરોગવું પડે. એ જ રીતે માત્ર જ્ઞાન હોવાથી શું થાય? ધન્યતાનો અનુભવ થાય છે? માટે અહીં અપરોક્ષાનુભૂતિની વાત આવે છે.

જ્યારે ગુરુથી ગુરુત્વ બોલાય તો તે આજ્ઞા હંમેશાં સમુચિત હોય છે. ગુરુનું ગુરુત્વ યોગ્ય આજ્ઞા જ આપી શકે છે માટે તે આજ્ઞાનું હંમેશાં વિચાર્યા વગર પાલન થવું જોઈએ. જ્યારે ગુરુથી ગુરુત્વ, પિતાથી પિતૃત્વ બોલે, માતાથી માતૃત્વ બોલે ત્યારે હંમેશાં તેમની આજ્ઞાનું પાલન થવું જોઈએ. રામચરિત માનસમાં જ લખ્યું છે કે માતા-પિતા, ગુરુ અને પ્રભુની આજ્ઞાનું પાલન એકપણ વિચાર વગર કરવું જોઈએ. કેમ કે તેમણે વિચાર કરીને જ આજ્ઞા આપી છે. શ્રીમદ્ ભાગવતજીના આધારે વાત કરું તો ભગવાન મા દેવહૂતિને કયા સાધુપુરુષની શરણમાં જવું જોઈએ? કોની આજ્ઞામાં રહેવું જોઈએ? તે અંગે કહ્યું છે કે જેનામાં તિતિક્ષા હોય.

તિતિક્ષાનો અર્થ છે, પ્રતિકારનું પૂર્ણ સામર્થ્ય હોવા છતાં સહન કરવું. તેમનામાં પ્રતિકાર કરવાની પૂર્ણ તાકાત છે કોઈ એક લાફો મારે તો, 'જય શ્રીકૃષ્ણ' કહી દે-આ તિતિક્ષા છે. હવે તમારામાં સામાનો પ્રતિકાર કરવાની ક્ષમતા નથી અને તમે સહન કરો તે કાયરતા છે, એ તિતિક્ષા નથી. સાધુપુરુષ વીર હોય છે. તિતિક્ષવઃ - આવા સાધુપુરુષોમાં તિતિક્ષા હોય છે. આવી તિતિક્ષા કેમ હોય છે? ક્યારે આવે આવી તિતિક્ષા? તો કારુણિકાઃ એટલે કે તેમનામાં કરુણા હોય છે. ક્યારેક આપણે બોલવામાં, વ્યવહારમાં અવિવેક કરીએ છીએ તો સાધુપુરુષ સહન કરી લે છે અને ક્ષમા આપી દે છે. તિતિક્ષવઃ, કારુણિકાઃ અને સુહૃદ સર્વદેહિનામ્-એટલે કે હવે તમે તમારું સંતાન છે, તમારો શિષ્ય છે માટે ક્ષમા કરી દો છો. મહાપુરુષો તો બધા જ દેહધારી હોય છે, તે સર્વેને પોતાના માને છે અને માટે જ તેમના હૃદયમાં કરુણા પ્રગટ થાય છે. માટે તમને જે મળ્યું છે તેમાં તમે સંતોષ રાખો, કરુણા રાખો અને બધાંને પોતાના માનો- આ બધું આપવા માટે પ્રભુ સમક્ષ ધન્યતા અનુભવો.

કથાબિંદુ

મુનિ રાજપુણ્ય વિજય

અંગર્ષિની ભાવધારા

ચંપાપુરીમાં ગુરુ કૌશીકાર્યને અંગર્ષિ અને રુદ્રક નામના બે શિષ્યો હતા. અંગર્ષિ સરળ અને રુદ્રક કપટી હતો, તેને અંગર્ષિ પ્રત્યે ભયંકર દ્વેષ. એક દિવસ ગુરુવરે બંને શિષ્યોને જંગલમાં ઈંધણ લેવા મોકલ્યા. અંગર્ષિ ગુર્વાજ્ઞાને શિરોધાર્ય કરી નીકળી ગયો, રુદ્રક નાટકાદિ જોવામાં સમય વેડફવા લાગ્યો. દીર્ઘસમય પછી તે ગયો. અંગર્ષિને લાકડાંનો ભારો લઈને આવતો જોઈ તે બીજી દિશામાં ભાગ્યો. ત્યાંથી એક વૃદ્ધ સ્ત્રી લાકડાંનો ભારો લઈને આવતી હતી, તેની હત્યા કરી, તેનો ભારો લઈ ટૂંકા રસ્તેથી અંગર્ષિ પહેલાં આશ્રમમાં આવ્યો. ગુરુને અંગર્ષિની ફરિયાદ કરીઃ 'અંગર્ષિ આપની આજ્ઞાનું પાલન કરવાના બદલે નાટક જોવામાં વ્યસ્ત હતો. તે મોડો જંગલમાં ગયો. ત્યાં વૃદ્ધ માતાની હત્યા કરી તેનો ભારો લઈને આવે છે.' ગુરુવર પણ તેની વાતમાં આવી ગયા. અંગર્ષિ આવ્યો કે ક્રોધપૂર્વક કહ્યું, 'દુષ્ટ! તું આવા અક્ષમ્ય અપરાધોનું આચરણ કરે છે. નીકળ અહીંથી. મને તારું મુખ ના બતાવતો!' અંગર્ષિ ગુરુના કટુવચનોને સહન કરી આશ્રમમાં એક વૃક્ષ નીચે બેસી 'ગુરુએ કહ્યું એટલે પોતાનો કોઈક તો અપરાધ હશે જ' એવો ગુરુ પ્રત્યે સદ્ભાવ રાખી આલોચના કરવા લાગ્યો. આ રીતે આગળ વધતા શુભધારામાં પરાકાષ્ઠાની અભિવૃદ્ધિ થતાં અલ્પ સમયમાં કેવલ્ય લક્ષ્મીને પામ્યો.





જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

ભલમનસાઈભર્યું એક જ વર્તન અને ભાઈઓમાં પરિવર્તન આવ્યું

માત્ર મકાન નહીં, ઘર બનાવીએ

'ઉલ્લાસ', 'લીલાલહેર', 'સત્કાર', 'હાશ', 'શાંતિ' આ શબ્દો પરિચિત લાગે છે ને ? એ તમામ શબ્દો 'નામ' છે, આપણાં ઘરોનાં નામ. સમાજમાં ઘર ઉપર નામ રાખવાની સુંદર પ્રથા છે, પણ સવાલ એ ઊઠે છે કે 'જો દિવાળી ઊજવવાને બદલે હંમેશાં હોળી જ ખેલાતી હોય અને મીઠી વાણીરૂપી ગુલાબજળને બદલે ગાળો-આક્ષેપોનો તેજાબ જ એકબીજા પર ઉડાડાતો હોય તો તેને ઘર કહેવું કે રગદોળાયેલું રણમેદાન?'

મકાનનું નામ હોય 'સત્કાર' પણ તેમાં રહેનારા હંમેશાં એકબીજા પર 'ધુત્કાર' અને 'ફિટકાર' વરસાવતા હોય. ઘરની બહાર નામ લગાડ્યું હોય 'ઉલ્લાસ' પણ તેમાં વસનારાં બધાં હંમેશાં 'ઉદાસ' થઈને ફરતાં હોય. ફ્લેટનું નામ હોય 'લીલાલહેર', પણ અંદર રહેતા માણસોને પોતાનું જીવન 'ઝેર' જેવું લાગતું હોય. 'હાશ' નામના બંગલામાં સૌને 'ત્રાસ' થતો હોય અને 'શાંતિ' નામના રો-હાઉસમાં કોઈને શાંતિ જ ન હોય - આવાં મકાનો, આવા બંગલા, આવા રો-હાઉસ કે આવા ફ્લેટમાં રહેવા કોઈ મંજૂર થાય? છતાં વિધિની વક્રતા તો જુઓ! આવાં નામ ધરાવતાં 'ઘરો'માં રહેવા છતાં તે નામની સાર્થકતાના અનુભવથી આપણે સૌ કોઈ મહદ્અંશે વંચિત રહી જતાં હોઈએ છીએ. આજે ઘર-ઘરમાં ટી સેટ, ડિનર સેટ, સોફાસેટ, ટી.વી. સેટ જેવા બીજા ભાત-ભાતના 'સેટ' જોવા મળશે, પણ ઘરમાં રહેનારાં જો 'અપસેટ' હોય તો પછી એને ઘર કહેવું કે ચાર બાજુથી બંધ થયેલી પેટી જેવું મકાન?

આમ તો દરેક વ્યક્તિને પોતાનાં સપનાંઓનું ઘર વસાવવાનાં ઓરતાં હોય જ છે. પરંતુ માણસ હોય ત્યાં સ્વભાવ હોય, ઈર્ષ્યા હોય, અહંકાર હોય, મહત્ત્વાકાંક્ષાઓ હોય અને એકબીજા પ્રત્યેનો ગમો-અણગમો પણ હોય... એટલે એકબીજાને હૃદયથી ચાહતા હોવા છતાં, પ્રત્યેકને એવું ઘર સુલભ નથી થઈ જતું. અને આ દુવિધા કંઈ આજકાલની નથી. સંસ્કૃતિના આદિકાળથી, પ્રત્યેક યુગમાં જે-તે સમયના સમાજ માટે આ કાયમનો યક્ષપ્રશ્ન રહેલો છે. જેનો ઉલ્લેખ આપણાં શાસ્ત્રોમાં પણ જોવા મળે છે. વાત છે મહાભારતના સમયની, જ્યારે પાંડવ પરિવાર ભગવાન શ્રીકૃષ્ણની પવિત્ર દ્વારિકા નગરીમાં પહોંચ્યો. સ્વાભાવિકપણે મહિલાવર્ગની ચાલતી ગોષ્ઠી દરમિયાન સત્યભામા, રુક્મિણી આદિ અષ્ટ પટરાણીઓએ દ્રૌપદીને પૂછ્યું કે 'તારા શૂરવીર અને બળવાન પતિઓ તારા કહ્યામાં રહે છે, તમારો પરિવાર સુખી રહે છે, તેનું શું કારણ છે? કોઈ જંત્ર-મંત્ર કે હોમ-હવન કરાવ્યાં છે કે શું? અમને પણ તે ઉપાય બતાવો તો અમે પણ શ્રીકૃષ્ણ સાથે એવી રીતે રહી શકીએ.' ત્યારે દ્રૌપદીએ જણાવ્યું: 'દેવીઓ! આપ શ્રીકૃષ્ણની પત્ની થઈને આ શું કહો છો? દામોદરની સંગતમાં દુ:ખને સ્થાન હોય ?'

વાર્તાલાપ જણાવે છે કે શાંતિમય, સુખી, પ્રેમાળ પરિવાર વસાવવાનાં સપનાં બધાંને હોય જ છે, પણ જૂજ પરિવારો એવા હોય છે જ્યાં તે સાકાર રૂપમાં જોવા મળે છે. તેથી ઉત્તર આપવાનો આગ્રહ થયો ત્યારે દ્રૌપદીએ રહસ્ય જણાવતાં કહ્યું: 'હું પાંચેય પતિને વશ થાઉં છું અને તે કહે તેમ કરું છું તેથી તે મને વશ થયા છે. ગમે તેવા મનભેદ-મતભેદ થાય, કોઈએ, ક્યારેય, કશું દાઢમાં રાખ્યું નથી. મારી ભૂલોને તેઓ ભૂલી ગયા છે, તેઓની ભૂલો હું ભૂલી ગઈ છું.'


હા, પ્રથમથી જ આપણાં શાસ્ત્રો અને સંતો આપણને સૌને પારિવારિક મૂલ્યો દૃઢ કરાવતાં રહ્યાં છે: 'सर्वं भद्रं भद्रम् - કોઈકનું મારા પ્રત્યે ગમે તેવું વલણ હોય પણ મારા માટે તો સૌ સારા જ છે.'


અમદાવાદના ત્રણ ભાઈઓના એક પરિવારની વાત છે. કુટુંબ છિન્ન-ભિન્ન થઈ ગયું હતું. ભાઈઓ વચ્ચે વકરેલો વ્યવહાર એટલો કાતિલ થઈ ગયેલો કે કોઈ એકબીજા સાથે બોલવા તૈયાર નહીં. કોર્ટ કે પોલીસ-સ્ટેશનના ધક્કા શરૂ થઈ જાય એવી પરિસ્થિતિ હતી. આ વિષમ સમયમાં એક ભાઈને એવો વિચાર આવ્યો કે 'બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ જેવા મહાન સંતના આશીર્વાદ લઈએ.' બીજું કોઈ તો આવે તેમ નહોતું, તેથી તેઓ પોતે જ પ્રમુખસ્વામી મહારાજ પાસે આવ્યા અને આપવીતી કહી. આશીર્વાદથી ચમત્કારની આશાએ આવેલા એ વ્યક્તિને પ્રમુખસ્વામી મહારાજે કહ્યું: 'બીજું બધું ભૂલી જાઓ. તમારા ભાઈઓ કદાચ તમારા ઘરે ન આવે, તમને સહકાર ન આપે અથવા તો તમારી સાથે ઝઘડે, પણ તમારા તરફથી તેમને પ્રેમથી બોલાવવા અને તેમના ઘેર જવું, એમના પ્રસંગો સાચવવા. તમારે જરાય અણગમો રાખવો નહીં.'

પ્રમુખસ્વામી મહારાજનાં આ સુવર્ણ વચનો પ્રમાણે તે ભાઈએ આચરણ કર્યું. તેમના એક ભાઈ હોસ્પિટલમાં હતા ત્યારે ત્યાં જઈને તેમની સેવા કરી. ભલમનસાઈભર્યું એક જ વર્તન અને ખરેખર, બધા ભાઈઓને અંતર્દૃષ્ટિ થઈ, સૌમાં પરિવર્તન આવ્યું. બધા જ ભાઈઓ એકબીજાને ઘેર હળતાં-મળતાં થયા, આખો પરિવાર એક થઈ ગયો! પ્રમુખસ્વામી મહારાજે સીધો ચમત્કાર ન બતાવ્યો, પણ એવું વર્તન શીખવ્યું જેનાથી પરિવારમાં ચમત્કાર સર્જાયો!

જીવનભર વિચરણ કરીને પ્રમુખસ્વામી મહારાજે આવા તો કેટલાય પરિવારોના કંકાસો દૂર કરી બધાંને એક કર્યા છે અને પરિવારોમાં શાંતિ અર્પી છે. તો ચાલો, આવા વિરલ સંતના જન્મ શતાબ્દી પર્વે આપણે પણ સૌ કોઈ પ્રત્યેનો અણગમો ટાળીએ, સૌ સાથે પ્રેમભર્યું વર્તન કરીને 'ઉલ્લાસ', 'લીલાલહેર', 'સત્કાર', 'હાશ' 'શાંતિ' જેવાં નામવાળાં ફક્ત મકાન નહીં, પણ આપણાં સપનાંઓનાં ઘર બનાવીએ અને આવા ચમત્કારને માણીએ.

jivanmangalam@gmail.com





ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

ભક્તિના માર્ગ ઉપર આગળ વધવા માટે વ્યક્તિમાં દીનતા ખૂબ જરૂરી છે

સાધુની ક્ષણ અને સદાવ્રતનો કણ બહુ કિંમતી હોય છે

અહંતાના શિખરે ભક્તિ ન રહે. દીનતાના સિંહાસન ઉપર ભક્તિ મહારાણી બેસે. અહંકાર અને હીનતા-બંને બીમારી, પણ દીનતા એ સ્વસ્થતા છે. હું દાસ છું એનું ગૌરવ હોવું જોઈએ

આપણે ત્યાં ગંગા, ગાય અને ગીતા-આ ત્રણેયનો ખૂબ મહિમા છે. ગંગા ભુક્તિ અને મુક્તિ-બંને આપનારી છે. સુર-અસુર બંને દ્વારા વંદિત દિવ્યરૂપા અને ભાવાનુસાર ભુક્તિ અને મુક્તિનું દાન કરનારી મા ભાગીરથી ગાય તો વિશ્વની માતા ગણાય છે. ગાયની અંદર તેંત્રીસ કરોડ દેવતાઓનો વાસ છે અને ગૌમાતામાં લક્ષ્મીનો નિવાસ છે.

આ અંગે એક રસપ્રદ કથા એવી છે કે એકવાર તેંત્રીસ કરોડ દેવતાઓ ગૌમાતાની પાસે આવ્યા અને તેમના રહેવા માટેના સ્થાનની માગણી કરી અને ગૌમાતાએ તેંત્રીસ કરોડ દેવતાઓને પોતાની અંદર વાસ આપ્યો.



લક્ષ્મીજી થોડાં મોડાં પડ્યાં. આવીને કહે, 'મને પણ સ્થાન આપો.'

ગૌમાતાએ કહ્યું, 'હવે તો કોઈ જ જગ્યા બચી નથી.'

લક્ષ્મીજીએ આગ્રહ ચાલુ રાખ્યો કે એમ ન ચાલે, મને પણ સ્થાન મળવું જોઈએ. તેંત્રીસ કરોડ દેવતાઓને તમે વાસ આપ્યો છે, મને પણ સ્થાન આપો.

ગૌમાતાએ કહ્યું, 'હવે તો બીજું કંઈ જ બચ્યું નથી.'


ત્યાં ગૌમાતાની નજર ગોમય એટલે કે છાણનો પોદળો પડ્યો હતો ત્યાં પડી. તેઓ કહે કે આ જગ્યા ખાલી છે, અહીં રહેવું હોય તો રહો. લક્ષ્મીજીએ સહર્ષ ગોમયમાં નિવાસ કર્યો. ગોમયનો આટલો પવિત્ર મહિમા છે અને ગોમય જ્યાં પડ્યું હોય, તે સુકાયા પછી જે છાણું બને તેને આપણે અડાયું કહીએ છીએ. એક તો ગાયના છાણનું છાણું અને તેમાં પણ અડાયું છાણું હોય તેને વિશેષ પવિત્ર માનવામાં આવે છે. એ અડાયા છાણાની ભસ્મ આયુર્વેદ માટે દવા બનાવવામાં વપરાતી હોય છે.

ખરી વાત તો એ છે કે ગાયના છાણનું ખાતર તમે ખેતરમાં નાખો તો એમાં લક્ષ્મીનો નિવાસ છે, એની તમને ખબર પડે. ગાયના છાણનાં ખાતરથી જે અનાજ પાકે તે તંદુરસ્તી માટે ઉપયોગી હોય છે. અત્યારે તો ફર્ટિલાઇઝર કે કેમિકલ ખાતર વાપરીને ઊપજ વધારે લેવામાં આવે છે પરંતુ આ હાઈબ્રીડ પાકતા અનાજમાં પોષકતત્ત્વો જોઈએ તેવાં રહેતાં નથી પરંતુ અનુભવ એવું કહે છે કે દેશી બાજરાના રોટલામાં જે સ્વાદ હોય છે, તે હાઈબ્રીડ બાજરાના રોટલામાં જણાતો નથી. એ રીતે પણ કહી શકાય કે એ અર્થમાં પણ ગોમયમાં લક્ષ્મીજીનો નિવાસ છે.

તમે ગાયની આંખમાં ક્યારેય ધ્યાનથી જોયું છે ખરું? જો ન જોયું હોય તો ક્યારેક ધ્યાનથી જોજો. એમાં એક દૈન્ય ભાવ છે, દીનતા ભાવ છે, એ દેખાશે જે સંસારમાં બીજે ભાગ્યે જ જોવા મળશે.

ભક્તિના માર્ગ ઉપર આગળ વધવા માટે વ્યક્તિમાં દીનતા ખૂબ જરૂરી છે કેમકે ભક્તિ મહારાણી તો દીનતાના સિંહાસન ઉપર જ બેસે છે. ભક્તિ મહારાણી છે અને દીનતા એનું સિંહાસન છે. અહંતાના શિખરે ભક્તિ ન રહે. દીનતાના સિંહાસન ઉપર ભક્તિ મહારાણી બેસે એટલે કે અહંકાર કે અભિમાન એ બીમારી છે. આધુનિક મનોવિજ્ઞાન તેને ગુરુતાગ્રંથિ અને લઘુતાગ્રંથિના રૂપમાં બીમારી કહે છે. બીજી રીતે કહું તો આઇ એમ સમથિંગ એવું અભિમાન પણ ન રાખવું અને આઇ એમ નથિંગ-એ પણ બીમારી જ છે. એટલે કે અહંકાર અને હીનતા-બંને બીમારી, પણ દીનતા એ સ્વસ્થતા છે. હું દાસ છું એનું ગૌરવ હોવું જોઈએ.

રામાયણ પ્રમાણ આપે છે કે લંકામાં જ્યારે હનુમાનજી સીતાજીની શોધમાં નીકળ્યા હતા અને તે સમયે વિભીષણે હનુમાનજીના મુખેથી રામકથા સાંભળી અને વિભીષણ એ લંકાનું ભોગવાદી વાતાવરણ છોડીને રામને શરણે આવતા રહ્યા. સાધુ પુરુષમાં એક ક્ષણની અંદર તમારા દુ:ખને દૂર કરવાની તાકાત હોય છે અને સાધુની ક્ષણ અને સદાવ્રતનો કણ બહુ કિંમતી હોય છે. તેનો દુરુપયોગ કરીએ તો પાપ લાગે. કોઈ જગ્યાએ સદાવ્રતમાં પ્રસાદ લેવા બેઠાં હોઈએ ત્યાં એંઠું ન છોડવું જોઈએ. અન્નનો બગાડ કરવો એ પાપ છે. અન્ન કણ અને સાધુની ક્ષણ ખૂબ જ કિંમતી હોય છે. એ અન્નના કણને અને સમયની ક્ષણને જે સમયે વેડફે એ જીવનમાં આબાદ ન થાય, તેની ઉન્નતિ ન થાય. સંતના સંપર્કમાં આવે તેનો સ્વભાવ બદલાય. આકાર ભલે બદલાય કે ન બદલાય પરંતુ સ્વભાવ તો જરૂર બદલાય છે.






જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

પોતાની સાધુતા દ્વારા તેમણે લોકોને સુખ-શાંતિનો રાહ ચીંધ્યો

સાધુતાનું શિખર મહંત સ્વામી મહારાજ

હિંદુ શાસ્ત્રોમાં એવું કહેવામાં આવ્યું છે, 'સંપ્રદાયો ગુરુ ક્રમઃ' કહેતા કે, સાચા સંપ્રદાયની ઓળખ એ તેના ગુરુઓની પરંપરા છે. પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણે આજથી લગભગ સવા બસ્સો વર્ષ પૂર્વે આ ધરા પર અવતરી સ્વામિનારાયણ સંપ્રદાયની સ્થાપના કરી. ભગવાન સ્વામિનારાયણે 49 વર્ષની ઉંમરે જીવનલીલા સંકેલી અંતર્ધાન થઈ અનંત મુમુક્ષુઓના આત્યંતિક કલ્યાણ માટેનો માર્ગ હંમેશને માટે ખુલ્લો રાખવા અક્ષરબ્રહ્મ મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીની પોતાના અનુગામી તરીકે પસંદગી કરી. આ પરંપરા આજે પણ અવિરત ચાલુ છે. ભગવાન સ્વામિનારાયણના છઠ્ઠા આધ્યાત્મિક વારસદાર એટલે પ્રગટ બ્રહ્મસ્વરૂપ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ. તેઓ વિશ્વવ્યાપી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના આધ્યાત્મિક વડા તેમજ લાખો ભક્તોના ગુરુદેવ છે. નામ છે સ્વામી કેશવજીવનદાસ, પરંતુ સૌના હૈયે ચડેલું નામ એટલે 'મહંત સ્વામી મહારાજ.' સાદું, સરળ અને બિલકુલ સહજ-સ્વાભાવિક વ્યક્તિત્વ. કોઈને આંજી દેવાની કે કોઈપણ પ્રભાવ પાડી દેવાની વૃત્તિ માત્ર નહીં. સાદી પરંતુ ઊંડી ચિંતનસભર અને તર્કબદ્ધ તેમની વાતો. ધીમો એમનો સ્વર. પરંતુ તેમાં એમનું ઊંડું મનન, તેમની અનોખી દૃષ્ટિ અને સાક્ષાત અનુભવની સુવાસ હૈયાને સ્પર્શી જાય.



ભગવાન સ્વામિનારાયણના પ્રથમ આધ્યાત્મિક અનુગામી હતા અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી. પછી તેમણે સુકાન સોંપ્યું બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજને. વિશ્વ સમક્ષ એક આદર્શ સાધક અને સાધનાનું બેનમૂન ઉદાહરણ પૂરું પાડનાર બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજે, શાસ્ત્રીજી મહારાજ, સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજી જેવા સિંહ સમા સંતને શ્રી હરિના કલ્યાણ માર્ગના સુકાની બનાવ્યા. શાસ્ત્રીજી મહારાજે ભગવાન સ્વામિનારાયણ દ્વારા પ્રબોધિત અક્ષરપુરુષોત્તમ દર્શનના પ્રવર્તન માટે બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા બી.એ.પી.એસ.ની સ્થાપના કરી અનેક કષ્ટોની કાંટાળી કેડી પર ચાલીને તેઓએ ઉપાસનાના ગગનચુંબી મંદિરોનાં નિર્માણ કર્યાં. બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે બે મહાપુરુષોની ભેટ આપી બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ.


પ્રમુખસ્વામી મહારાજે મહંત સ્વામી મહારાજને પોતાના આધ્યાત્મિક અનુગામી તરીકે સ્થાપીને ભગવાન શ્રીસ્વામિનારાયણનો આધ્યાત્મિક વારસો જીવંત રાખ્યો છે. મહંત સ્વામી મહારાજના દિવ્ય જીવનનો સ્પર્શ પામતા એમની સાધુતાની સહજ સુવાસ અનુભવાય છે. એમનામાંથી સ્ફુરતી પ્રમુખસ્વામી મહારાજની અજોડ સાધુતાની સહજ અનુભૂતિથી હૃદય ભીંજાઈ છે. પોતાની સાધુતા દ્વારા અસંખ્ય લોકોને સુખ અને શાંતિનો સાચો રાહ ચીંધતા મહંત સ્વામી મહારાજ ખરેખર સાધુતાના શિરમોર શિખરે બિરાજમાન છે.

સન 2000માં યુ.એસ.એ.થી બાળકો-કિશોરો ભારતયાત્રાએ આવ્યાં હતાં. બોચાસણમાં મહંત સ્વામી મહારાજ ભોજન કરી રહ્યા હતા ત્યારે દર્શન કરતાં બાળકોએ પૂછ્યું, 'આપ શું જમો છો?' પોતાના ભોજનપાત્ર (પત્તર)ની બાજુમાં પડેલા થાળ તરફ નિર્દેશ કરીને મહંત સ્વામી મહારાજે પૂછ્યું, 'ચાખવું છે?' બાળકો રાજી થઈ ગયાં. મહંત સ્વામી મહારાજે થાળમાંથી પરવળનું શાક થોડું લઈને ચમચી દ્વારા બાળકોને આપ્યું. રાજી થઈને હોંશે હોંશે મોઢામાં મૂકતાં જ એક બાળકે થૂ થૂ કરી મોઢામાંથી કાઢી નાખ્યું કારણ કે તેમાં કોઈ સ્વાદ જ નહોતો. બાળકે પૂછ્યું, 'આપને આવું સાવ સ્વાદ વિનાનું મોળું કેવી રીતે ભાવે છે?' મહંત સ્વામી મહારાજે ટટ્ટાર થઈને કહ્યું, 'યોગીબાપા અને પ્રમુખસ્વામી મહારાજ મળ્યા છે એનો કેફ છે એટલે બીજા સ્વાદની જરૂર નથી.' સ્વામીશ્રીના નિ:સ્વાર્થ ધર્મ અને પ્રાપ્તિના કેફનો પ્રભાવ બાળકો પર છવાઈ રહ્યો.

મહંત સ્વામી મુંબઈમાં મહંત તરીકે બિરાજમાન હતા ત્યારની વાત છે. અનેક જવાબદારીઓ અને અનેક વ્યક્તિઓને તેઓ સંભાળતા. એક વિચિત્ર સ્વભાવની વ્યક્તિને તેઓ સ્નેહથી સંભાળતા. મંદિરમાં રહેતી વ્યક્તિને ખાવાની કેટલીક વાનગી પ્રત્યે અત્યંત રુચિ હતી. એક દિવસ મંદિરના રસોડામાં મહંત સ્વામી વગેરે સંતો સાથે તે વ્યક્તિ પણ જમવા બેઠી. પીરસનારે ગમ્મતમાં તેમને એ જ વાનગી પીરસી જે પેલી વ્યક્તિને ભાવતી નહોતી. તે વ્યક્તિ અત્યંત ગુસ્સે થઈ. તેમણે નજીક બેઠેલા મહંત સ્વામી મહારાજ પર ગુસ્સો ઠાલવ્યો. એ વ્યક્તિએ ગુસ્સામાં ને ગુસ્સામાં પોતાને ન ભાવતી વાનગી અને દાળ-ભાત, શાક બધું જ મહંત સ્વામી મહારાજ પર ઠાલવી દીધું! સૌ સ્તબ્ધ થઈ ગયા.

કેટલાકને આ જોઈને રોષ પણ આવી ગયો, પરંતુ મહંત સ્વામી મહારાજ દાળ-ભાત, શાક વગેરે એંઠી વાનગીઓથી ભરાઈ રહ્યા, છતાં શાંત હતા. તેમણે તો રોષને બદલે કરુણાથી એ વ્યક્તિ સામે જોયું. એક અક્ષર પણ બોલ્યા સિવાય ક્ષમાભાવ સાથે તેઓ ઊભા થઈને બાથરૂમમાં વસ્ત્રો બદલીને પુનઃ તેમની પાસે આવી ગયા. તેમણે એ રીસે ભરાયેલી વ્યક્તિની ક્ષમા માગી લીધી, પોતાનો કોઈ જ દોષ ન હોવા છતાં તેમના ચહેરા પર ન કોઈ રોષ હતો, ન કોઈ અપમાન થયાનો ક્ષોભભાવ હતો. તેમના ચહેરા પર માત્ર કરુણા અને મંદ સ્મિત હતું. આ નીરખનાર સૌ કોઈને મહારાજની સાધુતા અને સ્થિરતા હૃદય સ્પર્શી ગઈ. 19 સપ્ટેમ્બર, 2022ના રોજ તેઓનો 89મો જન્મજયંતી મહોત્સવ આણંદ શહેર ખાતે ઊજવાશે. સાધુતાના શિખર સમાન પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજને 89મા જન્મદિને કોટી કોટી વંદન!

jivanmangalam@gmail.com



ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

મમત્વને પરિણામે મંદિરમાં જઈએ તો પણ ભગવાનની સાથે એકરૂપ નથી થઈ શકતા

ઈશ્વર સુધી પહોંચાડનાર જે પગથિયું-સીડી છે, તેને પગે લાગો

વ્યક્તિ પ્રભુ સમક્ષ જાય છે ત્યારે ભગવાન પ્રત્યે અહોભાવ વ્યક્ત કરવા જતાં હોય છે, તેમણે જે આપ્યું છે, તેને માટે ભગવાનને વંદન, પ્રણામ કરવા વ્યક્તિ જાય છે ત્યારે જો એકાગ્રચિત્તે પ્રભુપ્રાર્થના કરવામાં આવે તો તેને ઇચ્છિત પરિણામ પણ મળી જતું હોય છે, કેમ કે ત્યારે તેનું મન એકાગ્ર હોય છે.

આપણે મંદિરમાં દર્શન કરવા જઈએ છીએ. તો સૌથી પહેલાં પગે ક્યાં લાગીએ? ભગવાનને તો પછી પગે લાગવાનું આવે, પરંતુ મંદિરમાં જાઓ એટલે પહેલાં શું કરો? જોડાં ઉતારો, બૂટ-ચંપલ ઉતારો. પહેલું કામ બૂટ ઉતારવાનું એટલે ત્યાગ કરવાનું. બૂટ ઉતાર્યા કે ચંપલ ઉતાર્યાં ત્યાંથી ત્યાગની શરૂઆત થઈ. ત્યાગ કર્યા વિના મંદિરમાં પ્રવેશ ન મળે. ત્યાગથી શાંતિ મળે પણ આપણે તો ત્યાગ કર્યા પછી જે મમતા હોય તેને ન છોડીએ. ત્યાગ ક્યારે કહેવાય? વસ્તુ ઉપર રહેલું આપણું મમત્વ છૂટે એ ત્યાગ પણ મમત્વ જતું નથી. મારાં ચંપલ છે, મારા બૂટ છે. એવું મારાપણું રહે છે. આ મમત્વ રહે છે તેને પરિણામે મંદિરમાં જઈએ તો પણ આપણે ભગવાનની સાથે એકરૂપ નથી થઈ શકતા. અડધી સ્તુતિ ભગવાનની થાય અને અડધી બૂટની થાય.

મનમાં બૂટની ચિંતા હોય. કોઈ ઉપાડી ન જાય એની ચિંતા ભગવાનનાં દર્શન કરતા હોઈએ ત્યારે સાથે-સાથે ચાલે. ભગવાનની સામે જોઈને આપણે બોલીએ, 'ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ' ત્યાં જ બૂટ યાદ આવે. કોઈ લઈ ગયું હશે તો? અને મંદિરની બહાર પાછળ ફરીને બોલીએ 'ત્વમેવ બંધુશ્ચ સખા ત્વમેવ' વળી પાછાં ભગવાન તરફ નજર ફેરવીએ. ત્યાં ચંપલ યાદ આવે. 'ત્વમેવ વિદ્યા દ્રવિણં ત્વમેવ' વળી જોડાં યાદ આવે. 'ત્વમેવ સર્વં મમ દેવ દેવ' હે દેવના દેવ! ત્વમેવ સર્વં મમ દેવ દેવ.'

ત્યાગનો અર્થ એ છે કે વસ્તુ કે વ્યક્તિ ઉપરનું આપણું જે મમત્વ છે એને છોડવું. નમસ્કારમાં આ ભાવ છે. 'ન મમ' એમાંથી છેલ્લો 'મ' ગયો એટલે નમઃ એવો અર્થ થાય. 'ન મૈં રહૂં, ન મેરા રહે.' તેથી મંદિરમાં જતાં પહેલાં જોડાં કાઢીએ. હવે પગમાં જોડાં હોય એ સહેલાઈથી કાઢી શકાય પણ બુદ્ધિમાં પણ બે જોડાં હોય છે. બુદ્ધિબહેન બે સેન્ડલ પહેરે. એ બે ચંપલ પહેરી મંદિરે દર્શન કરવા જાય. એનાં જે બે સેન્ડલ છે, તેમાંથી એકનું નામ અભિમાન અને બીજાનું નામ તર્ક છે.

આ અભિમાન અને તર્કરૂપી ચંપલ બુદ્ધિ પાસે છે. પદનું અભિમાન, પ્રતિષ્ઠાનું અભિમાન, વિદ્વત્તાનું અભિમાન, સંપત્તિનું અભિમાન. બીજું તર્ક. તર્ક પાછો કુતર્ક થઈ જાય. આમ બને ત્યારે માણસ મંદિરમાં જાય કે ન જાય, કંઈ ફર્ક પડતો નથી.

હકીકતમાં માનવ શ્રદ્ધાવાન થઈ મંદિરમાં પ્રવેશ કરે તો એને ભગવદ્ દર્શન થાય નહીંતર ખાલી મૂર્તિને જોઈ ચાલ્યો આવે. દ્વારકાનાથનાં દર્શન મીરાંએ પણ કર્યાં હતાં, પણ મીરાં દ્વારકાનાથમાં એકરૂપ થઈ સમાઈ ગઈ. આપણે ટિકિટભાડાં ખર્ચીને જઈએ પણ શ્રદ્ધા વગરના જઈએ. તેથી મૂર્તિને જોઈને આવતા રહીએ. કોઈ બીમાર પડે ત્યારે તેની ખબર કાઢવા લોકો જાય ત્યારે એમ કહેવાય 'એને જોવા ગયા હતા, ખબર કાઢવા ગયા હતા. અમારા સંબંધી હોસ્પિટલમાં છે, એને જોવા ગયા હતા એમ લોકો કહે.' બસ! એમ જ આપણે મંદિરમાં જઈ ભગવાનને જોઈ આવીએ. એની ખબર કાઢવા જઈએ કે માંદા છે કે સાજા છે. હમણાં તાવ આવ્યો હતો, હવે કેમ છે? આવી રીતે મંદિરમાં તે કંઈ જવાતું હશે? આ પ્રકાર નથી કે આપણે ભગવાનનાં દર્શન કરવા જઈએ અથવા તો તેમનાં પ્રત્યે કૃતજ્ઞતાનો ભાવ વ્યક્ત કરવા જઈએ.

જ્યારે શ્રદ્ધા લઈને જઈએ ત્યારે આપણને પ્રતીતિ થાય કે ભગવાન ભાવનાના મંદિરમાં રહે છે. ભગવાનનો નિવાસ શ્રદ્ધાના મંદિરમાં છે. તેથી પગના જોડાં તો કાઢવાનાં પણ સાથે મંદિરમાં જતી વખતે બુદ્ધિનાં ચંપલ પણ ઉતારવાનાં. પણ હજી મંદિરમાં પ્રવેશ થયો નથી. સૌ પહેલાં ભક્ત પહેલી સીડી આવે તો ત્યાં સીડી-પગથિયાંને પ્રણામ કરે તેનો અર્થ એટલો કે ઈશ્વર સુધી પહોંચાડનાર જે પગથિયું છે, જે સીડી છે તેને પગે લાગો.



સૌ પહેલાં ભક્ત પહેલી સીડી આવે તો ત્યાં સીડી-પગથિયાંને પ્રણામ કરે તેનો અર્થ એટલો કે ઈશ્વર સુધી પહોંચાડનાર જે પગથિયું છે, જે સીડી છે તેને પગે લાગો







જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

મનુષ્યના ઘડતરનો મોટો આધાર શ્રદ્ધા પર અવલંબિત છે

શ્રાદ્ધનું મૂળ શ્રદ્ધા

પ્રિય વાચકો! અત્યારે ચાલી રહેલા શ્રાદ્ધ પર્વ માટે કહેવાયું છે : 'શ્ર અસ્તિ અસ્મિન્ ઇતિ શ્રામ્' અર્થાત્ શ્રદ્ધા સહિત જે કરવામાં આવે તે શ્રાદ્ધ.

આમ, શ્રાદ્ધનો સંબંધ શ્રદ્ધા સાથે છે. બીજી રીતે કહીએ તો શ્રાદ્ધનું મૂળ શ્રદ્ધા છે. આવી શ્રદ્ધાને 'સત્સંગિજીવન' ગ્રંથ સદ્‌ગુણોની જનની ગણાવતાં કહે છે : 'તે શ્રદ્ધા માતેય સર્વેષામ્.' ભગવદ્ ગીતા પણ કહે છે 'શ્રદ્ધામયોયં પુરુષો યો યચ્છ્રદ્ધઃ સ એવ સઃ' અર્થાત્ દરેક મનુષ્ય શ્રદ્ધામય છે અને જેવી એની શ્રદ્ધા તેવો તે હોય છે.

મનુષ્યના ઘડતરનો મોટો આધાર શ્રદ્ધા પર અવલંબિત છે. આવી શ્રદ્ધા પ્રથમ તો ભગવાન પર રાખવાની છે. સ્વામી વિવેકાનંદ કહેતા : 'વિશ્વની કોઈપણ પ્રજાની તાકાતનો મુખ્ય સ્રોત, તેમની ભગવાન પરની શ્રદ્ધા છે.' આ શ્રદ્ધાના સહારે મનુષ્ય વિઘ્નોની વૈતરણીને સહેલાઈથી પાર કરી જાય છે. તેનું એક ઉત્તમ ઉદાહરણ એટલે પાંડવો. તેઓનો શ્રીકૃષ્ણ પરમાત્મા પરનો અતૂટ વિશ્વાસ તેઓને મુશ્કેલીઓમાંથી માર્ગ દર્શાવતો ગયેલો.

તા. 10-7-1985ની રાત્રે એર ઈન્ડિયાના વિમાન દ્વારા પ્રમુખસ્વામી મહારાજ લંડન જવાના હતા. પરંતુ જૂનના ત્રીજા અઠવાડિયામાં ત્રાસવાદીઓએ કેનેડાથી આવતા એર ઈન્ડિયાના એક વિમાનને બોમ્બ દ્વારા આકાશમાં જ ફૂંકી મારેલું. તેથી લંડનના હરિભક્તો ફોન દ્વારા વિનંતી કરી રહેલા કે 'સ્વામી! આપ એર ઈન્ડિયાને બદલે બીજી એર લાઈન્સમાં પધારો.' કારણ કે 'આતંકવાદીઓએ ધમકી ઉચ્ચારેલી કે એર ઈન્ડિયાનું દરેક પ્લેન જોખમમાં છે.'

આ દમદાટીને કારણે એર ઈન્ડિયાનાં બુકિંગો ધડાધડ રદ થવા લાગેલાં. પરંતુ સ્વામીશ્રીએ જણાવ્યું કે 'તમને ભગવાન પર વિશ્વાસ નથી? ભગવાન ઉપર વિશ્વાસ રાખો. કાંઈ ચિંતા કરવા જેવી નથી.'

ભગવાન પરની આવી અટલ આસ્થાના બળે તેઓએ એર ઈન્ડિયાના જ વિમાનમાં બેસી પ્રયાણ કરેલું.

આ સાથે પ્રમુખસ્વામી મહારાજને માનવમાત્ર પર પણ અપાર શ્રદ્ધા હતી. એકવાર ખેડામાં તેઓનાં દર્શન માટે આવેલા સમાજસેવક અયાન બુગ્ગારમ નશાબંધી, ચારિત્ર્ય-નિર્માણ વગેરે પ્રવૃત્તિઓ ચલાવી રહેલા. તેઓએ વાત કરી કે 'સ્વામી! મેં પીઢ સમાજસેવકો સાથે પચીસ વર્ષ કામ કર્યું છે. પરંતુ તેઓ બધાં કંટાળીને, સમાજમાં કંઈ સુધારો ન જોતાં, નાસીપાસ થઈને આ કાર્ય છોડી ગયાં છે; પણ મેં આ કાર્ય ચાલુ રાખ્યું છે.'

આ સાંભળી સ્વામીશ્રી બોલ્યા : 'તમે છોડતા નહીં. અમે પકડી રાખ્યું છે અને અમે પણ છોડવાના નથી. આપણે આ જ કરવાનું છે.'

સંસ્કાર-દાનની સમાજસેવા ભલભલા સમાજસેવકો માટે પાણીપત જેવી પુરવાર થઈ છે. આ રણમેદાનમાં કેટલાય યોદ્ધાઓ પલાયન થઈને અરણ્ય-રુદન કરવા લાગ્યા છે, તો કેટલાકે પોતાના પ્રયત્નોની વિફળતાથી હતાશ થઈને જિંદગીઓ ટૂંકાવી દીધી છે. 'પોતાની હાર પચાવી ન શકનારા કેટલાક, 'સમાજ સુધરે એમ નથી' કહી સમાજને ભાંડવા લાગ્યા છે. આવા હતાશાઓની હરોળથી પ્રમુખસ્વામી મહારાજ તદ્દન જુદા હતા.

તેથી તેમણે તા. 27-4-1991ના રોજ સૌરાષ્ટ્ર



શ્રદ્ધાના સહારે મનુષ્ય વિઘ્નોની વૈતરણીને પાર કરી જાય છે. પાંડવોનો શ્રીકૃષ્ણ પરમાત્મા પરનો અતૂટ વિશ્વાસ તેમને મુશ્કેલીમાંથી માર્ગ દર્શાવતો ગયેલો

યુનિવર્સિટીના ઉપકુલપતિ સિતાંશુ યશશ્ચન્દ્રને કહેલું કે આપણે થાય એ કરવાનું. શ્રદ્ધા ન ગુમાવવી. 'આજે કોઈ સુધરે એમ જ નથી, માટે મૂકો આ માથાકૂટ' એ ન થવું જોઈએ. '100 જણને વાત કરીએ એમાં એક સુધરે એનેય અમારું કામ સાર્થક થયું એમ અમે માનીએ છીએ.'

જન-જનના ઉદ્ધારની આવી અસીમ શ્રદ્ધા સાથે ઘૂમતા પ્રમુખસ્વામી મહારાજે તા. 5-9-1989ની સવારે દક્ષિણ ગુજરાતના સાંકરી ગામે એક સ્થાનિક રહીશને જોતાં જ પૂછેલું : 'કાલે તમને યાદ કર્યા'તા. કેમ આવ્યા નહીં?'

'સ્વામી! બહાર ગયેલો.'

'અમે અહીં આવીએ ત્યારે તમારે બહાર ન જવું.' આમ કહેતા સ્વામીશ્રીએ તેઓને દારૂનું વ્યસન છોડવા વાત કરેલી- સાતમી વખત!

આ જ રીતે તા. 15-11-1989ના રોજ તેઓ પાસે આવેલા ખંભાતના એક સામાન્ય ભક્તે ધા નાંખેલી કે 'સ્વામી! દીકરો દારૂની લતે ચડી ગયો છે. તેની ઉપર દયા કરો.'

'અહીં લઈ આવજો!'

'એકવાર લાવ્યો છું, પણ મૂક્યું નથી.'

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું, 'ફરીવાર લાવજો. એકવાર કહીએ ને થોડા દી' મૂકે ને પાછું ચાલુ કરે તો બીજીવાર વાત કરીએ. એમ બે-પાંચ વાર વાત કરીએ એટલે મૂકી દેશે.'

છ વર્ષ પૂર્વે જ્યારે પ્રમુખસ્વામી મહારાજનો દેહાંત થયો ત્યારે માનવ ઇતિહાસમાં એક દુર્લભ ઘટના બની હતી કે કોઈ એક વ્યક્તિના અંતિમ દર્શન માટે 21 લાખ કરતાં વધારે લોકો આવ્યાં હોય. એ સમયે કોઈ પણ પ્રકારની પ્રેરણા વગર કેવળ પ્રમુખસ્વામી મહારાજના અચેતન દેહનાં દર્શન કરીને, કેટલાંય લોકોએ પોતાનાં વ્યસનો છોડ્યાં હતાં.

તેઓ અનિષ્ટ સામેની લડાઈમાં કદી નિરાશ થયા નહોતા, કારણ કે તેઓ પાસે શ્રદ્ધાનું શસ્ત્ર હતું. તે વડે તેઓએ પોતાના જીવનકાળ દરમ્યાન 40 લાખથી વધુ વ્યક્તિઓને વ્યસનમુક્ત કરેલા. તેમના આવા જીવનપ્રસંગો શ્રદ્ધાના શિખર પર ફરકતી ધજા જેવા છે. તે આપણને સમજાવે છે કે 'શ્રદ્ધા થકી શું ન કરી શકાય, શ્રદ્ધા થકી તો સમસ્ત કામ થાય...'

jivanmangalam@gmail.com





જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

મળવું એટલે વ્યક્તિનાં રસ, રુચિ, સ્વભાવને યથાર્થ રીતે ઓળખવું

મિલનની કળા

રોબર્ટ કિયોસ્કીનું પુસ્તક છે 'રિચ ડેડી પુઅર ડેડી' આ પુસ્તકમાં લેખક જણાવે છે કે 'રિચ ડેડી' પૈસાદાર વાલીઓ પોતાનાં સંતાનોને જુદાં જુદાં સાધનો, રમકડાં વગેરે પૈસાથી ખરીદીને આપી દે છે અને તેથી સંતોષ માને છે કે મેં મારા સંતાનની બરાબર સંભાળ લીધી છે. પણ તેઓ ભૂલી જાય છે કે સંતાનોને સાધનોની નહીં તમારા પ્રેમની, હૂંફની મુખ્ય જરૂર છે તેને સમય આપી મળવાની મુખ્ય જરૂર છે. 'પુઅર ડેડી' ગરીબ વાલીઓ સંતાનોને સાધન સામગ્રી લાવી આપવામાં નોકરી, ધંધો વગેરે દ્વારા પૈસા કમાવવામાં એટલો સમય આપે છે કે તેઓ પોતાના સંતાનને સમય આપીને મળવાની, પ્રેમ અને હૂંફ આપવાની મુખ્ય જરૂરિયાતને ભૂલી જાય છે. લેખકનું કહેવું એમ છે કે, 'પૈસાદાર વાલી હોય કે, ગરીબ વાલી હોય સૌએ પોતાનાં સંતાનોને સમય આપીને મળવું જોઈએ.'

ઘરમાં શાંતિ ઇચ્છનારે સમય આપી ઘરના પ્રત્યેક સભ્યને મળતા રહેવું જોઈએ. કેટલાકનો પ્રશ્ન છે 'ઘરના બધા સભ્યો ભેગા જ રહેતા હોય છે, તેમાં મળવાનું તો થાય જ ને! તો પણ ઘરમાં શાંતિ કેમ થતી નથી? ઘરમાં સૌ અરસપરસ મળે છે પણ લગભગ તેમાં ઊંડાણ નથી હોતું તેથી ઉપરછેલ્લાં મિલન શાંતિ આપતાં નથી. ગૃહશાંતિ માટે મળવાની એટલે કે મિલનની કળા શીખવી પડે છે.

અહં, મમત્વથી પર થયેલા, ભગવાનમાં જ રમમાણ રહેતા પ્રમુખસ્વામી મહારાજ જેવા સંતો પાસેથી આ કળા સહેજે જ શીખાય છે.

પ્રમુખસ્વામી મહારાજ રોજના લગભગ 400થી 500 વ્યક્તિને મળતા. સવાર, બપોર ને સાંજ તેઓ સૌને મળતા જ રહેતા. તેઓની 'મિલન'ની મળવાની રીત ઉપરછેલ્લી નહીં પણ ઊંડાણભરી રહેતી. ઘણીવાર મળવા આવનાર વ્યક્તિના પ્રશ્ન સામાન્ય કહી શકાય તેવા રહેતા પણ પ્રમુખસ્વામી મહારાજ તેમાં પણ ઊંડા ઊતરી જે તે વ્યક્તિને સંતોષકારક યથાર્થ ઉત્તર આપતા કારણ કે તેઓને મન દરેક વ્યક્તિ અગત્યની હતી. તેથી દરેકના પ્રશ્નો અગત્યના હતા.

સારંગપુરમાં પ્રમુખસ્વામી મહારાજ બિરાજમાન હતા. તે સમયે મુલાકાત દરમ્યાન ગામડાના એક સામાન્ય ખેડૂતે આવીને પૂછ્યું : 'બાપા, મારે કૂવો ક્યાં કરવો?'

પ્રમુખસ્વામી મહારાજે તેના ખેતરનો નકશો માગ્યો. નોટબુકના લીટીવાળા કાગળ પર તે નકશો હાથથી ચીતરીને લાવેલા. પ્રમુખસ્વામી મહારાજે તેને જોતા ખેતરનો ઢાળ કઈ બાજુ છે? વગેરે પ્રશ્નો પૂછી તેને કૂવો કરવાની દિશા ચીંધી.

સામેની વ્યક્તિમાં રસ લેવો, તેની વિગતોને શાંતિથી એકાગ્રતાથી સાંભળવી, તેને સમજીને ઉત્તર આપવો આ 'મિલન' છે. આવું મિલન ઘરના સભ્યો સાથે કેટલા કરી શકતા હશે? આપણે ઘરના સભ્યોને મળીએ છીએ પણ તેની સામાન્ય જણાતી વાતમાં આ રીતે ધીરજ રાખી રસ લઈએ છીએ?

'મિલન' એટલે જે તે વ્યક્તિના સ્વભાવ, રસ, રુચિનો સંપૂર્ણ ખ્યાલ હોવો જોઈએ. એક કુટુંબના મોભી પિતા ગુજરી ગયા. મિલકતની વહેંચણી થઈ. સ્વાભાવિકપણે તેમનાં માતાનો ભાગ હોય જ. બંને દીકરાઓએ પોતાનો ભાગ લઈ લીધો, પણ બંને માતાને પોતાના ઘરે રાખવા માટે આગ્રહ કરવા લાગ્યા. આ આગ્રહ ઝઘડામાં પરિણમ્યો. છેવટે માતાને પૂછવામાં આવ્યું : 'તમે કોની સાથે રહેવા માંગો છો?' 'હું કયા રોગની, કઈ ત્રણ દવા લઉં છું તે જે પુત્ર જણાવી શકે તેની સાથે હું રહીશ.' માતાની આ શરત સામે બંને પુત્રો હારી ગયા કારણ કે બંનેમાંથી એક પણ પુત્રે માતાના અંગત જીવનમાં રસ લીધો નહોતો, તેમની મુશ્કેલીને જાણતા નહોતા. તેમના પ્રશ્નોને સમજવા પ્રયત્ન પણ નહોતો કર્યો. સાથે રાખવાનો આગ્રહ માતાની મિલકતનો ભાગ પોતાને મળે તે માટે હતો.

મળવું એટલે જે તે વ્યક્તિનાં રસ, રુચિ, સ્વભાવ, પ્રશ્નો વગેરેને યથાર્થ રીતે ઓળખવું. પ્રમુખસ્વામી મહારાજ ગોંડલમાં બિરાજમાન હતા. જમતા સમયે તેઓ પાસે ગલકાંના ભજીયાં આવ્યાં. તરત જ પ્રમુખસ્વામી મહારાજે વૃદ્ધ હરિભક્ત ભાઈકાકાને યાદ કર્યા. 'ભાઈકાકાને ગલકાંના ભજીયાં ભાવે છે માટે તેમને તે આપો.'

રોજના સેંકડો માણસોને મળતા પ્રમુખસ્વામી મહારાજ દરેકની રસ-રુચિનો કેટલો ખ્યાલ રાખતા હશે! પતિ-પત્નીના સંબંધોની વાત કરતા 'રીડર્સ ડાઇજેસ્ટ' માસિકમાં પ્રશ્ન પૂછાયેલો કે, 'તમારી પત્નીને કયો રંગ ગમે છે?' નાની અને સામાન્ય જણાતી આવી બાબતોથી ઘણા પતિઓ અજાણ હોય છે. તેથી તેઓએ પ્રેમપૂર્વક આપેલી વસ્તુઓ પત્નીને સંતોષ નથી આપી શકતી. વ્યક્તિની રસ-રુચિ મુજબ આપવામાં આવેલ તો જ તે સૌને ગમે છે. વ્યક્તિની રસ-રુચિનો અભ્યાસ કરવો અને તે મુજબ વર્તવું તેનું નામ મિલન છે.

પ્રમુખસ્વામી મહારાજ નૈરોબી પધાર્યા હતા. ત્યાં સંતોએ નોંધ્યું કે હરિભક્ત તેઓને પગે લાગવા આવે ત્યારે સૌ માથું નીચું નમાવે છે અને તે સૌનાં મસ્તક પર પ્રમુખસ્વામી મહારાજ હસ્ત મૂકી આશીર્વાદ આપે છે. પણ એક હરિભક્ત કાયમ તેમાંથી બાકાત રહે છે તેઓ મસ્તક નમાવે છતાં કાયમ પ્રમુખસ્વામી મહારાજ તેના ખભા પર હસ્ત મૂકીને જ તેને આશીર્વાદ આપે છે. એક દિવસ જિજ્ઞાસાથી સંતોએ પ્રમુખસ્વામી મહારાજને આમ કરવાનું કારણ પૂછ્યું ત્યારે સ્પષ્ટતા કરતા તેમણે જણાવ્યું કે : 'તે હરિભક્ત માથા પર વિગ પહેરે છે. આપણે માથા પર હાથ મૂકીએ ને તે વિગ ખસી જાય તો તેમનું લોકમાં સારું ન દેખાય, તેથી ખભા પર હાથ મૂકું છું.' આનું નામ મિલન કહેવાય. સામેની વ્યક્તિની મુશ્કેલી, રસ, રુચિ વગેરેનો સંપૂર્ણ ખ્યાલ રહે અને તેને અનુકૂળ થઈને વર્તી શકાય તે સાચું મિલન છે.

jivanmangalam@gmail.com





ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

જીવનમાં આપણે ઝેર ફેલાવીએ છીએ માટે જીવનમાં પ્રેમનું અમૃત પીએ ને પીવરાવીએ

દૈવીગુણોને આત્મસાત્ કરીએ, આધ્યાત્મિક વિકાસ થતો જશે

ધર્મ ફક્ત એટલું જ કહે છે કે નીતિથી કરોડપતિ બનો. મહેનત કરીને બનો. અધર્મથી નહીં. છીનવીને નહીં, અનીતિથી નહીં અને પછી થોડો સંતોષ રાખો. તેની સાથે જ તમારું હૃદય પણ દ્રવીભૂત હોવું જોઈએ

જીવનમાં દૈવીગુણ જેટલા જેટલા આત્મસાત્ કરતાં જશો તેમ-તેમ એક સારા વ્યક્તિ બનતા જશો. વ્યક્તિનો આધ્યાત્મિક વિકાસ થતો જશે. આધિદૈવિક વિકાસ થતો જશે. આ દૈવીગુણો છે, ઉદારતા, દયાભાવના, કરુણા, પરોપકાર, પ્રેમ, ત્યાગ, સમર્પણ, તપ, સહિષ્ણુતા.

તો 'યતો અભ્યુદયઃ' - તેનાથી આ પ્રકારે અભ્યુદય થાય. આધિદૈવિક, આધિભૌતિક અને આધ્યાત્મિક ઉન્નતિ થશે. વિકાસ થશે.

ઠાકુરને પ્રસન્ન કરવા હોય તો પહેલાં માનવ બનીએ. દેવ બનવાનો પ્રયત્ન ન કરો. ભગવાનને જો એ માન્ય ન હોય તો તમને માનવ શરીર આપ્યું જ ન હોય. તમને માનવ બનાવે એ જ ધર્મ છે. ભારતના ઋષિ કહે છે કે જેનાથી અભ્યુદય થાય અને શ્રેયસની પ્રાપ્તિ થાય તે ધર્મ છે. ક્યાંય એમાં સંકીર્ણતાના દર્શન થાય છે? જેનાથી તમારા જીવનનો અભ્યુદય થાય, સર્વાંગી વિકાસ થાય, આધિદૈવિક રૂપથી, આધ્યાત્મિક રૂપથી વિકાસ, આધિભૌતિક પણ અપેક્ષિત છે.



ધર્મ ફક્ત એટલું જ કહે છે કે નીતિથી કરોડપતિ બનો. મહેનત કરીને બનો. અધર્મથી નહીં. છીનવીને નહીં, અનીતિથી નહીં અને પછી થોડો સંતોષ રાખો. તેની સાથે જ તમારું હૃદય પણ દ્રવીભૂત હોવું જોઈએ. હૃદય કઠોર ત્યારે જ બને છે, જ્યારે જડ સંસાર પ્રત્યે આપણને આસક્તિ થાય છે. અહંકાર, વિષય વાસના જ્યાં સુધી મનમાં છે ત્યાં સુધી તે ભક્તિમાર્ગમાં બાધક તત્ત્વ છે. માટે તમારું હૃદય દ્રવીભૂત પણ હોવું જોઈએ.


લાખ આવી જાય તો કરોડ, કરોડ મેળવ્યા તો અબજ, ઠીક છે, તમે મહેનત કરો, પુરુષાર્થ કરો. તમારા નસીબથી તમને મળી જશે. પરંતુ તમારે જીવનમાં થોડો સંતોષ રાખવો જોઈએ, કારણ કે સાચું ધન સંતોષ છે. પાંચ હજાર લાડુ ખાઈ શકીએ એટલા પૈસા છે પણ ખાઈ શકીશું. હા, એક વાત કરી શકીએ? આપણા આત્માને જોતાં એટલા ઉદાર બનવાની વાત. મને ભૂખ લાગે છે તો બધાંને ભૂખ લાગે છે. મને અન્નની જરૂરિયાત છે તો બધાંને અન્નની જરૂરિયાત છે. બે લાડુ હું ખાઈ શકું છું એટલા પૈસા છે તો હું ખવડાવી પણ શકું છું. દરરોજ પાંચ હજાર લાડુ, પણ હું તો બે જ ખાઈ શકું છું. એટલી સંપત્તિ મેં મેળવી છે, કમાઈ છે નીતિથી તો એને વહેંચો. એ ભગવાનનો પ્રસાદ છે, તેનો સદુપયોગ કરો.

એ પ્રસાદને મેળવનાર પણ ધન્ય અને ખવડાવનાર પણ ધન્ય અને બંને સાથે બેસીને એક પંગતમાં સદાવ્રતની જગ્યાએ બેસે. શીખ ધર્મમાં લંગરવાળી પરંપરા ચાલે છે જ્યાં કોઈ જાતિભેદ નથી. બધાં લોકો સાથે બેસીને ત્યાં પ્રસાદ ગ્રહણ કરે છે. પ્રભુના દરબારમાં સૌ સમાન છે. ગુરુના દરબારમાં સૌ સમાન છે. તો એનાથી શું થયું? પેલી જે વિષમતા હતી, જે સામાજિક વિષમતા હતી, કે આ જાતિના ઊંચા, આ જાતિના નીચા, એ સામાજિક વિષમતા હતી તે પણ દૂર થઈ ગઈ. એ ખૂબ મોટી ક્રાંતિ હતી.

ધર્મ એ કામ કરે છે. બીજી વાત કે અઢી હજાર માણસો બેઠા છે, લંગરમાં. પણ લંગરના પૈસા આપ્યા છે, એક વ્યક્તિએ. અને બધાંની થાળીમાં બબ્બે લાડુ છે. પાંચ હજાર રૂપિયા આપ્યા છે તેને ભગવાને ખૂબ આપ્યું છે અને બાકીના જેટલા છે, એ બધાં એ જ પ્રસાદ પ્રાપ્ત કરી રહ્યાં છે. એક સાથે બેસીને મેળવે છે તો સંપત્તિનું વિકેન્દ્રીકરણ પણ થયું. એટલે આર્થિક વિષમતા પણ દૂર થઈ અને આર્થિક અને સામાજિક વિષમતા જ્યારે થશે ત્યારે સાચું માનજો કે દેશનો, રાષ્ટ્રનો, સમાજનો આધિભૌતિક વિકાસ ઝડપથી થશે.

નિઃશ્રેયસ, કલ્યાણ અને મુક્તિ તમને પ્રાપ્ત થાય તે ધર્મ. હવે આમાં ક્યાં સંકીર્ણતા છે? દુનિયાના બધા ધર્મમાં આ વાત લાગુ પડે છે. એટલા માટે તો તેને સાર્વત્રિક વ્યાખ્યા કહેવાય છે. ભાગવતમાં ધર્મની વ્યાખ્યા આ રીતે કહેવાય છે. એ જ મનુષ્યનો શ્રેષ્ઠ ધર્મ છે, જેનું આચરણ કરવાથી ભગવદ્ ભક્તિ થાય છે. માણસ પ્રેમથી દીક્ષિત થઈ જાય. આપણા ઋષિઓએ મનુષ્યને અમૃતનું સંતાન કહ્યા છે. આપણે અમૃતનાં સંતાન છીએ અને આપણાં જીવનમાં આપણે ઝેર ફેલાવીએ છીએ એટલા માટે જીવનમાં પ્રેમનું અમૃત આપણે પીએ અને પીવરાવીએ.







જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

શક્તિના સ્રોત સમો સંયમ લક્ષ્મણજીના જીવનમાં હતો

શક્તિનો નવતર સ્રોત

આંખ, કાન વગેરે માનવીય ઈન્દ્રિયો મહિષ જેવી ઉન્મત્ત છે. તેને ભગવાનની શક્તિથી જીતી શકાય છે. આ ઈન્દ્રિયોને સંયમના શસ્ત્રથી જે નાથે, તે જિંદગીના જંગમાં વિજયી નીવડે છે



પ્રિય વાચકો! ગઈકાલે પૂર્ણ થયેલું નવરાત્રિનું પર્વ ભારતીય ઉત્સવચક્રમાં અનેરું મહત્ત્વ ધરાવે છે. આ પર્વ દરમિયાન અંબામાં, અંબિકામાં કે ભવાનીમાં તરીકે ઓળખાતી પ્રભુની દિવ્ય શક્તિની આરાધના કરવામાં આવે છે. એક પૌરાણિક કથા અનુસાર મહિષાસુરે બ્રહ્માજીને પ્રસન્ન કરી વરદાન મેળવેલું કે 'હું કોઈ મનુષ્યથી ન મરું.' આ વરદાન મેળવી નિશ્ચિંત થઈ ગયેલા એ રાક્ષસે ત્રિલોકમાં હાહાકાર મચાવી દીધો ત્યારે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશની પ્રાર્થનાથી દુર્ગાદેવી પ્રગટ થયા. તેમને શિવજીએ ત્રિશૂળ, વિષ્ણુજીએ ચક્ર અને ઈન્દ્રે વજ્ર અર્પણ કર્યાં. તે ગ્રહણ કરીને દેવીએ પણ અઢાર ભુજા ધારણ કરી અસુર સામે જંગ છેડી દીધો. તેમાં નવ દિવસ સુધી શસ્ત્ર-અસ્ત્રથી ખેલતાં રહેલાં દેવીનો દસમા દિવસે વિજય થયેલો. તેથી તેઓ મહિષાસુરમર્દિની તરીકે પણ ઓળખાયાં.

આ કથાનો મર્મ સમજાવતાં વિદ્વાનો કહે છે કે આંખ, કાન વગેરે માનવીય ઈન્દ્રિયો પણ મહિષ એટલે કે પાડા જેવી ઉન્મત્ત છે. તેને કેવળ ભગવાનની શક્તિથી જ જીતી શકાય છે. આ ઈન્દ્રિયોને સંયમના શસ્ત્રથી જે નાથે, તે જિંદગીના જંગમાં વિજયી નીવડે છે. તેથી વિપરીત જે અસંયમી રહે છે તે પરાજિત થાય છે.

જેમ કોથળીમાં એક જગ્યાએ પડેલા છિદ્રમાંથી સરવા માંડેલાં પાણી કે દૂધને કારણે તે કોથળી અંતે ખાલી થઈ જાય છે, તેમ માનવીના જીવનમાં એક ઈન્દ્રિયનો અસંયમ પણ તેની શક્તિનો નાશ કરવા પૂરતો થઈ પડે છે.

તેથી જ તો મુક્કાબાજીની રમતમાં વિશ્વવિજયી નીવડેલા એક બોક્સરે આપવીતી વર્ણવી છે કે 'મેં સુરા, સુંદરી અને મોજ-મજાનું એકેય પાસું બાકી નથી રાખ્યું. અત્યારે અફસોસ થાય છે. જો એનાથી મુક્ત રહ્યો હોત તો મેં પ્રાપ્ત કરેલી સિદ્ધિ કરતાં અનેકગણી સિદ્ધિ પ્રાપ્ત કરી હોત. હું ઈચ્છું છું કે આમાંથી પાછો વળું.'

આમ, અસંયમ ખુવારીની ખડકી ખોલી આપનારો પુરવાર થાય છે, તો સંયમ શક્તિનો સ્રોત સાબિત થયો છે. તેના પુરાવારૂપે રામાયણ ગ્રંથ લક્ષ્મણજીના અપ્રતિમ શૌર્યની અનેક ગાથાઓ સંભળાવે છે. જેના મૂળમાં છે – લક્ષ્મણજીનો સંયમ.

જ્યારે જાનકીજીનું રાવણ દ્વારા હરણ થયું ત્યારે તેઓને ખોળતાં ખોળતાં ભગવાન શ્રીરામ અને લક્ષ્મણ સુગ્રીવ પાસે પહોંચ્યા.

તે વખતે કપિરાજ સુગ્રીવે કહ્યું કે 'આકાશને વિશે મેં હે રામ! હે રામ!' એવો શબ્દ થતો સાંભળ્યો હતો અને 'આ વસ્ત્રમાં બાંધીને ઘરેણાં પડતાં મૂક્યાં હતાં તે મેં મારી પાસે રાખ્યાં છે.' તે અલંકાર જ્યારે રઘુનાથજીએ લક્ષ્મણજીને દેખાડ્યાં ત્યારે કાન, હાથ વગેરે અંગોનાં એ આભૂષણ લક્ષ્મણજીએ ન ઓળખ્યાં. પરંતુ પગનાં ઝાંઝર જોઈ તરત જ તેઓએ કહ્યું કે 'આ તો જાનકીજીનાં ઝાંઝર છે.' ત્યારે રામચંદ્રજીએ પૂછ્યું કે 'તમે બીજાં ઘરેણાં ન ઓળખ્યાં ને કેવળ પગનાં ઝાંઝર જ કેમ ઓળખ્યાં?'

એ વખતે લક્ષ્મણજીએ કહ્યું: 'મેં ચરણારવિંદ વિના સીતાજીનું બીજું કોઈ અંગ દેખ્યું જ નથી. હું સાંજે સીતાજીને પગે લાગવા જતો. તેથી મેં ઝાંઝર દીઠાં હતાં તે ઓળખ્યાં.'

શક્તિના સ્રોત સમો આવો સંયમ લક્ષ્મણજીના જીવનમાં હતો. તેમનું દૈવત તેઓના શૌર્યમાં જણાય છે. આ દૈવત આપણા જીવનમાં પ્રગટાવવાની પ્રેરણા શક્તિના પર્વ સમી નવરાત્રિ આપે છે.

આ પર્વની ઉજવણી પ્રમુખસ્વામી મહારાજે ફક્ત નવ દિવસની નહીં, પરંતુ જીવનભર કરેલી. હા, તેઓ દુનિયાભરમાં વિચર્યા, પણ નિમિલિત નયનો અને સંયમિત શૈલી એ તેઓની વિશેષતા રહેલી.

તેઓ જ્યારે તા. 3-10-1983ના રોજ રાજકોટની પ્રતિષ્ઠિત શાળામાં પહોંચ્યા ત્યારે આ શાળાના સંચાલકો તેઓને ઓરડાની દીવાલો પર લગાડેલી કેટલીક તસવીરોની સમજૂતી આપતાં હતા. જેમાં વ્યવસ્થાપક શ્રીએ જ્યાં એક મહિલાની છબી સમક્ષ અંગુલિનિર્દેશ કર્યો ત્યાં જ ભગવાન સ્વામિનારાયણની બ્રહ્મચર્ય સંબંધી આજ્ઞા અનુસાર વર્તનારા સ્વામીશ્રી દૃષ્ટિ નીચે કરી ધીમે ધીમે આગળ સરકી ગયેલા.

આંખની જેમ પ્રમુખસ્વામી મહારાજનો રસેન્દ્રિય પર પણ સંપૂર્ણ કાબૂ. તેથી જ તેમણે ભોજન બાબતે જીવનપર્યંત કોઈ ફરિયાદ કે ફરમાઈશ કર્યાં નહોતાં. પ્રત્યેક ઈન્દ્રિય પરના આવા સંયમને કારણે તેઓ અલ્પ સમયમાં જે કાર્ય કરી ગયા તે વર્ણવતા તા. 23-8-2016ના રોજ ગઢડા-સ્થિત કેળવણી મંડળના એક આગેવાન બોલી ઊઠેલા: 'પ્રમુખસ્વામી મહારાજે 9, 500 વર્ષમાં પણ ન થઈ શકે એવું વિરાટ કાર્ય 95 વર્ષમાં કર્યું છે. એમના માટે પુસ્તકો ભરીને લખીએ તો પણ ઓછું પડે.'

આમ, પ્રમુખસ્વામી મહારાજનું જીવન શક્તિના નવતર સ્રોત સમા સંયમની પ્રેરણા આપી રહ્યું છે. તેનું જે પાન કરે તેની નવરાત્રિ જ નહીં, પણ સમગ્ર જીવન સફળ થઈ રહે એમ છે.

તો ચાલો, આપણે પણ વીતેલા ફક્ત નવ દિવસ જ નહીં પરંતુ પ્રમુખસ્વામી મહારાજની જેમ સમગ્ર જીવન નવરાત્રિ ઊજવીએ અને ભગવાન તથા માતાજીની પ્રસન્નતા પ્રાપ્ત કરીએ.

jivanmangalam@gmail.com






જીવન માંગલ્ય
સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

ચાલો, આપણે પણ નિ:સ્વાર્થ સ્નેહ વહેંચીને સૌના પ્યારા સ્વજન થઈએ

સ્વજન કોને કહેવાય?

આપણને કોણ નડતરરૂપ થાય છે એ શોધવા કરતાં 'મારું વર્તન, મારું અસ્તિત્વ, મારા સ્વભાવ કોઈને નડતરરૂપ તો નથી થતાં ને?' એની તપાસ કરવી વધુ અગત્યની છે



લુહારની દુકાનમાંથી આખો દિવસ અવાજ આવ્યા કરે અને સોનીની દુકાનમાંથી તો લેશ માત્ર અવાજ નહીં! તેથી એકવાર સોનાએ લોખંડને પૂછ્યું કે 'ભાઈ! તું આખો દિવસ કેમ બૂમાબૂમ કરે છે? તને જેમ હથોડાના ઘા વાગે છે, તેમ મને પણ ઘા વાગે છે. એટલું સહન નથી કરી શકતો?' ત્યારે લોખંડે આપણને સૌને વિચારતા કરી મૂકે એવો જવાબ આપ્યો કે 'તને તો પારકાં મારે છે તેથી સહન થાય છે, પણ અમને તો અમારાં પોતાનાં જ સ્વજન ઘા મારે, પછી કેમ સહન થાય?' સમજાયું? ટૂંકું, ટચ અને સરળ ગણિત છે.

ન સમજાયું હોય તો આ ઘટનાથી કદાચ જરૂર સમજાઈ જશે. આજથી આશરે ત્રણ દાયકા પહેલાંની, અમેરિકા દેશની આ ઘટના છે. એક વ્યક્તિએ પ્રસાર માધ્યમો દ્વારા એવી જાહેરાત કરી કે 'હું કેલિફોર્નિયાથી લઈને છેક ન્યૂયોર્ક સુધી આખું અમેરિકા પગપાળા ચાલીને સફર કરવાનો છું.' આખા દેશમાં આ વાતની ચર્ચા ચાલી. આટલી લાંબી, આશરે ૩૦૦૦ માઈલની સફર પગપાળા કરશે! સૌના આશ્ચર્ય વચ્ચે, ખરેખર તે વ્યક્તિએ જાહેરાત પ્રમાણે જ કરી બતાવ્યું! ૮૫ દિવસની સફરને અંતે જ્યારે તે ન્યૂયોર્ક શહેરમાં પહોંચ્યો, ત્યારે ઘણાં બધાં તેનું સ્વાગત-અભિવાદન કરવા માટે તૈયાર હતાં. અમુક પત્રકારોએ જ્યારે તેને આ વિશિષ્ટ સફર બાબત પ્રશ્ન પૂછ્યો કે 'આ સફર દરમિયાન તમને સૌથી વધારે વિઘ્નરૂપ શું બન્યું હતું?' ત્યારે તે વ્યક્તિએ બહુ આશ્ચર્ય ઉપજાવે તેવો જવાબ આપ્યો: 'આ લાંબી મુસાફરી દરમિયાન મને બહારનાં પર્વતો, નદીઓ, રણો, ખેતરો, ખાડા-ટેકરાઓ કે જંગલો એટલાં નથી નડ્યાં, જેટલી મને મારા પોતાના શૂઝમાં ભરાઈ ગયેલી રેતી વિઘ્નરૂપ બની છે!' આ બંને પ્રસંગો પરથી જ્યારે આપણે પોતાનો વિચાર કરીએ ત્યારે આપણને પણ થશે કે 'મને પણ મારા પોતાના જ સ્વજન હેરાન કરી રહ્યાં છે' પણ આનો એક અર્થ એવો પણ નીકળે છે કે જેમ લોખંડને તેનાં પરિવારજન તરફથી મળતો ત્રાસ અસહ્ય થઈ રહે છે અને સાહસી દોડવીરને તેનાં પોતાના શૂઝની જ રેતી વિઘ્નરૂપ થઈ પડે છે, એમ આપણું અણછાજતું વર્તન, આપણા કદરૂપા સ્વભાવ આપણાં પોતાનાં જ સ્વજનોને ખૂંચી તો નથી રહ્યાં ને? આપણા જીવનમાં, આપણા પરિવારમાં આપણને કોણ નડતરરૂપ થાય છે એ શોધવા કરતાં 'મારું વર્તન, મારું અસ્તિત્વ, મારા સ્વભાવ કોઈને નડતરરૂપ તો નથી થતાં ને?' એની તપાસ કરવી વધુ અગત્યની છે.

આપણા ગુજરાતી સાહિત્યની એક પ્રસિદ્ધ કવિતા છે: 'એક જ અરમાન છે મને, મારું જીવન સુગંધી બને.' પોતે સુગંધિત ફૂલ બનીને જીવન જીવી જનારને બે ફાયદા થતા હોય છે. પહેલો: 'એને પોતાને જ જીવન જીવવાની મજા આવે.' અને બીજો કે 'પોતાની આસપાસનાં લોકોને પણ તેની સાથે જીવન જીવવાની મજા આવે.' એક મનુષ્ય હોવાને નાતે, શા માટે આપણે બીજાને નડતરરૂપ થઈએ? પરિવારરૂપી બગીચામાં આપણી શું ભૂમિકા છે? અન્યોને નડતરરૂપ થતા એક કાંટાની? કે પછી પોતાને અને અન્યને સુગંધથી ભરી દેતા એક ફૂલની? નક્કી આપણે કરવાનું છે.

આ વર્ષે જેઓનો જન્મશતાબ્દી મહોત્સવ ઊજવાઈ રહ્યો છે, એવા બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ ૯૩ વર્ષની વયે તીર્થધામ સારંગપુરમાં વિરાજમાન હતા ત્યારની આ વાત છે. તેમની તબિયતને ધ્યાનમાં રાખીને પ્રાથમિક મેડિકલ વ્યવસ્થા સારંગપુરમાં જ ઊભી કરવામાં આવી હતી. પરંતુ જો કોઈ વિશેષ સારવારની જરૂર પડે તો અમદાવાદ અથવા નજીકનાં શહેરોમાંથી સત્સંગી ડોક્ટરો સ્વામીશ્રીની સેવામાં હાજર થઈ જતા. એક દિવસ એક સેવક સંતને ખભામાં કોઈક કારણોસર દુઃખાવો ઉપડ્યો. પરંતુ તેમની પરિસ્થિતિ એવી હતી કે 'જો સારવાર કરાવવા જાય તો તેઓ સેવા ન કરી શકે અને સારંગપુરમાં રહે તો સારવાર થવી શક્ય નહોતી.' પથારીમાં બેઠાં-બેઠાં પણ પ્રમુખસ્વામીજી સેવક સંતની આ મૂંઝવણ પારખી ગયા. અચાનક તેઓ સંતોને ફરિયાદ કરવા માંડ્યા કે 'મને પગમાં દુઃખે છે.' પ્રાથમિક તપાસ કરતા કંઈ વિશેષ જણાયું નહીં. છતાં તેઓએ જ્યારે ફરિયાદ ચાલુ રાખી ત્યારે સૌને આશ્ચર્ય થયું કે જીવનમાં ક્યારેય પોતાનાં દુઃખ બાબતે ફરિયાદ ન કરનારા સ્વામીશ્રી આજે કેમ ફરિયાદ કરે છે? અમદાવાદથી તરત એક નિષ્ણાત ડોક્ટર દોડી આવ્યા. તેમણે તપાસ શરૂ કરી. તેમને પણ કંઈ વિશેષ જણાયું નહીં. થોડીવારે સ્વામીશ્રીએ ડોક્ટરને ભલામણ કરી કે 'અમારા એક સંતને ખભે તકલીફ છે, તો તેમની પણ તપાસ કરી આપશો!' ત્યારે તે સંતને ખ્યાલ આવ્યો કે 'પ્રમુખસ્વામી મહારાજે કોઈ દિવસ નહીં અને આજે ફરિયાદ કરી, ડોક્ટરને બોલાવ્યા, આ બધું કર્યું તે મારા માટે કર્યું!'

કહ્યા વિના પણ વેદના જાણી જાય, તે સ્વજન. જણાવ્યા વિના પણ દુઃખ ટાળી દે, તે સ્વજન. માંગ્યા વિના પણ સ્નેહ-વાત્સલ્યસમા અમૃત પીવડાવે, તે સ્વજન. પ્રમુખસ્વામી મહારાજ જેવા સત્પુરુષો જગતથી વિરક્ત હોવા છતાં પણ આપણને પરિવારજનો સાથે કઈ રીતે રહેવું? તેનાં પ્રેરણાપીયૂષ પીવડાવતા જાય છે. તો ચાલો, આપણે પણ એવા સંતપુરુષના પગલે-પગલે પરિવારરૂપી બગીચામાં ફૂલ બનીને મહેકી જઈએ, નિ:સ્વાર્થ-નિરપેક્ષ સ્નેહ વહેંચીને સહુના પ્યારા સ્વજન થઈ જઈએ.

jivanmangalam@gmail.com



ભાગવત ચિંતન
ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

નવમાંથી બે પ્રકારની ભક્તિનો અધિકાર ભગવાન આપે ત્યારે જ તમે ભોગવી શકો

ભીતર યાત્રા શરૂ થાય ત્યારે શાશ્વત સુખની પ્રાપ્તિ શક્ય બને



ઉપનિષદમાં એક કથા આવે છે કે ઇન્દ્ર અને વિરોચન બંને ભણવા માટે ગુરુજી પાસે ગયા અને પ્રશ્ન કર્યો કે આ કોણ છે? ગુરુજીએ કહ્યું કે ચાલો મારી સાથે તળાવના કિનારે. ઓમનું પ્રતિબિંબ બતાવ્યું. જુઓ, તમે જેવા છો, તેવું જ તમારું પ્રતિબિંબ અહીં દેખાય છે. એક અરીસો બતાવ્યો. જુઓ, તમારું જ પ્રતિબિંબ આ અરીસામાં દેખાય છે. આ તમારી બે આંખો, બે પગ, બે હાથ છે. જે દેખાય છે, એવા જ તમે છો. વિરોચન કે જે અસુર વંશનો હતો તે સમજી ગયો. તેણે કહ્યું કે હા હું સમજી ગયો, જે છું તે જ હું દેખાઉં છું. એ તો જ્ઞાન મેળવીને ચાલ્યો ગયો.

પરંતુ ઇન્દ્રએ વિચાર કર્યો કે બાળપણમાં હું કંઈક અલગ હતો, યુવાનીમાં અલગ અને પાછો વૃદ્ધાવસ્થામાં અલગ હોઈશ. પરંતુ આમ છતાં લોકો મને ઇન્દ્ર જ કહે છે. જો મારું શરીર બદલાય છે છતાં હું ઇન્દ્ર જ છું એવો અનુભવ કેમ થાય છે? મારા બાળપણ, યૌવન અને વૃદ્ધાવસ્થાની તસવીરો અલગ-અલગ છે. મારામાં એવું કંઈક છે, જે ઇન્દ્રને ઇન્દ્ર રાખે છે. એટલે આ શરીર બ્રહ્મ નથી. શરીર એ મારું સ્વરૂપ નથી.

ગુરુજીએ કહ્યું કે તું સાચો છે. હું તો તારી પરીક્ષા લઈ રહ્યો હતો. તમે એક ઇન્દ્રિયયુક્ત પ્રાણી છો. આંખો છે, કાન છે, પગ છે. ઇન્દ્રિયોનું હોવું એ જ તમારું સ્વરૂપ છે. ઇન્દ્ર જ્ઞાન લઈને ગયો અને વિચારવા લાગ્યો કે ઇન્દ્રિયોનું હોવું એ જ મારું સ્વરૂપ છે, પણ તેણે વિચાર્યું કે આ જ માત્ર મારું સ્વરૂપ ન હોઈ શકે. મૃત્યુ થાય છે એ પણ માત્ર બાહ્ય દેખાવ છે. જેવી રીતે સમુદ્રમાં ફીણ થાય છે, તે અંતે તો સમુદ્રમાં જ મળી જાય છે. પરંતુ આ ફીણ થવા એ સમુદ્રનું સ્વરૂપ નથી. ત્યારે ગુરુજીએ કહ્યું કે એ જ રીતે તમને જે વિકારો દેખાય તે તમારું સ્વરૂપ નથી પરંતુ ઇન્દ્ર તું તો બ્રહ્મનો અંશ છે. ભગવદ્ સ્વરૂપ છે. જો તું તારા ભગવદ્ સ્વરૂપને ઓળખી લઈશ તો તને તારું સાચું સ્વરૂપ સમજાઈ જશે.

ઋષિમુનિઓએ કહ્યું કે હું કોણ છું? જો હું માતાના ઉદરમાંથી આવ્યો તો ત્યાં હું કેવી રીતે આવ્યો? જો મારા પિતા બીજપ્રદ છે તો પિતાના બીજમાં હું ક્યાંથી આવ્યો? ઉપનિષદમાં તેનો જવાબ મળશે. બધાંનું મૂળ બ્રહ્મ છે. તે બ્રહ્મત્વમાંથી જ હું આવ્યો છું. તો બ્રહ્મતત્ત્વ શું છે? જો હોય તો દેખાતું કેમ નથી? પરંતુ ઋષિમુનિઓની શોધ હતી How to go back? આપણે બહાર ખૂબ જ ફર્યા. આખી દુનિયાને ફરીને જોઈ લો.

How to go back? આપણે બહાર તો ખૂબ ફર્યા. Interworld Journey આપણે કેવી રીતે કરીએ? મનની શાંતિ ત્યારે જ મળે ત્યારે જ આંતરિક યાત્રા શરૂ થાય. આ યાત્રાની શોધમાં તમે તે બ્રહ્મતત્ત્વની શોધનાં મૂળ સ્વરૂપ સુધી પહોંચી શકશો, પરંતુ તે માટે જિજ્ઞાસા જરૂરી છે.

આપણે ત્યાં જે ભક્તિની વાત છે, તેમાં પણ વ્યક્તિ અંતર્યાત્રા કરતો હોય છે અને અંતર્જગતમાં પહોંચી જતો હોય છે અને ક્યારે તેનો તાર અંતર્જગતમાં રહેતા જ એ બ્રહ્મતત્ત્વ સાથે અનુસંધાન સાધી લેતો હોય છે. આપણે ત્યાં ભક્તિના પણ નવ પ્રકાર કહેવામાં આવ્યા છે. નવ પ્રકારની ભક્તિ એટલે નવધા ભક્તિ. શ્રવણં, કીર્તનમ્, વિષ્ણુ સ્મરણમ્, પાદસેવનમ્, અર્ચનમ્, વંદનમ્, સખ્યમ્, દાસ્યમ્, આત્મનિવેદનમ્ – આમ, આ નવ પ્રકારની ભક્તિમાં એટલે ભગવાનની સેવા કરવામાં જો તમે સંલગ્ન બનો તો તમે પણ સાત પ્રકારની સેવા કરી શકો છો, પણ આ નવમાંથી બે પ્રકારની ભક્તિ એવી છે, જે કરવામાં તમે સ્વતંત્ર નથી.

આ અધિકાર ભગવાન તમને આપે ત્યારે જ તમે તે ભોગવી શકો છો. એક છે, સખ્યમ્ અને બીજું છે, પાદસેવનમ્. આ બંને તમે તમારી મરજીથી નથી કરી શકતા. ભગવાન જેને અધિકાર આપે તે જ કરી શકે છે.

કથાબિંદુ
મુનિ રાજપુણ્ય વિજય

નસીબમાં હોય તો આવું મળે!

પંડિત શ્રી વીરવિજયજીએ અંતરાય કર્મ નિવારણ પૂજામાં એક પંક્તિ લખી છે: ***'નૈગમે એક નારી ધૂતી, પણ ઘેબર ન ભૂખ ભાંગી. જમી જમાઈ પાછો વળિયો, જ્ઞાનદશા તવ જાગી.'*** આ ઘટનાને સમજીએ.

નૈગમ એટલે એક વેપારી. નાના ગામમાં તેની કિરાણાની દુકાન. ગામમાં એક ડોશી રહે. આર્થિક મુશ્કેલી એટલે જરૂર પૂરતું અનાજ લઈ ગુજરાન ચલાવે. એક દિવસ અચાનક બહેન બે ભાણેજોને લઈને આવી. તેમને સારું જમાડવું પડે પણ ઘરમાં કંઈ હતું નહીં. ડોશી ભેગા કરેલા થોડા પૈસા લઈ નૈગમની દુકાને આવી. ઘી, ગોળ, મસાલા વગેરે જે જોઈતું હતું તે નૈગમને લખાવ્યું. નૈગમે વિચાર્યું કે ડોશીને લૂંટી લઉં. તેણે ઓછો માલ આપી ઘણા રૂપિયા લઈ લીધા. નૈગમને થયું કે આજે ઘણા રૂપિયા મળ્યા છે તો ઘેબર ખાઉં. તેની પત્નીએ સરસ ઘેબર બનાવ્યા. એ જ દિવસે તેનો જમાઈ એના ભાઈને લઈને નૈગમના ઘરે આવ્યો. બંનેને આગ્રહ કરી ઘેબર ખવડાવ્યા. પછી પત્ની નવી રસોઈ બનાવવા બેઠી. ત્યાં નૈગમ ઘરે આવ્યો. તેને ઘેબર ખાવાની તાલાવેલી હતી, પણ પત્નીને રોટલા ઘડતી જોઈ ક્રોધિત થયો. ઘેબર વિશે પૂછ્યું તો પત્નીએ વાસ્તવિકતા જણાવી. નૈગમને ઘેબર ન મળ્યાનો ખૂબ અફસોસ થયો. તેને થયું કે જેના નસીબમાં રોટલા જ હોય તેને ઘેબર ક્યાંથી મળે! જેવું આપણે કર્યું હોય તેવું આપણને મળે! સારું ન કર્યું હોય તો સારું ક્યાંથી મળે! આમ, અંતર વૈરાગ્યવાસિત થયું અને શીઘ્ર સદ્‌ગુરુ પાસે સંયમ અંગીકાર કરવા તત્પર થયો.





જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

જીવનમાં સમય, સંજોગ, વાતાવરણ પ્રમાણે બદલાવ લાવવો જરૂરી છે

નૂતન વર્ષના પ્રારંભ પૂર્વે બદલાવ


દિવાળીનું પર્વ એટલે માણસની મોનોટોનસ જિંદગીમાં પૂરાતી નૂતન રંગોળી! દિવાળીને જૂજ દિવસો જ બાકી છે ત્યારે આપણી જિંદગી 2x અને 3xની માફક દોડવા લાગે છે, પણ આ ભાગદોડીમાં થાક કરતાં આનંદ વધુ છે. કેટલા બધા બદલાવ માટે આપણે તૈયારી કરીએ છીએ. વર્ષથી ન થઈ હોય એવી રીતે થતી ઘરની સફાઈ–deep cleaning! ઘણી બધી જગ્યાએ ઘરોમાં થતું રિનોવેશન! ઘરમાં બદલાવ! દિવાળી આવે એટલે ઘરના રસોડાઓમાં કાજુકતરી, બદામપૂરી, મઠિયાં, ચોળાફળી, ફરસી પૂરી, ચવાણું... જેવી મીઠાઈઓ અને ફરસાણ ડોકાવા માંડે. ભોજનમાં બદલાવ! સાથે સાથે કપડામાં, આ એ દિવસો છે જ્યારે નવી ખરીદી માટે યુવાનો અને બાળકો તત્પર થઈને બેઠાં હોય, નવાં કપડાં પહેરીને મામા-માસી કે સંબંધીઓને ઘરે જવાનો ઉમળકો હોય છે. ડિસ્ચાર્જ થઈ ગયેલા સંબંધોને ચાર્જ કરતું આ પર્વ સંબંધોમાં પણ બદલાવ લાવે છે, અચરજની વાત છે ને કાળ તો એનો એ જ છે, એ જ સવાર અને એ જ રાત! છતાં એક પર્વ આપણા જીવનને કેટલું બદલી નાંખે છે! સાથે જ આ પર્વ આપણને જીવનનો એક અદ્ભુત પાઠ પણ શીખવાડે છે કે સમયની સાથે બદલાવ માટે હંમેશાં તૈયાર રહેજો, તો તમારું જીવન ઝળકતું રહેશે નવી ઊર્જાથી! સફળતા પામવા માટે સૌ કોઈ બદલાવને સ્વીકારે છે.



1995માં ફોર્ડ કંપનીએ ભારતના આકર્ષક કાર-બજારમાં પ્રવેશવાનું નક્કી કર્યું. પરંતુ ભારતનાં વાતાવરણ અને ભૌગોલિક પરિસ્થિતિને સમજવા તેમણે કારનો એક કાફલો ભારત મોકલ્યો. અને તેમણે તેને ભારતીય રાજમાર્ગો અને ધૂળિયા રસ્તા પર ચલાવ્યો. થોડાં અઠવાડિયાં પછી, ગાડીઓ ગેરેજમાં પાછી ફરી. આ કારને ડિસમેન્ટલ કરવામાં આવી. અને એન્જિનિયરોએ આ ગાડીઓ ભારતીય હવામાન અને રસ્તાઓ સાથે મેળ ખાય તે માટે જરૂરી ફેરફાર કરવા નક્કી કર્યું. ફોર્ડ કારમાં ચાર અલગ-અલગ રીતે રી-એન્જિનયરિંગ કરવાની જરૂર જણાઈ. પ્રથમ, સસ્પેન્શન અને શોક-એબ્સોર્બરને મજબૂત બનાવવામાં આવ્યા. બીજું, આંતરિક કમ્બશન એન્જિનમાંનાં પિસ્ટનને ભારતીય બળતણ માટે ફરીથી ડિઝાઇન કરવું પડ્યું. ત્રીજે સ્થાને, 48 ડિગ્રી સેન્ટિગ્રેડ તાપમાને પણ અસરકારક રહે તે માટે ક્લોરોફ્લોરોકાર્બનમુક્ત એક એર-કન્ડિશનિંગ સિસ્ટમ અપનાવવામાં આવી. ચોથું પરિવર્તન તેઓએ કરવાનું હતું એર-ઇનલેટ્સમાં. ચોમાસા દરમિયાન કારમાં પાણી ન ભરાઈ જાય તે માટે કારમાં એર-ઇનલેટ્સ ઊંચા સ્થાને રાખવા પડે. ભારતીય રસ્તાઓ, બળતણ, ઊકળતા ઉનાળા અને ચોમાસાના વરસાદને અનુકૂળ બનાવવા માટે ફોર્ડે પોતાની પ્રોડક્ટમાં આટલો બદલાવ અપનાવ્યો. અને પછી જ્યારે તેઓ ભારતના મેદાનમાં ઊતર્યાં ત્યારે તેઓની સફળતાની યાત્રાનો શુભારંભ થયો. ફોર્ડ કંપનીનું આ એક ઉદાહરણ જીવનયાત્રાને પણ વધુ સફળ બનાવવા માટે મદદરૂપ થાય તેમ છે. જીવનની આ સફરમાં સમય, સંજોગ અને વાતાવરણ પ્રમાણે બદલાવ લાવવો જરૂરી છે. એક જ ઢબમાં ટેવાઈ ગયેલ માણસ માટે બદલાવને અપનાવવો આકરો હોય છે કારણ કે વ્યક્તિને પોતાના 'comfort zone'ના કોચલામાંથી બહાર આવવું આકરું છે કે પછી પોતાના જક્કી વલણ કે માન્યતાઓ છોડી બીજાના વિચારોને સ્વીકારવામાં પણ ઉદારતા અને નમ્રતાની જરૂર પડે છે ને! પણ જે આ પરિવર્તન કરી શકે છે તે નવી દિશાઓ અને નવા સૂર્યોદયો જોઈ શકે છે. અને જે બદલાવનો સ્વીકાર નથી કરી શકતા એમના માટે ક્યારેક પોતાના અસ્તિત્વને ટકાવવું પણ દુષ્કર બની જાય છે. આજે પણ દુનિયા સાક્ષી છે કે કોડાક અને નોકિયા જેવી કંપનીઓ કે જે સમગ્ર દુનિયામાં પોતાની પ્રોડક્ટમાં અવ્વલ ક્રમે આવતી હતી કે પોતાના ક્ષેત્રમાં રાજ કરતી હતી, આજે તેનું અસ્તિત્વ માત્ર રહ્યું નથી. કહેવાય છે કે ઊભો રહેલો માણસ અને પાણી બંને સડી જાય છે. પરિવર્તન સંસારનો નિયમ છે.

આજનો યુગ આવિષ્કારોનો યુગ છે, ટેક્નોલોજીનો યુગ છે, ત્યારે વિશ્વવંદનીય સંત પ્રમુખસ્વામી મહારાજ સમય સાથે બદલાવને સ્વીકારી શક્યા છે, 1986માં ગાંધીનગરમાં અક્ષરધામ નિર્માણનું કાર્ય ચાલુ હતું, ત્યારે તેમણે સંકલ્પ કર્યો કે આપણે આધુનિકતમ ટેક્નોલોજી દ્વારા આધ્યાત્મિક સંદેશ આપવો છે. વિશ્વના ઇતિહાસમાં કોઈ ધર્મસ્થાનમાં મલ્ટિમીડિયા શો કે રોબોટિક શોના માધ્યમથી આધ્યાત્મિક સંદેશ આપવાનું સૌ પ્રથમ ગૌરવ પ્રાપ્ત થયું, ગાંધીનગર સ્થિત અક્ષરધામને. દિલ્હી સ્થિત અક્ષરધામ મંદિરમાં સૌ પ્રથમ વખત લાર્જ ફોર્મેટ ફિલ્મ દ્વારા આધ્યાત્મિક ભારતનું નિદર્શન કરાવવાનું હોય કે નૌકાવિહાર દ્વારા હજારો વર્ષ પુરાતન સમૃદ્ધ ભારતીય સંસ્કૃતિના દર્શન કરાવવાના હોય કે પછી સંગીતમય વોટર શો દ્વારા જીવનનાં ગૂઢ રહસ્યો સમજાવવાનાં હોય, પ્રમુખસ્વામી મહારાજે પ્રત્યેક સોપાન પર વિજ્ઞાન, ટેક્નોલોજી અને આધ્યાત્મિકતાનો સુભગ સમન્વય સાધ્યો છે. આજે દુનિયામાં પરંપરાગત શૈલીમાં પથ્થરનું બનેલું સર્વ પ્રથમ ભૂકંપપ્રૂફ મંદિર કોઈ હોય તો તે છે, પ્રમુખસ્વામી મહારાજ દ્વારા અમેરિકામાં નિર્માણ પામેલ ચીનો હિલ્સનું મંદિર. ટેક્નોલોજીના ઉપયોગથી તેઓએ ભારતીય સંસ્કૃતિનાં ધામ સમાન મંદિરોને હજારો વર્ષોનું આયુષ્ય બક્ષ્યું છે. આધુનિક પેઢીને આધ્યાત્મિક વળાંક આપવામાં તેઓ સફળ રહ્યા છે. અહીં એ નોંધવું ઘટે કે તેઓએ બદલાવને સ્વીકાર્યો છે પરંતુ પોતાના નિયમ-ધર્મ કે સિદ્ધાંતોના ભોગે નહીં. આવો તેઓના જન્મ શતાબ્દી અવસરે આપણે પણ સદાચારના મૂળને વળગી ઉન્નત જીવન માટે બદલાવને અપનાવી શકીએ તેવી પ્રાર્થના.

jivanmangalam@gmail.com



ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

ભરતનાં હૃદયમાં અપ્રગટ રામપ્રેમ છે, તે રામાયણ દ્વારા પ્રગટ થયો છે

આધ્યાત્મિક ક્ષુધાને તૃપ્ત કરવા માટે રામકથાનું શ્રવણ કરવું આવશ્યક

ભારતીય પરંપરામાં દિવાળીનું અનેરું મહત્ત્વ છે. આપણે દીપોની હારમાળા સર્જીએ છીએ. ભગવાન શ્રીરામનું સ્મરણ દિવાળી પ્રસંગે કરવામાં આવતું હોય છે.



રામાયણ એ ભગવાન શ્રીરામનું વાંગ્મય સ્વરૂપ છે. આપણે ત્યાં તો અન્નને પણ બ્રહ્મની ઉપમા અપાઈ છે. માટે જ આપણે ત્યાં રામરોટી શબ્દ છે. અહીં તો રામકથારૂપી રોટી છે, તેમાં ભરતના રામપ્રેમરૂપી પીયૂષ-અમૃત વગર આવી રોટી શક્ય ન બને અર્થાત્ તૃપ્તિ ન આવે. એ જ રીતે રામકથારૂપી રોટી દ્વારા આધ્યાત્મિક ક્ષુધાને તૃપ્ત કરે છે.

હનુમાનજી જ્યારે લંકા પહોંચ્યા ત્યારે સીતાજીની શોધમાં તેઓ હતા ત્યારે તેમને વિભીષણનું ભવન મળ્યું. હનુમાનજીએ ત્યારે વિચાર કર્યો કે રામદૂત મળી ગયા છે તો સીતાજીના દર્શન થશે જ. વિભીષણે હનુમાનજીને પૂછ્યું કે મને ભગવાન શ્રીરામના દર્શન ક્યારે થશે? એ પ્રશ્નનો ઉત્તર આપતા હનુમાનજીએ કહ્યું કે જેઓ ભગવાન રામનું કાર્ય કરે છે, તેમને ચોક્કસ ભગવાન રામના દર્શન થશે. જેઓ ભગવાનનું કાર્ય કરે છે, તેમના ઉપર ભગવાન પ્રીતિ કરે છે અને સેવકો ઉપર ભગવાનની પ્રસન્નતા અહેતુકી હોય છે.

સત્સંગ વગર સેવા કલુષિત થઈ જાય છે કારણ કે સત્સંગ વગર આપણે આપણા દુર્ગુણોથી પરિચિત થતા નથી. અત્યારે બધાં શાંતિ માટે જ તરસીએ છીએ. અત્યારની આ અશાંતિ એ આપણી પોતાની જ ઊભી કરેલી છે. ભલે એ વૈયક્તિક હોય, સામાજિક હોય, વૈશ્વિક હોય. દ્વારકાવાળો અમથો સુદામાને મળવા માટે દોડે નહીં. એ સુદામાની યોગ્યતા છે. આવી શાંતિ ક્યાંથી આવે, એ શાંતિ સત્સંગના સાતત્યથી આવે. સત્સંગ કેવલ ઉપદેશના રૂપમાં નથી એ તો ઉપચાર છે. એ સંદર્ભે લેશું તો કેવલ સાત્ત્વિક મનોરંજન રહેશે.

રામાયણ અને મહાભારત એ ઇતિહાસ માત્ર નથી, પરંતુ આધ્યાત્મિકતાની ઉચ્ચ કક્ષાએ આવા ગ્રંથ દર્પણ છે, જેમાં વ્યક્તિએ સ્વયંના દર્શન કરવાના છે. વર્તમાન સમયમાં ધર્મક્ષેત્ર, શિક્ષણક્ષેત્ર, ચિકિત્સાક્ષેત્રે, પત્રકારત્વનું ક્ષેત્ર એક મિશન-સેવાયજ્ઞના રૂપમાં કામ કરે તે ઇચ્છનીય છે કેમ કે વ્યવસાયથી સેવા ન થાય. યાદ રહે, પાંડવો ભલે પાંચ હતા, પરંતુ પાંડવોની સાથે શ્રીકૃષ્ણ હતા અને શ્રીકૃષ્ણના આશીર્વાદે જ તેમની જીત સુનિશ્ચિત કરી હતી.

રામાયણમાં ભરતજીનું વ્યક્તિત્વ પ્રેમનું છે. રામજીનો વનવાસ થયો તે પૂર્વેથી તેઓ રામપ્રેમી હતા, પરંતુ વનવાસ પછી જ લોકોને ભરતના રામપ્રેમની સાચી સમજ મળી. રામજીના વનવાસ સંદર્ભે અનેક લોકોના અભિપ્રાય છે. જેમ કે માતા કૈકેયી માટે રામ વનમાં ગયા, કોઈ કહે રઘુવંશની પરંપરા જાળવવા તેઓ વનમાં ગયા તો કોઈ કહે કે દેવતાઓનું કાર્ય સિદ્ધ કરવા વનમાં ગયા, પરંતુ તુલસીદાસજી વિશિષ્ટ વાત કરે છે કે ભરતના હૃદયમાં જે ગુપ્તપ્રેમ હતો કે પ્રેમરૂપી અમૃત હતું. તેનું સમુદ્રમંથન કરવા તેઓ વનમાં ગયા હતા. ભરતનાં હૃદયમાં અપ્રગટ રામપ્રેમ છે, તે રામાયણ દ્વારા પ્રગટ થયો છે.

ભરતનું જીવન પણ સમુદ્ર જેવું ગંભીર છે. ભીતરથી ગંભીર છે. લક્ષ્મણજીનો રામપ્રેમ સૌને દેખાતો હતો, પરંતુ ભરતજીનો રામપ્રેમ સૌને દેખાતો નહોતો. ભરતજીના ગુપ્તપ્રેમને પ્રગટ કરવા માટે મંથન જરૂર છે, કેમ કે સમુદ્ર અગાધ છે. લક્ષ્મણજીનું વ્યક્તિત્વ આકાશરૂપ છે. જ્યાં ત્યાગ-સમર્પણની ઊંચાઈ છે તો ભરતજીનું વ્યક્તિત્વ ઉદધિ જેવું, ઊંડાણ છે. પ્રેમમાં ઊંડાણ છે. ધીર-ગંભીર છે. ભરતજી સમાજથી જરા અલગ ચાલે છે.

તુલસીદાસજી કહે છે જો ત્રણ વસ્તુ નહીં હોય તો કથા ભલે સાંભળી લીધી, પરંતુ સમજાશે નહીં.

जे श्रद्धा संबल रहित, नहिं संतन्ह कर साथा ।
तिन्ह कहु मानस अति जिन्ह हिं न प्रिय रघुनाथ ।।

એક શ્રદ્ધાનું સંબલ, બીજી સંતોનો સાથ અને ત્રીજી શ્રીરામ ચરણોમાં પ્રેમ.

કથાબિંદુ

મુનિ રાજપુણ્ય વિજય

પ્રભુનો અંતિમ ઉપદેશ

દીપાવલીનો પાવન દિવસ... મહાવીર સ્વામી ભગવાનના નિર્વાણ કલ્યાણકનો દિવસ... મહાવીર સ્વામીના અંતિમ સમયની એક અનુપમ ઘટના છે...

પ્રભુના નિર્વાણના એક સમય પછી ક્રૂર સ્વભાવવાળો બે હજાર વરસની સ્થિતિવાળો ભસ્મરાશિ નામનો દુષ્ટ ગ્રહ પ્રભુના ઉત્તરાફાલ્ગુની નામના જન્મનક્ષત્રમાં સંક્રાન્ત થવાનો હતો. આ ભસ્મરાશિના ક્રૂર પ્રભાવથી સૌને બચાવી લેવા ઇન્દ્ર મહારાજાએ પ્રભુને વિનંતી કરી: 'હે કરુણાનિધાન પ્રભુ! મારી આપને ભાવસભર વિનંતી છે કે આપ માત્ર એક ક્ષણ માટે આપનું આયુષ્ય વધારી દો. જેથી આપના નિર્વાણ પછી તરત જ આપની જન્મરાશિમાં પ્રવેશતો ભસ્મરાશિ નામનો ક્રૂર ગ્રહ ભવિષ્યમાં કોઈને નુકસાન નહીં કરી શકે! આપ તો ત્રણ લોકના નાથ છો... સ્વયં સમર્થ છો... આપ ચાહો તે કરી શકો છો... તો પ્રભુ સૌના ઉપકાર માટે આટલું આપ કરો.'

પ્રભુએ ઇન્દ્રને કહ્યું: 'શક્ર! તમે સુજ્ઞ છો, છતાં આવી વિનંતી કરો છો...! મને ખ્યાલ છે કે તમારી ભીતર પરોપકારભાવ પરાકાષ્ઠાનો છે, એટલા માટે જ કહી રહ્યા છો, પણ સર્વસમર્થ તીર્થંકર ભગવંતનું પણ આ સામર્થ્ય નથી કે તેઓ ક્ષીણ થઈ રહેલા આયુષ્યમાં એક ક્ષણની પણ અભિવૃદ્ધિ કરી શકે!' બસ, ઇન્દ્રને અંતિમ ઉપદેશ આપી અલ્પ સમયમાં દીપાવલીની રાત્રિએ પ્રભુનું નિર્વાણ થયું.

આપણને મળેલા આયુષ્યમાં સ્વયં પરમાત્મા પણ જો એક ક્ષણની અભિવૃદ્ધિ કરી શકતા નથી, તો આપણે પામર જીવો તો શું કરી શકવાના! મળેલી અમૂલ્ય ક્ષણોને શુભ કાર્યો દ્વારા યથાશક્ય વધુ સાર્થક કરવાનો આપણે પ્રયાસ કરીએ.



જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

હળવાફૂલ રહેવાની તરકીબ એ છે કે આપણે કામને કદી ઠેલીએ નહીં

નૂતન વર્ષે જીવન માણવાની જડીબુટ્ટી

મુંબઈમાં એક વ્યક્તિને પૂછ્યું કે દાદરથી બોરીવલ્લી કેટલું દૂર છે? જવાબ મળ્યો '25 મિનિટ!' પ્રશ્ન અંતરના સંદર્ભમાં પુછાયો હતો પણ જવાબ સમયનાં પરિમાણમાં મળ્યો. એટલું જ નહીં તે સજ્જને સામું ઉમેર્યું કે 'અહીં લોકો ઘડિયાળના કાંટે દોડે છે. આમ જોઈએ તો માણસ સમયની પાછળ દોડે છે અને બીજી રીતે જોઈએ તો કાળ માણસની પાછળ પડ્યો છે. 'ડેડલાઈન'એ માણસને જીવતા મારી નાખે તેવી દશા ઊભી કરે છે. મહિનો હજુ તો પૂરો થયો ન હોય અને વીજળીનું બિલ, કરિયાણાનું બિલ, ઘરના ભાડાનો ખર્ચો, કામવાળાના પગારનાં બિલ ડોકિયાં કરવા માંડે, સાથે સાથે જે કંઈ કામધંધો કરતાં હોય ત્યાં ઉપરીઓ કામની ઉઘરાણી કરવા માંડે. વળી, સંબંધો સાચવવામાં પણ કાળ તો આડો ઊભો જ છે. અગત્યની તારીખો ભૂલી જવાય તો સ્નેહીઓની નારાજગી વહોરવી પડે! સતત સમયની મર્યાદાઓને પહોંચી ન વળતા માણસ એવું અનુભવે છે કે જાણે હવે બહુ થયું! અને આ સ્ટ્રેસની અસર થાય છે પારિવારિક જીવન પર, શરીરના સ્વાસ્થ્ય પર, કાર્યક્ષમતા પર, અસરકારકતા પર, રચનાત્મકતા પર. પણ આ બધી ચિંતાઓને સાથે ચુમાઈને માણસ રાતે સૂઈ જાય છે અને નવી સવારે પાછો લડવા તૈયાર થઈ જાય છે. પરાણે તો પરાણે, કારણ બીજો કોઈ વિકલ્પ પણ નથી હોતો ને!




પરંતુ શું ભગવાને આપેલી આ અદ્ભુત જિંદગી બધાને આ જ રીતે જીવવાની ફરજ પડે છે, કે પછી જીવન માણવાની કોઈ જડીબુટ્ટી છે? હા, આ દુનિયામાં એવા મહાપુરુષો થઈ ગયા છે અને આજે પણ છે કે જેમણે જીવનને માણ્યું છે. તેમની પાસે પણ દિવસ 24 કલાકનો જ હતો. તેમને પણ ગંજાવર કાર્યોની જવાબદારીઓ માથે હતી. સેંકડો લોકોના મન હૃદયને સાચવીને તેમણે જીવનને ન્યાય આપ્યો છે. તો તે કેવી રીતે સંભવ બન્યું? વિશ્વવંદનીય સંત પ્રમુખસ્વામી મહારાજના જીવનમાં માનવજાતને ગૂંચવતા આ કોયડાનો ઉકેલ છે. કદાચ કોઈને લાગે કે તેમને વ્યાવહારિક અનુભવ કેટલો? પરંતુ તેમણે 10 લાખથી વધુ ભક્તોના મન અને હૃદય સાચવ્યાં છે. વ્યાસપીઠ પરથી ખાલી ઉપદેશામૃત આપવા પૂરતો તેમનો ભક્તો સાથેનો સંબંધ મર્યાદિત ન હતો. લાખો ભક્તોનાં સુખ-દુઃખના પ્રસંગોમાં હાજર રહ્યા છે, સમાધાન કરાવ્યાં છે. અધરાતે-મધરાતે જાગીને સળગતા પ્રશ્નોને ઠાર્યા છે. 1100થી વધુ સંતોની જવાબદારી, દેશ-વિદેશમાં સેવાભક્તિથી ધમધમતાં 1200થી વધુ મંદિરો, 162થી વધુ સામાજિક પ્રવૃત્તિઓ સાથે સતત 66 વર્ષ સુધી એકધારું BAPS સંસ્થાનું સફળ સુકાન સંભાળ્યું છે. પણ આ બધું કરવા છતાં તેમની વિશેષતા એ રહી કે તેઓ હળવાફૂલ રહેતા. વહેલી સવારે છ વાગે જેવા પ્રફુલ્લિત રહેતા તેવા જ રાતે 10.30 વાગે સૂવા સમયે-જોવા મળે! તો શું હતું તેમની આ સ્થિતિનું રહસ્ય?

પ્રમુખસ્વામી મહારાજ હંમેશાં કહેતા, 'જે કાર્ય અત્યારે કરવાનું હોય તે કાર્ય એક સેકન્ડ પછી કરવાનો વિચાર આવે તે પણ આળસ.' આ હતી તેમની જીવનશૈલી. મોટે ભાગે સરેરાશ વ્યક્તિના જીવનમાં સ્ટ્રેસ હોય છે બાકીનાં કામોનો. માનવીય સ્વાભાવિકતા કેવી છે કે જ્યારે સમય હોય ત્યારે ગંભીરતા ન હોય, ત્યારે ફાજલ પ્રવૃત્તિઓમાં સમય વેડફી નાખે. પરંતુ પ્રમુખસ્વામી મહારાજના જીવનમાં આયોજન જોવા મળતું. તેઓ એક એક સેકન્ડનો યથાર્થ ઉપયોગ કરી જાણતા. પોતાના જીવન દરમિયાન સાડા સાત લાખથી વધુ પત્રોના તેમણે પ્રત્યુત્તર આપ્યા છે. એટલે કે સરેરાશ દિવસના 60થી 70 પત્રો. આટલી પ્રવૃત્તિ અને ભીડભર્યા વિચરણમાં તેમણે ક્યારે સમય કાઢ્યો હશે! જવાબ છે કે તેમણે એક એક સેકન્ડનો ઉપયોગ કર્યો છે. ડેન્ટિસ્ટ પાસે ગયા ત્યારે ડૉક્ટરને દાઢ જોવાની હતી, 2-3 મિનિટ માટે ડૉક્ટર બહાર ગયા ત્યાં સુધીમાં તેમણે પત્રવાંચન શરૂ કરી દીધું. સવારે ઊઠે અને દાતણ કરતા હોય ત્યારે એક સંત સામે બેસી પત્રવાંચન શરૂ કરી દે. હજારોની સભામાં બેઠા હોય અને સાથે સાથે પત્રોનું કાર્ય ચાલે. એટલું જ નહીં પરંતુ તેઓ શીખવતા કે આપણને જ્યારે કામ સોંપવાનું કીધું હોય તેના એક દિવસ પૂર્વે આપી દઈએ તો તે કામ સોનાનું કહેવાય. આ હતી તેમની જીવનશૈલી. જે પોતાની જાત સાથે આટલી કર્મઠતાપૂર્વક કાર્ય લેતા હોય તેના જીવનમાં સ્ટ્રેસ આવવાની સંભાવનાઓ ઓછી થઈ જાય છે. કહેવાય છે ને કે પ્રેક્ટિસના સમયમાં જેટલો પરસેવો વધુ રેડ્યો હોય તેટલું યુદ્ધના સમયમાં લોહી ઓછું રેડવું પડે.

પણ સાથે સાથે વાસ્તવિકતા એ પણ છે કે ભલે આપણે નિષ્ઠાપૂર્વક ફરજ બજાવતા હોઈએ તેનો અર્થ એ નથી કે આપણા જીવનમાં તણાવ ઉપજાવે તેવા સંજોગો આવશે જ નહીં. તો જીવનમાં બનતા અમુક આકસ્મિક સંજોગો આપણા હાથમાં નથી. ત્યારે ઊભા થતા સ્ટ્રેસને કેવી રીતે દૂર કરવો? તેનો ઉપાય છે ભગવાનમાં શ્રદ્ધા. એમની ઉપર છોડી દઈએ. પ્રમુખસ્વામી મહારાજને જ્યારે પ્રશ્ન પૂછવામાં આવતો કે આટલી બધી જવાબદારી વચ્ચે આપ આટલા હળવાફૂલ થઈને કેવી રીતે કાર્ય કરો છો? ત્યારે બહુધા તેઓ તરફથી એક જ જવાબ મળતો, 'ભગવાન કર્તા છે, આપણે તો ઇન્સ્ટ્રુમેન્ટ છીએ, વગાડનાર તો ભગવાન છે.' ઘણી વખત તેઓ પોતાના ગુરુ શાસ્ત્રીજી મહારાજે કહેલ વાત યાદ કરતા કે માથે પાણીનો એક ઘડો હોય તો ભાર લાગે અને દરિયામાં ડૂબકી મારીએ અને ગેલનોનું ગેલન પાણી માથાં પર હોય પણ ભાર લાગતો નથી. તેમ જો આપણે 'હું કરું છું' એવા ભાવથી કરીશું તો ભાર લાગશે. પણ જો ભગવાનને આગળ રાખીને, ધારીને કરીશું તો ગમે તેટલો કાર્યભાર લઈને બેઠા હશો તો પણ ભાર નહીં લાગે.

તો નૂતન વર્ષે હળવાફૂલ રહેવાની આ છે તરકીબ-કામને ઠેલીએ નહીં, અને જે આપણા હાથમાં નથી તે ભગવાન પર વિશ્વાસ રાખી તેમના ઉપર છોડી દઈએ કે આપણું સારું જ કરશે.

jivanmangalam@gmail.com



ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

સંસારમાં વધારે સુખસુવિધા હોય તો પણ વ્યક્તિને મુક્તિની ઈચ્છા જાગતી નથી

ઉત્પાત બંધ કરી દઈએ તો શાશ્વત શાંતિ આપોઆપ મળી જાય

પરમાત્મા જે સુખ, શાંતિ અને આનંદ સ્વરૂપ છે, જે સુખરાશિ છે, જે સ્વયં શાંત સ્વરૂપ છે, તેને કેમ પ્રાપ્ત કરવા? તેનો ઉપાય દર્શાવે છે. માટે શાશ્વત શાંતિ માટે કંઈ વિશેષ કરવાનું રહેતું નથી, પરંતુ મનુષ્ય જે ઉત્પાતો કરે છે, એ બંધ કરી દે તો શાશ્વત શાંતિ આપોઆપ મળી જ જશે. પાપનો તાપ બુઝાવવાને બદલે તે પુણ્યનો બરફ પોતાની પાસે રાખે તે જરૂરી છે.

એક પ્રસંગ તમને કહું છું. એક ચોર જેલમાંથી છૂટ્યો. કોઈ આશરો હતો નહીં અને વરસાદ જોરથી વરસી રહ્યો હતો. બે ટંક ખાવાના સાંસા હતા. એને વિચાર આવ્યો કે જેલમાં તો સમયે સમયે ખાવાનું તો મળતું હતું. સમય થાય એટલે સૂઈ જવાનું. જે કામ કરાવે એ કરવાનું. સમય થાય એટલે થાળી, વાટકા લઈ લાઇનમાં ઊભા રહી જવાનું. ત્યાં ભોજન તો સમયસર મળતું હતું. હવે શું થશે? એ નક્કી નથી. ચોર જેલમાંથી બહાર આવીને મુશ્કેલીમાં મુકાઈ ગયો. એને થયું કે 'આપણને નહીં ફાવે, આપણે પાછા હતા ત્યાં ચાલ્યા જઈએ એ જ બરાબર છે. કારાગૃહને પોતાનું ઘર માનીને બેઠા હોય તેવા લોકોને બહાર ગોઠે નહીં. હવે અંદર તો એમને કેમ જવાય? એ તો રહી જેલ, અપરાધ કરવો પડે, ગુનો કરવો પડે.

ચોરે વિચાર કર્યો. એકાદ ગુનો કરી નાખું. જોરથી વરસાદ પડતો હતો, એક બહેન એક હાથમાં થેલી અને બીજા હાથમાં છત્રી લઈ અડધા ભીંજાતાં પોતાની જાતને બચાવતા થેલી સંભાળતા આવતા હતા. ચોરને થયું આ બહેનની છત્રી લઈને ભાગું. બાજુમાં જ પોલીસ સ્ટેશન છે. છત્રી લઈને ભાગીશ અને બહેન બૂમો પાડશે 'ચોર.. ચોર...' એટલે પોલીસ મને તરત પકડી લેશે. હું ઝડપથી નહીં ભાગું, ધીમેથી ભાગીશ. પોલીસ આવશે અને હું પકડાઈ જઈશ. છત્રી બહેનને પાછી મળશે. મને મળશે જેલ.



હવે બહેન જેવાં નજીક આવ્યાં, એટલે ચોરે છત્રી આંચકી અને તે ભાગ્યો. પચાસ-સાંઠ ડગલાં દોડ્યો તોય બહેન કંઈ બોલ્યાં નહીં. ચોરને થયું કે આ બહેન કેમ બોલતાં નથી? 'ચોર... ચોર...' એમ બૂમ તો પાડવી જોઈએને? એ પાછો ફર્યો. બહેન તો એની સામે જોતાં જોતાં હસવાં લાગ્યાં. વરસતા વરસાદમાં ચોરને પરસેવો વળી ગયો. તેને થયું કે કંઈ સમજાતું નથી, છત્રી લઈને ચોરે પૂછ્યું કે તમે કેમ કંઈ બોલ્યા નહીં? ત્યારે તે બહેન બોલ્યાં કે તમારી આ છત્રી હોય તો તમે લઈ જાવ. એટલે કે તે બહેન પણ કોઈની છત્રી પરબારી જ ઉપાડી લાવ્યાં હતાં, તેથી કહે છે કે તમારી હોય તો તમે લઈ જાવ. એમાં શું વાંધો છે? લઈ જાઓને તમે પ્રેમથી? ચોરે કપાળ કૂટ્યું. જેના ભાગ્ય ફૂટેલાં હોય એ જેલમાં જવા માગે તો પણ તે ન જઈ શકે. એટલે કે કારાગારની સુવિધા, મુક્તિની ઈચ્છાને જાગૃત થવા દેતી નથી. એ જ રીતે સંસારમાં પણ વધારે પડતી સુવિધા અને સુખ હોય તો પણ ઘણીવાર વ્યક્તિને મુક્તિની ઈચ્છા જાગતી નથી.

મારે તો સૌને એટલું જ કહેવું છે કે પૂજા, પાઠ વગેરે છે, તે બરફની જેમ છે, તે તમારા અંતરાત્મા જે તાપથી તપી રહ્યો છે, તેને ક્ષણવાર માટે તો શાંત કરી દેશે, પરંતુ જો તમારા વિચારોમાં ઠંડક અને અંદરથી દાહ શાંત નહીં થાય તો તે તમને કાયમી શાંતિ આપી શકશે નહીં. ઘણાં લોકોને પૂછીએ તો કહે કે દોઢેક વર્ષ માળા કરી તે કરવાથી શાંતિ મળતી હતી, પરંતુ હવે મળતી નથી. એટલે તેનું કારણ એ છે કે પુણ્યનો બરફ હતો એ પીગળી ગયો, પાણી થઈ ગયો. નીચે તાપ તો એવો ને એવો જ રહી ગયો છે, માટે પાણી ઊકળવા માંડ્યું છે. એટલે કહેવાનું તાત્પર્ય એ છે કે પુણ્ય કદાચ ન થાય તો કંઈ વાંધો નહીં, પરંતુ પાપ તો ન જ કરવા અને કરતા હો તો તેના ઉપર પૂર્ણવિરામ મૂકી દેવું.

કથાબિંદુ

મુનિ રાજપુણ્ય વિજય

ગુજરાતનું પ્રથમ સંસ્કૃત વ્યાકરણ

કાર્તિક પૂર્ણિમાનો દિવસ એટલે ગુજરાતની અસ્મિતાના આદ્ય ઉદ્‌ગાતા કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યજીનો જન્મદિવસ, તો આજે તેમના જીવનની એક અનુપમ ઘટના જોઈએ. માળવા જીતીને ગુજરાતના રાજા સિદ્ધરાજ જયસિંહે ગુજરાતમાં પ્રવેશ કર્યો. માળવાની ધારા નગરીનો સંપૂર્ણ જ્ઞાનભંડાર પાટણ આવ્યો. ભંડારમાંથી રાજા ભોજ દ્વારા લિખિત 'સરસ્વતી કંઠાભરણ' નામનો સંસ્કૃત વ્યાકરણનો ગ્રંથ હાથમાં લીધો. સિદ્ધરાજ સહજ વિચારવા લાગ્યા કે માલવાનો આ વ્યાકરણનો ગ્રંથ છે, તેવો ગુજરાતનો ગ્રંથ કેમ નથી?

સિદ્ધરાજે બીજા દિવસે રાજસભામાં બેઠેલા સૌ વિદ્વાનોને કહ્યું: 'માળવાના ભોજ દ્વારા રચાયેલા વ્યાકરણ જેવું વ્યાકરણ ગુજરાતના કોઈ વિદ્વાન રચે, તેવી મારી ઈચ્છા છે.' કહી વિશાળ સભામાં બેઠેલા અનેક સમર્થ વિદ્વાનો તરફ તેમણે દૃષ્ટિ કરી, પણ રાજાનો દૃષ્ટિપાત થતા જ સૌ વિદ્વાનોએ પોતાની દૃષ્ટિ નીચે ઢાળી દીધી. આખરે કોઈ વિદ્વાનની સંમતિ ન મળતા અંતે સિદ્ધરાજે જૈનાચાર્ય શ્રી હેમચંદ્રાચાર્યજી તરફ જોયું. તેઓની નજર ઢળેલી ન હતી. આંખોથી આંખો મળી, અને હેમચંદ્રાચાર્યજીએ સામેથી તે આહ્‌વાનનો સ્વીકાર કર્યો. ગુજરાતના સ્વાભિમાનને અખંડ રાખતા તેઓ બોલ્યા: 'રાજન્! હું ભોજના વ્યાકરણ કરતાં પણ સવાયા વ્યાકરણની રચના કરીશ!'

કલિકાલસર્વજ્ઞ જૈનાચાર્યશ્રીએ માત્ર એક જ વર્ષમાં સવાયા નહીં પણ ડબલ સારા વ્યાકરણની રચના કરી. આ વ્યાકરણ સવા લાખ શ્લોક પ્રમાણ બન્યું, અને નામ આપ્યું: 'સિદ્ધ-હેમશબ્દાનુશાસનમ્'. સિદ્ધરાજ ખૂબ ખુશ થયા. હાથીની અંબાડી ઉપર મૂકી ધામધૂમથી રાજમાર્ગો ઉપર ફેરવી તેને રાજસભામાં લઈ ગયા. પછી સેંકડો લહિયાઓને બેસાડી તેની હજારો નકલ કરાવી, અને તે નકલો અનેક દેશોમાં તથા અનેક રાજ્યોમાં મોકલાવી. દેશ-વિદેશના સમસ્ત વિદ્વાનોએ ગુજરાતના ગૌરવ સમા આ પ્રથમ સંસ્કૃત વ્યાકરણની મુક્તકંઠે પ્રશંસા કરી!




જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

આપણાં બાળકોની ગેરવર્તણૂકથી ગ્લાનિ ન પામીએ પણ જાગૃત બનીએ

ઊઠ જાગ મુસાફિર ભોર ભઈ

કાર્સન દરરોજ સારાં પુસ્તકો વાંચે અને તેનો સાર માતાને કહેવા લાગ્યા. સારા વાંચનથી તેમનામાં ધીમે ધીમે પરિવર્તન આવવા લાગ્યું અને ભણવામાં પણ રસ કેળવાવા લાગ્યો. આને લીધે તેમને ડૉક્ટર થવાનો સંકલ્પ જાગ્યો અને તેઓ અમેરિકાના શ્રેષ્ઠ ન્યૂરોસર્જન થયા



ડૉ. બેનકાર્સન

અમેરિકાના નામાંકિત ન્યૂરોસર્જન ડૉ. બેન કાર્સનની વાત છે. તેઓ નાના હતા ત્યારે ખૂબ તોફાની અને ઝનૂની સ્વભાવના હતા. એકવાર પોતાના મિત્ર સાથે ઝઘડો થતાં તેમણે પોતાના મિત્રને જ ચપ્પુ મારી દીધું. સદ્‌ભાગ્યે મિત્ર બચી તો ગયો પણ આ વાતની જાણ થતાં કાર્સનની માતાને આંચકો લાગ્યો.

તેમણે પોતાના દીકરાને સુધારવાનો વિચાર કર્યો. પતિ પાસેથી છૂટાછેડા પામેલા તેઓ 16 કલાક નોકરી કરીને ઘરનું ગુજરાન ચલાવતાં. આવી પરિસ્થિતિમાં શું કરવું? પણ તેમણે એક રસ્તો શોધી કાઢ્યો. તેમણે સૌપ્રથમ સારાં પુસ્તકો ઘરમાં વસાવ્યા અને ત્યાર પછી કાર્સનને કહ્યું, 'તારે દરેક પુસ્તક વાંચીને એમાંથી મને બધા જ પ્રસંગો કહેવાના, મેં આ બધાં જ પુસ્તકો વાંચેલાં છે.' (જોકે, માતાએ કોઈ પુસ્તકો વાંચ્યાં નહોતાં તેની જાણ કાર્સનને પછીથી થઈ હતી.)

કાર્સન દરરોજ સારાં પુસ્તકો વાંચે અને તેનો સાર માતાને કહેવા લાગ્યા. સારા વાંચનથી તેમનામાં ધીમે ધીમે પરિવર્તન આવવા લાગ્યું અને ભણવામાં પણ રસ કેળવાવા લાગ્યો. આ વાંચનને લીધે તેમને ડૉક્ટર થવાનો સંકલ્પ જાગ્યો. અને સમય જતા તેઓ અમેરિકાના શ્રેષ્ઠ ન્યૂરોસર્જન થયા.

આવો જ એક બીજો પ્રસંગ છે સોહનસિંહનો. ઘણાં વર્ષો પહેલાં ચંબલના ખૂંખાર ડાકુ સોહનસિંહ સરકારને શરણે આવ્યો હતો. જ્યારે 37 વર્ષની ઊંમરે તેણે શરણાગતિ સ્વીકારી ત્યારે તેના માથે 108 ખૂનનો આરોપ હતો.

તેની માતાને જ્યારે પૂછવામાં આવ્યું, 'સોહનસિંહ આવો કેમ થયો?' ત્યારે તેની માતાએ કહ્યું, 'તે જ્યારે નાનો હતો અને ઘૂંટણિયે ચાલતા શીખ્યો ત્યારથી કીડી-મંકોડા મારતો હતો, પણ મેં તેને વાર્યો નહીં. તે જ્યારે આઠ વર્ષનો થયો ત્યારે કુરકુરિયાં મારી નાખતો તો પણ મેં ન વાર્યો. તે જ્યારે 12 વર્ષની ઉંમરે પહોંચ્યો ત્યારે તેણે પ્રથમ ખૂન કર્યું, છતાં મેં તેને વાર્યો નહોતો. પરિણામસ્વરૂપે અત્યારે 37 વર્ષની ઊંમરે તેણે 108 ખૂન કરી નાખ્યા.'

ઉપરોક્ત બંને પ્રસંગોમાં મહત્ત્વની બાબત એકસરખી છે અને એક અતિ અગત્યની બાબતમાં તફાવત છે. સમાન બાબત એ છે કે, સોહનસિંહ અને બેન કાર્સન–બંને નાના હતા ત્યારે ખૂબ હિંસક વૃત્તિના હતા.

પણ અસમાન બાબત એ છે કે, એક મોટા થઈને પ્રસિદ્ધ ન્યૂરોસર્જન થયા અને બીજા મોટા થઈને ખૂંખાર ડાકુ થયા. આવો ફરક પડી ગયો, એનું કારણ શું છે ? તો જવાબ છે, બંનેની માતાઓની જાગૃતિનો ભેદ.

એકની માતા જાગી ગઈ તો એનો દીકરો ન્યૂરોસર્જન થયો અને બીજાની માતા સૂતી રહી તો એનો દીકરો ડાકુ થયો. અત્યારે મોટા ભાગના વાલીઓનો વલોપાત વાણી દ્વારા વહે છે, 'આજકાલ છોકરાંઓ બગડી ગયા છે.' 'કોઈનું સાંભળતા નથી.' 'આજના જમાનામાં છોકરાંઓને કશું કહેવાતું પણ નથી.' આવાં વાક્યોનાં તો પાનાંઓ ભરાય, એટલી બધી ફરિયાદ વાલીઓનાં અંતરમાં હોય છે. વાલીઓનો દાવો સાચો હશે, એમાં બેમત નથી, પણ હવે કરવું શું ? તો પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ એમના જીવન દ્વારા શીખવતા કે, ફરિયાદ કરવાને બદલે આપણે જાગી જવું.


It is better to light a candle than to curse the darkness. પ્રમુખસ્વામી મહારાજ બાળમાનસને પારખી તેમને સંસ્કાર આપવાનું અભૂતપૂર્વ કાર્ય કરતા. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ 2017ની સાલમાં ગાંધીનગર સ્થિત અક્ષરધામના રજત જયંતી અવસરે કહ્યું હતું, 'પ્રમુખસ્વામી મહારાજ લંડનમાં મંદિર બનાવે તો એમને ખબર હોય કે અહીં જે રીતે બાળકોનો ઉછેર થયો છે તેના માટે તો મંદિરમાં જિમ્નેશિયમ બનાવવું જ પડે.'

સ્વામીશ્રીએ ફરિયાદ ન કરી કે પરદેશમાં પાંગરતી બાળ-યુવા પેઢી બગડી ગઈ છે અને મંદિરે આવતી નથી. તેમણે આ પ્રશ્નમાંથી બહાર આવવાનો રસ્તો શોધી કાઢ્યો કે રમવાનાં બહાને પણ બાળકો-કિશોરોના પગ મંદિર બાજુ મંડાશે તો ભવિષ્યમાં તેઓ સત્સંગ કરવા પણ મંદિરમાં એકત્રિત થશે. આ હતી તેમની જાગૃતિ. તેમની જાગૃતિના પરિપાકરૂપે આજે દેશ વિદેશમાં હજારો બાળમંડળો કાર્યરત છે, જેનો પનો આદિવાસી વિસ્તારોથી લઈને અમેરિકા સુધી વિસ્તરેલો છે.

આ બાળમંડળો દ્વારા લાખો બાળકો સંસ્કાર, સદાચાર અને શિક્ષણ સંબંધી પ્રેરણાઓ પ્રાપ્ત કરે છે. આજે આપણે સંતાનોના સંસ્કારોના ધોવાણથી વ્યથિત થઈએ છીએ, આપણે બાળકોની ગેરવર્તણૂકથી ગ્લાનિ પામીએ છીએ પણ શું કામ આપણે એની સામે જાગૃત ન થઈએ? એવી જાગૃતિનો સમય હવે પાકી ગયો છે...

ઊઠ જાગ મુસાફિર ભોર ભઈ,
અબ રૈન કહા જો સોવત હૈ ...

jivanmangalam@gmail.com



ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

પ્રત્યેક કર્મનું કોઈને કોઈ કારણ હોય છે. કારણ વિના કોઈ પરિણામ નથી હોતું

ચાલો! નવા વર્ષે આપણે જીવનમાં કૃતજ્ઞતાનો ભાવ અપનાવીએ

પ્રાર્થનાનો ભાવાર્થ કરીએ તો ભગવાનનો આભાર માનવો પણ થાય છે. સામાન્ય રીતે આપણે વ્યવહારકુશળ છીએ એટલે આભાર માનવો એ માનવ પૂરતું કે જરૂરિયાત પૂરતું રાખીએ છીએ. જોકે, જો આપણે આધ્યાત્મિક જીવન જીવતા હોઈએ તો માત્ર માનવ જ નહીં, સમગ્ર સમષ્ટિ માટે આભારની લાગણી પ્રગટવા લાગે. આપણે વ્યક્તિગત સ્વાર્થ માટે નહીં, પરંતુ નિઃસ્વાર્થપણે ભગવાનની પણ પ્રાર્થના કરવી જોઈએ. અનેક ઉદાહરણો ભારતીય પરંપરામાં ઉપલબ્ધ છે, જ્યાં આપણે માટે વડીલોનું જીવન ઉદાહરણરૂપ બને છે. જ્યારે કૃતજ્ઞતાનો ભાવ જન્મે છે ત્યારે સામા પક્ષે અથવા કોઈનાય માટે ફરિયાદ રહેતી નથી.



એક સંતે તો કહ્યું છે કે મને ભૂખ લાગી એ પહેલાં જ તે અનાજ ઉત્પન્ન કરી દીધું છે અને મને તરસ લાગી તે પહેલાં તે પાણીનું નિર્માણ પણ કરી રાખ્યું છે. મારા આલોક અને પરલોકને ભગવાન તમે સુધારો છો. મારું આ જીવન શાંતિમય અને સુખમય બને તે માટે તમે માર્ગદર્શન કરો છો. પિતા તેનાં સંતાનને માત્ર ભોજન જ નથી કરાવતો, પરંતુ તેના સંતાનને એ પણ શીખવાડે છે કે શું કરવું અને શું ન કરવું? એટલે કે પિતા પોષણ પણ કરે, રક્ષણ પણ કરે અને શિક્ષણ પણ આપે છે.

એક સંત હતા. તેમને તરસ લાગે અને કોઈ પાણી લાવે તો એ પાણીનો ગ્લાસ હાથમાં પકડે તો તેની આંખમાં પાણી આવે કે 'વાહ! પ્રભુ શું તારી કૃપા છે! તમે જો આ પાણી ન બનાવ્યું હોત તો કેમ જીવત?' હવાની લહેરખી આવે તો કહી પડે. 'કેવો શીતળ પવન વાય છે! મારું કેટલું ધ્યાન રાખે છે ભગવાન! ધરતી પર કોઈક છોડને ફૂલ આવે તો તેની આંખ ભીંજાઈ જાય એટલા ભાવુક હતા. ભગવાન તમે અમારા માટે જગત કેવું સુંદર અને અદ્‌ભુત બનાવ્યું છે! ભગવાન એકલા બધું કર્યા કરે છે, પરંતુ ભગવાનને કદી આપણા આભારની અપેક્ષા નથી.

આપણે જો કૃતજ્ઞભાવે તેમને પ્રણામ ન કર્યા તો આપણે કૃતઘ્ની થયા ગણાઈએ. ભગવાન તો ઉદાર છે, એ કોઈપણ અપેક્ષા વગર સૌ માટે કરે છે અને કરતાં રહેશે. એ જ રીતે યજ્ઞ એ તો કૃતજ્ઞતાનો જ એક પ્રકાર છે, તેના દ્વારા ભગવાનનો આપણે આભાર પ્રગટ કરીએ છીએ. આહુતિ આપીને આપણે એમ પણ કહીએ છીએ કે હે ભગવાન! જે કંઈપણ મળ્યું છે, તે આપે જ આપ્યું છે અને તેમાંથી થોડું સમર્પિત કરી અમે તમને આભાર કહીએ છીએ અને આ તો થોડું સમર્પણ છે અને યજ્ઞાવશિષ્ટ દ્વારા અમે અમારા જીવનનું યાપન કરીશું એટલે કે જીવન જીવીશું.

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં પણ ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કે યજ્ઞમાંથી જે અવશિષ્ટ એટલે કે જે બચે છે, તેના દ્વારા જે પોતાનું જીવન ચલાવે છે, તેને સંત કહી શકાય. પછી ભલે તે ગૃહસ્થ આશ્રમમાં હોય.

ઈશ્વર એટલે પરમ સત્તા. આ સંસારના નિયંતા. સૃષ્ટિનું સર્જન, પાલન અને લય કરવાવાળી શક્તિ. આ સૃષ્ટિના અભિન્ન નિમિત્તોપાદાન કારણ વેદાંત દર્શન અનુસાર પ્રત્યેક કર્મનું કોઈને કોઇ કારણ હોય છે. કારણ વિના કોઈ પરિણામ નથી હોતું. સંસાર કાર્ય છે. તે આપણી આંખ સામે ઉપસ્થિત છે. ભગવાનને આપણે પરમ શક્તિ માનીએ છીએ. તેને મુખ્ય ત્રણ રૂપથી માંડીને અનેક સ્વરૂપ સુધી માન્યા છે. જેમાં મુખ્ય સર્જન કરનાર, બીજું પાલન કરનાર અને ત્રીજું રૂપ સંહારરૂપ માન્યું છે. સર્જન કરનારું જે રૂપ છે, તેને બ્રહ્મ કહીએ છીએ, પાલન કરનારને વિષ્ણુ કહીએ છીએ અને સંહાર કરનારરૂપને શિવ કહીએ છીએ. ભજન કરવું, પ્રાર્થના કરવી, યજ્ઞ કરવો–આ બધા જ કૃતજ્ઞતાના પદાર્થો છે. આપણે ભગવાનનો આભાર તો માનવો જ જોઈએ. આપણે ભણેલાગણેલા માણસ હોઈએ તો આપણે અવિનયી ન હોવા જોઈએ. અન્ન જેની કૃપાથી આપણી થાળીમાં આવ્યું. એક અદૃશ્ય દાતા છે, જેની કૃપાથી જ થાળીમાં અન્ન આવ્યું હોય, તેનો તો આભાર માનો.

ભગવાને આપણને શું નથી આપ્યું? ધરતી આપણને ધારણ કરે છે, વાયુ વહે છે, વરસાદ વરસે છે, સૂર્યનો પ્રકાશ, ચંદ્રનો પ્રકાશ, ફૂલ ખીલે છે. ફળ મળે છે. ઈશ્વરની ખૂબ જ કૃપા છે, યોગક્ષેમનું વહન કરે છે, પરંતુ આવા ભગવાનને ભૂલી જઈએ તેનાથી મોટી કોઈ કૃતઘ્નતા નથી. તમે છેલ્લે ક્યારે ભગવાનનો તેમણે આપેલી આ બધી વસ્તુ માટે તેમનો આભાર માન્યો છે? જો ન માન્યો હોય તો હૃદયપૂર્વક મૌન થઈને પ્રાર્થના કરજો.

કથાબિંદુ

મુનિ રાજપુણ્ય વિજય

ગુણસેન અને અગ્નિશર્મા

ગુણસેન રાજકુમાર હતો અને એ જ નગરમાં અગ્નિશર્મા નામનો એક પુરોહિત પુત્ર રહેતો હતો. અગ્નિશર્મા શરીરથી કદરૂપો હતો. તેનું વિચિત્ર શરીર હોવાથી ગુણસેન તેને ખૂબ પરેશાન કરતો. રાજકુમાર હોવાથી કોઈ તેને કંઈ બોલી પણ ન શકતું. આમ રાજકુમારના અતિશય ત્રાસથી થાકી અગ્નિશર્મા ગામથી ભાગી ગયો અને તાપસી દીક્ષા સ્વીકારી ભીષ્મ તપશ્ચર્યા કરવા લાગ્યો. એક મહિનાના ઉપવાસ, પછી પારણાંના દિવસે એક જ ઘરેથી ભિક્ષા લાવવાની. ત્યાં જે મળે તેનાથી પારણું કરવાનું અને ન મળે તો ફરી એક મહિનાના ઉપવાસ!

આ બાજુ ગુણસેન રાજા બન્યો. અગ્નિશર્માની ભીષ્મ તપશ્ચર્યાના સમાચાર જાણી આશ્રમમાં વંદન કરવા ગયો. પૂર્વોક્ત અપરાધોની ક્ષમાયાચના કરી પારણાંની વિનંતી કરી. અગ્નિશર્માએ પારણાં માટે સંમતિ આપી. પારણાંના દિવસે રાજમહેલમાં અગ્નિશર્મા ગયો, તો એ જ દિવસે રાણીએ રાજકુંવરને જન્મ આપ્યો હોવાથી કોઈએ અગ્નિશર્માની સામે પણ જોયું નહીં. પાછો આવ્યો. આવી રીતે ત્રણ ત્રણ વાર રાજાએ પારણાં માટે તેને બોલાવ્યો પણ એકેય વાર પારણું ના થયું. હવે અગ્નિશર્મા ક્રોધે ભરાયો તેણે અનેક જન્મ ગુણસેનને ભયંકર સંકલ્પ કર્યો! નવ નવ ભવ સુધી અગ્નિશર્માએ ગુણસેનની હત્યા કરી. આ બાજુ સહન કરતાં કરતાં ગુણસેન નવમાં ભવે મોક્ષમાં ગયા.





જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

આપણો દૃષ્ટિકોણ બદલી નાંખીએ, તો આપણને જીવનમાં શાંતિ રહેશે

જીવનસમુદ્રનાં મોતી

એક લેખકે પોતાનો સ્વાનુભવ ટાંકતા કહ્યું છે, મારે સાંભળવામાં આવ્યું કે જે વ્યક્તિ પ્રત્યે તમને ઘૃણા હોય તેના ગુણોનો વિચાર કરવાથી સકારાત્મક પરિણામો આવે છે. મને મારા પિતા પ્રત્યે અત્યંત ઘૃણા હતી. આથી મેં આ પ્રયોગ એમના ઉપર જ કરવાનો વિચાર કર્યો. અમારા બે વચ્ચે મોટો ઝઘડો તો ન થતો, પરંતુ સામાન્ય વાતચીત પણ માંડ માંડ થઈ શકે એટલી હદે પરિસ્થિતિ વણસી હતી. દુર્ભાગ્યવશ મને એમની ભૂલ સિવાય બીજું કાંઈ નજરમાં આવતું જ ન હતું. આ દુર્ભાગ્યમાંથી મારે મુક્ત થવું હતું. મેં ત્રણ અઠવાડિયાંનો ચાર્ટ બનાવ્યો. પિતાની ભૂલો ન જોવાનું નક્કી કર્યું અને ઊલટું એમની પ્રશંસનીય ટેવો જોવા માટે સંકલ્પ કર્યો.

પહેલા દિવસે તો એમની સારી ટેવ જોવાનું મારા માટે ખૂબ જ કઠણ સાબિત થયું. છતાં બીજા દિવસે મેં હિંમત રાખી એમનાં વખાણ કર્યાં. પોતાનાં વખાણ સાંભળીને તેઓએ મારા તરફ હળવું સ્મિત કર્યું, જેની મને સખત ચીડ હતી. મને લાગ્યું કે હું આ કાર્યક્રમમાં સફળ નહીં થઈ શકું છતાં પ્રયત્ન ચાલુ રાખ્યો. ત્રણ અઠવાડિયાં સુધી મારો પુરુષાર્થ ચાલુ રાખ્યો અને ખરેખર! મને પોતાને વિશ્વાસ ન આવે એવી સિદ્ધિ મેં મેળવી લીધી હતી. એમની પ્રશંસા કરવાનું, એમના ગુણ જોવાનું મારા માટે સાવ સહજ થઈ ગયું. ધીરે ધીરે, સદ્ગુણો તરફ નજર રાખતા જવાથી મારી એમના પ્રત્યેની ઘૃણા આજે ગાયબ છે. ત્રણ અઠવાડિયાંના પ્રયોગ પછી છેલ્લા દિવસે એમણે મને કહ્યું: 'તારામાં ખૂબ પરિવર્તન આવ્યું છે!' ત્યારે મેં કહ્યું : 'મને તમારામાં ખૂબ પરિવર્તન દેખાય છે.'

સામાન્ય રીતે આપણે સામેવાળી વ્યક્તિની ક્ષતિઓ જોવા માટે ટેવાયેલાં છીએ. આપણને એના સ્વભાવો પરેશાન કરે છે, પણ મહાપુરુષો આ સંબંધિત અદ્ભુત દૃષ્ટિકોણ આપે છે.

તા. 8-4-1984ના રોજ બેટિફયમ સ્થિત પ્રમુખસ્વામી મહારાજને એક ભક્તે પ્રશ્ન પૂછ્યો: 'અમને સ્વભાવનું ઘર્ષણ થતા સામેની વ્યક્તિમાં એ સ્વભાવ જ દેખાય. જ્યારે આપ તો દરેકનો સ્વભાવ જાણો છો છતાં કયો દૃષ્ટિકોણ રાખો છો?' સ્વામીશ્રીએ ઉત્તર આપ્યો કે, 'ભગવાન ને સંત કોઈના ગુના સામે જોતા જ નથી. જાણવા છતાં નહીં જોવાનું, દેખવા છતાં આંધળા થવાનું, સાંભળવા છતાં બહેરા થવાનું. સામેની વ્યક્તિમાં 99 અવગુણ હોય, પણ એક ગુણ તો હોય ને?'

બસ, 'સામેની વ્યક્તિમાં 99 અવગુણ હોય, પણ એક ગુણ તો હોય ને?' આ બે લીટીના ઉત્તરમાં તેમણે તેમને જીવન જીવવાનો રાહ ચીંધી દીધો. આપણે પણ અભ્યાસ કરીશું તો ખ્યાલ આવશે કે ખરેખર સામેવાળી વ્યક્તિ જેટલી આપણે માનીએ

સામાન્ય રીતે આપણે સામેવાળી વ્યક્તિની ક્ષતિઓ જોવા માટે ટેવાયેલાં છીએ, પણ મહાપુરુષો આ સંબંધિત અદ્ભુત દૃષ્ટિકોણ આપે છે

છીએ એટલી બધી બેકાર નથી હોતી. એમાં પણ સદ્ગુણોનો રાશિ કોઈક ખૂણામાં તો પડેલો હોય જ છે, આપણે બસ કેવળ એ શોધી કાઢવાનો હોય છે.

એક વખત અમેરિકાની સૌથી મોટી સ્ટીલ કંપનીનો માલિક એન્ડ્રુ કાર્નેગીને કોઈએ પૂછ્યું, 'આપ લોકો સાથેના વ્યવહારમાં કેવો દૃષ્ટિકોણ અપનાવો છો?' કાર્નેગીએ જવાબ વાળ્યો, 'લોકો સાથે વર્તવું, એ સોનાની ખોદાઈ બરાબર છે. એક તોલો સોનું શોધવા લાખો ટન માટી હટાવવી પડે. પરંતુ તમે જ્યારે ખોદવા જાવ છો ત્યારે માટીની શોધમાં નહીં, પણ સોનાની શોધ માટે જાવ છો. હજારો અવગુણ હોય, પણ તેમાં ઉપયોગી ગુણ જોઈ કામ સાધી લઉં છું.'



ખરેખર, આપણે ઘણી વખત સામેવાળી વ્યક્તિને બદલવાનો પ્રયત્ન કરતા હોઈએ છીએ. પરંતુ જેની સાથે આપણે વ્યવહાર કરવાનો છે, તે વ્યક્તિને બદલવા કરતાં આપણે આપણો જ દૃષ્ટિકોણ બદલી નાંખીએ, તો આપણને જ જીવનમાં શાંતિ રહેશે. સામેવાળી વ્યક્તિમાં ભલે ગમે એટલી ખામીઓ હશે, પણ શોધીશું તો કોઈક ખૂબીઓ તો જડી જ આવશે. પૂ. મહંતસ્વામી મહારાજ ઘણી વખત કહે છે કે, 'જ્યારે આપણે આંબાના વૃક્ષ નીચે પથ્થર, કૂતરાનો મળ અને પાકેલી કેરી- આ ત્રણ વસ્તુને જોઈએ તો એમાંથી કઈ વસ્તુને ઉપાડીએ?, પાકેલી કેરી જ તો વળી! કૂતરાનો મળ કે પથ્થર તો આપણી નજરમાં પણ નથી આવતા. એવી જ રીતે આપણા યોગમાં આવનાર વ્યક્તિમાં પણ દુર્ગુણો અને સદ્ગુણો? બંને હોય, પણ એમાંથી આપણે સદ્ગુણો જ ગ્રહણ કેમ નથી કરતા?'

આપણે જ્યારે આપણી જાતની તપાસ કરીશું તો આપણને જણાશે કે આપણને હંમેશાં બધેથી સારી વસ્તુ જ મેળવવાની ઈચ્છા રહે છે. શાકભાજી લેવા જઈ કે મકાન ખરીદવા જઈએ, ગાડી લાવવી હોય કે નોકરી મેળવવી હોય. આપણને નરસું પોસાતું જ નથી. તો પછી કેમ આપણે સામેવાળી વ્યક્તિમાંથી પણ સારું ગ્રહણ કરવાની આદત ન પાડીએ?

તો ચાલો, પ્રમુખસ્વામી મહારાજના જન્મ શતાબ્દી પર્વે, આપણે પણ મહાપુરુષોનો આ ગુણ આપણા જીવનમાં ઉતારીએ અને આપણા યોગમાં આવનાર દરેક વ્યક્તિનાં જીવનસમુદ્રમાંથી, સદ્ગુણરૂપી મોતી કાઢીને ધનવાન બનીએ.

jivanmangalam@gmail.com



ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

માનવ બન્યા પછી આવે છે, રાષ્ટ્રવાદિતા. હું પહેલાં ભારતીય છું, બીજું બધું પછી છું

પ્રત્યેક પળને અમૂલ્ય ગણી રાષ્ટ્રહિતમાં કાર્ય કરીએ અને માનવતાને મહેકાવીએ

આપણા રાષ્ટ્ર ભારતમાં એવી ભાવના થવી જોઈએ કે જે કાર્ય કરું છું, તે રાષ્ટ્રનિર્માણનું છે. એ વાત નક્કી જ છે કે કઠોર પરિશ્રમ વગર કોઈ કામ થતું નથી. રાષ્ટ્રદેવના આ યજ્ઞમાં જ્યારે આપણે યજન કરીશું ત્યારે મારા માનવા પ્રમાણે શ્રીકૃષ્ણ કહે છે તેમ તે ઈષ્ટ કામધેનુ બની જશે. આપણી કામનાઓની પૂર્તિ કરનારી કામધેનુ એ બની જશે અને સર્વત્ર આનંદ છવાશે.

ભગવાન શ્રીકૃષ્ણ સાત દિવસ પર્વત ઉઠાવીને ઊભા રહ્યા હતા. તો એ ગિરિધર કહેવાયા પણ હનુમાને તો આખા દ્રોણાચલને ત્યાંથી ઊપાડીને પેલે ખૂણે પહોંચાડ્યો પણ હનુમાનને કોઈએ ગિરિધર ન કહ્યા. આજે નહીં તો કાલે પણ નોંધ લેવાશે. કોઈ કામ નાનું નથી અને કોઈ માણસ નાનો નથી. રાષ્ટ્રના નિર્માણની ભાવનાથી કામ કરતો હોય તો એક ઝાડુવાળો કચરો વાળતો હોય તો પણ એ એક બહુ મોટું કામ કરે છે. તે રાષ્ટ્રના નિર્માણનું કાર્ય કરે છે. કઠોર પરિશ્રમની જરૂર છે.

માણસ નવરો કેમ રહી શકે? એક-એક મિનિટનો હિસાબ રાખવાનો છે. જીવનની મિનિટે મિનિટને મૂલ્યવાન ગણી તેજસ્વીતાને દીપાવવા અને માનવતાને મહેકાવવા, સતત પ્રયત્ન કરવો જોઈએ. કઠોર પરિશ્રમ એ જ એક ઉપાય છે અને માનવતાને મહેકાવવા સતત પ્રયત્ન કરવો.

ગાંધીજીએ જેલમાં રહીને બનાવેલા ચંપલને જનરલ સ્મટસે કેટલા ભાવથી સાચવ્યા હતા! આજે એ અમર બની ગયા છે. લોકો એ ચંપલનાં દર્શને જાય છે. ગાંધીજીએ બનાવેલા ચંપલને લોકો જોવા જાય છે. અમારા શાહબુદ્દીન રાઠોડ કહ્યા કરે કે કોઈ નાનો માણસ મોટું કામ કરે તો કોઈ એની નોંધ ન લે, કોઈ મોટો માણસ નાનું કામ કરે તો એ દુનિયાને દેખાય. ગાંધીબાપુ કહે કપડાં ધોતાં હોય તો એ સ્વાશ્રય તરીકે એના ફોટા આવે. કહે કે પોતાનાં કપડાં તેઓ પોતાને હાથે ધુએ છે. ને મારા જેવો કપડાં ધોતો હોય તો પાંચ જણ આડોશી-પાડોશી પોતાનાં કપડાં પણ આપી જાય, કે તમે ભેગાં-ભેગાં અમારાં કપડાં પણ ધોઈ નાખજો. આટલા ભેગું આટલું. તમે તો આપણા છો. તમે ના નહીં પાડો. અમને ભરોસો છે.

માનવ બન્યા પછી આવે છે, રાષ્ટ્રવાદિતા. હું ભારતીય છું, હું પહેલાં ભારતીય છું અને બીજું બધું પછી છું. ભારત મારું રાષ્ટ્ર છે. ભારતીય હોવાનું મને ગૌરવ છે. આમ તો કટ્ટરતાને સમસ્યાના રૂપમાં જોવામાં આવે છે પરંતુ, અહીં કટ્ટરતા એ સમાધાન છે. આ કટ્ટરતા, રાષ્ટ્રીય ભાવનાથી જ બીજા વિશ્વયુદ્ધ પછી સાવ ધરાશાયી થઈ ગયેલું જાપાન



ફિનિક્સ પક્ષીની જેમ પાછું ઊભું થયું છે.

કલ્યાણદેવજી મહારાજ એક વાત કરતા હતા કે હું જાપાન ગયો અને એક રેલવે પ્લેટફોર્મ ઉપર મારે ફળ લેવાં હતાં. ક્યાંય ફળ ન મળ્યાં એટલે હું પરેશાન થઈને બોલી ઊઠ્યો કે આ કેવો દેશ છે? અહીં ક્યાંય ફળ મળતાં નથી? એક જાપાનીએ આ સાંભળ્યું. એને ખૂબ ધક્કો લાગ્યો. તેણે પૂછ્યું કે તમે ક્યાંથી આવો છો? મેં કહ્યું કે હું ભારતમાંથી આવું છું. તેણે પૂછ્યું કે તમારે શું જોઈએ છે? મેં કહ્યું કે ફળ. મને અહીં ક્યાંય ફળ મળતાં નથી. અમારે ત્યાં તો પ્લેટફોર્મ ઉપર જ ફ્રૂટ મળે, અહીં તો કોઈ સ્ટોલ નથી. તરત જ પેલા જાપાનીએ કહ્યું કે સ્વામીજી અહીં પાંચ મિનિટ ઊભા રહો, હું હમણાં આવું છું.

આટલું કહ્યાં બાદ જાપાની સ્ટેશન બહાર ગયો અને બહારથી સરસ મજાનાં ફળો લઈને સ્વામીજીને આપ્યાં. સ્વામીજીએ કહ્યું કે આ ફળની કેટલી રકમ થઈ? પેલા જાપાનીએ કહ્યું કે આની કોઈ રકમ મારે જોઈતી નથી. અમારે ત્યાં એવી વ્યવસ્થા છે કે અહીં કોઈ સ્ટોલ રાખતા નથી. નિશ્ચિત જગ્યાએ જ મળે. રકમને બદલે અમારા તરફથી આ સેવા સ્વીકારો અને માત્ર એટલું કરજો કે તમારા દેશમાં જઈને, જાપાનમાં આ સગવડ નથી એવી વાત કે અમારા દેશની નિંદા ન કરતા. આ રાષ્ટ્ર ફિનિક્સનાં પંખીની જેમ ઊભું થઈ ગયું. કઠોર પરિશ્રમ, કટ્ટર રાષ્ટ્રવાદિતા, માનવતાવાદી ધર્મ, અને મૂલ્યનિષ્ઠ રાજનીતિ. જો આપણે આ ચાર વસ્તુઓ સિદ્ધ કરી શકીએ તો રાષ્ટ્રનિર્માણનો જે યજ્ઞ છે, તે અશ્વમેધ યજ્ઞ છે, તે ફરીથી થઈ શકે અને આ દેશ ફરીથી ચક્રવર્તી બની દુનિયામાં ઉન્નત મસ્તકે ઊભો રહી શકે છે.

ચાલો, આપણે પ્રત્યેક પળને અમૂલ્ય ગણીને રાષ્ટ્રહિતમાં કાર્ય કરીએ અને માનવતાને યથાર્થપણે મહેકાવીએ.

કથાબિંદુ

મુનિ રાજપુણ્ય વિજય

લલ્લિગની શ્રુતભક્તિ

લલ્લિગ શ્રાવક. સુરિપુરંદર શ્રી હરિભદ્ર સૂરીશ્વરજી મહારાજના અંગત શ્રાવક. આમ તો ઉપાશ્રયમાં કચરો કાઢવાવાળા સામાન્ય માણસ હતા, પણ સદ્ગુરુવરની કૃપાથી અલ્પ સમયમાં કોટ્યાધિપતિ શ્રીમંત અને પરમ પ્રભુભક્ત બન્યા. સંપૂર્ણ જીવન સદ્ગુરુવરને સમર્પિત કર્યું. તેઓની શ્રુતસાધનામાં કઈ રીતે સહયોગી બનવું, તે માટે તેઓ યથાસંભવ પ્રયત્ન કરતા.

આચાર્યશ્રીએ જીવનની સંધ્યા સુધી ખૂબ સર્જન કર્યું, પણ હવે તેમને એવું અનુભવાયું કે મારે સર્જન તો ઘણું કરવું છે પણ સમય ખૂબ ઓછો મળે છે. રાત્રે અંધારું હોવાથી આ સમય વ્યર્થ જાય છે. આચાર્યશ્રીના મુખ ઉપર ચિંતાની રેખા જોઈ લલ્લિગ શ્રાવક વ્યથિત થયા. પૂછ્યું ત્યારે ખ્યાલ આવ્યો. અબજો રૂપિયાથી પણ ના મળે તેવું અમૂલ્ય રત્ન ઉપાશ્રયમાં લગાવ્યું. એ રત્ન રાત્રીના સમયે ખૂબ જ પ્રકાશ આપતું. આમ, નિર્દોષ પ્રકાશનો ઉપયોગ કરી જીવનના અંતિમ સમય સુધી આચાર્યશ્રીએ ભિન્ન-ભિન્ન વિષયના અનેક ગ્રંથોનું સર્જન કર્યું. લલ્લિગ શ્રાવકની અતુલ્ય શ્રુતભક્તિના કારણે આચાર્યશ્રીએ અત્યલ્પ જીવનમાં 1444 અભિનવ ગ્રંથો વિશ્વને ભેટમાં આપ્યા. આજે પણ આચાર્યશ્રીના સેંકડો ગ્રંથો જોઈ તેઓની અકલ્પ્ય પ્રતિભાથી નતમસ્તક થઈ જવાય છે. સારા સર્જકને પણ સારો સહયોગી મળે ત્યારે શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ સર્જન થાય છે. ધન્ય શ્રાવક...! ધન્ય સદ્ગુરુવર..! અને ધન્ય શ્રુતભક્તિ...!!



જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

મુશ્કેલી તથા દુઃખોના પ્યાલાઓ નીચે મૂકી જીવનમાં હળવાશ અનુભવીએ

પ્યાલાને નીચે મૂકી દો

એક યુનિવર્સિટીના પ્રોફેસરે પોતાના વિદ્યાર્થીઓને સુંદર બોધ આપવા માટે એક પ્રયોગ કર્યો. તેમણે પોતાના હાથમાં પાણી ભરેલા ગ્લાસને ઊંચો પકડી રાખી વિદ્યાર્થીઓને પૂછ્યું, 'આ ગ્લાસ થોડા સમય માટે ઊંચો પકડી રાખું તો શું થાય?'

એક વિદ્યાર્થી કહે, 'કંઈ ન થાય.'

પ્રોફેસરે આગળ પૂછ્યું કે, 'કલાક સુધી પકડી રાખું તો?'

બીજાએ કહ્યું કે, 'હાથ દુખવા મંડે.'

પ્રોફેસરે ત્યાર પછી ત્રીજો પ્રશ્ન પૂછ્યો, 'આખો દિવસ પકડી રાખું તો?'

વિદ્યાર્થીઓ જુદા જુદા ઉત્તર આપવા લાગ્યા, 'તો તમારો હાથ બુઠ્ઠો થઈ જાય... તમારા સ્નાયુ દુઃખી જાય... હાથમાં લકવો થઈ જાય... હાથ ખોટો પડી જાય... '

કોઈકે તો મજાક કરતા એવું પણ કહ્યું, 'તમારે ચોક્કસ હોસ્પિટલ ભેગા થઈ જવું પડે.' આ સાંભળી આખા વર્ગમાં હાસ્યનું મોજું ફરી વળ્યું.

પ્રોફેસરે કહ્યું, 'ખૂબ સરસ.'

પછી આગળ પૂછ્યું, 'પણ હવે મને એક વાત કહો, આ બધી અલગ અલગ ક્રિયાઓ વખતે પ્યાલાના વજનમાં કોઈ ફરક પડ્યો હતો?'

બધા જ વિદ્યાર્થીઓ એકસાથે બોલી ઊઠ્યા કે, 'ના...' એટલે પ્રોફેસરે વિદ્યાર્થીઓને જણાવ્યું કે, 'આ પાણી ભરેલો પ્યાલો કેટલો વજનદાર છે, તેનું મહત્ત્વ નથી, પણ આપણે તેને કેટલો વખત પકડી રાખીએ છીએ તેના પર તેના વજનનો આધાર છે. જેટલો વધુ વખત તેને આપણે પકડી રાખીશું તેટલો તે વધારે ભારે લાગશે.'

પછી આગળ પ્રોફેસરે પૂછ્યું કે, 'આપણો હાથ ન દુઃખે, એના માટે આપણે શું કરી શકીએ?'

એક વિદ્યાર્થીએ કહ્યું, 'પ્યાલાને નીચે મૂકી દો. બધી ઝંઝટ ખતમ.'

પ્રોફેસરે તરત જ કહ્યું, 'બસ, જીવનમાં પણ આવું જ છે. જો તમે તમારી મુશ્કેલીઓ અને દુઃખોને થોડીવાર માટે જ તમારા મગજ પર સવાર રહેવા દેશો તો વાંધો નહીં આવે, પણ જો તમે લાંબા સમય સુધી તેમને પકડી રાખી વિચાર્યા કરશો તો મગજ દુઃખવા લાગશે. થોડા વધુ સમય સુધી તેમને મગજ પર સવાર રહેવા દેશો તો લકવા જેવી સ્થિતિ થઈ જશે અને તમે કંઈ જ કરી નહીં શકો.'

ખરેખર મિત્રો! સુખી જીવન જીવવા માટે 'પ્યાલા'ને ઊંચકી રાખવાને બદલે નીચે મૂકી દેતાં પણ શીખવું જોઈએ. એટલે જ તો કહેવાય છે ને કે,

'જરા હસતાં રમતાં જીવો,
જગત બદલાઈ જશે,
શિરે ભાર લઈ ફરશો,
તો જીવન કરમાઈ જશે!'

માટે જીવનને કરમાઈ જતા અટકાવવું હોય તો આ ગુણ આપણે જીવનમાં કેળવવો જ પડે. મહાપુરુષોના

પાણી ભરેલો પ્યાલો કેટલો વજનદાર છે, તેનું મહત્ત્વ નથી, પણ આપણે તેને કેટલો વખત પકડી રાખીએ છીએ તેના પર તેના વજનનો આધાર છે


જીવનમાં આ ગુણ સહજ હોય છે.

લગભગ 1987ની સાલની વાત છે. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ સારંગપુર ગામે વિરાજમાન હતા. એ વખતે નવયુવાન સંતોએ એવું આયોજન કર્યું હતું કે સંસ્થાનો અસ્મિતાસભર જૂનો ઈતિહાસ સ્વામીશ્રી પાસે કહેવડાવી એનું વિડીયો રેકોર્ડિંગ કરી લેવું. આથી એક પછી એક ઈતિહાસનાં પૃષ્ઠો ઊઘડતાં જતાં હતાં અને સ્વામીશ્રી તે સંબંધી ઘટનાઓ વર્ણવતા જતા હતા. એમાં સંતોએ એક એવી વ્યક્તિની વાત કાઢી કે જેણે શરૂઆતનાં વર્ષોમાં અણસમજણના કારણે સ્વામીશ્રીનો ઘણો વિરોધ કર્યો હતો. સંતોને ઈચ્છા હતી કે, સ્વામીશ્રીએ આ બાબતે જે સહન કર્યું છે તે અધ્યાયનું પણ રેકોર્ડિંગ સાથે સાથે થઈ જાય. પરંતુ સ્વામીશ્રીએ સંતોને જણાવ્યું કે, 'એને શું સંભારવાનું? એ બિચારા અત્યારે ક્યાં આપણને નડે છે? એનું રેકોર્ડિંગ આપણે નથી કરવું.' સ્વામીશ્રીએ પોતાને સહન કરવાનું થયું હતું છતાં તે પ્રકરણને તેઓએ ઉખેડવા ન દીધું. આ તેમનું હંમેશનું વલણ રહેતું. તેઓ જૂના કડવા અનુભવો તરત જ ભૂલી જતા.

સામાન્ય રીતે આપણા માટે આવા પ્રસંગો સહાનુભૂતિ ઊભી કરવાનાં સાધનો બની જાય છે. ગમે તેમ કરીને આપણે આવા પ્રસંગો બીજા આગળ પ્રસ્તુત કરવાનો પ્રયત્ન કરીએ છીએ, પણ આપણે એ નથી સમજી શકતા કે આવા પ્રસંગોને વારે વારે સંભારીને આપણે જ આપણા અંતરને અંદરથી કોરીએ છીએ.

કોઈકે આપણને ફક્ત એક જ વાર ત્રાસ આપ્યો હોય પણ ત્યાર પછી એ ત્રાસ આપણે વારંવાર બીજાને કહીને કે યાદ કરીને આપણી જાતને ફરી વાર એટલો જ ત્રાસ આપીએ છીએ. આપણને પણ અનુભવ થતો હશે કે જીવનમાં એવા કેટલાય પ્રસંગો બન્યા હશે કે જે ખરેખર દુઃખદાયી હોય પણ એ આપણે ભૂલી ગયા હોઈશું તો તે પ્રસંગો આપણને પીડા નહીં કરતા હોય અને એની સામે કોઈક ક્ષુલ્લક પ્રસંગ પણ આપણે મનમાં સંગ્રહી રાખ્યો હશે તો તે આપણને પરેશાન કરતો હશે.

તો ચાલો, આપણે પણ પ્રમુખસ્વામી મહારાજના પગલે પગલે એમના જન્મ શતાબ્દી નિમિત્તે આ ગુણ આપણા જીવનમાં ઉતારીએ અને મુશ્કેલી તથા દુઃખોના પ્યાલાઓ નીચે મૂકી જીવનમાં હળવાશને અનુભવીએ...



jivanmangalam@gmail.com



ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

અંધકાર સમસ્યા નથી. દીપ પ્રગટાવવાના પ્રયાસનો અભાવ સૌથી મોટી સમસ્યા છે

જીવનને સત્ત્વયુક્ત બનાવવું હોય તો ઉત્તમ આચરણ, સત્સંગ જરૂરી

જીવનમાં સતત ઉત્તમ આચરણ અને સત્સંગ જરૂરી છે. આપણે તો સતત સદાચાર જીવન જીવવાનું છે. આચાર, વિચાર, આહાર, વિહારમાં આવી જ સાત્વિક્તા હશે તો વ્યવહારમાં એ પ્રગટ થયા વગર રહેશે નહીં. કળિયુગ અંગે અનેક વિચારો કરવામાં આવે છે, પરંતુ સામાન્ય રીતે સૌ કહે છે કે આ કલિકાલ છે અને કલિકાલમાં કાંઈ કંઈ કેટલાય દોષ છે. શ્રીમદ્ ભાગવતના બારમા સ્કંદમાં કલિના દોષોનું વર્ણન છે, પણ એ વર્ણન કલિના દોષો દર્શાવવા માટે નથી કરાયું. શ્રીશુકદેવજી મહારાજ દ્વારા એમ બતાવવામાં આવ્યું છે કે, દોષોથી ભરેલા કલિને જ્યારે જુઓ ત્યારે એના પ્રત્યે કૃતજ્ઞ ભાવથી જોજો, કેમકે આટલા દોષોથી ભરેલા કલિકાલને પણ સંતોએ, મહાપુરુષોએ શ્રેષ્ઠ માન્યો છે અને એ એટલા માટે કે અન્ય યુગોમાં ભગવાનની પ્રાપ્તિ કઠિનતાથી થાય છે પણ કલિકાલમાં કેવળ કીર્તનથી જ ભગવાન સુલભ બને છે.



કીર્તન આપણે કરતા નથી. ભગવાનનું ભજન આપણે કરતા નથી. ભજનમાં આપણી રુચિ નથી. આપણે આપણને દોષ દેતા નાથી. ઊલટાનો દોષ કલિને માથે દઈએ છીએ અને કહીએ છીએ કે આ કળિયુગ છે. વાસ્તવમાં આપણે જે યુગમાં જીવીએ છીએ એનો આધાર આપણા ઉપર છે. આપણે સુષુપ્ત છીએ. સૂતેલાં લોકો કળિયુગમાં છે, જાગે તે દ્વાપરમાં, જાગી ગયા આંખ ખૂલી તો દ્વાપરમાં, જાગ્યા ઊઠયા કે પહોંચ્યા દ્વાપરને દ્વારે. શૈયાનો ત્યાગ કર્યો તો સમજવું કે તમે ત્રેતામાં જીવી રહ્યા છો અને ચાલવા લાગ્યા તો સમજવું કે તમે સતયુગમાં છો. કાળને દોષ ન દેવાય. સમસ્યા કળિયુગની નથી.

ખબર નથી આપણે કેટકેટલા માણસોને દોષ દેતા હોઈએ છીએ! અંધકાર સમસ્યા નથી. દીપ પ્રગટાવવાના પ્રયાસનો અભાવ સૌથી મોટી સમસ્યા છે. અંધકારને દોષ દઈને બેસી રહીને, અંધકારને ગાળો દેતા દેતા એની આલોચના કરવાથી અંધકારની સમસ્યાનું સમાધાન નહીં થાય. એ અંધકારને દૂર કરવાનો ઉપાય પણ નથી. જો એક માનવ દીપ પ્રાગટ્યનો પ્રયાસ કરે તો તે જ તેનો સાચો જવાબ છે. આપણો પ્રયાસ દીપ પ્રાગટ્યનો હોવો જોઈએ. જ્યાં પણ આગળ વધવું હોય તો દીપકની જેમ આગળ વધવાનું છે.

શ્રીમદ્ ભાગવત અધ્યાત્મ દીપ છે. સાત દિવસ સુધી આપણે શ્રીમદ્ ભાગવતનું શ્રવણ કરીએ છીએ, પાઠ કરીએ છીએ તો આપણી અંદર પણ જ્યોત પ્રગટ થાય છે. ક્યારેક વ્યક્તિમાં જલન હોય છે, તે જલનને દીપકની જલન સાથે જોડી દેવાની છે, તેનાથી તમારામાં સકારાત્મકતા આવશે. બીજાને ઉપયોગી થવા માટે માટે જલો. ઈર્ષ્યા, દ્વેષ આ બધા જ દુર્ગુણોને ફેંકી દેવાના છે, હટાવી દેવાના છે.

કોઈ પૂછી શકે છે કે દીવાની શક્તિ કેટલી છે? એ તો બસ આસપાસ દસ-પંદર ફૂટ સુધી જ અંધકાર દૂર કરી શકે છે. બહુ બહુ તો થોડા અંતર સુધીની ધરતીને પ્રકાશિત કરી શકે છે. ધરતીનો બધો અંધકાર તે દૂર કરી શક્તો નથી! તમારી આવી નિરાશાપૂર્ણ વાત દીપકને પ્રકાશિત કરવાથી રોકી નહીં શકે, કેમકે આ દીપક વિશ્વાસ, આશા અને ઉત્સાહથી ભરેલો છે. એ જરૂરી નથી કે ખાલી ધરતીનો અંધકાર દૂર કરી દઉં. મારી આસપાસ ફેલાયેલ અંધકારને દૂર કરી શકું. મારી આસપાસની ભૂમિને હું આલોકિત કરી શકું અને આ પ્રકારે પ્રગટીને જ્યારે આયુષ્યરૂપી તેલ સમાપ્ત થઈ જાય ત્યારે દુનિયાની દૃષ્ટિએ દીપક બુઝાઈ જાય છે, પણ ખરા અર્થમાં એ બુઝાતો નથી. હું કહીશ કે એના માટે એક સુંદર શબ્દ છે કે દીપ નિર્વાણને પ્રાપ્ત કરે છે. એ નિર્વાણ છે. આવા વિશ્વાસ અને આવા સમર્પણ ભાવથી જે માણસ જીવે છે તે ન સમયને દોષ આપે છે ન દોષનો ટોપલો પરિસ્થિતિને માથે મૂકે છે અને ન તો સાધનોના અભાવને દોષ દે છે. 'મારી પાસે આ હોત તો હું આમ કરત. મારી પાસે જો સાધન હોત તો હું આમ કરત.' આવું વિચારવાની ટેવવાળા માણસો કાંઈ કરી શકતા નથી.

આ રીતે સત્કર્મ કરવા, સત્સંગ કરવો, સકારાત્મક જીવનશૈલી ઉતારવી. આવું કરીશું તો સર્વાંગી પ્રગતિ જીવનમાં થશે.

કથાબિંદુ

મુનિ રાજપુણ્ય વિજય

સમડી બની રાજકુમારી

ભરૂચ શહેરની સીમમાં એક વૃક્ષ ઉપર સગર્ભા સમડીએ માળો બાંધ્યો. તેણે બાળકને જન્મ આપ્યો. એક દિવસ તે ભોજન માટે જતી હતી ત્યાં કોઈએ તેને બાણ માર્યું. ઘાયલ સમડી જમીન ઉપર અશ્વાવબોધ તીર્થની સમીપ પડી. પુણ્યયોગે કોઈ મુનિ ભગવંત ત્યાંથી પસાર થતા હતા, તેમણે સમડીને નવકાર મંત્ર સંભળાવ્યો. 'નમો અરિહંતાણં' પદ સાંભળતા સમડી મૃત્યુ પામી અને સિંહલદ્વીપની મહારાણીના ગર્ભમાં પુત્રી તરીકે ઉત્પન્ન થઈ. પૂર્ણ સમયે પુત્રીનો જન્મ થયો. રૂપ રૂપનો અંબાર તો હતી જ, સાથે સાથે સાત ભાઈઓની એકની એક બહેન, પછી પૂછવાનું શું? ખૂબ લાડકોડમાં ઉછરીને મોટી થઈ. નામ તેનું સુદર્શના રાખ્યું.

એકવાર ભરૂચના મોટા વેપારી ઋષભદત્ત સિંહલદ્વીપ રાજસભામાં આવ્યા ત્યારે રાજકુમારી સુદર્શના પણ ત્યાં આવી હતી. અચાનક શેઠને છીંક આવી અને તેઓ જોરથી 'નમો અરિહંતાણં' બોલ્યા. સુદર્શનાને લાગ્યું કે આ પદ ક્યાંક સાંભળ્યું છે. તેની સ્મૃતિ સતેજ થઈ અને પૂર્વભવ દૃષ્ટિ સમક્ષ તરવરવા લાગ્યો. વૃક્ષ... માળો... બચ્ચાં... તીરનો પ્રહાર... જમીન પર પછડાટ... મુનિ ભગવંત... અને જોરથી ચીસ પાડીને સુદર્શના બેહોશ થઈ ગઈ. પાણીના છંટકાવથી તે જાગૃત થઈ, પછી તેણે પૂર્વ ભવની કથા સૌને સંભળાવી. શેઠના આગ્રહથી તેઓની સાથે સૌ ભરૂચ આવ્યા. ત્યાં મુનિસુવ્રત સ્વામી ભગવાનના અશ્વાવબોધ તીર્થનો જીર્ણોદ્ધાર કરાવ્યો. ત્યાં સમડીનાં ભવનાં ચિત્રો પણ મૂકાવ્યાં. ત્યારથી આ તીર્થનું બીજું નામ શકુનિકા વિહાર (સમડી વિહાર) પણ પડ્યું.

અલ્પ વર્ષો પૂર્વે શાસન પ્રભાવક પૂ. આ. શ્રી વિ. વિક્રમ સૂરીશ્વરજી મ.ની પાવન નિશ્રામાં આ તીર્થનો પુનઃ જીર્ણોદ્ધાર થયો. આજે પણ આ તીર્થ ભરૂચના ભવ્ય ઈતિહાસની શાન છે.



જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

સમય બધાંને વ્યક્તિગત મળે છે, છતાં પણ કોઈને દેખાતો નથી

સમયનો સદુપયોગ

'આજે આપણે આ કામ પાર પાડવું જ પડશે', 'જવા દે ને યાર! ટાઈમ જ નથી...', 'તમે બહાર જાઓ જ છો, તો સાંજ માટે શાક લેતા આવશો?' 'અરે! અહીંયા મારે થાક ખાવાનો ટાઈમ નથી... એમાં હું શાક લેવા ક્યાંથી જાઉં?', 'સાંભળ દોસ્ત! કાલે રાત્રે આપણે બધા સ્કૂલના મિત્રો ભેગા થઈ રહ્યા છીએ. તું આવી જઈશ ને?' 'ના ભાઈ ના! અહીં સમય જ કોને મળે છે? તમે બધા ભેગા થઈ જજો ને...'

રોજબરોજ આપણે આ પ્રકારના વાર્તાલાપ કાં તો કરતા હોઈશું અથવા તો સાંભળતા હોઈશું. બધાંને એક જ પ્રશ્ન છે - 'સમય ક્યાં છે?' કારણ કે આપણને હંમેશાં એવું જ લાગતું હોય છે કે 'આ દુનિયામાં મારા જેટલું વ્યસ્ત (બિઝી) કોઈ છે જ નહીં...' આ કાળ... ઉર્ફે સમય! એ દોડતો નથી ફક્ત ચાલે જ છે, તો પણ કોઈથી પકડાતો નથી; બધાંને વ્યક્તિગત મળે છે, છતાં પણ કોઈને દેખાતો નથી. આપણે બધાં જ કદાચ એની પાછળ ઢસડાતાં રહીએ છીએ, પણ એની સંગાથે ચાલી શકતાં નથી. અતિ અચરજકારી વસ્તુ છે નહીં! છતાં આશ્ચર્યની વાત તો એ છે કે ભગવાન શ્રીકૃષ્ણ કે ભગવાન શ્રીરામ જેવા ભગવાનના અવતારો, મહાકવિ કાલિદાસ જેવા સાહિત્યકારો, જગદીશચંદ્ર બોઝ તથા અબ્દુલ કલામ જેવા વૈજ્ઞાનિકો બધાને આપણી માફક દિવસના 24 કલાક જ આપવામાં આવેલા, વધારે નહીં! છતાં પણ એટલા સમયનો એમણે એવો ઉપયોગ કરી લીધો કે તેમનો કાર્યકાળ પૂર્ણ થયા પછી પણ તેઓ યાદગાર બની ગયા! આ વર્ષે જેમની જન્મ શતાબ્દી શાનદાર અને યાદગાર રીતે ઊજવાઈ રહી છે એવા વિરલ સંત પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ પણ સમય કણ કણ થઈને વેરાઈ જાય એ પહેલાં તેને ક્ષણમાં વાવરી લેવાની કળામાં માહેર હતા. રાજકીય કે આર્થિક સિદ્ધિ પાછળ દોડનારને મિનિટે મિનિટની કિંમત હોય એ સ્વાભાવિક છે. પરંતુ અભ્યાસ કે 'પ્રોફેશનલ સ્કિલ્સ' બેઉથી બહુ છેટે રહેલા અને પરમાર્થ સિવાય કોઈ સ્વાર્થ ન ધરાવનાર પ્રમુખસ્વામી મહારાજનું સમયનું આયોજન ભલભલા ભણેલાને કાનની બૂટ પકડાવે એવું હતું.

જ્યારે ઘણાબધા પ્રકલ્પો એકસાથે ચાલતા હોય ત્યારે કોને, ક્યારે, કેવી રીતે સમય આપવો? એ ભારે મુશ્કેલ કામ હોય છે, પરંતુ એમાંથી પ્રમુખસ્વામી મહારાજ પોતાની રીતે રસ્તો કાઢી લેતા. તા. 31-7-2004ના રોજ તેઓ હ્યુસ્ટનમાં હતા. સુરતમાં નિર્માણાધીન હોસ્પિટલ અંગે એમને અહીં જ મિટિંગ કરવી હતી, કારણ કે વિશ્વકક્ષાના ડોક્ટરો અહીં આવ્યા હતા. સ્વામીશ્રીએ બધાને તેડાવ્યા હતા પણ એમને આવવામાં વાર લાગી. તો એમણે



આ કર્મયોગીએ જીવનની ક્ષણેક્ષણ નીચોવીને લોકસેવામાં સમર્પિત કરવા રૂપી સાધના કરી જાણી છે

તરત કોલકાતામાં ઊભા થનાર મંદિરનો નકશો આવેલો એ ખોલ્યો અને સાથે પૂછાવેલ પ્રશ્નનો પત્ર વાંચવા લાગ્યા. એવામાં વચ્ચે મુલાકાતી ભક્તો આવ્યા તો એમને પણ મળી લીધું. ફરી મંદિરના નકશા અને પત્રમાં પરોવાયા. એવામાં ડોક્ટરો આવી ગયા એટલે હોસ્પિટલ માટેની મિટિંગ પણ કરી. હવે એક બાજુ મંદિરનું કામ! બીજી બાજુ હોસ્પિટલનું કામ! અને સાથે સાથે મુલાકાતીઓના ઘરના પ્રશ્નો! છતાં પણ પોતાને જે સમય મળ્યો એમાંથી તેમણે બધાને પૂરતો ન્યાય આપી દીધો.

1998માં 78 વર્ષની ઉંમરે એમનાં હૃદય ઉપર બાયપાસનું ઓપરેશન કરાવ્યા બાદ તેઓ મુંબઈ પધાર્યા ત્યારે એમના માટે આરામ અનિવાર્ય હતો. પરંતુ મોટી સંખ્યામાં આવેલા ભક્તોને જોઈ, તેઓનાં સુખ-દુઃખના સહભાગી બન્યા વગર તેઓને ચેન કેમ પડે? માટે સરેરાશ રોજની સેંકડોની મુલાકાતો ચાલતી. જેમાં તેઓ બધા ભક્તોના પ્રશ્નો સાંભળી તેઓને તો ન્યાય આપતા, પણ સાથે સાથે બે મુલાકાતીઓ વચ્ચે જે થોડો દસ-બાર સેકન્ડનો સમય મળતો એમાં જે ભક્તોના પત્રો આવ્યા હોય તેના જવાબ આપીને, એ પાત્રોને પણ ન્યાય આપી દેતા. એકવાર તો બે મુલાકાતની વચ્ચે જ એક ભાઈ, જે દૂર ઊભા હતા, એમને બોલાવીને કાંઈક વાત કરવાની જરૂર પડી. માટે એ ભાઈને બોલાવ્યા અને લગભગ 30 સેકન્ડમાં તેઓ નજીક આવી ગયા. પરંતુ એટલા સમયમાં તો સ્વામીશ્રીએ સેવક પાસે એક પત્ર માગી, તેને વાંચી અને પ્રત્યુત્તર પણ આપી દીધો હતો! આવું એકવાર નહીં, અનેકવાર બનતું. મુંબઈમાં દાંતના પાંચ એક્સ-રે પાડવાના હતા ત્યારે વારાફરતી મોંમાં પ્લેટ મુકાય, એની વચ્ચે પણ પ્રમુખસ્વામી મહારાજે પત્રો વાંચ્યા છે, બોચાસણમાં બીમારીમાં નાસ લેતાં લેતાં પણ પત્રો સાંભળી જવાબો આપ્યા છે, સવારે ઊઠીને દાતણ કરતા હોય એ દરમિયાન પણ તેમણે ભક્તોના પ્રશ્નોના જવાબ આપ્યા છે અને રાત્રે પોઢવાનો સમય થાય ત્યારે સેવકો પથારી તૈયાર કરતા હોય એ દરમિયાન પણ ઊભાં ઊભાં તેમણે પત્રોના જવાબ આપ્યા છે.

અરે! હદ તો ત્યારે થઈ જતી જ્યારે તેમને પથારી પર આડા પડ્યા પછી પણ ફોન ઉપર ભુજ-લાતુરના ભૂકંપ અને ઉડિસાની સુનામીના રાહતકાર્યનું માર્ગદર્શન આપતા સૌ નિહાળતા. આમ, આ કર્મયોગીએ જીવનની ક્ષણેક્ષણ નીચોવીને લોકસેવામાં સમર્પિત કરવા રૂપી સાધના કરી જાણી છે. પ્રમુખસ્વામી મહારાજ જેવા યુગપુરુષો આ રીતે સમયની રેત ઉપર પોતાનાં પગલાં પાડી ગયા છે!

તો ચાલો, તેમને અનુસરીને આપણે પણ સમયનો સદુપયોગ કરીએ અને કેવળ પોતા માટે જ નહીં પણ બધા માટે જીવીએ.

jivanmangalam@gmail.com



ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

ભારતીય સંસ્કૃતિમાં વિવિધ પ્રકારનાં દર્શનો આપણને વારસામાં મળ્યાં છે

દર્શનશાસ્ત્ર જીવનમાં ઊતરે તો હરિદર્શન થઈ શકે

યાદ રાખો, ત્રણ શબ્દો મહત્ત્વના છે, દર્શન, તત્ત્વદર્શન અને અધ્યાત્મ. ભાગવતનો વર્ણ્ય વિષય ભગવાન જ છે, છતાં તેમાં નર્કનું વર્ણન શું કામ આવ્યું? એટલા માટે કે નર્કનું વર્ણન સાંભળો અને ભય લાગે. વેદો કહે છે કે બધું જ બ્રહ્મરૂપ છે. જે કંઈ છે તે બધું બ્રહ્મરૂપ છે, તેથી ભૂગોળ એટલે દેશ સ્વરૂપ ભગવાન અને ખગોળ એટલે કાળસ્વરૂપ ભગવાન. શ્રીમદ્ ભાગવતના પંચમ સ્કંધમાં ભૂગોળ, ખગોળનું વર્ણન છે. દ્વીપો, સરિતાઓ, પર્વતો બધાંનું વર્ણન છે. કોઈએ એમ પૂછ્યું કે ભાગવતમાં ભૂગોળનું આવું વર્ણન શું કામ? ભાગવત સિવાય આ બધાંનું ચિંતન શું કામ? શા માટે આ ભૂગોળ અને ખગોળનું વર્ણન છે? હકીકતમાં આ ભૂગોળ-ખગોળ ભગવાનનું જ વર્ણન છે.

દરેક ધર્મમાં કહેવામાં આવ્યું છે કે પાપ કર્મ કરો તો નર્કમાં જાય અને સારાં કર્મ કરો તો સ્વર્ગમાં જવાય. આપણે ત્યાં નર્કનું વર્ણન એ પ્રકારનું છે કે ત્યાં 28 પ્રકારનાં નર્કનું વર્ણન કરવામાં આવ્યું છે. જુદાં-જુદાં પાપ કરનારાની જુદાં-જુદાં નર્કમાં ગતિ બતાવવામાં આવી છે અને ત્યાં એ જીવ એવી રીતે દુઃખી થાય છે અને તેનું વર્ણન આવે છે. એ વર્ણન સાંભળવામાત્રથી ત્રાસ થાય. બને તો ભાગવતજીમાં વાંચજો અને વાંચતાની સાથે જ જો આ દશા થતી હોય તો નર્કમાં જવું પડે તો કેવી દશા થાય?

જો નર્કમાં જવું ન હોય તો ખોટાં કામ કરવાનાં છોડી દો. કેટલાંક લોકો બહુ બુદ્ધિમાન હોય છે અને તેને પાછી સાબિતી પણ ખૂબ જોઈએ. તે પાછો એમ પૂછે કે નર્ક અને સ્વર્ગ છે, તેની સાબિતી શું છે? આ બધી તો માણસને ડરાવવાની કલ્પનાઓ છે. ઘણાં તો ઈશ્વરને પણ કલ્પના ગણે છે અને કહે છે કે એ ભાવુક જગતના લોકોની કલ્પના છે. It's a projection of mind, nothing else - એ લોકો કહે છે કે અમે નથી માનતા કે ભગવાન છે. મેં એક જગ્યાએ સરસ વાક્ય વાંચ્યું હતું. હું કેનેડામાં હતો અને એક બોર્ડ હતું કે તેમાં લખ્યું હતું કે I do not question your existence God! - એટલે કે ભગવાન માનવને કહે છે કે હું તમારા અસ્તિત્વ અંગે કોઈ જ શંકા કરતો નથી. ભગવાન માનવને કહે છે કે તારા અસ્તિત્વ વિશે મને કોઈ શંકા નથી. તું છે, મને શ્રદ્ધા છે અને એટલા માટે તારી સેવામાં લાગ્યો છું. સૂરજનો તને પ્રકાશ મળે, ચંદ્રની રોશની મળે, ધરતી તને ધારણ કરે, વરસાદ વરસતો રહે, હવા ચાલતી રહે, ફૂલ ખીલતાં રહે, ફળ પાકતાં રહે, અન્ન ઊગતું રહે. આપણે શું ભગવાનની સેવા કરવાના હતા! ભગવાન આપણી સેવા કરે છે. આ સૂર્ય પ્રકાશે છે એ ભગવાન ભજન કરે છે, તેની સાબિતી છે. ભજન એટલે કે સેવા. આ વરસાદ વરસે છે, તે ભગવાનનું ભજન છે.



એક વિચારક સાથે મારે ચર્ચા થતી હતી કે ભૌતિકતા અને આધ્યાત્મિકતામાં તફાવત શું છે? મેં ચર્ચાનો દોર આગળ ચલાવતાં કહ્યું કે આ બંનેમાં બે વાત છે. એક વ્યક્તિ છે અને બીજી વસ્તુ છે. આપણે એ નક્કી કરવાનું છે કે વ્યક્તિ માટે વસ્તુ છે કે વસ્તુ માટે વ્યક્તિ છે? જ્યારે વસ્તુ માટે વ્યક્તિ હોય ત્યારે એ માણસ ભૌતિકતા તરફ ગતિ કરી રહ્યો છે, એમ સમજવું રહ્યું અને જ્યારે વ્યક્તિ માટે વસ્તુ છે એવું આપણો સમાજ સમજે ત્યારે અવશ્ય માનવું કે સમાજ સ્વસ્થ છે.

વ્યક્તિને વસ્તુની જરૂર પડવાની પણ આ આવશ્યકતાની પરિભાષા સમયાંતરે બદલાતી રહે છે. એક સમયે જે વસ્તુ લક્ઝુરિયસ હતી તે સમયના પરિવર્તનની સાથે આજે જરૂરિયાત બની ગઈ છે. નક્કી એ કરવાનું રહે છે કે પ્રત્યેક વસ્તુની જરૂર તો પડવાની જ, પણ વ્યક્તિ વસ્તુ માટે છે, વસ્તુ વ્યક્તિ માટે છે? ચોક્કસ નહીં. માટે જ આપણે તો કહીએ છીએ કે, ધર્મ મૂળભૂત રીતે પ્રદર્શનવાદી નથી. ધર્મ દર્શનને મહત્ત્વ આપે છે, પ્રદર્શનને નહીં. આ જે દર્શનશાસ્ત્ર આપણને પ્રાપ્ત થયાં છે, તેને જીવનમાં ઉતારીશું તો હરિદર્શન દૂર નહીં રહે.


કથાબિંદુ

મુનિ રાજપુણ્ય વિજય

દંડવીર્યની સાધર્મિક ભક્તિ

ભરત ચક્રવર્તીના વંશજ રાજા દંડવીર્યને સાધર્મિક ભક્તિ-સૌને ભોજન કરાવવાનું વ્યસન પડી ગયું હતું. સ્વયં ઈન્દ્રને તેમની પરીક્ષા કરવાનું મન થયું. બીજા દિવસે ઈન્દ્રએ પોતાની શક્તિ-વૈક્રિય લબ્ધિથી લાખો સાધર્મિકો વિકુર્વીને રાજા દંડવીર્યને ત્યાં મોકલ્યા. પ્રથમ દિવસે સાંજ સુધી સાધર્મિકો આવતા રહ્યા, અને દંડવીર્ય સૌની ભક્તિ કરતા રહ્યા. આમ તેમને ઉપવાસ થઈ ગયો. આવું આઠ દિવસ સુધી ચાલ્યું. સવારથી લઈને સાંજ સુધી દંડવીર્ય સૌની ભક્તિ કરતા રહ્યા. આમ આઠ ઉપવાસ થયા. આઠ દિવસ દરમ્યાન હજારો-લાખો સાધર્મિકોની ખડે પગે ઊભા રહીને જાતે ભોજનની ભક્તિ કરી. ક્યાંય ભોજનની ઈચ્છા કે હરતા-ફરતા મોઢામાં કંઈક નાંખવાનો વિચાર પણ ના આવ્યો, ન તો આંશિક રૂપે પણ ભાવોની હાનિ થઈ. આખરે આઠમા દિવસે રાત્રે ઈન્દ્ર મહારાજાને લાગ્યું કે દંડવીર્યની ઘણી પરીક્ષા થઈ ગઈ. બે-ત્રણ દિવસ જ કરવાની હતી, તેના બદલે આઠ આઠ દિવસ સુધી પરીક્ષા ચાલી. આઠમા દિવસે રાત્રે દંડવીર્યની સાધર્મિક ભક્તિની શુભભાવનાથી ઈન્દ્ર પ્રસન્ન થઈ પ્રગટ થયા. કરબદ્ધ ખૂબ ખૂબ અનુમોદના કરી, અને પ્રોતાની પ્રસન્નતાના પ્રતીક તરીકે દિવ્ય ધનુષ અને દિવ્ય કુંડલ તેઓને ભેટ તરીકે આપ્યા.

આપણે આવો પરાકાષ્ઠાનો ભક્તિભાવ ના રાખી શકીએ તો કંઈ વાંધો નહીં, કમસેકમ અવસરે એક-બે વ્યક્તિની શુભભાવથી ભક્તિ કરવાની ભાવના અવશ્ય રાખીએ.





જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

તેમણે સંસ્કાર અને શિક્ષણની પ્રાચીન પરંપરાને જીવંત કરી હતી

સંતવિભૂતિ પ્રમુખસ્વામી મહારાજ

એક પવિત્ર, પરગજુ, પરમાર્થી અને પરમાત્મામય આધ્યાત્મિક મહાપુરુષ એટલે પ્રમુખસ્વામી મહારાજ. વિશ્વશાંતિ માટે સદા કટિબદ્ધ અને વિશ્વના સૌથી વધુ પ્રભાવક ધર્મગુરુઓમાં આદરણીય સ્થાન ધરાવતા પ્રમુખસ્વામીજીએ 'બીજાના ભલામાં આપણું જ ભલું છે...!!' જીવનસૂત્ર સાથે અનેકવિધ સેવાઓમાં પોતાના સમગ્ર જીવનને સમર્પિત કર્યું હતું. આ મહાન સંતનો જન્મ એક ખેડૂત પરિવારમાં તા. 7 ડિસેમ્બર, 1921ના રોજ ગુજરાતમાં વડોદરા પાસેના ચાણસદ ગામે થયો હતો. કિશોરવયે ભગવાન શ્રી સ્વામિનારાયણની આધ્યાત્મિક પરંપરાના તૃતીય ગુરુદેવ બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજના પવિત્ર વ્યક્તિત્વથી તેઓ આકર્ષાયા. 18 વર્ષની વયે તેમણે શાસ્ત્રીજી મહારાજના ચરણે જીવન સમર્પિત કર્યું. દીક્ષા લઈને સન 1940માં તેઓ નારાયણસ્વરૂપદાસ સ્વામી બન્યા. જન્મજાત વિનમ્રતા, અહર્નિશ સેવા, સાધુતા અને લોકોના કલ્યાણની નિઃસ્વાર્થ ભાવનાથી તેઓ સૌના પ્રિય બન્યા. 1950માં માત્ર 28 વર્ષે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના પ્રમુખ બન્યા, ત્યારથી તેઓ પ્રમુખસ્વામી મહારાજ નામથી લોકલાડીલા બન્યા. 1971માં યોગીજી મહારાજના આધ્યાત્મિક અનુગામી તરીકે તેઓ લાખો ભક્તોના ગુરુપદે બિરાજ્યા.



પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ એક એવા પરમાર્થી સંત હતા, જેમણે નિઃસ્વાર્થભાવે જનહિત માટે દેહની પરવાહ છોડીને, અનેક કષ્ટો વેઠીને 18,000થી વધુ ગામડાં-નગરોમાં જીવનભર ઘૂમ્યા હતા. જ્યાં રસ્તા પણ નથી પહોંચ્યા, એવાં ગામડાંઓ ને લાખો ઘરોને તેમણે પાવન કર્યા હતા, મુશ્કેલીઓમાં સાથ ને માર્ગદર્શન આપ્યા હતા. લાખો લોકોને વ્યક્તિગત મળીને તેમણે મદદ, માર્ગદર્શન, ધીરજ અને આશિષ આપ્યા હતા. સાત લાખ જેટલા પત્રો લખીને અનેકને સાચો રાહ ચીંધ્યો હતો. તેમણે રચેલાં 1,100થી વધુ મંદિરો સત્સંગ, સેવા અને આધ્યાત્મિક મૂલ્યોનાં ઊર્જાકેન્દ્ર તરીકે લાખોને પવિત્ર પ્રેરણા આપે છે. દિલ્હી અને ગાંધીનગરમાં રચેલાં સાંસ્કૃતિક પરિસર અક્ષરધામ લાખો લોકોનાં હૈયે ભારતીય સંસ્કૃતિની સુવાસ પ્રસરાવે છે. તેમણે અનેક નવયુવાનોને આધ્યાત્મિક પ્રેરણા આપીને આત્મકલ્યાણ અને લોકસેવાના પથ પર પ્રેરિત કર્યા હતા. તેમણે દેશ-વિદેશમાં કુલ 9,500થી વધુ બાળ-યુવા કેન્દ્રો અને 9,000થી વધુ પુરુષ-મહિલા સત્સંગ કેન્દ્રો સ્થાપીને સૌનાં જીવનમાં આધ્યાત્મિકતા અને સંસ્કારોનું સિંચન કર્યું છે, હજારો યુવાનોને રચનાત્મક માર્ગે વાળ્યા છે.

પ્રમુખસ્વામી મહારાજે 31 શિક્ષણ-સંકુલો વિકસાવીને સંસ્કાર અને શિક્ષણની પ્રાચીન પરંપરાને જીવંત કરી હતી. આપત્તિગ્રસ્તો માટે 55 શાળાઓનું નવનિર્માણ, 23થી વધુ શૈક્ષણિક સંકુલોમાં અનુદાન, પ્રતિવર્ષ 5,000થી વધુ છાત્રોને આર્થિક સહાય વગેરે શિક્ષણ સેવા દ્વારા સ્વામીશ્રી લાખો વિદ્યાર્થીઓના ઉજ્જ્વળ ભાવિના ઘડવૈયા બન્યા હતા. તેઓએ 7 મલ્ટિ સ્પેશિયાલિટી હોસ્પિટલો સ્થાપી છે. તે ઉપરાંત 11 નિઃશુલ્ક ફરતાં દવાખાનાં દ્વારા 40 લાખ કરતાં વધુ પછાત દર્દીઓની સારવાર કરી છે. 46 લાખ સી. સી.નું વિક્રમસર્જક રક્તદાન, નિઃશુલ્ક રોગનિદાન યજ્ઞો તેમજ વિવિધ આરોગ્ય સેવાઓ દ્વારા સ્વામીશ્રીએ સમાજના આરોગ્યનું જતન કર્યું હતું.

પ્રમુખસ્વામી મહારાજે કુદરતી પ્રકોપથી પીડિત ગુજરાત, મહારાષ્ટ્ર, કચ્છ, ઓરિસ્સા કે નેપાળ, આફ્રિકા ને અમેરિકા સુધી રાહતસેવાઓ કરીને આપત્તિગ્રસ્તોને હૂંફ આપી નવજીવન બક્ષ્યું છે. આપત્તિગ્રસ્ત 18 ગામો દત્તક લઈને, તેનું નવનિર્માણ કરી હજારોને છત્ર આપ્યું છે. 40 લાખ લોકોને વ્યસનમુક્તિની પ્રેરણા આપતું વ્યસનમુક્તિ આંદોલન હોય, સ્વચ્છતા કે સાક્ષરતા અભિયાન હોય, આદિવાસી ઉત્કર્ષ કે પર્યાવરણરક્ષા અભિયાન હોય, સ્વામીશ્રીએ હજારો સ્વયંસેવકો દ્વારા અનેક અભિયાનો આદરીને સમાજ ને સંસ્કૃતિના હિતનું જતન કર્યું હતું. પ્રમુખસ્વામી મહારાજે પોતાની સાધુતાની મર્યાદાને રાખીને ભગવાન શ્રી સ્વામિનારાયણ દ્વારા પ્રગટેલી મહિલા-ઉત્કર્ષ પ્રવૃત્તિને બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા અનેકશઃ વિસ્તારી છે. તેઓની પ્રેરણાથી સંચાલિત હજારો બાલિકા-કિશોરી-યુવતી-મહિલા કેન્દ્રો દ્વારા દેશ વિદેશમાં લાખોનાં જીવનમાં એક તેજસ્વી કાંતિ પ્રસરી છે. પ્રભુને અર્પણ કર્યા વિનાનું જળનું ટીપું પણ એમને ગ્રાહ્ય નથી. એમની મૂડી કે એમનું સર્વસ્વ ભગવાન છે. સાચે જ, પરાભક્તિમય સ્વામીશ્રીનું હૃદય પરમાત્માનું અખંડ નિવાસસ્થાન છે. નિઃસ્વાર્થ સેવાભાવે તેમણે કરેલાં અનેક આંતરરાષ્ટ્રીય કાર્યો સૌને પ્રભાવિત કરે છે. યુનોથી લઈને ગિનિસ વર્લ્ડ રેકોર્ડ્સ, કેનેડા અને બ્રિટિશ પાર્લામેન્ટ પર્યંત ઠેર ઠેર તેમને બિરદાવાયા હતા. છતાં, એ સિદ્ધિઓ પ્રભુને અર્પણ કરી સ્વામીશ્રી એ યશથી સદા મુક્ત રહેતા હતા. ગરીબ હોય કે તવંગર, સામાન્ય મજૂર હોય કે રાષ્ટ્રના માંધાતા અભણ ખેડૂત હોય કે પ્રખર વિદ્વાન, સવર્ણ હોય કે પછાત, પ્રમુખસ્વામી મહારાજ પાસે એ તમામ ભેદરેખાઓ સમાપ્ત થઈ જતી હતી. તેઓ સમભાવે સૌ પર વાત્સલ્ય અને આશીર્વાદ વરસાવતા હતા. કારણ કે સ્વામીશ્રી માનવ કે જીવપ્રાણીમાત્રમાં પરમાત્માને નીરખતા હતા.

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ જેવા દિવ્ય મહાપુરુષ ક્યારેય પૃથ્વી પરથી વિદાય લેતા નથી. તેમના દિવ્ય કાર્યો, તેમનો દિવ્ય સંદેશ અને તેમના આધ્યાત્મિક અનુગામી દ્વારા હંમેશાં તેઓ આપણી વચ્ચે જ રહીને કૃપા વરસાવે છે. તેઓના જીવન અને કાર્યને જન જન સુધી પહોંચાડવા ઉત્સાહ, ઉમંગ અને ઉલ્લાસ સાથે તેમનો જન્મ શતાબ્દી મહોત્સવ અમદાવાદ ખાતે શાનદાર રીતે ઊજવાશે. તો ચાલો, આપણે સૌ સાથે મળીને સર્વજીવ હિતાય અને સર્વજીવ સુખાય પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવના સહભાગી બનીએ અને જીવનને ઉર્ધ્વગામી બનાવીએ.

jivanmangalam@gmail.com



ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

પ્રત્યેક કથાકાર, સાધુ જ છે અને સંન્યાસી પણ છે. તે સફેદ વસ્ત્રમાં હોય તો પણ સંન્યાસી છે

હરિકથા લોકોનાં હૃદયમાં પરમાત્મા પ્રત્યે પ્રેમ જાગૃત કરે છે

મહાપુરુષોના મુખમાંથી નીકળનારી વાણી ગંગા જેવી જ શીતળ, નિર્મળ, પાવન અને સંતૃપ્ત કરનારી હોય છે. આપણે એ ચર્ચા કરી કે શ્રીમદ્ ભાગવત પ્રેમ આપનારી સંહિતા છે એટલે કે તેનું શ્રવણ કરશો તો પ્રેમ પ્રગટ થશે. બ્રહ્માજીએ નારદજીને ભાગવતનો ઉપદેશ આપ્યો અને કહ્યું કે જાઓ, પરિભ્રમણ કરો, આમ પણ તમને શાપ છે એટલે એક જગ્યાએ તમે બેસી શકશો નહીં, તમે પરિભ્રમણ કરો.

જે કોઈ પણ વ્યક્તિ સત્ય જાણવા માટે ઉત્સુક છે, તેને જોઈને સંતના હૃદયમાં પ્રેમ ઉદ્ભવે છે. પરંતુ જો કોઈ વ્યક્તિ મહાપુરુષ પાસે જઈને પૂછે કે મહારાજ! બે દેશો વચ્ચે યુદ્ધ ચાલે છે? તમને શું લાગે છે? કોણ જીતશે? અરે ભાઈ, તેમને તો માળા જપવા દો. આ પ્રશ્નને બદલે જો તમે ઈશ્વર વિશે પૂછો તો તેમનાં હૃદયમાં પ્રેમ ઉદ્ભવે અને તે પ્રેમને કારણે જ ઉપદેશની ગંગા વહે અને પછી એ જ ગંગા ક્યારેક ગીતારૂપે વહે તો ક્યારેક રામાયણનાં રૂપે વહે છે, તો ક્યારેક તે ગંગા ભાગવતરૂપ બની જાય છે.



બીજી રીતે જોઈએ તો જેટલા પણ હરિગુણના ગાયક છે તેમને શાપ કહો કે, ભાગ્ય કહો કે તેમનું કાર્ય કહો પરંતુ હું તો તેને વરદાન કહું છું કે તેઓ એક જગ્યાએ સ્થિર નથી રહેતા. તે અર્થમાં પ્રત્યેક કથાકાર, સાધુ જ છે અને સંન્યાસી પણ છે. પછી તે સફેદ વસ્ત્રમાં હોય તો પણ સંન્યાસી. એટલે કે તે ઘરે વધુ સમય રહી શકતો નથી. એક જગ્યાએ સ્થિર નથી રહેતો, ભિક્ષા માગીને પેટ ભરે છે. તે પરિવારનો ત્યાગ કરે છે, સાંસારિક વાતો છૂટી જાય છે. તો આ અર્થમાં તે સંન્યાસી જ છે.

એક જગ્યાએ સ્થિર નથી અને પરિભ્રમણ કરે છે. નારદજી અસ્થિર છે. અસ્થિરનો એક અર્થ આવો પણ થાય છે. 'અ' એટલે વાસુદેવ શ્રીકૃષ્ણ. તેમનામાં જે સ્થિર થઈ ગયો તે અસ્થિર. ભગવાન શ્રીકૃષ્ણમાં જેની મતિ સ્થિર થઈ ગઈ છે.

જેની બુદ્ધિ શ્રીકૃષ્ણમાં સ્થિર થઈ ગઈ છે, તે અસ્થિર. અસ્થિર શબ્દ સુંદર છે. જેવી રીતે નારદજી જેવા કોઈ સાધુ, કોઈ વક્તા નિરંતર ભલે પરિભ્રમણ કરે એટલે કે તેનું તન (શરીર) ફરતું રહે છે પરંતુ તેમનું મન શ્રીકૃષ્ણનાં ચરણોમાં જ સ્થિર છે. જેની મતિ સતત ફરતી રહે છે, ભ્રમણ કરતી રહે છે, તે સંસારી છે. જેનું શરીર (તન) ભલે ભ્રમણ કરતું રહે પરંતુ જેની બુદ્ધિ શ્રીકૃષ્ણમાં સ્થિર છે, તે સાધુ છે.

સંન્યાસી અને સંસારીમાં આટલો જ ભેદ છે. સંસારીનું તન ઘરમાં સ્થિર હોય છે અને મન ભટકતું હોય છે એટલે કે બુદ્ધિ સ્થિર થતી નથી. સાધુનું શરીર ભ્રમણ કરતું હોય છે એટલે જ કહેવાય છે કે 'સાધુ તો ચલતા ભલા' પરંતુ તેમનું મન ભગવાનમાં લાગેલું હોય છે અને તેમની બુદ્ધિ શ્રીકૃષ્ણમાં સ્થિર ગઈ હોય છે.

આનું પરિણામ એ આવે છે જેમ શ્રીમદ્ ભગવદ્ ગીતામાં સ્વયં શ્રીકૃષ્ણ પરમાત્માએ કહ્યું છે કે 'મય્યેવ મન આધત્સ્વ મયિ બુદ્ધિં નિવેશય' એટલે કે તું મારામાં જ સ્થિર રહીશ. આ જ સ્થિત ધીઃ એટલે કે અસ્થિર છે.

નારદજી આવા જ મહાપુરુષ છે, જે ભગવાન શ્રીકૃષ્ણમાં સ્થિર છે. આ જ રીતે પ્રત્યેક હરિગુણ ગાયકનાં જીવનમાં જોડાયેલી ઘટના કહો કે શાપ અથવા વરદાન પણ તેઓ એક સ્થળે સ્થિર રહેતા નથી અને નિરંતર પરિભ્રમણ કરે છે અને હરિકથા દ્વારા લોકોનાં હૃદયમાં પરમાત્મા પ્રત્યે પ્રેમ જાગૃત કરે છે. આપણે પણ સત્સંગમાં રહેવું અને પ્રભુનામ સંકીર્તન સતત કરતા રહેવું. જેનાથી આપણું સ્વયંનું પણ કલ્યાણ થાય અને આપણા સંસર્ગમાં આવનારા તમામને તેનો લાભ મળતો રહે.

કથાબિંદુ

મુનિ રાજપુણ્ય વિજય

ભીમ શ્રાવકની સત્યનિષ્ઠા

સેંકડો વર્ષો પૂર્વે શ્રી જગચ્ચન્દ્રસૂરીશ્વરજી નામના મહાન જૈનાચાર્ય થઈ ગયા. તેમના ભીમ નામના એક પૂર્ણ સમર્પિત શ્રાવક હતા.

ભીમ શ્રાવક આમ ધનાઢ્ય, સાથે સાથે આરાધક પણ સારા હતા. તેમની વિશેષતા એ હતી કે ગમે તેવી કપરી સ્થિતિમાં પણ તેઓ જૂઠ ક્યારેય બોલતા ન હતા. એક વખત મ્લેચ્છોએ ભીમ શ્રાવકના ઘરે ધાડ પાડી. સંપત્તિ તો લૂંટી જ, સાથે સાથે ભીમ શ્રાવકનું પણ અપહરણ કરી પોતાની છાવણીમાં લઈ ગયા. પિતાને મુક્ત કરવા પુત્રોએ મ્લેચ્છોને ચાર હજારનાં ટાંક (તે વખતનું મૂલ્ય) આપ્યાં. આ ટાંક સાચા છે કે ખોટા? તેની મ્લેચ્છોને જાણ ન હતી.

ભીમ સત્યવાદી શ્રાવક છે, આ મ્લેચ્છોને ખ્યાલ હતો, તેથી મ્લેચ્છો તે ટાંક લઈ સીધા ભીમ પાસે ગયા, અને તે સાચા છે કે ખોટા, તે જણાવવા કહ્યું. ટાંક હાથમાં લેતાં જ ભીમને ખ્યાલ આવી ગયો કે આ ખોટા છે. 'મને મુક્ત કરવા માટે મારા પુત્રોએ મોકલ્યાં છે.' તે પણ ખ્યાલ હતો.

આપણા જેવા હોય તો મુક્ત થવા માટે આપણે જૂઠ બોલી દઈએ, પણ ભીમ શ્રાવકે આવું ના કર્યું. તેમણે અંશ નકારાત્મક વિચાર કર્યા વિના મ્લેચ્છોને કહી દીધું: 'મને મુક્ત કરવા માટે મારા પુત્રોએ જે ટાંક આપ્યા છે, તે ખરેખર ખોટા છે.'

આવી વિકટ પરિસ્થિતિમાં પણ સત્યનિષ્ઠાને વળગી રહેનાર ભીમ શ્રાવક ઉપર મ્લેચ્છો આફરીન પોકારી ગયા. તેમણે તેમને મુક્ત કર્યા. છેક તેમના ગામ સુધી સામેથી મૂકવા માટે ગયા. દિવસમાં આપણે કેટલીવાર જૂઠ બોલતા હોઈએ છીએ, તેના ઉપર વિચાર કરવા જેવો છે, કદાચ આ ના થાય તોય મજાકમાં તો ક્યારેય જૂઠ ના બોલીએ.






જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

જે માણસ મોટપ પછી પણ કરકસર કરી શકે છે તે જ મહાન બની શકે છે

આટલામાં શું ?



સને 1932. ગાંધીજી યરવડાની જેલમાં હતા. ઘણા લોકો તેઓને મળવા આવતા હતા. એક વખત પરીક્ષિતલાલ મજમુદાર તેઓને મળવા આવ્યા. ત્યારે ગાંધીજીના સેવકે સગડી ઉપર પાણી ગરમ કરવા મૂક્યું હતું. પાણી ગરમ થયા પછી તેઓ કોલસા હોલવવાનું ભૂલી ગયા. ગાંધીજીએ તેમને બોલાવી કોલસા હોલવી નાખવા જણાવ્યું. એક અંગ્રેજે આ જોઈ કહ્યું, 'આ તો સરકારના કોલસા છે, તેમાં શો વાંધો? 'ગાંધીજી કહે, 'ભલે, સરકારી હોય પણ આખરે તો ભારત દેશની સંપત્તિ છે ને! તેને ગમે તેમ વેડફાય નહિ' હા, મહાપુરુષોના જીવનમાં જોવા મળતા અનેક સદ્દગુણોમાંનો એક સદ્દગુણ એટલે કરકસર. સામાન્ય રીતે ઘણું બધું પામ્યા પછી કે ઊંચાઈ ઉપર પહોંચ્યા પછી નાની નાની વસ્તુઓના બગાડની દરકાર રહેતી નથી, પણ જે માણસ મોટપ મેળવ્યા પછી પણ નાની નાની વસ્તુઓની કરક્સર કરી શકે છે તે જ ખરા અર્થમાં મહાન બની શકે છે.

એક વખત લાલબહાદુર શાસ્ત્રીને લંડનમાં એક સંમેલનમાં જવાનું હતું. જેમાં ઘણા દેશના વડાપ્રધાનો ભેગા થવાના હતા. એમની પાસે બે જ કોટ હતા. જેમાંથી એકને તો કાણું પડેલું હતું. એમના મિત્ર વેંકટરામણે નવો કોટ સિવડાવવા કહ્યું. શાસ્ત્રીજીએ ના પાડી. વેંકટરામણે પરાણે દરજીને બોલાવી માપ લેવડાવ્યું. શાસ્ત્રીજી કહે, 'એક કામ કરો. આ વખતે મારો આ જૂનો કોટ ઊંધો કરી સીવી દો. જો સારો નહીં લાગે તો નવો સિવડાવીશું. 'દરજી કોટને રિપેર કરીને લાવ્યો. કોટ જોઈને શાસ્ત્રીજી કહે, 'આપણને પણ ખબર નથી પડતી કે આ રિપેર કરેલો છે તો સંમેલનમાં બીજાને કેવી રીતે ખબર પડવાની છે? માટે આ કોટ ચાલશે.' મહાપુરુષો કરકસર કરવામાં ગમે ત્યાંથી માર્ગ કાઢી લે છે. તેઓને મન કરસકરનું મહત્ત્વ એટલું બધું મોટું હોય છે કે તેઓને આ બાબતમાં પાછા વાળવા કઠણ બની રહે છે.

તા. 14-12-2006ના રોજ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ ગાડીમાં નડિયાદથી અમદાવાદ જતા હતા. આ દરમિયાન તેઓ પત્ર વાંચનમાં વ્યસ્ત હતા. એક મોટો કાગળ સ્વામીશ્રીએ હાથમાં લીધો, પાનાં વધારે હતાં, પાનાં ખોલવા જતાં એમાં ભરાવેલી સેફટી પિન નીચે પડી ગઈ. એટલે સ્વામીશ્રીએ પાનાં બાજુ પર મૂક્યાં અને નીચા વળીને ધોતિયામાં કે નીચે પગ આગળ સંતાઈને પડેલી સેફટી પિન શોધવાનો પ્રયત્ન કર્યો. સેફટી પિન બે પગની વચ્ચે પડેલી હતી. સ્વામીશ્રી ચાલુ ગાડીએ નીચે નમીને તે લઈ શકે એવી પરિસ્થિતિ ન હતી. તેઓએ યુક્તિ વાપરી, પત્ર માટેનું મોટું કવર તેઓએ હાથમાં લીધું

અનેકવિધ સમાજલક્ષી સેવાઓમાં કરોડોનું યોગદાન આપનાર આ સંતને મન નાની સેફટી પિન પણ નકામી ન જાય તેની જાગૃતિ હતી

અને ત્યારબાદ બંને હાથે કવરને આડું પકડ્યું અને ક્ચરો લેવા માટે જેમ સુપડીનો ઉપયોગ કરીએ છીએ એ સ્થિતિમાં થોડાક નીચા વળીને તેઓએ સેફટી પિનને કાગળ ઉપર સેરવી લીધી અને ત્યારબાદ એ સેફટી પિનનો ફરીથી ઉપયોગ કરવા માટે કવરમાં મૂકી દીધી.


શિક્ષણથી માંડીને કેટલ કેમ્પ સુધીની અનેકવિધ સમાજલક્ષી સેવાઓમાં કરોડોનું યોગદાન આપનાર આ સંતને મન નાની સેફટી પિન પણ નકામી ન જાય તેની જાગૃતિ હતી. સામાન્ય રીતે નાની નાની વસ્તુઓનો બગાડ આપણને ખૂંચતો નથી. જમ્યા પછી નિયમિત રીતે વધતી રસોઈને જોઈને આપણને થાય કે 'આટલામાં શું?' ખોટેખોટી લાઈટો ઘરમાં બળતી હોય તો પણ આપણને થાય કે, 'આટલામાં શું?' ફોન ઉપર ક્લાકો સુધી વાતો કરવામાં સમયનો બિનજરૂરી વ્યય થાય તોપણ આપણને લાગે કે, 'આટલામાં શું?' પણ આ વિચારસરણીએ જ કેટલાય લોકોનું પતન કર્યુ છે.

જુલિયા કર્ની નામના અમેરિકન લેખકે કહ્યું છે કે, 'Little drops of water, little grains of sand, make the mighty ocean and the pleasant land,' અર્થાત 'પાણીનાં નાનાં બૂંદથી અગાધ સમુદ્રની રચના થાય છે. રેતીના નાના કણથી સુંદર ધરાની રચના થાય છે.' ગુજરાતીમાં કહેવાયું છે કે, 'ટીપે ટીપે સરોવર ભરાય.' જેવી રીતે ટીપે ટીપે સરોવર ભરાય, એવી જ રીતે ટીપે ટીપે સરોવર ખાલી પણ થાય. જેવી રીતે થોડું થોડું કરતાં બચત થઈ શકે, એવી જ રીતે થોડું થોડું કરતા પૈસો વેડફાઈ પણ જાય.

અંગ્રેજીમાં પણ કહેવાયું છે કે, 'A penny saved is a penny earned' ઘણી વખત ખૂબ પ્રયત્નો કર્યા પછી પણ જોઈએ એટલા પૈસા આપણે કમાઈ નથી શક્તા, એ આપણા હાથમાં નથી હોતું પણ પૈસાનો વપરાશ તો આપણા હાથમાં હોય છે ને! તો જે વસ્તુ આપણા હાથમાં છે એના ઉપર શું કામ આપણે કેન્દ્રિત ન થઈએ?

તો ચાલો, પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના જન્મ શતાબ્દી મહોત્સવના આરંભે મહાપુરુષોમાંથી પ્રેરણા લઈને તેમનો કરકસરનો ગુણ આપણા જીવનમાં પણ ઉતારીએ અને જીવનને ઉન્નતિના માર્ગે આગળ વધારીએ.

jivanmangalam@gmail.com



ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

બેવકૂફ હોય તે એક જ દુઃખથી અનેકવાર દુઃખી થાય...તેને યાદ કરી કરીને

ભગવાન તો સર્વવ્યાપક છે, તેને મૂર્તિમાં કેમ બાંધી શકાય?



જીવનમાં સત્સંગ અને સકારાત્મક ચિંતન આવશ્યક છે. જેનાથી આપણું સમગ્ર જીવન સદાચારમય બની રહે. કેટલાક લોકો એવી દલીલ કરતા હોય છે કે, 'ભગવાન તો સર્વવ્યાપક છે, તેને મૂર્તિમાં કેમ બાંધી શકાય?' ત્યારે કહેવાનું કે ભગવાન સર્વવ્યાપક છે, એ સત્ય છે, પરંતુ ચંચળ મનને સ્થિર કરવા માટે કંઈક આધાર જોઈએ, અધિષ્ઠાન જોઈએ એટલા માટે મૂર્તિપૂજા કરીએ છીએ. હું પાઠશાળામાં ભણતો હતો ત્યારે ગણેશ ચતુર્થીએ અમારા ગુરુમાને ગણેશજીની પૂજા કરવાની હતી. દેવનું સ્વરૂપ શું હોય છે? ક્યારેક તો શ્રદ્ધાપૂર્વક એક પથ્થરને ફક્ત સિંદુર લગાડવાથી હનુમાનજી બની જાય છે. તો અધિષ્ઠાન જોઈએ. વૈષ્ણોદેવીમાં ત્રણ પિંડી છે એમાં માતાજીની ભાવના કરવાની છે, આ પરામ્બા ભગવતી એટલે પ્રકૃતિ. શ્રીકૃષ્ણ ગીતામાં કહે છે.

'હું અજન્મા અને અવિનાશી હોવા છતાં સમસ્ત પ્રાણીઓનો ઈશ્વર છું....' ઈશ્વર કોને કહેવાય? જે બધાના નિયંતા હૈ, બધાને નિયંત્રણમાં રાખનારા છે. પછી કહે છે કે હું પ્રકૃતિને વશ કરીને મારી યોગમાયા દ્વારા પ્રગટ થઉં છું. પ્રકૃતિ પરામ્બા ભગવતી છે. પ્રકૃતિ ત્રિગુણાત્મિકા છે. સત્ત્વ, રજસ્ અને તમસ્-એ ત્રણેય ગુણોની સામ્યાવસ્થા એ પ્રકૃતિ છે. આપણું આ શરીર એ પણ પ્રકૃતિ છે. આપણું પંચભૌતિક પિંડ એટલે શરીર. વૈષ્ણોદેવીમાં ત્રણ પિંડ છે એમાં એક પિંડ એટલે આપણો આ પંચભૌતિક પિંડ, બીજો પિંડ એટલે મન અને મન એટલે લાગણી. માણસ લાગણીનો બનેલો છે. કોઈકે બે સારા સબ્દો કહ્યા હોય અને ખુશ થઈ જઈએ. કોઈકે કડવા વેણ કહ્યાં હોય અને દુઃખી થઈ જઈએ, રડવા લાગીએ, ખોટું લાગી જાય અથવા મારામારી કરવા પર ઊતરી આવીએ. માણસ લાગણીનો બનેલો છે, ત્રીજા પિંડ એટલે વૈચારિક પિંડ-બુદ્ધિ, એની પાસે વિચારો છે. તો વિચાર, લાગણી અને આ ભૌતિક પિંડ દ્વારા થતા કર્મો. આ ક્રિયા, વિચાર અને ભાવના આ ત્રણેયનું મિશ્રણ એટલે ચરિત્ર.

આપણે ક્રિયાના બનેલાં છીએ, આપણે ભાવનાના બનેલાં છે. આપણે વિચારના બનેલાં છીએ. આ ત્રણેય મળી આપણું જીવન બને છે, અસ્તિત્વ બને છે. એટલે એ પરામ્બા ભગવતીની ત્યાં પૂજા થાય છે. આપણે પણ ત્રણેયની પૂજા કરવાની છે.

કથામાં બેઠા હોઈએ ત્યારે વૈચારિક પિંડની પૂજા ચાલે છે. જોકે, આપણી વિચાર પ્રક્રિયા સાચી હોય એ અત્યંત જરૂરી છે. પ્લેટો કહે છે કે વસ્તુ બનતાં પૂર્વે તેનો વિચાર મગજમાં આવે છે અને પછી તે બને છે. ટેબલ બનતાં પૂર્વે તેનો વિચાર સુથારનાં મનમાં આવે છે. આપણું વિશ્વ વિચારોનું બનેલું છે. મનુષ્ય એ વિચારોથી બનેલો છે. તમારી દુનિયા એવી જ બનશે, જેવું તમે વિચારો છો. માટે નકારાત્મકતાને દૂર કરી દો. તમારે હંમેશાં સકારાત્મક ચિંતન કરવાનું છે. ઘણીવાર એવું બને છે કે માણસ પોતાની સમસ્યાઓ વિશે વિચારતા વિચારતા અનેક સમસ્યાઓને જન્મ આપી બેસતો હોય છે.

ગમે તેટલી સમસ્યાથી ઘેરાયેલા હોઈએ અને દુઃખથી પીડાતા હોઈએ ત્યારે પણ હંમેશાં એક વસ્તુ યાદ રાખવી કે જીવનમાં ક્યાંક તો સારું થયું છે, ક્યારેક તો સારું થયું છે. સૂતાં પહેલાં આ મુજબ ચિંતન કરવાનું છે કે, હે ભગવાન! તેં મારા જીવનમાં આ સારું કર્યુ હતું, મારા જીવનમાં સૌથી સારી ક્ષણો આ હતી, સહુથી ખુશીની ક્ષણો આ હતી એને યાદ કરવાની. ડાહ્યો માણસ હોય તે દુઃખથી એકવાર દુઃખી થાય અને બેવકૂફ હોય તે એક જ દુઃખથી અનેકવાર દુઃખી થાય...તેને યાદ કરી કરીને.

હા એક વાત પણ ચોક્કસ યાદ રાખવાની છે કે કોઈ તમારું અપમાન કરી શકે છે, પરંતુ તમને અપમાનિત નથી કરી શકતું, કેમ કે કોઈએ વાણી કે વર્તન દ્વારા તમારું અપમાન કરવાનો પ્રયત્ન કર્યો છે, પરંતુ એ તેની ક્રિયા છે, એક્શન છે. તેની સામે જો તમે પ્રતિક્રિયા-રિએક્શન ન આપો તો તમે અપમાનિત થતા નથી. તમારે અપમાનિત થવું કે ન થવું એ તમારા હાથમાં છે.

આમ, આ બધી જ વાતો મન અને વિચારો સાથે સંકળાયેલી છે. માટે જ જીવનમાં સત્સંગ હશે તો સકારાત્મક વિચારો આવશે અને સારા ગ્રંથોનું વાંચન અને સદ્ગુરુ દ્વારા સારી વિદ્યાનું આપણા જીવનમાં પોષણ થયું હશે તો તમને મંદિરમાં પથ્થર નહીં દેખાય, પરંતુ તમને લાગશે કે હવે એ પથ્થર નથી રહ્યો, પરંતુ પ્રાણ-પ્રતિષ્ઠા બાદ તેમાં દેવનું સ્થાપન થયું છે અને ત્યાં પરમાત્માનો નિવાસ છે અને ત્યારે તમારું મંદિરમાં દર્શન કરવું સાર્થક બની રહેશે. આ રીતે વિચારને સકારાત્મકતામાં પરિવર્તિત કરી દેશો તો બધે જ તમને સારું અને શ્રેષ્ઠતાનું જ દર્શન થતું રહેશે.






જીવન માંગલ્ય
સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

સત્પુરુષોનું આગમન એ ભગવાનની માનવજાતને અમૂલ્ય ભેટ છે

એવા જનો તો જીવજો વિશેષ

જેના જશો આ જગમાં ગવાય,
જેને જનો સૌ ચિત્તમાં ચહાય,
કાપે સદા જે પરના ક્લેષ,
એવા જનો તો જીવજો વિશેષ.

આ પૃથ્વી પર સત્પુરુષોનું આગમન એ ભગવાનની માનવજાતને અમૂલ્ય ભેટ છે. તેઓ અવિસ્મરણીય કાર્યો દ્વારા આ વિશ્વને વધુ સુંદર બનાવે છે. તેઓનું પ્રત્યેક પગલું બીજાને પ્રેરણા આપે છે, તેઓ આગળ ચાલતા જાય છે, સદાચારનાં અજવાળાં પાથરતાં જાય છે. તેઓ ગંગાની જેમ અવિરત વહેતા જાય છે અને લાખોનાં જીવતરના મેલ ધોઈ પવિત્રતા અર્પતા જાય છે. તેઓ ક્યારેય આ પૃથ્વી પરથી જતાં નથી. લોકોનાં મન અને હૃદયમાં સદાને માટે જીવંત રહે છે. તેઓનું જીવન અને કાર્ય સમગ્ર માનવજાત માટે શાશ્વતકાળ સુધી દીવાદાંડીરૂપ બની રહે છે.



આવા સત્પુરુષો માટે લખાયું છે, એવા જનો તો જીવજો વિશેષ. તારીખ 7 ડિસેમ્બર, 1921ના દિવસે વડોદરા પાસે કાનમ પ્રદેશના ચાણસદ ગામમાં જન્મ થયો શાંતિલાલ નામના બાળકનો અને પછીથી ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડે આ બાળકને આ મિલેનિયમના (સન્ 1001-સન્ 2000 સુધીના) 20 સૌથી વધુ પ્રભાવશાળી વ્યક્તિઓની યાદીમાં મૂકી જાહેર કર્યા. શાંતિલાલે પોતાનું બાળપણ ધૂળ-માટીના ઘરમાં વિતાવ્યું હતું, પણ પોતાના જીવન દરમિયાન દુનિયાભરમાં 1200થી વધુ મંદિરો, સેંકડો સ્કૂલો, હોસ્પિટલોનું નિર્માણ કર્યું, ગિનિસ વર્લ્ડ રેકોર્ડે તેઓને માસ્ટર બિલ્ડરનું બિરુદ આપી સત્કાર્યા. તેઓએ માત્ર 6 ધોરણ સુધી અભ્યાસ કર્યો, પણ પોતાના જીવન દરમિયાન 40 લાખથી વધુ લોકોને વ્યક્તિગત માર્ગદર્શન આપી સુખ-દુ:ખના સંગાથી બન્યા. પોતાના ગામની બહાર પણ ભાગ્યે જ પગ મૂકનાર આ બાળકે અઢી લાખથી વધુ ઘરોને પછી પવિત્ર કર્યાં અને અવિરત વિચરણ કરતાં 51થી વધુ દેશોની ધરાને ધન્ય કરી. સાધારણ જણાતા આ બાળકે પોતાની સાધુતા, ભગવાનમાં અતૂટ શ્રદ્ધા, અદ્વિતીય કાર્યશૈલી અને નિરાળા નેતૃત્વથી BAPS સંસ્થાને વિશ્વવ્યાપી બનાવી દીધી.

આ આશ્ચર્યો આજે સમાજમાં સહેજે ચર્ચાઇ રહ્યા છે અને આ કોયડાનો કાયમી ઉકેલ પ્રમુખસ્વામી મહારાજ પાસેથી જ મળી શકે તેમ છે. જ્યારે તેઓનાં જીવન સામે જોઈએ ત્યારે એક વાત સોયની કેડે દોરો ચાલ્યો આવે તેમ ચાલી આવે છે, તે છે તેઓની ભગવાનમાં અતૂટ શ્રદ્ધા. જીવનની પ્રત્યેક ક્ષણ તેઓનું લક્ષ્ય રહ્યું છે ભગવાન સામે. ભગવાનનું ભજન કરવું અને કરાવવું તે જ હતો તેઓનો મુખ્ય પ્રોજેક્ટ. અને આ બધી જ સિદ્ધિઓ અને સફળતાઓ તો સહેજે તેની પાછળ ખેંચાઈને આવેલી હતી. 2005માં દિલ્હી ખાતે ભવ્ય અક્ષરધામનું ઉદ્ઘાટન કર્યા પછી વિશ્વ વિખ્યાત હાર્ટ સર્જન ડૉક્ટર સુબ્રમણ્યમ સાહેબ જ્યારે પ્રમુખસ્વામી મહરાજને મળ્યા અને તેઓને પૂછ્યું કે, What is your next project? તમારો હવે પછીનો પ્રોજેક્ટ શું છે? ત્યારે પ્રમુખસ્વામી મહારાજે આપેલ જવાબ ખરેખર અહોભાવ ઉપજાવે તેમ છે, તેઓએ પ્રત્યુત્તર વાળ્યો કે, સાહેબ અમારો કાયમી પ્રોજેક્ટ તો ભગવાન સ્વામીનારાયણે આપેલો છે, ભગવાન ભજવા અને ભજાવવાનો છે, અને અક્ષરધામ જેવાં કાર્યો તો સહેજે જોડે જોડે થતાં રહે છે. તેઓએ પોતાની નજર સમક્ષ સતત ભગવાનને રાખ્યા છે. ભગવાન તેઓનું જીવન હતા. ભગવાન વિના તેઓને લૌકિક કોઈ વસ્તુ ખપતી નહીં.

1974ની સાલ હતી અને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ ગુરુપદે આવ્યા પછી સૌ પ્રથમ વખત વિદેશયાત્રાએ આફ્રિકા જઈ રહ્યા હતા. ભવ્ય વિદાય થયા બાદ તેઓ પ્લેનમાં આફ્રિકા પહોંચ્યા. પરંતુ અમુક ગેરસમજણને લઈને આફ્રિકાની સરકારે આ પ્લેનને ભારત પરત ફરવા આદેશ ફરમાવ્યો. એક પણ વ્યક્તિ આફ્રિકાની ધરતી પર પગ મૂકી શક્યો નહીં. સૌ ભક્તોના મનમાં દ્વિધા હતી કે હજુ ગઈકાલે આટલી ભવ્ય વિદાય લઈને નીકળ્યા છે અને આજે જ્યારે દેશમાં પાછા જઈશું તો લોકોને શું મોઢું દેખાડીશું? પણ તે વખતે સ્થિર હતા એકમાત્ર પ્રમુખસ્વામી મહારાજ. તેઓએ ત્યારે એક સેવક સંતની ડાયરીમાં લખ્યું કે ભગવાન સર્વકર્તા છે, જે કરે છે તે આપણા સારા માટે જ છે. માત્ર આટલી સમજણની વાત કરીને પૂરું થતું નથી પણ સ્વામીશ્રી જ્યારે દેશમાં મુંબઈ મંદિરે પરત આવ્યા ત્યારે ઠાકોરજી આગળ માફી માંગતા દંડવત કર્યા, કે ભગવાનના થાળનો સમય સચવાયો નહીં. મોડી રાત્રે થાળ તૈયાર કરાવી ભગવાનને ધરાવ્યો. આવા અપમાનમાં તો લોકો ભગવાનને કોસવા લાગે કે શા માટે આ નિર્દોષ સાથે આમ કેમ થયું? પણ પ્રમુખસ્વામી મહારાજની વાત જુદી હતી. તેઓ તો ભગવાન જેમ રાખે તેમ રાજી હતા. જોકે પોતાની ગેરસમજણ દૂર થયા પછી આફ્રિકાની સરકારે રેડ કાર્પેટ પર પ્રમુખસ્વામી મહારાજને વધાવ્યા અને કાયમ માટે આફ્રિકાના દ્વાર તેઓ માટે ઉઘાડા કરી દીધા.

પરંતુ સુખ-દુઃખના ઉતાર-ચડાવમાં તેઓ સુખી હતા, ભગવાનના સુખથી જ. આવા તો સેંકડો પ્રસંગોની હારમાળા છે, જે તેઓની ભગવાનમાં અતૂટ શ્રદ્ધા અને પરાભક્તિના દર્શન કરાવે છે. અને જ્યારે ભક્તિની આવી પરાકાષ્ઠા હોય ત્યારે ભગવાન પણ તે ભક્તને વશ થઈ જાય તેમાં શું આશ્ચર્ય? અને પછી જગતમાં કહેવાતા ચમત્કારો તો સહેજે સર્જાય છે. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના આ જન્મશતાબ્દી ઉજવણી પર્વે આપણા જીવનના કેન્દ્રમાં અખંડ ભગવાન રહે તે જ તેઓના શ્રી ચરણોમાં પ્રાર્થના.

jivanmangalam@gmail.com



ભાગવત ચિંતન
ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

માત્ર માળા કરનાર જ ભક્ત છે એવું નથી, આપણે જાગૃત ભક્ત બનવાનું છે

પ્રકૃતિના સંરક્ષણની સાથે પ્રભુનું નામ લઈને નિઃસ્વાર્થ પ્રેમને વહાવીએ



પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણે કૃપા કરી અને પોતાના પ્રિય પાર્થનાના માધ્યમથી આ અમૃત સમગ્ર વિશ્વને માટે વિતરણ કરી રહ્યા છે. સમસ્ત સંસારના કલ્યાણનો માર્ગ શ્રીકૃષ્ણે પ્રબોધ્યો છે. આપણું શરીર એ જ ધર્મક્ષેત્ર અને કુરુક્ષેત્ર છે.

ચાલો, આપણે ભગવાન શ્રીકૃષ્ણનાં ચરણોમાં પ્રાર્થના કરીએ કે 'પ્રભુ, અમે અગણિત અપરાધ કર્યા છે. અમે તારી ખૂબસૂરત દુનિયાને બદસૂરત કરી નાખી છે, અમને સન્મતિ આપો, સદ્‌બુદ્ધિ આપો, પ્રભુ! તારી દુનિયા પવિત્ર હો, જીવવાલાયક હો, અમને આ પૃથ્વીગ્રહના વાસી છીએ તેનું ગૌરવ થાય.'

આપણાં બાળકોને તમે એ શીખવાડજો કે આ દેશ પાસે ઋષિ સંસ્કૃતિનો અણમોલ વારસો છે. આપણાં સંતાનો આ વારસાની કિંમત સમજી આખા વિશ્વને કહે. વિશ્વબંધુત્વ અને પ્રેમનો સંદેશો લઇને આખી દુનિયામાં ચારે તરફ તેનો પ્રસાર કરવાનું પણ તેમને શીખવજો. ભગવાન માત્ર સત્સંગથી પ્રસન્ન નહીં થાય. એવું કેવું કે તમે ભગવાનનું નામ લો અને તેમનું કામ ન કરો? હનુમાનજી 100 યોજન સમુદ્ર પાર કરીને લંકા પહોંચ્યા હતા. તે સમયે વિભીષણજી નિદ્રાધીન હતા. હનુમાનજી ત્યાં પહોંચે છે પછી જાગે છે. સંતોએ તેનો અર્થ એવો કર્યો છે કે વિભીષણ રામભક્ત તો હતા, પરંતુ નિદ્રાધીન હતા. માત્ર માળા કરનાર જ ભક્ત છે એવું નથી, આપણે જાગૃત ભક્ત બનવાનું છે. માટે જ ભગવાનનું નામ તો લો જ અને સાથે તેમનું કામ પણ કરવાનું છે. ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને ટોચનું જ્ઞાન, શ્રીમદ્ ભગવદ્ ગીતામાં આપ્યું છે. વસુધા એટલે કે પૃથ્વી. એક સુધા સ્વર્ગમાં છે અને એક વસુધા ઉપર જે સુધા છે, તે શ્રીમદ્ ભગવદ્ ગીતા. દુગ્ધં ગીતામૃતં મહત્ - સુધા એટલે અમૃત, વિચાર કરો કે જે સ્વર્ગના દેવતાઓને પણ પ્રાપ્ત નથી, જે સ્વર્ગના દેવતાઓના ભાગ્યમાં પણ નથી તે વસુધા ઉપર વસેલા ભગવાન શ્રીકૃષ્ણના મુખમાંથી નીકળેલી આ સુધાને પીને જે હસેલા પ્રસન્નતાને પામેલા અને સંસારમાંથી ખસેલા (પૂર્ણ જ્ઞાનથી વિમુખ થઈ ગયેલા) આવા લોકોને પ્રાપ્ત છે. એટલે સ્વર્ગના દેવતાઓ કરતાં પણ પૃથ્વી ઉપરના આવા માનવ બનવું કે જે ગીતારૂપી અમૃતનું પાન કરે છે તે મોટું ભાગ્ય છે. સ્વર્ગની સુધા તો પુણ્યથી મળે, પરંતુ વસુધા પર આ સુધા? તો જવાબ છે, શ્રીમદ્ ભગવદ્ ગીતારૂપી આ સુધા એટલે કે કથા એ તો પ્રભુની કૃપાથી મળે. વર્તમાન સમયમાં આપણે ભગવાન શ્રીકૃષ્ણ પાસેથી શીખવાનું છે કે શ્રીકૃષ્ણે ગૌમાતાની સેવા કરી હતી અને ગોવર્ધનરૂપી પ્રકૃતિનો યજ્ઞ કરવાનું આપણને શીખવ્યું હતું. પ્રકૃતિની પૂજા કરો. વૃક્ષોને કાપો નહીં, વૃક્ષોને વાવો. જે વૃક્ષને કાપે છે અને કુહાડીથી પ્રહાર કરે છે, એ માણસે સમજવું જોઇએ કે તે સમગ્ર માનવતાનાં અસ્તિત્વ ઉપર પ્રહાર કરી રહ્યો છે.

ભગવાન શ્રીકૃષ્ણએ શ્રીમદ્ ભગવદ્ ગીતામાં યજ્ઞની વાત પણ કરી છે. આ વિચારધારામાં તો ઋષિઓએ કલ્પેલી યજ્ઞની ભાવના છે પણ ધર્મને માનવતાવાદી બનાવવાની વાત જ છે. એટલે કે વસ્ત્ર વગરનાંને વસ્ત્ર આપવા તે યજ્ઞ છે. રોગી રૂપિયાના અભાવમાં દવા નથી કરાવી શકતો, ચિકિત્સા નથી કરાવી શકતો ત્યારે તેની ચિકિત્સા કરાવવી તે યજ્ઞ છે. મહત્ત્વની વાત એ છે કે આ પ્રસાદ છે એટલે આપનારાને પણ અહંકાર નથી આવતો અને લેનારાને પણ લઘુતા નથી આવતી. પ્રસાદમાં એવો ભાવ છે કે મારા જેટલો જ આ પ્રસાદ ગ્રહણ કરવાનો તું પણ અધિકારી છે. કોઇ વ્યક્તિ પેંડાનું પેકેટ ખરીદે ત્યારે તેનામાં એવો ભાવ હોય કે તે મારું છે, પરંતુ એ જ્યારે મંદિરે જાય અને ભગવાનને તે અર્પણ કરી દીધા પછી તેના મારાપણાની ભાવના ખતમ થઇ જાય છે અને પછી એ પ્રસાદ બની જાય છે અને માટે તેને વહેંચીને ખાવાની વાત છે અને સાથે જ તેનો દુરુપયોગ પણ ન થવો જોઇએ.

ભગવાન શ્રીકૃષ્ણની શ્રીમદ્ ભગવદ્ ગીતારૂપી સુધાનું સુપાત્ર બની રસપાન કરીએ અને પ્રકૃતિનું સંરક્ષણ કરીએ, તેની જાળવણીએ કરીએ અને માનવતા અને પ્રેમને પ્રસરાવીએ. ચાલો, આપણે સૌ પ્રકૃતિના સંરક્ષણની સાથે પ્રભુ-નામસ્મરણ કરીને નિઃસ્વાર્થ પ્રેમને વહાવીએ.

કથાબિંદુ
મુનિ રાજપુણ્ય વિજય

ખંધક મુનિની સમતા

જિતશત્રુ રાજા અને ધારિણી દેવીનો રાજકુમાર સંયમી બની ખંધક મુનિ બન્યો. ભીષ્મ તપશ્ચર્યા દ્વારા કાયા કૃશ થઈ. વર્ષો પછી પોતાની સંસારી બહેન જ્યાં રાણી હતી, ત્યાં આવ્યા. બહેને ભાઈ મહારાજને નિહાળ્યા અને પૂર્વની સ્મૃતિ તાજી થઈ. આંસુનાં તોરણ બંધાયા. રાજાને શંકા થઈ કે આ રાણીનો પૂર્વપ્રેમી હશે! તેમણે સેવકોને હુકમ કર્યો કે આ સાધુની ચામડી ઉતારી લાવો. સેવકો તેમની પાસે ગયા. રાજાની આજ્ઞા જણાવી, તો મહાત્મા બોલ્યા : 'વાહ, મારો કર્મ ખપાવવાનો અવસર આવ્યો છે. તમને મારું હાડકું ના વાગે, તે રીતે હું ઊભો રહું. તમે ખુશીથી મારી ચામડી ઉતારો.' ચામડી ઉતરતા શુભભાવની પ્રકર્ષતાથી મુનિવરને તત્કાળ કેવળજ્ઞાન થયું અને નિર્વાણ પામ્યા.

મુનિવરનો લોહીવાળો ઓઘો સમડી ચાંચમાં લઈ ઉડી અને તે રાજદરબારના ચોકમાં પડ્યો. સેવકો દ્વારા રાણીને સમાચાર મળ્યા કે ભાઈ મહારાજની હત્યા થઈ છે, તો તે આક્રંદ કરી રડવા લાગી. રાજાએ કહ્યું : 'આ તો મેં જ હત્યા કરાવી છે. શું એ તારા ભાઈ મહારાજ હતા?' પછી રાજા-રાણી બંનેએ મુનિવરની સમતાની અનુમોદના તથા પોતાનાં પાપોનો પશ્ચાતાપ કરી સંયમ જીવનનો સ્વીકાર કર્યો અને શ્રેષ્ઠ સાધના કરી તેઓ પણ મોક્ષે ગયાં.





જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

તેઓ માત્ર વ્યાસપીઠ પર બેસીને ઉપદેશ આપવા પૂરતા ગુરુ ન હતા

પ્રમુખસ્વામી નગરમાં હજારો ભક્તોના સમર્પણનું રહસ્ય

અમદાવાદ ખાતે ઊજવાઈ રહેલા પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવના બુલંદ જયઘોષ ચોતરફ ગુંજી રહ્યા છે. દેશ-દુનિયામાંથી લાખો લોકો અહીં નગરમાં પધારી રહ્યાં છે ત્યારે આ નગરમાં ખડે પગે ઊભેલા હજારો સ્વયંસેવકોનો સમર્પણભાવ જોઈ સૌ કોઈ અચંબિત છે. કેવી રીતે પ્રગટ્યો છે આ સમર્પણભાવ? તે જાણવા માટે આપણે પ્રમુખસ્વામી મહારાજના જીવનના પ્રસંગોને માણીએ.



1987ની વાત છે. પ્રમુખસ્વામી મહારાજ વિચરણ કરતાં કરતાં ધારી ગામમાં પહોંચ્યા. આ ગામમાં એક સામાન્ય ખેડૂતના સાધારણ ઘરની અંદર તેઓની પધરામણી હતી. ત્યાં ઉપસ્થિત યોગેશને જોઈ સ્વામીશ્રીએ સહજ તેના અભ્યાસ વગેરે વિષે પૂછવાનું શરૂ કર્યું. "બાપા! દસ ધોરણ સુધી અભ્યાસ થઈ ગયો છે." "હવે આગળ શું અભ્યાસ કરવાનો છે?" સ્વામીશ્રીનો આ પ્રશ્ન સાંભળી યોગેશ અને તેના પિતાજી થોડા વિચારમાં પડી ગયા. તેના પિતાજીએ જવાબ વાળ્યો કે સ્વામી! અમારે ત્યાં તો આટલો અભ્યાસ થાય એટલે ઘણું, હવે આગળ મારી સાથે ખેતીમાં જોડાઈ જશે. અને મારી આર્થિક પરિસ્થિતિ પણ એવી નથી કે હું તેને આગળ અભ્યાસ કરાવી શકું. 'યોગેશને આગળનો અભ્યાસ અમે કરાવીશું, તેને વિદ્યાનગરના છાત્રાલયમાં મોકલી દેજો.' અને પરોપકારી સંતને હૈયેથી સદા વહેતી કરુણા ગંગામાં સ્નાન કરવાનો લાભ આજે યોગેશને પણ મળી ગયો. પરંતુ વિદ્યાનગરના છાત્રાલયમાં શહેરી છાત્રો સાથે રહેતા યોગેશ લઘુતાગ્રંથિનો અનુભવ કરવા લાગ્યો. વિદ્યાર્થીઓની રહેણી-કરણી, બોલવાની છટા, પહેરવેશ વગેરે જોઈ નાનપ અનુભવતા યોગેશે છાત્રાલય છોડી પાછા ગામડે જવાનો નિર્ણય કરી લીધો. તે અરસામાં પ્રમુખસ્વામી મહારાજ ત્યાં હતા. ત્યાંના વ્યવસ્થાપક સંતો તેને પ્રમુખસ્વામી મહારાજ પાસે લઈ ગયા. સ્વામીશ્રીએ તેને ઘરે જવાનું કારણ પૂછ્યું. ત્યારે યોગેશે ભાંગી પડેલા હૈયે કહ્યું બાપા મને પરીક્ષાની જ બીક લાગે છે મને થાય છે કે હું નાપાસ તો નહીં થઈ જાઉં! ત્યારે તે ફસડાઈ પડેલા યુવાનના હૈયે પ્રાણવાયુ સીંચતા પ્રમુખસ્વામી મહારાજે કહ્યું કે ભલા માણસ મરતાં પહેલાં કબર ખોદાતી હશે, તું પહેલાં વ્યવસ્થિત તૈયાર કર. બરાબર મહેનત કરીને પરીક્ષા આપ. બીજી ચિંતા ભગવાન પર છોડી દે. ભલે સ્વામીશ્રીના શબ્દો સાદા અને સરળ રહેતા, પરંતુ તેમાં જીવનની બાજી હારી ચૂકેલા યુવાનને જીવંત કરવાની શક્તિ હતી. તે યુવાને ફરી અભ્યાસ શરૂ કર્યો અને ધોરણ 12 સાયન્સમાં 84 ટકા સાથે તે ઉત્તીર્ણ થયો. ત્યારબાદ પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદથી તેણે ઇલેક્ટ્રિકલ એન્જિનિયરિંગનો અભ્યાસ કર્યો.

આ અભ્યાસ સંપન્ન કરીને તે હરખ સાથે પોતાને નવું જીવન બક્ષનાર ગુરુહરીને મળવા મુંબઈ આવ્યો અને જ્યારે યોગેશે સ્વામીશ્રી પાસે સારી નોકરી મળી જાય તે માટે આશીર્વાદ માંગ્યા ત્યારે સ્વામીશ્રીએ ત્યાં ઉપસ્થિત ભગવતચરણ સ્વામીને કહ્યું, "મેં તમને ન'તું કહ્યું કે આ છોકરાને ભણાવવાનો આપણે, તેને નોકરીએ બેસાડવાનો આપણે, તેના લગ્ન કરાવવાના આપણે અને તેના સંતાનોની ભણાવવાની જવાબદારી પણ આપણી.' આ દુનિયામાં કઠણ કાળમાં હૂંફના શબ્દો કહેનારા અને ખભો થાબડનારા મળે તે પણ ભાગ્યની વાત છે. પણ પ્રમુખસ્વામી મહારાજે પોતાના સંપર્કમાં આવેલાને માત્ર આશ્વાસન આપ્યું નથી પણ જીવન પથ પર ડગલે અને પગલે સાથ, હાથ અને સંગાથ આપ્યો છે. એટલે જ 2017માં જ્યારે પ્રમુખસ્વામી મહારાજની આણંદમાં જન્મજયંતીની સભા હતી ત્યારે પોતાનો અનુભવ વાગોળતા ગદ્ગદ્ હૈયે યોગેશભાઈએ વાત કરી કે આજે જ્યારે નોકરીએ જાઉં છું અને મને પ્રમુખસ્વામી યાદ આવે છે, જ્યારે મારા ઘરમાં પગ મૂકું છું અને મને બાપા યાદ આવે છે કારણ કે આ ઘર મારે લેવું કે નહીં તે માટે પ્રમુખસ્વામી મહારાજે બપોરે બે વાગે તેમનો ભોજનનો સમય હડસેલીને મને માર્ગદર્શન આપ્યું છે. આજે જ્યારે મારા છોકરાઓ સામે જોઉં છું અને મને બાપા યાદ આવે છે કારણ કે મને વિશ્વાસ છે કે જેમ મારી જવાબદારી સ્વામીશ્રીએ ઉપાડી છે તેમજ મારા દીકરાઓની પણ તે સંભાળ રાખશે. આટલું કહેતા તો તેમનું હૈયું ભરાઈ ગયું ને લાખોની મેદની વચ્ચે તેમની આંખો ઉપકારોથી છલકાઈ ગઈ અને શબ્દો શૂન્ય થઈ ગયા, પણ ડૂસકાં સાથેનું તેઓનું મૌન ઘણું ઘણું કહી ગયું.

આ તો એક વ્યક્તિની વાત હતી પણ આવા તો લાખોની જીવનયાત્રામાં ક્યાંક પિતાની છત્રછાયા બનીને, તો ક્યાંક માતાની મમતા થઈને, ક્યાંક ભાઈનો ખભો બનીને તો ક્યાંક મિત્રનો સંગાથ બનીને પ્રમુખસ્વામી મહારાજ ઊભા રહ્યા છે, તેઓ લોકોની લાગણીઓ અને માંગણીઓને સમજ્યા છે. તેઓ માત્ર વ્યાસપીઠ પર બેસીને ઉપદેશ આપવા પૂરતા ગુરુ ન હતા, પણ જન્મથી લઈને મૃત્યુ સુધીની જીવનયાત્રામાં જોડે રહીને પ્રેમ, પ્રેરણા અને પ્રોત્સાહન આપનાર એક અલૌકિક પુરુષ હતા.

નિઃસ્વાર્થભાવે લાખોને પ્રેમ આપતા પ્રમુખસ્વામી મહારાજે પોતાના જીવનનો પ્રત્યેક શ્વાસ બીજાના માટે અર્પણ કરી દીધો. પોતાનું અસ્તિત્વ ઓગાળી દીધું. એટલે આજે તે ભક્તો-ભાવિકોના હૈયે પણ ઉમંગ છે કે જેઓએ અમને જીવન આપ્યું તે ગુરુહરિનું ઋણ અમે કેવી રીતે ચૂકવીએ. લાખો ભક્તોના અંતરમાં આજે એક જ રટણ છે, "ગુરુ ઋણ અદા કેમ કરીએ, ગુરુ પ્રાણ અમે પાથરીએ..."


jivanmangalam@gmail.com



ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

ભગવાનમાં થયેલી પરમ આસક્તિનું નામ છે ભક્તિ. ભગવાન એટલે સત્ય પ્રત્યેનો લગાવ



ધર્મનો મર્મ જાળવી રાખો, જીવનમાં પુણ્ય કરો અને પાપથી બચો

જીવનમાં સૌથી મહત્ત્વની બાબત છે કે આપણે પુણ્ય કરવું પડશે. પુણ્ય કરવા કરતાં પણ પાપથી બચવું એ વધારે મહત્ત્વનું છે. દાન નહીં કરો તો ચાલશે, હરામની કમાણી બંધ કરો એ વધારે મહત્ત્વનું છે, પણ મુશ્કેલી એ છે કે માણસ દાન કરે છે પણ હરામની કમાણી બંધ નથી કરતો. પાપને ઢાંકવા માટે જાણે એ પુણ્ય કરે છે. ધર્મનો મર્મ જાણે ભૂલાઈ ગયો છે. જાણે ધર્મનો પ્રાણ જ ખતમ થઈ ગયો છે. બંધુ નિષ્પ્રાણ ચાલ્યા કરે છે.

કેટલાક સંપત્તિવાનો એવા હોય છે કે તે સંપત્તિનો સદુપયોગ પોતે ન કરે અને બીજા કોઈને કરવા ન દે. પોતે કામ પણ ન કરે અને બીજા કોઈને પણ ન કરવા દે. હું માલિક નથી, ટ્રસ્ટી છું એ વાત ભૂલવા જેવી નથી. ગાંધીબાપુનો ટ્રસ્ટીશિપનો સિદ્ધાંત આ વાતની પૃષ્ટિ કરે છે.

અરે ભાઈ! આ શરીર આપણું નથી તો શરીરથી મેળવેલા પૈસા અને શરીરથી જોડાયેલા સગાંસંબંધીઓ પણ આપણાં ક્યાંથી હોય? આ શરીર પણ એક દિવસ છોડીને આપણે જતાં રહેવું પડશે. આસક્તિ ઉપદ્રવ કરે છે, પણ એ આસક્તિ જો ભગવાનમાં થઈ જાય તો કલ્યાણ કરી દે છે. ભગવાનમાં થયેલી આસક્તિનું નામ છે, તીવ્ર ભક્તિ. શાંડિલ્ય ભક્તિસૂત્રમાં મહારાજ શાંડિલ્ય સમજાવે છે કે ભક્તિ શું છે? તો કહે, ભગવાનમાં થયેલી પરમ આસક્તિનું નામ છે ભક્તિ. ભગવાન એટલે સત્ય પ્રત્યેનો લગાવ.

કોઈ એવું કહે કે—નગારું એટલે બે વખત આરતી ઉતારવાની. નગારું એટલે મોટાં-મોટાં મંદિરો બનાવવાનાં અને તાવડો એટલે સુંદરમજાની સામગ્રી બનાવી, ઠાકોરજીને ધરાવી પેટમાં પધરાવી જવાની. વાત થઈ પૂરી... બસ આટલામાં બધું આવી ગયું! અરે ભાઈ, ધર્મ સે હી જીવન જીવન હૈ. 'ધર્મ ભજસ્વ સતતં' ધર્મ સે હી મનુષ્ય-મનુષ્ય હૈ. માનવતા, સેવા, જીવદયા—આ જ છે, જે આપણને સૌને પુણ્ય તરફ લઈ જાય છે.

ધર્મનાં ચાર ચરણ છે. સત્ય, તપ, પવિત્રતા અને દયા. શું આપણે સત્યનું પાલન કરીએ છીએ કે સાવ બેઈમાની અને હરામની કમાણી કરીએ છીએ? હે રામ! હે રામ! હવે નથી થતું. હવે હરામ.....હરામ થાય છે. જેમ ગાંધી ટોપી નીકળી ગઈ તેમ 'હે રામ'માંથી 'હ'માંથી 'એ'ની માત્રા નીકળી ગઈ અને થઈ ગયું 'હરામ'.

લોકો કહેતાં ફરે છે કે, 'થોડુંક ખોટું કર્યા વિના બે પાંદડે થવાય જ નહીં. પૈસા કમાવા મુશ્કેલ છે.' આ વ્યક્તિએ જરૂર કાંઈક આડુંઅવળું કર્યું જ હોવું જોઈએ. આખા સમાજની સમજ જ આવી થઈ ગઈ છે. બધા માણસો બેઈમાની કરે છે. ફરીથી યાદ અપાવું એટલા માટે સમાજ દુઃખી છે અને બગડ્યો છે કેમ કે સમજ બગડી છે. સમજ સે સમાજ બનતા હૈ, આજ સમજ બિગડી હૈ ઈસલિયે સમાજ બિગડા હૈ. દિશા ખોટી છે એટલે દશા ખરાબ છે.

આવી પરિસ્થિતિમાં ભાગવત આપણને દિશા બતાવે છે, માર્ગદર્શન કરે છે, પણ બોલનારા બોલે છે અને સંભાળનારા સાંભળે છે. ફરી પાછું ત્યાં ને ત્યાં. ડોક્ટર દવા આપે પણ ખાવી કોને પડે? દર્દીએ. દર્દી દવા ખાય નહીં, દર્દી દવા લે નહીં અને દવાની પૂજા કર્યા કરે તો એ દર્દીનો રોગ જાય ખરો? એમ આપણને પણ વ્યાસ ભગવાન અને ઋષિમુનિઓ પર ભરોસો બહુ કે તેઓ જે કંઈ બોલે છે તે આપણાં કલ્યાણ માટે જ બોલે છે.

આપણાં કલ્યાણની જ વાત કરે છે અને આ ભાગવત, ગીતા, રામાયણ આ બધી ઔષધિ છે. ભાગવતને આધારે કહું છું કે મહારાજ પરીક્ષિતે કથાને ઔષધિ કહી છે, પણ આપણે એની પૂજા કરીએ, પણ લઈએ નહીં. તેમણે બતાવેલા માર્ગે જઈએ નહીં, મહાપુરુષો જેમ કહે છે તેમ કરીએ નહીં તો વ્યક્તિ કે સમાજની સમસ્યાઓ જશે નહીં.

